Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અધ્યાત્મ પ્રવચન રત્નત્રય

પ્રકાશક : શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, મુંબઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

# અધ્યાત્મ પ્રવચન રત્નત્રય

પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં શ્રી સમયસાર ગાથા-૩૨૦,
પ્રવચનસાર ગાથા-૧૧૪ અને સમયસાર કળશ ટીકા,
કળશ-૨૭૧ ઉપર થયેલા પ્રવચનો.

: પ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ,
૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ ૪૦૦૦૦૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિસ્થાન :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ–૩૬૪૨૫૦
શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ,
૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ–૪૦૦૦૦૨

વિ. સં. ૨૦૪૦
વી. સં. ૨૫૧૦
પ્રત : ૨૦૦૦
મૂલ્ય : ૫–૦૦

## અર્પણ

પરમ કૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૯૫ મી જન્મજયંતી પ્રસંગે સાદર સમર્પિત

સંવત : ૨૦૪૦

મુદ્રક :
સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, પાલીતાણા રોડ
સોનગઢ–૩૬૪૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.


Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Adhyatma Pravachan Ratnatrai (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 28 May 2009 | First electronic version |



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# —પ્રકાશકીય નિવેદન—

**मंगलं भगवान वीरो मंगलं गौतमोगणी ।**
**मंगलं कुन्दकुन्दार्यो जैन धर्मोस्तु मंगलम् ।।**

## પ્રારંભિક:—

પરમ દેવાધિદેવ જિનેશ્વરદેવ **શ્રી વર્દ્ધમાનસ્વામી**, ગણધરદેવ **શ્રી ગૌતમસ્વામી** તથા આચાર્ય ભગવાન **શ્રી** કુંદકુંદદેવાદિને અત્યંત ભક્તિ સહિત નમસ્કાર.

એ તો સુવિદિત છે કે અંતિમ તીર્થંકર ભગવાન શ્રી વર્દ્ધમાનસ્વામીની દિવ્ય-ધ્વનિનો સાર આચાર્ય શ્રી કુંદકુંદદેવ પ્રણીત સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય આદિ પરમાગમોમાં ઠાંસી ઠાંસીને ભરેલો છે. ભવ્યજીવોનાં સદ્ભાગ્યે આજે પણ આ પરમાગમો શ્રી અમૃતચંદ્રાચાર્ય આદિ મહાન દિગ્ગજ આચાર્યોની ટીકા સહિત ઉપલબ્ધ છે. સાંપ્રતકાળમાં આ પરમાગમોનાં ગૂઢ રહસ્યો સમજવાની જીવોની યોગ્યતા મંદતર થતી જાય છે, મોક્ષમાર્ગ પ્રાયે લુપ્ત થયો હતો તેવા કાળમાં મહાભાગ્યે જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી યુગપુરુષ, આત્મજ્ઞસંત પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ઉદય થયો. ૪૬ વર્ષો સુધી ઉપરોક્ત પરમાગમો તથા અન્ય પરમાગમોમાં પ્રતિપાદિત જૈનધર્મનાં મૂળભૂત સિદ્ધાંતોને અતિસ્પષ્ટરૂપે, અવિરુદ્ધતાપૂર્વક, ભવ્ય જીવોને ભવતાપવિનાશક પરમશાંતિપ્રદાયક પ્રવચનગંગા દ્વારા, તેઓશ્રી રેલાવતા રહ્યાં. સુષુપ્ત જૈનશાસનમાં એક મહાન ક્રાંતિ ઉદય પામી. પરમાગમોને સમજવાનો જીવોને યથાર્થ દૃષ્ટિકોણ સાંપડ્યો. આ પ્રવચનગંગામાં અવગાહન પામીને અનેક ભવ્ય આત્માઓને જૈનધર્મની પ્રાપ્તિ થઈ છે, તેમ જ અનેક જીવો જૈનધર્મનાં ગંભીર રહસ્યોને સમજતા થયા અને માર્ગાનુસારી બન્યા. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીનો જૈન સમાજ ઉપર અનુપમ, અલૌકિક, અનંત ઉપકાર છે. તેઓશ્રીના ઉપકારનો અહોભાવ નીચેની પંક્તિઓ દ્વારા પ્રત્યેક મુમુક્ષુઓ વ્યક્ત કરે છે.

અહો ! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,
જિન-કુંદધ્વનિ આપ્યા અહો ! તે ગુરુ કહાનનો.

અમને—દરેક જીવમાત્રને 'ભગવાન' કહી બોલાવનાર વિરોધિઓને પણ 'ભગવાન' કહી તેમની ભૂલ પ્રત્યે ક્ષમાદૃષ્ટિ રાખી, તેઓ પણ દશાએ ભગવાન થાવ એવી કરુણા વરસાવનાર એક મેરૂપર્વત જેવો અચલ, અડગ, ક્રાંતિકારી, એકલવીર,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મોક્ષમાર્ગને અતિસૂક્ષ્મ છણાવટ સહિત પ્રકાશીને નિજ આત્મસાધનાના માર્ગે ચાલી નીકળ્યો. આટલા પ્રચારપૂર્વક અને આવી સૂક્ષ્મતા સહિત દ્રવ્ય-ગુણ-પર્યાયની છણાવટ જૈનશાસનમાં છેલ્લી કેટલીયે શતાબ્દિઓમાં ક્યારેય થઈ નથી એમ કહેવામાં આવે તો એમાં જરાય અતિશયોક્તિ નથી.

પૂજ્યશ્રીની પ્રવચનશૈલીમાં પણ ભાવિ તીર્થંકરનાં લક્ષણો ઝળકતાં હતાં, સર્વ જીવો મોક્ષમાર્ગને પામો એવી તેમની અદમ્ય ભાવના વારંવાર ઉછળતી હતી. માર્ગ પ્રકાશવામાં તેઓ અનેક વિરોધીઓની વચ્ચે પણ એકલા અડગ રહેતા, દ્વષબુદ્ધિ સેવ્યા વગર વિરોધીઓના વિરોધનું તાત્ત્વિક રીતે ખંડન કરી યથાર્થ માર્ગનું સ્થાપન કરતા અને તેથી મધ્યસ્થ વિરોધીઓ વિરોધ ત્યજી સનાતન જૈનધર્મને અંગીકાર કરતા. તદુપરાંત તેમની પવિત્ર છાયા હેઠળ અનેક સ્થળોએ શ્રી જિનમંદિરોનું નિર્માણ થયું અને તેમાં વીતરાગી જિનબિંબોની મહા પાવનકારી પ્રતિષ્ઠા થઈ. પરમાગમોનાં ગ્રંથોનું લાખોની સંખ્યામાં પ્રકાશન થયું. શ્રી વીતરાગદેવ, નિર્ગ્રંથગુરુ અને વીતરાગી શાસ્ત્રોનું સત્યસ્વરૂપ સમજાવી તેમનો મહિમા યથાર્થપણે બતાવ્યો. પૂ. ગુરુદેવશ્રી વારંવાર ફરમાવતા કે શ્રી વીતરાગ જિનબિંબોની પ્રતિષ્ઠા અને જીર્ણોદ્ધાર તો વર્ષોથી લોકો કરતા આવ્યા છે પણ તેનો મહિમા જો યથાર્થ રીતે કરવો હોય તો તેમને ઓળખાવનાર પરમાગમોનો પ્રચાર પણ એટલો જ આવશ્યક છે. પરમાગમો અને તેનું રહસ્ય પ્રત્યેક વ્યક્તિ આબાળગોપાળ સૌના હૃદયમાં સ્થાન પામે તેવી તેમની ભાવના રહેલી અને પરમાગમોના પ્રકાશન માટે વારંવાર પ્રેરણા આપતા. અને એ ધ્યેયની સિદ્ધિ અર્થે તેઓશ્રી પરમાગમો ઉપર પ્રવચન આપતા રહ્યાં અને નિત્ય સ્વાધ્યાયની પ્રવૃત્તિ તેમણે સજીવન કરી, મુમુક્ષુઓના નિત્યક્રમમાં સ્વાધ્યાયની પ્રવૃત્તિ વણી લીધી. જેના પ્રતાપે અનેક ગામોમાં સામૂહિક સ્વાધ્યાયની પ્રવૃત્તિનો બહોળો ફેલાવો થયો. શિક્ષણ-શિબિરોનું આયોજન થયું. જયપુરમાં જૈન વિદ્યાપીઠની સ્થાપના થઈ. આદિ અનેક પ્રકારે તત્ત્વનો પ્રચાર થયો અને થાય છે. આત્મભાવનાની લોકોને એવી ધૂન લગાડી કે ખાધા વગર ચાલે પણ આત્માને વિચાર્યા વગર ન ચાલે. તેઓશ્રી ફરમાવતા કે ધર્મ તે અર્ધાકલાક-કલાક કે પર્વ-પૂરતી મર્યાદિત સાધનાની ચીજ નથી પણ ધર્મ એ જીવન છે. એટલે કે સર્વકાલિક અને સર્વક્ષેત્રે સાધનાની ચીજ છે. આમ અનેકવિધ રીતે તેઓશ્રી દ્વારા આવા અનેક પ્રસંગો દ્વારા ધર્મપ્રચાર ઘણો થયો. લાખો લોકો ધર્મભાવના ભાવતા થયા. આથી મધ્યસ્થ જીવો પણ તેમના પ્રત્યે બહુમાનની દૃષ્ટિએ જોતા. દિગંબર સમાજનાં પંડિતો, વિદ્વાનો અને ત્યાગીગણ પણ એ સત્યનો સ્વીકાર કરતા કે અમો એક પણ નવો જૈન બનાવી નથી શકતા ત્યારે આ મહાપુરુષે લાખો લોકોને જૈનધર્મમાં શ્રદ્ધાની બનાવ્યા. આપણા મહાભાગ્યે આવા વિલક્ષણ પુરુષનો પંચમ કાળમાં યોગ થયો. પાત્ર જીવોને માટે એક અપૂર્વ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહાન તક આવી. ધર્મામૃતની વર્ષો સુધી એકધારી વર્ષા થઈ. પૂ. ગુરુદેવશ્રી સંતોના વાણી ઉપર વારી જઈ જેમ ગાતા તેમ "અમૃત વરસ્યા રે પંચમ કાળમાં...." અંતે ક્રમાનુસાર સાંયોગિક ભાવનો કાળ પૂરો થયો. એ મહાપુરુષનો આપણા ઉપર અતિ અતિ ઉપકાર છે. જેનું વર્ણન શબ્દો દ્વારા અશક્ય છે. જેણે શાશ્વત સુખનો માર્ગ આપ્યો તેનું ઋણ ફેડવાનો કોઈ માર્ગ જ નથી. એથી વિનમ્રપણે તે પાવન પરમામૃત દ્વારા વીતરાગ સર્વજ્ઞપ્રણીત શ્રી ગણધરાદિ મહાન આચાર્યો રચિત પરમાગમોનો ઉકેલ કરી નિજ સાધનાની પરિપૂર્ણતાને પામીએ અને સર્વ જીવો પામો એ જ અભ્યર્થના.

## પ્રકાશનો :–

આ પ્રવચનોના પ્રકાશનનો મૂળ હેતુ તો નિજ સ્વાધ્યાયનો લાભ થાય તેજ છે. તદ્‌ઉપરાંત સૌ જિજ્ઞાસુ ભાઈ–બહેનોને પૂજ્ય ગુરૂદેવશ્રીના સ૦ ગાથા ૩૨૦ પૂજ્ય જયસેન આચાર્ય તથા પૂ. અમૃતચંદ્ર આચાર્યની ટીકા ઉપર થયેલ પ્રવચનો જેને ગુરુદેવે છેલ્લે છેલ્લે વારંવાર કહેતા કે આ મુળ મુળ ગાથાઓ ઉપર થયેલ પ્રવચનો ક્યારે બહાર પડશે, એમ ધ્વની ઉઠતી એ એમના વિકલ્પમાં એમ હતું કે આ મૂળ વાત ઉપર જો કોઈનું ધ્યાન ખેંચાઈ જાય તો તેનું કામ થઈ જાય એવી વાત છે.

અને **વિદ્ધવર્ય મુરબ્બી શ્રી લાલચંદભાઇ મોદી, રાજકોટ** જે આ અધ્યાત્મ પ્રવચન રત્નત્રય નામના ગ્રંથમાં છપાવેલ પ્રવચનોના બે મોઢે વખાણ કરતા અને કહેતા કે પાત્ર જીવોનું કામ થઈ જાય એવો આમાં માલ ભર્યો છે.

જેથી આ પ્રવચનો કોઈને સાક્ષાત સાંભળવાનો લાભ પ્રાપ્ત ન થઈ શક્યો હોય તે સંભવિત છે. તેથી આ ગ્રંથમાં છપાવેલ પ્રવચનોને સમજવાનો કાયમી અને સર્વ કાલિક લાભ મળી રહે એ હેતુથી પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ રસઝરતી અમૃતમયી વાણીના સ્વાધ્યાય દ્વારા નિરંતર મુમુક્ષુ જીવોને આત્મહિતની પ્રેરણા મળતી રહેશે તેવો આશય પણ આ પ્રકાશનનું પ્રેરક બળ છે.

આ પ્રસંગે સ્વ. સોગાનીજીનું એક વચન સાકાર થશે તેવું ભાસે છે, તેમણે કહ્યું છે કે "પૂજ્ય ગુરુદેવશ્રીના ધર્મનો જે પાયો નંખાયો છે તે પંચમકાળના અંત સુધી રહેશે."

પૂજ્ય બહેનશ્રીના વચનામૃતમાં "તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષ સુધી ગવાશે." "પૂજ્ય ગુરુદેવને શ્રુતની લબ્ધિ હતી"

"ગુરુદેવશ્રી આ કાળે એક અચંબો છે." આવા પુરૂષની વાણી પ્રવચન રત્નાકરમા તો છપાવી બહાર પડશે જ. પરંતુ મોટા ગ્રંથ સંકલન રૂપે બહાર પડતાં વાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગે જેથી આત્માર્થી જીવોને જલદીથી સ્વાધ્યાયમાં હેતુભૂત થાય એ ભાવનાથી આ અધ્યાત્મ પ્રવચન રત્નત્રય છપાવી બહાર પાડવાની ગુરુદેવશ્રીની ભાવના સાકારરૂપ થઈ.

આ ગ્રંથ છપાવવા માટે દાતાઓએ સંપૂર્ણતઃ છપાવી આપવાની ભાવના વ્યક્ત કરી તેથી તેમનો આ ટ્રસ્ટ આભાર માને છે. આવેલ દાનની દાતાઓની નામાવલી પ્રસ્તાવનામાં આપેલી છે.

## કાર્યવાહી :

શ્રી સમયસાર આદિ પરમાગમો ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના થયેલ મંગળ પ્રવચનો તે સમયે ટેપરેકોર્ડર ઉપર અંકિત કરી લેવામાં આવ્યાં હતાં. આ ધ્વનિમુદ્રિત પ્રવચનો ટેપ ઉપરથી સાંભળીને ક્રમશઃ લેખબદ્ધ કરવામાં આવ્યા છે. એક જ ટેપને વારંવાર સાંભળીને લેખન કરવામાં આવેલ છે. તેમ છતાં તેમાં કાંઈ ત્રુટિ રહી જવા ન પામે તે હેતુથી લખનાર સિવાય તપાસનારે ફરીથી આ " અધ્યાત્મ પ્રવચન રત્નત્રય " ના પ્રવચનો ટેપ ઉપરથી સાંભળીને તેની ચકાસણી કરેલ છે. આ પ્રમાણે તૈયાર થયેલ પ્રવચનોના યથાયોગ્ય સુસંગત ફકરા પાડી તેને ફરીથી રખિયાલવાળા ભાઈ શ્રી રમણલાલ માણેકલાલ શાહે લિપિબદ્ધ કરી આપેલ છે. આ રીતે પૂજ્ય ગુરુદેવના પ્રવચનોમાં વ્યક્ત થયેલ ભાવો સારી રીતે યથાસ્થિત જળવાઈ રહે તેની પૂરેપૂરી કાળજી લેવામાં આવી છે.

આ પ્રકાશનનું કામ મુદ્રણકાર્ય સુંદર ત્વરિત અને કાળજીભર્યું કરી આપવા બદલ સુમતિ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલક નો પણ આભાર માનીએ છીએ.

## સૂચના :

(૧) આ શાસ્ત્રનું અધ્યયન કરનાર દરેક ભાઈ—બહેનોને નમ્ર વિનંતિ છે કે આ જિનવાણીની અસાતના ન થાય ખાસ તેનું ધ્યાન રાખશો.

(૨) આ શાસ્ત્રમાં સમયસારની મુળ ગાથા, ટીકા, અને કળશ, ત્યાર બાદ પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન એ રીતે ક્રમ આપવામાં અવેલ છે.

વીર. સં. ૨૫૧૦<br>વૈશાખ સુદી-૨<br>તા ૨-૫-૮૪

**શ્રી કુંદ-કહાન પરમાગમ<br>પ્રવચન ટ્રસ્ટ,<br>મુંબઈ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રસ્તાવના

વૈરાગ્ય પ્રાપ્ત સર્વે સંતોનો જય હો! જય હો!

પરમ પૂજ્ય કૃપાળુ પૂ. ગુરુદેવ**શ્રી**ના આ ગ્રંથમાં છપાવેલ પ્રવચનોની **આદરણીય મુરબ્બી પં. શ્રી લાલચંદભાઈ અમરચંદ મોદી, રાજકોટ** વારંવાર અત્યંત પ્રશંસા કરતા હતા, અને આમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ માટે બધાં જ રહસ્યો તેમ જ ઉપાય દર્શાવેલ છે એમ કહેતા હતા.

આ ગ્રંથમાં છપાવેલ ગાથા ૩૨૦ ના પ્રવચનોમાં દષ્ટિનો વિષય સ્પષ્ટ વર્ણવ્યો છે. પ્રવચનસાર ગાથા ૧૧૪ ઉપરના પ્રવચનોમાં ધ્યેયના ધ્યાનની વિધી બતાવી છે અને સમયસાર કલશટીકા ૨૭૧માં કલશમાં અનુભવકાળે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની અભેદતા, અર્થાત્ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની અભેદતા થાય છે તેમ જણાય છે, તેનું આબેહૂબ વર્ણન દર્શાવ્યું છે.

જેમના પ્રતાપે અમોને આ પ્રવચનો આત્માર્થ માટે સ્વાધ્યાયમાં હેતુભૂત થાય તે માટે ગ્રંથાકારે છપાવવાની પ્રેરણા મળી તે બદલ અમો, આદરણીય મુ. પં. શ્રી લાલચંદભાઈ મોદી, રાજકોટનો હૃદયપૂર્વક અત્યંત આભાર માનીએ છીએ.

લી. અમે છીએ,

વૈરાગ્ય પ્રાપ્ત સર્વે સંતોના દાસાનુદાસ

મીઠાલાલ મગનલાલ દોશી
હિંમતનગર
તથા
ભોગીલાલ મગનલાલ દોશી
તેમજ પરિવાર તરફથી
પિતાશ્રી સ્વ. મગનલાલ નહાલચંદ દોશી
તથા
માતુશ્રી સ્વ. હીરાબેન મગનલાલ દોશીના
સ્મરણાર્થે

શ્રી શાંતિલાલ ચીમનલાલ ઝવેરી મુંબઈ
તરફથી
પિતાશ્રી સ્વ. ચીમનલાલ વેલજીભાઈ ઝવેરી
તથા કાકાશ્રી મણીલાલ વેલજીભાઈ ઝવેરીના
સ્મરણાર્થે

કિશોરભાઈ મોતીલાલ મહેતા
તથા
પ્રફુલ્લા કિશોરભાઈ મહેતા જામનગર
તરફથી
માતુશ્રી સ્વ. નર્મદાબેન તથા
પિતાશ્રી સ્વ. મોતીલાલ પદમશીના
સ્મરણાર્થે

કાન્તીલાલ અમીચંદ કામદાર મદ્રાસ
તરફથી
માતુશ્રી જયાકુંવરબેનના સ્મરણાર્થે

અમરેલી નિવાસી
સ્વ. સમરતબેન મૂલજીભાઈ ખારાના
સ્મરણાર્થે
તેમના પુત્રો તરફથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા



| ક્રમ | વિષય | પ્રવચન નંબર | તારીખ | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|
| ૧ | શ્રી સમયસાર ગાથા ૩૨૦ | SS 18/J1 | ૪-૭-૭૭ | ૧ થી ચાલુ |
| ૨ | (શ્રીજયસેનાચાર્યકૃત ટીકા) | SS 18/J2 | ૫-૭-૭૭ | ,, |
| ૩ | ,, | SS 18/J3 | ૮-૭-૭૭ | ,, |
| ૪ | ,, | SS 18/J4 | ૯-૭-૭૭ | ,, |
| ૫ | ,, | SS 18/J5 | ૧૦-૭-૭૭ | ,, |
| ૬ | ,, | SS 18/J6 | ૧૧-૭-૭૭ | ,, |
| ૭ | ,, | SS 18/J7 | ૧૨-૭-૭૭ | ,, |
| | ,, | SS 18/J8 | ૧૩-૭-૭૬ | ૧૧૫ સુધી |
| ૯ | શ્રી સમયસાર ગાથા-૩૨૦ (શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત ટીકા) | SS 19/388 | ૮-૨-૮૦ | ૧૧૬ થી ૧૨૮ |
| ૧૦ | શ્રી પ્રવચનસાર ગાથા ૧૧૮ | PS 4/125 | ૧૦-૬-૭૯ | ૧૨૯થી ચાલુ |
| ૧૧ | ,, | PS 4/126 | ૧૧-૭-૭૯ | ,, |
| ૧૨ | ,, | PS 4/127 | ૧૨-૭-૭૯ | ,, |
| ૧૩ | ,, | PS 4/128 | ૧૩-૭-૭૯ | ૧૬૪ |
| ૧૪ | શ્રી કળશટીકા કળશ-૨૭૧ | SKT 5/463 | ૨૯-૯-૭૭ | ૧૬૫થી૧૭૯ |



—o—

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | પૂ | પૃ | ૩૩ | ૧૭ | આપેક્ષ | સાપેક્ષ |
| ૫ | ૧૫ | અભવ્યત્વદ્રય | અભવ્યત્વદ્રય | ૩૫ | ૮ | વ | તે |
| ૯ | ૧૫ | થતું | થયું | ૩૬ | ૬ | એમાંની | એમની |
| ૧૦ | ૧૫ | અથવા | આવા | ૩૭ | ૧૭ | અનાદિ અનંદ | અનાદિ-અનંત |
| ૧૨ | ૨૬ | તેમાં | તેમ | ૩૮ | ૧૮ | પોતાન | પોતાના |
| ૧૫ | ૨૩ | પરપરામાં | પરંપરામાં | ૩૮ | ૨૦ | આદિ- | સાદિ |
| ૧૬ | ૯ | શ્રાવક | શ્રાવક કોને | ૩૯ | ૨૭ | सुद्धणाय ' | सुद्धणया – |
| ૧૮ | ૧૬ | અદર | અંદર | ૪૦ | ૯ | કપનદશા | કંપનદશા, |
| ૧૯ | ૧૧ | પ્રસગવશ | પ્રસંગ વશ | ૪૬ | ૨૦ | અશમાત્ર | અંશમાત્ર |
| ૨૩ | ૧૨ | અદર | અંદર | ૧૪૨ | ૮ | નાહ | નહિ |
| ૨૩ | ૨૪ | પરભાવગ્રાહક | પરમભાવગ્રાહક | ૧૭૫ | ૨૨ | ચંચેન્દ્રિયના | પંચેન્દ્રિયના |
| ૩૧ | ૧૬ | ઓપશમિકાદિ | ઔપશમિકાદિ | | | | |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# समयसार गाथा ३२० : तात्पर्यवृत्ति टीका

[ અહીં પ્રથમ મૂળ ગાથા, સંસ્કૃત ટીકા અને ગુજરાતી અનુવાદ આપેલ છે, પછી પૃ. ૭ થી પ્રવચનોનો પ્રારંભ થાય છે. ]

**दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणदि य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव ॥३२०॥**

[ दट्ठी सयं पि णाणं ને બદલે આત્મખ્યાતિ-ટીકામાં दिट्ठी जहेव णाणं એવો પાઠ છે. ]

तमेव अकर्तृत्वभोक्तृत्वभावं विशेषेण समर्थयति; [ दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव ] यथा दृष्टि: कर्त्री दृश्यमग्निरूपं वस्तुसंधुक्षणं पुरुषवन्न करोति तथैव च तप्तायःपिंडवदनुभवरूपेण न वेदयति। तथा शुद्धज्ञानमप्यभेदेन शुद्धज्ञानपरिणत जीवो वा स्वयं शुद्धोपादानरूपेण न करोति न च वेदयति। अथवा पाठांतरं [ दिट्ठी खयंपि णाणं ] तस्य व्याख्यानं—न केवलं दृष्टि: क्षायिकज्ञानमपि निश्चयेन कर्मणामकारक तथैवावेदकमपि। तथाभूतः सन् किं करोति ? [ जाणदि य बंधमोक्खं ] जानाति च। कौ ? बंधमोक्षौ। न केवलं बंधमोक्षौ [ कम्मुदयं णिज्जरं चेव ] शुभाशुभरूपं कर्मोदयं सविपाकाविपाकरूपेण सकामाकामरूपेण वा द्विधा निर्जरां चैव जानाति इति।

एवं सर्वविशुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धोपादानभूतेन शुद्धद्रव्यार्थिकनयेन कर्तृत्व-भोक्तृत्व-बंध-मोक्षादिकारणपरिणामशून्यो जीव इति सूचितं। समुदायपातनिकायां पश्चाद्गाथाचतुष्टयेन जीवस्याकर्तृत्वगुणव्याख्यानमुख्यत्वेन सामान्यविवरणं कृतं। पुनरपि गाथाचतुष्टयेन शुद्धस्यापि यत्प्रकृतिभिर्बंधो भवति तदज्ञानस्य माहात्म्यमित्यज्ञानसामर्थ्यकथनरूपेणे विशेषविवरणं कृतं। पुनश्च गाथाचतुष्टयेन जीवस्याभोक्तृत्वगुणव्याख्यानमुख्यत्वेन व्याख्यानं कृतं। तदनन्तरं शुद्धनिश्चयेन तस्यैव कर्तृत्वबंधमोक्षादिककारणपरिणामवर्जनरूपस्य द्वादशगाथाव्याख्यानस्योपसंहाररूपेण गाथाद्वयं गतं ॥ इति समयसारव्याख्यायां शुद्धात्मानुभूतिलक्षणायां तात्पर्यवृत्तौ मोक्षाधिकार संबंधिनी चूलिका समाप्ता। अथवा द्वितीयव्याख्यानेनात्र मोक्षाधिकार समाप्तः।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



किं च विशेषः—औपशमिकादिपंचभावानां मध्ये केन भावेन मोक्षो भवतीति विचार्यते। तत्रौपशमिकक्षायोपशमिकक्षायिकौदयिकभावचतुष्टयं पर्यायरूपं भवति, शुद्धपारिणामिकस्तु द्रव्यरूप इति। तच्च परस्परसापेक्षं द्रव्यपर्यायद्वयात्मा पदार्थो भण्यते।

तत्र तावज्जीवत्वभव्यत्वाभव्यत्वत्रिविधपरिणामिकभावमध्ये शुद्धजीवत्व शक्तिलक्षणं यत्पारिणामिकत्वं तच्छुद्धद्रव्यार्थिकनयाश्रितत्वान्निरावणं शुद्धपारिणामिकभावसंज्ञं ज्ञातव्यं तत्तु बंधमोक्षपर्यायपरिणतिरहितं। यत्पुनर्दशप्राणरूपं जीवत्वं भव्याभव्यत्वद्वयं तत्पर्यायार्थिकनयाश्रितत्वादशुद्धपारिणामिकभावसंज्ञमिति। कथमशुद्धमिति चेत्, संसारिणां शुद्धनयेन सिद्धानां तु सर्वथैव दशप्राणरूप जीवत्वभव्याभव्यत्वद्वयाभावादिति।

तत्र त्रयस्य मध्ये भव्यत्वलक्षणपारिणामिकस्तु यथासंभवं सम्यक्त्वादिजीवगुणघातकं देशघातिसर्वघातिसंज्ञं मोहादिकर्मसामान्यं पर्यायार्थिकनयेन प्रच्छादकं भवति इति विज्ञेयं। तत्र च यदा कालादिलब्धिवशेन भव्यत्वशक्तर्व्यक्तिर्भवति तदायं जीवः सहजशुद्धपारिणामिकभावलक्षणनिजपरमात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानानुचरणपर्यायेण परिणमति। तच्च परिणमनमागमभाषयौपशमिकक्षायोपशमिकक्षायिक भावत्रयं भण्यते। अध्यात्मभाषया पुनः शुद्धात्माभिमुखपरिणामः शुद्धोपयोग इत्यादि पर्यायसंज्ञां लभते।

स च पर्यायः शुद्धपारिणामिकभावलक्षणशुद्धात्मद्रव्यात्कथंचिद्भिन्नः। कस्मात्? भावनारूपत्वात्। शुद्धपारिणामिकस्तु भावनारूपो न भवति। यद्येकांतेन शुद्धपारिणामिकादभिन्नो भवति तदास्य भावनारूपस्य मोक्षकारणभूतस्य मोक्षप्रस्तावे विनाशे जाते सति शुद्धपारिणामिकभावस्यापि विनाशः प्राप्नोपि; न च तथा।

ततः स्थितं—शुद्धपारिणामिकभावविषये या भावना तद्रूपं यदौपशमिकादिभावत्रयं तत्समस्तरागादिरहितत्वेन शुद्धोपादानकारणत्वात् मोक्षकारणं भवति, न च शुद्धपारिणामिकः।

यस्तु शक्तिरूपो मोक्षः स शुद्धपारिणामिकपूर्वमेव तिष्ठति। अयं तु व्यक्तिरूप मोक्षविचारो वर्तते।

तथा चोक्तं सिद्धान्ते—'निष्क्रियः शुद्धपारिणामिकः' निष्क्रिय इति कोऽर्थः?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बंधकारणभूता या क्रिया रागादिपरिणतिः तद्रूपो न भवति, मोक्षकारणभूता च क्रिया शुद्धभावनापरिणतिस्तद्रूपश्च न भवति। ततो ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति ध्यानरूपो न भवति। कस्मात्? ध्यानस्य विनश्वरत्वात्। तथा योगीन्द्रदेवैप्युक्तं—णवि उपज्जइ णवि मरइ बंध ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ॥

किंच विवक्षितैकदेशशुद्धनयाश्रितेयं भावना निर्विकारस्वसंवेदनलक्षणक्षायोपशमिकन्यत्वेन यद्यप्येकदेशव्यक्तिरूपा भवति तथापि ध्यातापुरुषः यदेव सकल निरावरणमखंडैकप्रत्यक्षप्रतिभासमयमविनश्वरं शुद्धपारिणामिकपरमभावलक्षणं निजपरमात्मद्रव्यं तदेवाहमिति भावयति, न च खंडज्ञानरूपमिति भावार्थः।

इदं तु व्याख्यानं परस्पसापेक्षागमाध्यात्मनयद्वयाभिप्रायस्यानिरोधेनैव कथितं सिद्ध्यतीति ज्ञातव्यं विवेकिभिः॥३२०॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## સમયસારની ગાથા ૩૨૦ 'તાત્પર્યવૃત્તિ' ટીકાનો ગુજરાતી અનુવાદ

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦**

તે જ અકર્તૃત્વભોક્તૃત્વભાવને વિશેષપણે દૃઢ કરે છેઃ—

[ दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव ] જેવી રીતે નેત્ર—કર્તા—દૃશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ (સંધૂકણ) કરનાર પુરુષની માફક, કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તરઃ 'दिट्ठी खयं पि णाणं' તેનું વ્યાખ્યાનઃ—માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે? [ जाणदि य बंधमोक्खं ] જાણે છે. કોને? બંધ મોક્ષને. માત્ર બંધ-મોક્ષને નહિ, [ कम्मुदयं णिज्जरं चेव ] શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપે ને સકામ-અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે.

સર્વવિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધ-દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષનાં કારણ ને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા 'શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે' એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવનું અભોક્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યાર પછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષનાં કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો. આ રીતે સમયસારની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધાત્માનુભૂતિલક્ષણ 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.

વળી વિશેષ કહેવામાં આવે છે:—

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા–પદાર્થ છે.

ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધમોક્ષપર્યાય-પરિણતિ રહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે. પ્રશ્ન:–'અશુદ્ધ' કેમ? ઉત્તર:–સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.

તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક 'દેશઘાતી' અને 'સર્વઘાતી' એવાં નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી 'ઔપશમિક', 'ક્ષાયોપશમિક' તથા 'ક્ષાયિક' એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે? ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય) નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે.)

માટે આમ ઠર્યું:—શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધપારિણામિક-ભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે 'निष्क्रियः शुद्धपारिणामिकः' અર્થાત શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિંષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા—રાગાદિપરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા—શુદ્ધભાવનાપરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે 'ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ ॥' (અર્થાત્ હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી—એમ શ્રી જિનવર કહે છે.)

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે:—વિવક્ષિત-એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ – એક – પ્રત્યક્ષપ્રતિભાસમય – અવિનશ્વર – શુદ્ધપારિણામિકપરમભાવ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષણનિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' —આમ ભાવાર્થ છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (—નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું. (અનુવાદક: પં. શ્રી હિંમતલાલ જે. શાહ.)

* * *

## * શ્રી સમયસાર ગાથા ૩૨૦ : મથાળું *

## (તાત્પર્યવૃત્તિ ટીકા)

એ જ અકર્તૃત્વભોક્તૃત્વભાવને વિશેષપણે દઢ કરે છે:—

## ગાથા ૩૨૦ : શ્રી જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકા ઉપરનું પ્રવચન

"[दिट्ठी सयं पि णाणं अकारयं अवेदयं चेव] જેવી રીતે નેત્ર—કર્તા, દૃશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ (સંધૂકણ) કરનાર પુરુષની માફક, કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ—ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તરઃ [दिट्ठी खयं पि णाणं]—તેનું વ્યાખ્યાન: માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે? [जाणदि य बंध—मोक्खं]—જાણે છે. કોને? બંધ—મોક્ષને. માત્ર બંધ—મોક્ષને નહિ, [कम्मुदयं णिज्जरं चेव] શુભ—અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક—અવિપાકરૂપ ને સકામ—અકામરૂપ બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે."

અહાહા...! ભગવાન આત્માનો તો જ્ઞાન સ્વભાવ છે. રાગને કરે અને રાગને ભોગવે એવો એનો સ્વભાવ નથી. શું કીધું? આ શરીરાદિ પરપદાર્થ છે તેને તો આત્મા કરે નહિ પણ રાગાદિનું કરવું ને રાગાદિનું વેદવું એવું આત્માના જ્ઞાનસ્વભાવમાં નથી. લ્યો, આ દૃષ્ટાંતથી સમજાવે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નેત્ર-આંખ દૃશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને દેખે છે પણ સંધુક્ષણ કરનાર પુરુષની માફક આંખ અગ્નિરૂપ વસ્તુને કરતી નથી. જેમ અગ્નિને સળગાવનાર પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે તેમ આંખ દૃશ્ય પદાર્થને દેખે છે પણ તેને કરતી નથી. તેમ જ તપેલા લોખંડના ગોળાની માફક આંખ અગ્નિને અનુભવરૂપે વેદતી નથી. લોઢાનો ઉનો ગોળો હોય તે જેમ ઉનાપણું વેદે છે તેમ આંખ વેદતી નથી, લ્યો, દૃષ્ટાંત કીધું.

તેમ, કહે છે, આત્મા કે જેનો એક જ્ઞાયકભાવ સ્વભાવ છે તે પુણ્ય અને પાપના ભાવને કરતો નથી તેમ જ વેદતો નથી. આ દયા પાળે, દાન કરે, વ્રતાદિ પાળે પણ ભાઈ! એ તો બધો રાગ છે. એ રાગનું કરવું ને રાગનું વેદવું તે, કહે છે, આત્માના જ્ઞાનસ્વભાવમાં નથી. અહા! આવો પોતાનો સ્વભાવ જ્યાંસુધી દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી જીવ અજ્ઞાની છે.

કહ્યું ને કે–'તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી.' જુઓ, શુદ્ધપણે પરિણમ્યો છે એવા જીવની અહીં વાત છે. શુદ્ધ જ્ઞાન તે ગુણ લીધો અને શુદ્ધજ્ઞાન પરિણત જીવ તે દ્રવ્ય લીધું છે. અહાહા...! હું એક શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ જેને અંતરમાં શુદ્ધ જ્ઞાનમય પરિણમન થયું છે તે જીવ શુદ્ધ ઉપાદાનરૂપે દયા, દાન, વ્રત આદિ રાગના ભાવને કરતો નથી અને વેદતોય નથી કેમકે આત્માનું શુદ્ધ ઉપાદાન તો શુદ્ધ એક ચૈતન્યમય છે.

અહીં બે વાત થઈ:

૧. જ્ઞાનગુણ ત્રિકાળ છે તે પણ દયા, દાન આદિ રાગને–વિકલ્પને કરતો કે વેદતો નથી અને

૨. તેમ શુદ્ધજ્ઞાનપરિણતિ જીવ પણ રાગને કરતો કે વેદતો નથી.

બાપુ! આ બહારનાં બધાં કામ હું વ્યવસ્થિત કરી શકું છું એમ જે માને છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો કહે છે–સ્વભાવસન્મુખની દૃષ્ટિ વડે શુદ્ધજ્ઞાનરૂપે પરિણમેલો જીવ, બહારનાં કામ કરવાનું તો દૂર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહો, પુણ્ય ને પાપના ભાવને કરે અને વેદે એમ પણ છે નહિ. અહાહા....! જ્ઞાનગુણ પણ એવો નથી અને શુદ્ધજ્ઞાનરૂપે પરિણમેલું દ્રવ્ય પણ એવું નથી. અહીં શુદ્ધજ્ઞાનપરિણત જીવ દ્રવ્ય કેમ કહ્યું? કેમકે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય તો રાગને કરતું ય નથી અને વેદતું ય નથી; એવો જ એનો સ્વભાવ છે; પણ પરિણમન શુદ્ધ થયા વિના રાગને કરતું નથી અને વેદતું નથી એ સિદ્ધ કયાંથી થાય? દ્રવ્ય શુદ્ધજ્ઞાનરૂપે પરિણમે ત્યારે તે રાગને કરતું નથી ને વેદતું નથી એમ સિદ્ધ થાય. ભાઈ! આ તો ઘણો ગહન વિષય છે.

ભાઈ! આ તો સર્વજ્ઞના ઘરની અંતરની વાતુ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે તો માત્ર જ્ઞાનરૂપે જ પરિણમે છે. રાગને કરે કે વેદે એ તો જ્ઞાનસ્વભાવમાં છે જ નહિ; પણ જ્ઞાનનો જ્યારે અનુભવ થાય ત્યારે તે સમજાય ને? અહાહા...! નિશ્ચયથી જીવદ્રવ્ય છે તે રાગનો કર્તા કે ભોક્તા નથી, પણ જીવ રાગનો કર્તા–ભોક્તા નથી એવો નિર્ણય કોને થાય? શુદ્ધજ્ઞાનપરિણત જીવને આવો નિર્ણય થાય છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ ત્રિકાળ શુદ્ધ અને પવિત્ર છે. તેને ધ્યેય બનાવી તેના લક્ષ્યે–આશ્રયે જ્યાં પર્યાયમાં શુદ્ધ પરિણમન થતું ત્યાં તે જીવ રાગનો કર્તા નથી અને હરખ–શોકનો ભોક્તા નથી. શુદ્ધપણે પરિણમન થયા વિના દ્રવ્યસ્વભાવ રાગનો કર્તા-ભોક્તા નથી એમ નિર્ણય કેવી રીતે થાય? આ પ્રમાણે ગુણ અને ગુણી બંનેનું શુદ્ધ જ્ઞાનમય પરિણમન થાય ત્યારે તે જીવ વ્યવહારના જે વિકલ્પ આવે તેનો કર્તા નથી અને ભોક્તા પણ નથી એમ યથાસ્થિત સિદ્ધ થાય છે. જ્ઞાનીને અશુભ રાગ પણ આવે તેનો પણ તે કર્તા–ભોક્તા નથી. લ્યો, આવી વાત! સમજાણું કાંઈ...? જ્ઞાનસ્વરૂપી આત્મા સ્વભાવપણે પરિણમે તે વિભાવપણે કેમ થાય! ન જ થાય.

ધર્મી એવો ભગવાન આત્મા–તેનો ધર્મ જ્ઞાન અને આનંદ છે; તેનું પર્યાયમાં જેને પરિણમન થાય તે જીવ કે તે જીવનું જ્ઞાન દયા, દાન, વ્રત, તપ આદિના વિકલ્પને કરે કે વેદે એમ કદી છે નહિ. આવી સૂક્ષ્મ વાત!

અથવા પાઠાન્તર : ‘दिट्ठी खयं पि णाणं’ તેનું વ્યાખ્યાન: શું કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે? કે માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. જેમ નેત્ર છે તે પરને કરતું કે વેદતું નથી તેમ ક્ષાયિક જ્ઞાન અને જ્ઞાનપરિણત જીવ પણ દયા-દાન આદિ વિકલ્પને કરતો નથી અને વેદતો પણ નથી.

જુઓ, પહેલા બે બોલમાં દૃષ્ટિનું (દ્રવ્યદૃષ્ટિનું) જોર આપ્યું છે. અહીં હવે ક્ષાયિક જ્ઞાનની વાત કરે છે. જેવું શક્તિરૂપે સર્વજ્ઞપણું છે એવું પર્યાયમાં પણ સર્વજ્ઞપણું પ્રગટ્યું તે ક્ષાયિકજ્ઞાન છે. તે ક્ષાયિકજ્ઞાન પણ, કહે છે, નિશ્ચયથી રાગનું અકારક તેમ જ અવેદક છે અહા! સર્વજ્ઞ પરમાત્માને જે યોગનું કંપન છે તેના પણ તેઓ અકર્તા અને અવેદક છે. 'ક્ષાયિકજ્ઞાન પણ'—એમ 'પણ' શબ્દ કેમ કીધો? કે પ્રથમ બે બોલમાં વાત કરી તે પ્રમાણે આ ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક છે એમ કહેવું છે. અહીં કર્મ શબ્દે રાગદ્વેષ આદિ ભાવકર્મ સમજવું.

ઘણાં વર્ષ પહેલાં એક ભાઈએ પ્રશ્ન કરેલ કે—મહારાજ! સિદ્ધ ભગવાન શું કરે? અથવા મોટા ભગવાન છે તો જગતનું કાંઈ ન કરે? લ્યો, આવો પ્રશ્ન કરેલ!

ત્યારે કહ્યું કે—ભાઇ! સિદ્ધ ભગવાન જગતનું કાંઈ ન કરે, એ તો પોતાના (અતીન્દ્રિય) જ્ઞાન અને આનંદને વેદે. જગતનાં પદાર્થોના તેઓ અકર્તા અને અભોક્તા છે. લોકોને (અજ્ઞાનીઓને) એમ લાગે કે અમે સંસારમાં પાંચ-પચીસ માણસોને નભાવીએ છીએ, કુટુંબનું ભરણ-પોષણ કરીએ છીએ, ધંધા-પાણીની વ્યવસ્થા કરીએ છીએ, ઈત્યાદિ પણ ભાઈ! એ તારી મિથ્યા માન્યતા છે; વસ્તુસ્થિતિ એમ નથી ભાઈ! તને બાહ્ય-સ્થૂળ દૃષ્ટિમાં એમ ભાસે કે અમે પરનાં કામ કરીએ છીએ પણ વાસ્તવમાં પરનાં કાર્ય કોઈ (આત્મા) કરી શકતો જ નથી. પરને અડે નહિ તે પરનું શું કરે? અહીં કહે છે—ક્ષાયિકજ્ઞાન પરનું કાંઈ કરે એ વાત તો છે નહિ પણ તે રાગાદિ કર્મોનું પણ અકારક અને અવેદક છે. સમજાણું કાંઈ...?

આમ ક્ષાયિકજ્ઞાનની વાત કરી. હવે ફરીથી શુદ્ધજ્ઞાનપરિણત સાધક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવની વાત કરે છે. એમ કે જે પોતે હજુ સિદ્ધ થયો નથી, હજુ જેને કેવળજ્ઞાન થયું નથી એવો શુદ્ધજ્ઞાનપરિણત સાધક જીવ છે તે શું કરે છે? કે અવસ્થામાં જે રાગાદિ થાય તેને જાણે છે, કરે છે એમ નહિ, માત્ર જાણે છે. આવી વાત!

સવારના પ્રવચનમાં આવ્યું કે રાગ અને પરથી ભિન્ન અંદર ત્રિલોકીનાથ ભગવાન અમે તને બતાવ્યો તો ત્રણલોકમાં એવો કયો જીવ હોય કે જેને જ્ઞાનનું પરિણમન ન થાય? સમયસાર ગાથા ૩૧,૩૨,૩૩માં વિકલ્પથી ભિન્ન ચૈતન્યઘન પ્રભુ આત્મા બતાવ્યો છે. અહા! ચૈતન્યના અસ્તિત્વથી આત્મા છે અને રાગના અસ્તિત્વથી આત્મા નથી-આવો ભિન્ન આત્મા બતાવ્યો છે; અહો! તેને જાણીને એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય?

આ શાસ્ત્રની પાંચમી ગાથામાં પણ આચાર્યદેવે કહ્યું કે 'जदि दाएज्ज पमाणं' જો હું શુદ્ધજ્ઞાનઘન એકત્વ-વિભક્ત એવો આત્મા તને દેખાડું તો હે શિષ્ય! તું પ્રમાણ કરજે. પ્રમાણ કરજે એટલે? એટલે કે સ્વાભિમુખ થઈ સ્વાનુભવ કરીને પ્રમાણ કરજે. 'હું તને દેખાડું તો' -એમ કહ્યું ને આચાર્યદેવે? મતલબ કે એને (શુદ્ધાત્માને) દેખનારો -સ્વાનુભવથી પ્રમાણ કરનારો પણ છે ત્યાં. અહો! આવી અદ્‌ભુત અલૌકિક વાત કરીને આચાર્યદેવે જગતને ન્યાલ કરી દીધું છે. અહા! અંતરમાં જ્યાં ખબર પડી કે અંદરમાં મોટો પ્રભુ-ચૈતન્યમહાપ્રભુ પોતે આત્મા છે ત્યારે તેની સંભાળ કરી તેનો અનુભવ કેમ ન કરે? અવશ્ય કરે જ.

જુઓ, અહીં પણ સ્વાનુભવમંડિત શુદ્ધજ્ઞાનપરિણત જીવ લીધો છે; એકલો સાંભળનારો લીધો નથી. અહા! એ શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે? જાણે છે. કોને? બંધ-મોક્ષને.

અહાહા....! અંદર આત્મા ચૈતન્યમહાપ્રભુ શુદ્ધજ્ઞાનપ્રકાશનો પુંજ છે. એ તો જ્ઞાનપણે પ્રકાશે કે રાગમાં અટકીને રાગને કરે ને રાગને વેદે? જે રાગ છે તે ભાવબંધ છે, અને જડ કર્મનો બંધ નિમિત્ત છે. અહીં કહે છે-જ્ઞાનપરિણત જીવ રાગ અને જડ કર્મબંધને દૂર રહી પૃથક્‌પણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણે છે.

હવે આવી વાત અત્યારે ક્યાં છે? અરે! લોકોએ તો તદ્દન સ્થૂળ કરી નાખ્યું છે. એમ કે વસ્ત્ર–લુગડાં સહિત હોય તે શ્વેતાંબર ને વસ્ત્ર-લુગડાં રહિત હોય તે દિગંબર. બાપુ! દિગંબર તો વસ્તુનું સ્વરૂપ છે. અહાહા....! અંદરમાં રાગથી નગ્ન–શૂન્ય બીનમૂરત ચિન્મૂરત પ્રભુ આત્મા વિરાજી રહ્યો છે તે યથાર્થ દિગંબરસ્વરૂપ છે. અહાહા....! આવા નિજ સ્વરૂપનું અંદરમાં જેને ભાન થયું છે તે શુદ્ધજ્ઞાનપરિણત ધર્મી પુરુષ પર્યાયમાં બંધ છે તેને જાણે જ છે.

જેમ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એકલા જ્ઞાનપ્રકાશનો પુંજ ત્રિકાળ અસ્તિ છે, એમ રાગાદિ બંધ પણ વર્તમાન અસ્તિ છે. અવસ્થામાં બંધ છે જ નહિ એમ નથી. પણ સમ્યગ્દષ્ટિ ધર્મી જીવ તે રાગાદિ બંધભાવને દૂર રહીને જાણે છે; તેમાં ભળીને તેને કરે કે તેને વેદે એમ છે નહિ.

જો રાગમાં ભળીને રાગને કરે અને રાગને વેદે તો તે જીવ મિથ્યાદષ્ટિ છે. શું કીધું? આ દયા, દાન, વ્રત, તપ આદિના જે શુભરાગના વિકલ્પ છે તેને જીવ કરે અને વેદે એમ જેણે માન્યું છે તેની તો દૃષ્ટિ જ મિથ્યા છે કેમકે તેને રાગથી અધિક–ભિન્ન જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માનું ભાન થયું નથી. તે તો રાગને જ એકત્વપણે કરે છે અને રાગને એકત્વપણે વેદે છે. આવા જીવની અહીં વાત નથી.

અહીં તો જેને જાણવામાં ને પ્રતીતિમાં આવ્યું કે હું રાગથી ભિન્ન પૂર્ણજ્ઞાનઘનસ્વરૂપ ભગવાન આત્મા છું એવા શુદ્ધજ્ઞાનપરિણત જીવની વાત છે. અહાહા...! તેણે વ્યક્ત જ્ઞાનના અંશમાં એમ જાણ્યું કે આ વ્યક્તિરૂપ છે તે તો અંશ છે પણ મારી વસ્તુ તો અંદર ધ્રુવ પરિપૂર્ણ છે. ધ્રુવમાં ધ્રુવ જણાય એમ નહિ, પણ ધ્રુવના ધ્યેયે જે પરિણમન થયું તે પરિણમનમાં ધ્રુવને જાણ્યું છે. અહા! તે જ્ઞાનનો અંશ અવસ્થામાં જે રાગ અને બંધ છે તેને પણ જાણે છે. જેમ જ્ઞાન સ્વને જાણે છે તેમાં જે રાગ આવે છે તેને પણ જાણે છે, બસ. હવે આવી વાત કઠણ લાગે પણ આ સત્ય વાત છે, અત્યારે તો આ સાંભળવા મળવી પણ મુશ્કેલ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા...! ભગવાન આત્મા સદા જ્ઞાનસ્વરૂપી પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. તેનો પૂરણ આશ્રય જેને થયો તે સર્વજ્ઞ પરમાત્માને એક સમયમાં ત્રણકાળ અને ત્રણલોકનું જ્ઞાન હોય છે. તેમનું શરીર નગ્ન હોય છે અને તેમને આહાર-પાણી હોતાં નથી. અહાહા....! તેઓ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદના કર્તા-ભોક્તા છે. એ તો આવી ગયું કે ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક છે. અહા! આવું ક્ષાયિકજ્ઞાન જેમને પ્રગટ થયું છે તેમને પરમાત્મા કહીએ. અહા! તે સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ આનંદની-અનંત આનંદની દશાના વેદનમાં રહેલા છે. તેઓ કોઈનું કાંઈ કરે કે કોઈને કાંઈ આપે એ વાત જ કયાં રહે છે?

હા, પણ ભગવાન કરુણા કરે કે નહિ? ભગવાન કરુણાસાગર તો કહેવાય છે?

**સમાધાન**:-ના, ભગવાન કોઈની કરુણા ના કરે, ભાઈ! કરુણાનો ભાવ એ તો વિકલ્પ-રાગ છે, અને ભગવાન તો પૂરણ વીતરાગ છે. ભગવાનને કરુણાનો વિકલ્પ હોતો નથી.

તો કેવી રીતે છે!

ભગવાનની ઓમ્ધ્વનિ સાંભળીને વા ભગવાનના વીતરાગસ્વરૂપને જાણીને કોઈ ભવી જીવ પોતે પોતાની કરુણા-દયા કરે અને પોતાના હિતરૂપ પ્રવર્તે તો તે ભગવાનની કરુણા-દયા છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ભગવાન કરુણાસાગર છે એ પણ વ્યવહારનું જ કથન સમજવું. ભગવાન તો શું નિશ્ચયે કોઈ જીવ કોઈ અન્ય જીવની દયા કરી શકે એવી વસ્તુસ્થિતિ જ નથી. તેથી તો પ્રવચનસાર ગાથા ૮૫ માં કહ્યું કે—

"અર્થોતણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં
વિષયોતણો વળી સંગ,-લિંગો જાણવાં આ મોહનાં."

પદાર્થોનું અયથાગ્રહણ (અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્યસ્વરૂપે ન માનતા તેમના વિષે અન્યથા સમજણ), અને તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, તથા વિષયોનો સંગ (અર્થાત્ ઈષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ)-આ મોહનાં લિંગો છે. બાપુ! આ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારગડા જુદા છે નાથ! પોતાને રાગનો કર્તા માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. અને ભગવાન પરને અને રાગને કરે અને ભોગવે એમ માને એય મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ....?

અહીં તો અવસ્થામાં કિંચિત્ રાગ વિદ્યમાન છે એવો શુદ્ધજ્ઞાન પરિણત ધર્મી જીવ પણ રાગનો અને પરનો અકર્તા અને અવેદક છે એમ કહે છે. સૂક્ષ્મ વાત છે પ્રભુ! શક્તિરૂપે તો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળ છે. અહા! આવા આત્માનો આશ્રય થતાં જેને જ્ઞાન અને આનંદની રચના કરે એવું વીર્ય પર્યાયમાં જાગ્યું અને જેને અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સ્વાદ આવ્યો એવો ધર્મી સાધક જીવ જે છે તે, કહે છે, જાણે છે; કોને? કે બંધ અને મોક્ષને.

શું કીધું? કે કેવળી ભગવાનને તો રાગેય નથી ને બંધેય નથી. પૂરણ વીતરાગ છે ને? પણ જેને સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ આત્માનું અંતરમાં ભાન થયું છે એવો અંશે શુદ્ધતારૂપ પરિણમેલો ધર્મી જીવ પણ રાગનો અકારક અને અવેદક છે—એમ કહે છે. અહા! તે રાગને—બંધને જાણે છે, કરતો નથી. ધર્મી પુરુષ રાગ હોય છે તેને જ્ઞાનની દશામાં તે જાણે કે આ રાગ (બીજી ચીજ) છે, મારો છે અને તેનું વેદન મને છે એમ નહિ. અહો! ધર્મનું સ્વરૂપ આવું અલૌકિક છે ભાઈ! ધર્મી જીવ બંધને જાણે અને મોક્ષને પણ જાણે. અહાહા....! તે રાગ થાય તેને જાણે અને રાગનો અભાવ થાય તેને પણ જાણે, પણ રાગ થાય તેને વા રાગનો અભાવ થાય તેને કરે એમ નહિ. સમજાણું કાંઈ....? અહો! ચિત્ચમત્કાર પ્રભુ ભગવાન આત્માનું જેને ભાન થયું તે ધર્મી પુરુષની અંતરદશા કોઈ અદ્‌ભુત અલૌકિક હોય છે.

ત્યારે કલકત્તાના એક સામયિકમાં આવ્યું છે કે – કાનજીસ્વામી તો બધાને 'ભગવાન આત્મા' કહીને સંબોધન કરે છે.

હા, ભાઈ! અમે તો સૌને ભગવાન આત્મા તરીકે દેખીએ છીએ, અમે તો તને ભગવાન! બાળક, યુવાન કે વૃદ્ધપણે દેખતા જ નથી. અહાહા....! અંદરમાં તું પૂરણ જ્ઞાનાનંદસ્વરૂપ છો ને પ્રભુ! 'ભગ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નામ જ્ઞાનાનંદની લક્ષ્મીનો ધ્રુવ-ધ્રુવ ભંડાર એવો ભગવાન છો ને નાથ! અહો! આવા નિજસ્વરૂપને અનુભવ્યું તેની અંતરદશા અલૌકિક છે.

જુઓ, વીતરાગ સર્વજ્ઞદેવને ઇચ્છા વિના જ ૐ ધ્વનિ નીકળે છે. અહાહા....! ૐ....ૐ ...ૐ એમ દિવ્યધ્વનિ છૂટે છે. આવે છે ને કે–

'મુખ ૐકાર ધુનિ સુનિ, અર્થ ગણધર વિચારૈ
રચિ આગમ ઉપદેશ, ભવિક જીવ સંશય નિવારૈ.'

અહાહા....! ભગવાનની વાણી આપણા જેવી ક્રમવાળી ન હોય, સર્વાંગેથી સ્ફુરતી તે નિરક્ષરી હોય છે. અહા! આવી પરમાત્માની–શ્રી સીમંધરનાથની વાણી વિદેહમાંથી અહીં ભરતક્ષેત્રમાં આવી છે. અહા! તે વાણીમાં એમ આવ્યું છે કે જે શુદ્ધજ્ઞાનપરિણત જીવ છે તે બંધ અને મોક્ષને જાણે છે બસ, અહાહા....! અંતરમાં સ્વસ્વરૂપના આશ્રયે ધર્મ પ્રગટ થયો છે તે ધર્મપરિણત જીવ જે રાગ આવે તેને ય જાણે અને જે રાગ ટળે તેનેય જાણે છે, પણ રાગને કરેય નહિ અને રાગને ટાળેય નહિ. અહા! જેને અંદર જ્ઞાનચક્ષુ પ્રગટ થયું છે તે સમકિતી ધર્મી પુરુષ આવો હોય છે.

હવે કહે છે–"માત્ર બંધ-મોક્ષને નહિ, 'कम्मुदयं णिज्जरं चेव' શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામરૂપ બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે."

અહા! જ્યાં સુધી પૂરણ વીતરાગ સર્વજ્ઞ થયો નથી ત્યાં સુધી સાધક જીવને અંશે બાધકપણું પણ છે. કર્મના ઉદયના નિમિત્તે તેને શુભ ને અશુભ ભાવ થતા હોય છે. પણ એ બન્નેને સાધક ધર્મી જીવ માત્ર જાણે છે, કરે છે એમ નહિ. કોઈને થાય કે આ તો નવો માર્ગ કાઢયો; પણ અરે ભાઈ! આ તો અનાદિથી પરંપરામાં ચાલ્યો આવતો અનંતા તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલો સનાતન માર્ગ છે. એકવાર ધીરજ અને શાંતિથી સાંભળ તો ખરો પ્રભુ! અનાદિનો જે સત્ય માર્ગ છે તે આ છે. ભગવાન આત્મા પોતે સહજ જ જ્ઞાન-સ્વરૂપ છે તે શું કરે? બસ જાણે. અરે! અનંતકાળમાં ધર્મ શું ચીજ છે તે સમજવાની એણે દરકાર કરી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કદાચિત્ સાંભળવા ગયો તો સંભળાવનારા પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભભાવથી ધર્મ થાય એવું માનનારા ને કહેનારા મળ્યા. ત્યાં એ નવું શું કરે? અરે! આમ ને આમ બિચારો સ્વરૂપને વિસારીને ચાર ગતિમાં રઝળી મર્યો છે!

જુઓને! કોઈ પાંચ-પચીસ લાખનું દાન આપે એટલે એને ધર્મ-ધુરંધરનો ઈલ્કાબ આપી દે. શું કહેવું? આવા જીવોને ધર્મ શું ચીજ છે એની ખબર જ નથી. એક કરોડપતિ શેઠે એક વાર પચાસ હજારનું દાન દીધું તો તેને શ્રાવક-શિરોમણિનો ઈલ્કાબ આપ્યો. અરે ભાઈ! શ્રાવક-શિરોમણિ કોને કહેવાય? બિચારાઓને શ્રાવક કહેવાય એનીય ખબર ન મળે! શ્રાવકની વ્યાખ્યા તો આવી છે. શું? કે–'શ્ર' એટલે કે વાસ્તવિક તત્ત્વસ્વરૂપ જેમ છે તેમ શ્રવણ કરીને તેની શ્રદ્ધા કરી હોય, 'વ' એટલે રાગથી આત્મા–પોતે ભિન્ન છે એમ વિવેક કર્યો હોય અને 'ક' એટલે સ્વાનુભવની ક્રિયાનો કરનારો હોય–થયો, આનું નામ શ્રાવક છે. ભાઈ! આ વસ્તુસ્થિતિ છે.

આ જાણીને એ કરોડપતિ શેઠ અહીં બોલ્યા,–મહારાજ! મને તો એકેય વ્રત ને પડિમા નથી, આત્માનું ભાનેય નથી. લોકોએ સમજ્યા વિના જ મને આવું 'શ્રાવક-શિરોમણિ'નું બિરૂદ આપ્યું.

ત્યારે કહ્યું કે ભાઈ! લોકો તો પૈસા ખર્ચે એને ધર્મ–ધુરંધર આદિ નામ આપી દે; પણ બાપુ! ધર્મનું સ્વરૂપ બહુ જુદું છે. (પૈસાથી નહિ પણ ધર્મ અંતરના આશ્રયે પ્રાપ્ત થાય છે.)

પ્રભાવનાના હેતુથી લાખો રૂપિયા દાનમાં આપે, મોટાં મંદિરો બનાવે, જિનપ્રતિમા પધરાવે ઈત્યાદિ ભાવ ગૃહસ્થને અવશ્ય આવે અને આવવા જોઈએ, પણ ત્યાં રાગની મંદતા કરી હોય તો શુભભાવને કારણે પુણ્યબંધ થાય છે પણ ધર્મ નહિ. ધર્મી જીવ તો પુણ્યના જે પરિણામ થાય તેનો અકારક અને અવેદક છે.

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યચક્ષુ છે. જેમ આંખ દૃશ્ય પદાર્થને દેખતાં દૃશ્યમાં જતી નથી તેમ ચૈતન્યચક્ષુ પ્રભુ આત્મા પરને જાણતાં પરમાં જતો નથી, પરથી ભિન્ન રહીને પરને જાણે છે, આ સર્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વજ્ઞાનનો નિચોડ છે. અજ્ઞાની એને જાણે નહિ. સમકિતી જ તેને યથાર્થ જાણે છે.

સમકિતી એકલા બંધ અને મોક્ષને જાણે એમ નહિ, તે કર્મના ઉદયે જે શુભાશુભ ભાવ થાય તેને પણ જાણે છે. ધર્મીને શુભ હોય તેમ અશુભ પણ હોય છે. ચારિત્રમોહના ઉદયમાં એને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામ પણ પોતાની કમજોરીથી થાય છે. સ્ત્રી સંબંધી વિષયનો રાગ પણ આવે છે. પરંતુ જ્ઞાની તે શુભાશુભ કર્મોદયથી પૃથક્ રહીને તેને જાણે છે. અહાહા...! જ્ઞાન શું કરે? બસ જાણે. આંખ છે તે બીજી ચીજને શું કરે? બસ દેખે; પણ આંખ બીજી ચીજને રચે કે તોડે એવું આંખનું કાર્ય નથી, તેમ જ્ઞાન શુભાશુભને કરે કે તોડે એવું જ્ઞાનનું કાર્ય નથી. સમજાણું કાંઈ...? અહાહા....! ધર્મી જીવ કર્મના ઉદયને જાણે, કર્મના ઉદયે જે શુભાશુભ ભાવ થાય તેનેય જાણે અને દેહની જે ક્રિયા થાય તેને પણ જાણે છે; કેમકે જ્ઞાની પોતાની જ્ઞાનભૂમિકામાં રહ્યો છે પણ તે રાગની ભૂમિકામાં પ્રવેશતો જ નથી. લ્યો, આવી વાત!

નાની ઉંમરમાં મૂળજી નામે એક બ્રાહ્મણ અમારી પડોશમાં રહેતા. અમારી બા ભૂંભલીનાં હતાં. તેઓ પણ ભૂંભલીના વતની હતા. અમે તેમને મૂળજી મામા કહીને બોલાવતા. તેઓ સવારમાં વહેલા ઉઠીને નાહ્યા બાદ બોલતા કે–

'અનુભવીને એટલું કે આનંદમાં રહેવું રે;
ભજવા પરિબ્રહ્મને, બીજું કાંઈ ન કહેવું રે.'

આમ બોલતા. ૭૭ વર્ષ પહેલાંની આ વાત છે. તે વખતે અમે તો નાના બાળક હતા; પણ અમને લાગેલું કે મામા બોલે છે કાંઈક જાણવા જેવું. મામાને તો ક્યાં ખબર હતી કે એમાં શું ભાવ છે? પણ અમને ખ્યાલ રહી ગયો કે મામા બોલે છે કાંઈક રહસ્ય ભર્યું. લ્યો, એ રહસ્ય આ કે– અનુભવી એટલે સમ્યગ્દૃષ્ટિ–ધર્મી–જ્ઞાની—તેને તો બસ એટલું કે આનંદમાં સદા રહેવું. ભલે શરીર હો, સગાં હો, પરિવાર હો–એ બધું ભલે રહ્યું એના ઘરે, – અનુભવીને તો બસ એટલું કે સદાય અતીન્દ્રિય આનંદના અનુભવમાં મસ્ત રહેવું. ભગવાન આત્મા પરિબ્રહ્મ નામ સમસ્ત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારે આનંદનો નાથ છે. અહાહા...! આવો જે પોતાનો આત્મા છે તેને ભજવો–અનુભવવો બસ એ એક જ ધર્મીનું કાર્ય છે. આવી વાત!

અહીં પણ એમ કહે છે કે ચોથા ગુણસ્થાને સમકિતી ધર્માત્મા, તેને કર્મના ઉદયના નિમિત્તે જે જે શુભ–અશુભ ભાવ આવે છે તેનો તે અકારક અને અવેદક છે, માત્ર તેને તે ભિન્ન રહીને જાણે છે. અહાહા...! મિથ્યાદ્રષ્ટિ કર્મોદયમાં અને શુભાશુભભાવમાં એકરૂપ-તદ્રૂપ થઈને તેનો કર્તા ને ભોક્તા થાય છે જ્યારે સમ્યગ્જ્ઞાની ધર્મી પુરુષ તેને દૂરથી માત્ર જાણે છે, તેમાં એકરૂપ થતો નથી.

જ્ઞાની કર્મોદયને જાણે છે તેમ સવિપાક–અવિપાક નિર્જરાને પણ જાણે છે; કરે છે એમ નહિ. સૂક્ષ્મ વાત ભાઈ! આત્મા એકલા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. અહા! આવું જેને અંતરમાં ભાન થયું તે જ્ઞાતા-દ્રષ્ટા થયો, જાણનાર-દેખનાર થયો. વસ્તુ સહજ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવી છે. તેનું ભાન થતાં વર્તમાન, દશામાં જ્ઞાતા-દ્રષ્ટાપણું આવ્યું-પ્રગટ્યું. અહા! આવો જ્ઞાની, અહીં કહે છે, સવિપાક–અવિપાકરૂપ ને સકામ–અકામરૂપ—એમ બે પ્રકારની નિર્જરાને બસ જાણે છે.

જુઓ, વર્તમાનમાં આ મનુષ્યગતિ છે છતાં ત્યાં અંદર નરકગતિ, દેવગતિ આદિ ચાર ગતિનો ઉદય હોય છે. પૂર્વનાં બાંધેલાં કર્મ પડ્યાં છે તેથી દેવગતિનો ઉદય તો આવે છે પણ તે ખરી જાય છે. તેને સવિપાક નિર્જરા કહે છે. એની મેળે પાક આવીને કર્મ ખરી ગયાં તેને જ્ઞાની જાણે છે. આત્માનું ભાન થતાં શાંતિ અને આનંદનું પરિણમન થયું છે તે જીવને પૂર્વે બાંધેલાં ગતિ આદિ કર્મો હોય તે ઉદયમાં આવીને ખરી જાય તેને સવિપાક નિર્જરા કહે છે અને જ્ઞાની તેને જાણે છે. વિપાક એટલે કર્મનું ફળ દઈને ખરી જવું. સ્થિતિ પૂરી થયે ઉદયમાં આવીને કર્મનું ખરી જવું તેનું નામ સવિપાક નિર્જરા છે. વિપાક એટલે વિશેષે પાક, સત્તામાં કર્મ પડ્યાં છે તે પાક આવીને ખરી જાય તે સવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે.

હવે બીજી વાત: અવિપાક નિર્જરા: ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપી આત્માના અનુભવમાં પુરુષાર્થ કરતાં આત્મા-પોતે જ્ઞાતા દ્રષ્ટા થયો. આવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપના ભાનમાં ઉગ્ર પુરુષાર્થ હોતાં કર્મ ઉદયમાં ન આવે, આવવાની યોગ્યતા છે પણ તત્કાલ ઉદયમા આવ્યું નહિ અને ખરી જાય તેને અવિપાક નિર્જરા કહે છે. વર્તમાન અહીં મનુષ્ય ગતિનો ઉદય છે. વર્તમાન એક ગતિ વિપાકપણે છે, બીજી ત્રણ વિપાકપણે નથી; પણ અંદર ઉદયમાં આવ્યા વિના ખરી જાય તે અવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે. આનંદનો નાથ પ્રભુ ત્રિકાળી આત્મા છે તેમાં અંતઃપુરુષાર્થ કરવામાં આવતાં કર્મ પુરુષાર્થથી ખરી જાય તેને અવિપાક નિર્જરા કહે છે; તેને પણ જ્ઞાની પુરુષ બસ જાણે છે, કરે છે એમ નહિ, સમજાણું કાંઈ....?

સકામ-અકામરૂપ બે પ્રકારની નિર્જરાને પણ જ્ઞાની જાણે છે. અહો! ધર્મી જીવ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવે પરિણમે છે. તેને રોજ દસ વાગે ભોજન લેવાનો ટાઈમ હોય પણ પ્રસંગવશ કોઈ વાર મોડું થાય ને બપોરે બે-ત્રણ વાગે ભોજન લેવાનું બને તો ત્યાં તે આકુળ-વ્યાકુળ થતો નથી પણ સમભાવથી સહન કરે છે. ત્યારે જે નિર્જરા થાય છે તે અકામ નિર્જરા છે. અજ્ઞાનીને પણ અકામ નિર્જરા થતી હોય છે પણ તે સમભાવપૂર્વક હોતી નથી. અહીં કહે છે—જ્ઞાની તેને જે અકામ નિર્જરા થાય છે તેને જાણે છે, કરે છે એમ નહિ.

વળી સમકિતીને પુરુષાર્થપૂર્વક તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય છે તે સકામ નિર્જરા છે. તેના પણ જ્ઞાની જ્ઞાતા છે, કર્તા નથી. અહા! રાગ થાય તેનેય જ્ઞાની જાણે, કરે નહિ; અને રાગ ટળે તેનેય જ્ઞાની જાણે પણ કરે નહિ. અહા! જ્ઞાતાસ્વભાવે પરિણમેલા જ્ઞાની-ધર્મી જીવની અંતર દશા અદ્‌ભુત અલૌકિક હોય છે.

લોકો તો બહાર દાનાદિમાં પૈસા ખરચે અને વ્રતાદિમાં રાગની મંદતાએ પરિણમે એટલે ધર્મ થવાનું માને છે. પણ ભાઈ! ધર્મનું એવું સ્વરૂપ નથી. ધર્મ તો અંતરની ચીજ છે અને તે શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. હવે આવું કઠણ પડે તોય બાપુ! સત્ય તો આ જ છે.

જેમ ભગવાન કેવળીનો આત્મા એક જ્ઞાનમાત્ર ભાવમાં તન્મય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમ ધર્મી સમકિતી પણ એક જ્ઞાનમાત્રભાવમાં તન્મય વર્તે છે. અહાહા...! જુઓ તો ખરા! ભગવાનનું એ સમોસરણ, એ બારસભા, એ દિવ્યધ્વનિ! ઓહોહોહો...! એકલા પુણ્યના ઢગલા!! પણ બાપુ! ભગવાન એના કાંઈ કર્તા નથી. ભગવાન એમાં ક્યાંય પ્રવેશ્યા-સ્પર્શ્યા નથી. 'ભગવાનની વાણી'-એ તો એમ ઉપચારથી કહેવાય છે, વાણીના કાળમાં ભગવાન કેવળીનું જ્ઞાન નિમિત્ત છે બસ એટલું જ્ઞાન કરાવવા ઉપચારથી 'ભગવાનની વાણી'-એમ કહેવાય છે. બાકી વાણી આદિના કર્તા-ભોક્તા ભગવાન નથી. અહા! આવા જ્ઞાનસ્વરૂપે ભગવાનને જે ઓળખે તે જ ભગવાનને યથાર્થ ઓળખે છે.

તીર્થંકરોને વાણીનો અદ્ભુત દિવ્ય યોગ હોય છે-એ ખરું, બીજાને તેવી વાણી હોય નહિ; છતાં તે વાણી જડ વર્ગણાઓનું પરિણમન છે, ભગવાનનું તે કાર્ય નથી. વાણી કાર્ય અને ક્ષાયિકજ્ઞાન તેનું કર્તા-એમ છે નહિ. વળી ગણધરદેવને, તે વાણીના કાળમાં જે બાર અંગરૂપ ભાવશ્રુતજ્ઞાન ખીલ્યું ત્યાં વાણી કર્તા ને ગણધરનું જ્ઞાન તેનું કાર્ય-એમ પણ છે નહિ. અહાહા...! શું જ્ઞાનનો નિરાલંબી સ્વભાવ! જ્ઞાન વાણીને ઉપજાવે નહિ અને વાણીથી જ્ઞાન ઉપજે નહિ. ભલે દિવ્યધ્વનિ થવામાં ભગવાન કેવળીનું કેવળજ્ઞાન જ નિમિત્તરૂપ હોય, અજ્ઞાનીનું જ્ઞાન નિમિત્ત ન હોય, તોપણ તેથી કાંઈ જ્ઞાનને અને વાણીને કર્તાકર્મપણું છે એમ છે નહિ. બન્નેય તત્ત્વો જુદાં જુદાં જ છે. લ્યો, આવી વાત છે.

જો એમ છે કે આત્મા બોલતો નથી તો લ્યો, હવે અમે નહિ બોલીએ; મૌન જ રહીશું.

અરે ભાઈ! પહેલાં પણ તું ક્યાં બોલતો હતો તે હવે બોલવાની ના પાડે છે? હું વાણી નહિ બોલું અર્થાત્ ભાષાને નહિ પરિણમાવું-એમ માને એને પણ જડની કર્તાબુદ્ધિ ઊભી જ છે. બાપુ! જેમ ભાષા બોલાય એ જડની ક્રિયા છે તેમ ભાષા બોલાતી અટકે એ પણ જડની જ ક્રિયા છે. જ્ઞાની તો એમાંથી એકેયનો કર્તા નથી. સમજાણું કાંઇ...?

અહાહા...! જ્ઞાની કહે છે કે-અમે વાણીમાં કે વિકલ્પમાં ઊભા નથી, અમે તો અમારા જ્ઞાનમાત્ર ભાવમાં જ છીએ. વાણીના કે વિકલ્પના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્તાપણે અમને જોશો મા,–જોશો તો તમારું જ્ઞાન મિથ્યા થશે. અહો! ભગવાન કેવળીની જેમ શુદ્ધજ્ઞાનપરિણત ધર્મી પુરુષ શરીરને–મનને–વાણીને, કર્મના બંધ–મોક્ષને કર્મોદયને અને નિર્જરાને કરતો નથી;–તો શું કરે છે? માત્ર જાણે જ છે અર્થાત્ શુદ્ધજ્ઞાનપણે જ રહે છે. આ 'જાણે જ છે' –એવો જે ભાવ છે તે મોક્ષમાર્ગ છે. અહા! વસ્તુસ્થિતિ જેમ છે તેમ જાણવાપણે રહેનારો હું તો એક જ્ઞાયકભાવમાત્ર આત્મા છું–એમ પોતાને જાણવો–અનુભવવો તે મોક્ષમાર્ગ છે. અહા!—

આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન,
સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.

જુઓ, અહીં પહેલા પેરેગ્રાફમાં ત્રણ વાત આવી :

૧. શુદ્ધજ્ઞાનસ્વરૂપ જે આત્મા છે તેનું શુદ્ધ જ્ઞાન પુણ્ય-પાપ આદિ ભાવને કરતું નથી અને વેદતું નથી.

૨. આમાં શુદ્ધજ્ઞાનપરિણત જીવદ્રવ્ય લીધું છે. પરથી અને રાગથી ભિન્ન શુદ્ધજ્ઞાનઘન પ્રભુ આત્માનું જેને નિર્મળ શ્રદ્ધાન થયું છે તે શુદ્ધજ્ઞાન પરિણત જીવ છે અને તે રાગનો કર્તા કે ભોક્તા નથી. છદ્મસ્થ છે એટલે તેને રાગ આવે પણ તેનો તે અકારક અને અવેદક જ છે.

૩. ક્ષાયિકજ્ઞાન–કેવળજ્ઞાન જેમને પ્રગટ થયું છે એવા જે કેવળી પરમાત્મા છે તે રાગરહિત પૂરણ વીતરાગ છે, તેથી તેઓ પણ કર્મોના અકારક અને અવેદક છે. તેમને બહારમાં શરીરની દશા નગ્ન હોય છે અને આહાર-પાણી હોતાં નથી. અહા! આવા કેવળી ભગવાન રાગને કરતા નથી તેમ જ વેદતાય નથી.

આમ ત્રણ વાત કર્યા પછી ફરીથી સાધક જીવની વાત કરે છે. શું? કે શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે? કે જાણે છે. કોને? બંધ-મોક્ષને; માત્ર બંધ-મોક્ષને નહિ, શુભ–અશુભ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપે ને સકામ–અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે. અહાહા...! ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ છે તે રાગરૂપી ભાવબંધને જાણે અને રાગનો અભાવ થાય, મોક્ષ થાય તેને પણ જાણે છે. શુભાશુભ કર્મોદયને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને પ્રતિસમય થવાવાળી સવિપાક–અવિપાકરૂપ ને સકામ–અકામરૂપ નિર્જરાને પણ તે જાણે જ છે. તે એના કરવાપણે કે વેદવાપણે રહેતો નથી પણ માત્ર જ્ઞાતાપણે જ રહે છે. આવી બધી અલૌકિક વાતો છે.

જેમ આંખ પદાર્થોને માત્ર દેખે છે, તેને પોતામાં ગ્રહતી નથી તેમ આત્માની આંખ અર્થાત્ શુદ્ધજ્ઞાનપરિણતિ પણ રાગ-દ્વેષને, પુણ્ય-પાપને કરતી–ભોગવતી નથી, તેને ગ્રહતી નથી, તેનાથી જુદી જ વર્તે છે. જો અગ્નિને કરવા–ભોગવવા જાય તો આંખ અગ્નિરૂપ થઈ જાય અર્થાત્ બળી જાય; તેમ જ્ઞાનચક્ષુ જો રાગાદિને કરવા–ભોગવવા જાય તો તે રાગાદિરૂપ થઈ જાય અર્થાત્ એની શાંતિ બળી જાય. પણ નિર્મળ જ્ઞાનપરિણતિ રાગાદિ ભાવોને સ્પર્શતી જ નથી, તેને કરતી કે વેદતી જ નથી. જ્ઞાન-પરિણતિનો આવો સહજ સ્વભાવ જ છે શુદ્ધ જ્ઞાનપરિણત આત્મા શુદ્ધ ઉપાદાનપણે જ્ઞાનને કરે છે, પણ રાગાદિને કે કર્મોને કરતો નથી, ભોગવતો નથી. તેને માત્ર જાણે જ છે.

ભાઈ! કેવળીને તો રાગ થતો જ નથી એટલે તે તેને ન કરે, પણ સાધકને તો રાગ હોય છે એટલે તે તેનો કર્તા થતો હશે – એમ શંકા ન કરવી; સાધકનું જ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનની જેમ જ પરથી–રાગથી જુદું વર્તે છે; રાગ તેને પરજ્ઞેયપણે જ છે, જ્ઞાન તેમાં તન્મય થતું નથી. અહા! કેવળીનું જ્ઞાન (કેવળજ્ઞાન) હો કે સાધકનું જ્ઞાન (ભાવશ્રુત-જ્ઞાન) હો, જ્ઞાનનો સ્વભાવ જ આવો છે કે તેમાં રાગ સમાય નહિ; એ તો રાગથી ભિન્ન સદા જ્ઞાયક જ છે. લ્યો, આવી વાત! સમજાણું કાંઈ....?

હવે ભગવાન આત્મા કેવો છે, એનું ત્રિકાળી સ્વરૂપ કેવું છે તે બતાવે છે. અહાહા....! સમ્યગ્દર્શનનો વિષય (લક્ષ્ય), સમ્યગ્દર્શનનું ધ્યેય પરમાત્મસ્વરૂપ એવો ત્રિકાળી આત્મા કેવો છે તે હવે કહે છે:

‘સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યા-ર્થિકનયે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે–એમ સમુદાય-પાતનિકામાં કહેવામાં આવ્યું હતું.’

જુઓ, આ સમયસારની ગાથા ૩૨૦ ઉપર શ્રી જયસેનાચાર્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટીકા વંચાય છે. આચાર્ય શ્રી જયસેનસ્વામીએ ૩૦૮ થી ૩૨૦ સુધીની ગાથાઓને મોક્ષાધિકારની ચૂલિકા તરીકે વર્ણવી છે. તેની શરૂઆતના ઉપોદ્‌ઘાતમાં–સમુદાય–પાતનિકામાં એમ કહ્યું' તું કે–' સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધ–ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે.'

શું કહ્યું આ? અહાહા...! આ આત્માના સહજ એક શુદ્ધ સ્વભાવની વાત છે. 'સર્વવિશુદ્ધ–પારિણામિક'–એટલે આત્માનો સહજ–અકૃત્રિમ એક શુદ્ધ સ્વભાવ જે સમ્યગ્દર્શનનો વિષય છે. 'પરમભાવ-ગ્રાહક' એટલે કે જે ત્રિકાળી એક જ્ઞાયક સ્વભાવ તેને ગ્રહનાર અર્થાત્ જાણનાર જે શુદ્ધદ્રવ્યાર્થિકનય છે તે નયે, કહે છે, જીવ કર્મના કર્તૃત્વ-ભોક્તૃત્વથી ને બંધ–મોક્ષના કારણ ને પરિણામથી રહિત છે. ગજબ વાત છે ભાઈ! અંદર ભગવાન પૂરણ જ્ઞાનાનંદસ્વભાવ છે, સર્વ વિશુદ્ધ છે. અહીં કહે છે–તે કર્તૃત્વ-ભોક્તૃત્વથી ને બંધ-મોક્ષના કારણ ને પરિણામથી રહિત છે. પરમાત્મ પ્રકાશમાં (દોહા ૧૯૧ની ટીકામાં) પરમાનંદસ્તોત્રનો શ્લોક આવે છે ને કે—

"आनंदं ब्रह्मणो रूपम् निजदेहे व्यवस्थितम् ।
ध्यानहीना न पश्यन्ति जात्यंधा इव भास्करम् ।।"

અહાહા....! દેહમાં–શરીરમાં ભિન્નપણે વિરાજમાન બ્રહ્મ નામ પરમ-સ્વભાવવાન ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરૂપ છે. પરંતુ અંતદષ્ટિ-સહિત જે ધ્યાન તે ધ્યાન વિનાના પ્રાણી આનંદકંદ પ્રભુ આત્માને જોઈ શકતા નથી, કોની જેમ? તો કહે છે–જે જન્મથી અંધ છે તે સૂર્યને જોઈ શકતો નથી તેમ. અહા! આત્મા અંદરમાં અતીન્દ્રિય આનંદ-રૂપ—પરમસ્વભાવભાવરૂપ છે તેને અનાદિથી મિથ્યાદષ્ટિ જોઈ શકતો નથી.

અહીં પણ કહે છે કે–પરભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધ-દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વથી અને બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે. આ પરમસ્વભાવભાવ જે એક આનંદરૂપ, જ્ઞાયકરૂપ, ધ્રુવ સ્વભાવભાવરૂપ શુદ્ધ–ઉપાદાનભૂત છે તે ત્રિકાળીની અહીં વાત છે. પર્યાયમાં જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગી દશા પ્રગટે છે તેને પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ક્ષણિક) શુદ્ધ-ઉપાદાન કહેવાય છે. અહીં ત્રિકાળી દ્રવ્યને શુદ્ધ-ઉપાદાન તરીકે લેવું છે.

અહાહા...! જયસેનાચાર્ય મહા મુનિવર દિગંબર સંતની આ ટીકા છે. તેઓ વનવાસી મુનિ હતા. મુખ્યપણે નિજાનંદરસમાં લીન રહેતા હતા. તેમની આ ટીકા છે. તેમાં શું કહે છે? કે પરમપારિણામિક પરમભાવરૂપ એવો જે શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે તેને ગ્રહણ કરનાર અર્થાત્ જાણનાર શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી શૂન્ય છે. અહીં શુદ્ધદ્રવ્યાર્થિકનયે કહ્યું ને? મતલબ કે શુદ્ધ ઉપાદાન તો ત્રિકાળ છે પણ તેના લક્ષે જે વર્તમાનદશા પ્રગટે છે તે પણ કર્તા-ભોક્તાપણાથી શૂન્ય છે. અહાહા...! જે ત્રિકાળને પકડે એવી જે આનંદની દશા તે-રૂપે જે પરિણત છે તે જીવ પણ શુભાશુભ રાગના અને પરપદાર્થના કર્તા-ભોક્તાપણાથી શૂન્ય છે. હવે લોકોને બિચારાઓને આ સાંભળવા મળે નહિ એટલે કઠણ પડે; પણ ભાઈ! આ પરમ સત્ય વાત છે.

દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ કરતાં કરતાં નિશ્ચય સમકિત અને નિશ્ચય ચારિત્ર પ્રગટશે એમ જેઓ માને છે તેમને શુદ્ધ અંતઃતત્ત્વની ખબર નથી. કેટલાક તો આ શુદ્ધ અંતઃતત્ત્વની વાત એકાંત છે એમ માની ઉડાવી દે છે. પણ અરે પ્રભુ! આવા ભાવથી તને સંસારનું પરિભ્રમણ થશે. ભાઈ! આ તો તારા હિતની વાત છે. એની ઉપેક્ષા કરવાથી તને ભારે નુકશાન છે. અરેરે! સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન કેવળી અહીં રહ્યા નહિ, ત્રણ જ્ઞાન અને ચાર જ્ઞાનની દશાવાળા પણ રહ્યા નહિ! અહા! આ સત્યનો હકાર કોની પાસે કરાવવો? તું માને, ન માને; પણ માર્ગ તો આ જ છે ભાઈ!

અહાહા....! શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પરમભાવ-સ્વરૂપ છે. તે વર્તમાન નિર્મળ નિર્વિકાર વીતરાગી જ્ઞાનપર્યાયથી જણાવા યોગ્ય છે. અહાહા...! આવો આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો, અનુભવમાં આવ્યો તે, કહે છે, વ્યવહારના રાગનો કર્તા નથી, ભોક્તાય નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે. રાગની વૃત્તિ ઊઠે તેનો કર્તા-ભોક્તા તો નથી પણ બંધ-મોક્ષનાં કારણ અને પરિણામથીય આત્મા શૂન્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા...! ભગવાન! તું કોણ છો ? કે પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદસ્વરૂપ પરમભાવસ્વરૂપ પરમાત્મા છો. અહાહા...! ત્રિકાળી ચૈતન્યનું બિંબ એકલું ચૈતન્યનું દળ છો ને પ્રભુ! તું! અહાહા...! તેને જાણનાર શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનય વડે જોતાં કહે છે, તે બંધ અને બંધના કારણથી તથા મોક્ષ અને મોક્ષના કારણથી રહિત છે. અહાહા....! સમ્યગ્દર્શનનું ધ્યેય જે ત્રિકાળી શુદ્ધ આત્મા તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામથી રહિત છે. ઝીણી વાત છે પ્રભુ! બંધના કારણથી તો રહિત પણ મોક્ષના કારણથીય ભગવાન આત્મા રહિત છે. આવી વાત!

ભાઈ! આ તો મૂળ મુદ્દાની રકમની વાત છે. ત્રિકાળી ધ્યેયસ્વરૂપ પૂરણ શુદ્ધ ચિન્માત્ર વસ્તુ ભગવાન આત્મા બંધ-પરિણામ અને બંધનાં કારણ જે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તેને કરતો નથી. વળી તે મોક્ષના પરિણામ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ–તેને કરતો નથી તથા મોક્ષનું કારણ જે નિર્મળ રત્નત્રય–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર–તેને કરતો નથી. કેમ ? કેમકે ભગવાન આત્મા ત્રિકાળી એકરૂપ ધ્રુવ વસ્તુ છે અને બંધ-મોક્ષ આદિ એક સમયની પર્યાય–અવસ્થા છે, ભાઈ! આવો માર્ગ છે; સર્વજ્ઞથી સિદ્ધ થયેલો હોં. આ કહ્યું ને કે–શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા બંધ-મોક્ષનાં કારણ અને બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય છે. ભાઈ! મોક્ષ છે તે પરિણામ છે, પર્યાય છે; તેને એકરૂપ ધ્રુવદ્રવ્ય કાંઈ કરે નહિ. સમજાણું કાંઈ...?

ભાઈ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માને સર્વજ્ઞદશા પ્રગટી હોય છે, તેમાં ભગવાનને ત્રણકાળ-ત્રણલોક જણાય છે. ભગવાનને તેની ઇચ્છા ન હોય હોં. તેમને બારમે ગુણસ્થાને પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય છે અને ત્યાર પછી તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન પ્રગટે છે. અહા! આવી જે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી તેને, અહીં કહે છે, ધ્રુવદ્રવ્ય જે છે તે કરતું નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય છે, તે બંધ–મોક્ષના પરિણામ અને બંધ–મોક્ષના કારણોને કરતું નથી.

હવે આવી વાત બીજે ક્યાં છે? એક દિગંબરમાં છે. પણ તેમાંય (દિગંબર સંપ્રદાયમાંય) અત્યારે આ વાત આ રીતે ચાલતી નથી; ઘણો

અ. ૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફેરફાર છે. અહા ! સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શનની જે દશા થઈ તેનો વિષય જે ધ્રુવ દશાવાન તેમાં, કહે છે, પલટતી બંધ–મોક્ષની દશાઓનો અભાવ છે. બંધ–મોક્ષના પરિણામ તો ઉત્પાદ–વ્યયરૂપ પલટતા પરિણામ છે. તેનો ધ્રુવમાં અભાવ છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' – એમ આવે છે ને? તેમાં ધ્રુવ જે ત્રિકાળી સત્ છે તેમાં ઉત્પાદ–વ્યયનો અભાવ છે અર્થાત્ ધ્રુવ ઉત્પાદ–વ્યયને (પલટતી પર્યાયને) કરતું નથી એમ કહે છે. બાપુ! ભગવાનના મારગડા જુદા છે ભાઈ!

મોક્ષમહલકી પરથમ સીઢી...અહાહા...! આવું સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે; અને મુનિપણાની તો શી વાત! ત્રણ કષાયના અભાવ સહિત જેને અંતરમાં પ્રચુર આનંદનો સ્વાદ અનુભવ છે અને બહારમાં જેને વસ્ત્રનો એક ધાગોય નથી, જંગલમાં જેનો વાસ હોય છે. અહા! એ દિગંબર સંતોની શી વાત કરવી? છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા એ મોક્ષમાર્ગી મુનિવરોની દશા મહા અલૌકિક હોય છે. બાપુ! મુનિ એ તો સાક્ષાત્ ધર્મ–મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. અહીં કહે છે–એ મોક્ષમાર્ગની દશાને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કરતું નથી. લ્યો, આવી કોઈ ભાગ્યશાળી હોય એને રુચે એવી વાત છે. (ભગવાન! તું રુચિ તો કર એમ કહેવું છે.)

આત્મા એક જ્ઞાયકભાવરૂપ શુદ્ધ દ્રવ્યાર્થિકનયે શુદ્ધ પારિણામિક પરમસ્વભાવભાવરૂપ છે. આવા પરમસ્વભાવભાવની ભાવનાથી મોક્ષમાર્ગ પ્રગટે છે. આ ભાવનારૂપ મોક્ષમાર્ગ તે પર્યાય છે. બંધ–મોક્ષની પલટના તે પર્યાયમાં થાય છે, દ્રવ્યમાં નહિ. ધ્રુવ દ્રવ્ય છે તે બંધ–મોક્ષની પર્યાયરૂપ થતું નથી. પર્યાયનો કર્તા પર્યાયધર્મ છે. પર્યાય છે ખરી, પણ તે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યરૂપ નથી. દ્રવ્યદૃષ્ટિનો તે વિષય નથી. અર્થાત્, દ્રવ્યને દેખનારી દૃષ્ટિમાં પર્યાય ગૌણ છે. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયે જીવદ્રવ્ય બંધ-મોક્ષના કારણ ને પરિણામથી રહિત છે.

બંધ ને મોક્ષનાં કારણ તે બંને પર્યાયરૂપ છે. જીવના અશુદ્ધ પરિણામ તે બંધનું કારણ છે અને શુદ્ધ પરિણામ તે મોક્ષનું કારણ છે. આ પરિણામ તે પર્યાયરૂપ છે. ત્યાં પરદ્રવ્ય તો બંધ–મોક્ષનું કારણ નથી, શુદ્ધ દ્રવ્યરૂપ પારિણામિક પરમભાવ પણ બંધ–મોક્ષનું કારણ નથી, જો તે પોતે (ધ્રુવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યભાવ) બંધનું કારણ હોય તો ત્રિકાળ બંધ જ થયા કરે; જો તે મોક્ષનું કારણ હોય તો ત્રિકાળ મોક્ષ હોય. અથવા પારિણામિક ભાવ પોતે સર્વથા પર્યાયરૂપ થઈ જાય તો પર્યાયની સાથે તે પણ નાશ પામી જાય. આમ આ ન્યાયથી સિદ્ધ થયું કે બંધ–મોક્ષના પરિણામ અને તેનાં કારણ પર્યાયમાં છે પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય શુદ્ધ એક પરમભાવસ્વરૂપ વસ્તુ એનાથી શુન્ય છે. ત્રિકાળીમાં–ધ્રુવમાં બંધ–મોક્ષ નથી. આવી વાત! અહો! આ તો ચમત્કારી ગાથા અને ચમત્કારી ટીકા છે.

એક વાર એક ભાઈ એમ કહેતા હતા કે–તમે જે અરિહંતનું અને સિદ્ધનું ધ્યાન ધરો છો તે જૂઠું છે કેમકે અરિહંત અને સિદ્ધ અહીં છે નહિ.

અરે ભાઈ! તું સાંભળ તો ખરો પ્રભુ! જે અર્હંતદશા અને સિદ્ધદશા પ્રગટ થવાની છે તે અંદરમાં શક્તિપણે પડી છે. તેનું જે ધ્યાન કરે છે તે અર્હંતનું અને સિદ્ધનું ધ્યાન કરે છે. શું કીધું? કેવળીને જે કેવળજ્ઞાન આદિ અનંતચતુષ્ટય પ્રગટ થયાં તે અંદર શક્તિમાં છે. તેથી તો કહ્યું કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' બાપુ! ભગવાન આત્મા, જેને પૂરણ નિર્મળ વીતરાગી દશા પ્રગટ થાય એવો અંદર વીતરાગી અનંત શક્તિનો–સ્વભાવનો પિંડ છે. ભાઈ! આ પરમ સત્યની પ્રસિદ્ધિ છે. અહા! ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે નિર્મળ વીતરાગી પરિણતિ પ્રગટ થાય છે તે અપેક્ષાએ (આશ્રય અપેક્ષાએ) તેને મોક્ષ અને મોક્ષમાર્ગનું કારણ ભલે કહો, પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયે તેમાં બંધ–મોક્ષ નથી અર્થાત્ શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય બંધ–મોક્ષનું કર્તા નથી, ઝીણી વાત ભાઈ!

ત્યારે કોઈ પંડિત વળી એમ કહે છે કે–પરિણામ અશુદ્ધ હોય ત્યાં દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું.

અરે પ્રભુ! તું શું કહે છે આ? આ કાળના સાધારણ બુદ્ધિવાળા જીવોને કાંઈ ખબર ન પડે એટલે 'હા જી હા' ભણે, પણ બાપુ! આત્માની એક સમયની પર્યાયમાં બંધના અશુદ્ધભાવ છે માટે દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું એમ છે નહિ. પર્યાયની અશુદ્ધતાના કાળમાં પણ અંદર ત્રિકાળી દ્રવ્ય તો એવું ને એવું શુદ્ધ ચૈતન્યનું દળ છે. તેમાં અશુદ્ધતા નામ બંધની પર્યાયનું પ્રવેશવું તો નથી, તેમાં શુદ્ધતારૂપ મોક્ષની પર્યાયનો પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવેશ નથી. અહાહા...! ત્રિકાળી શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તો બંધ–મોક્ષના કારણ અને પરિણામથી રહિત છે. હવે આવી વાત કોઈને એકાંત લાગે પણ ભાઈ! આ સમ્યક્ એકાન્ત છે. આ તો મહામુનિવર દિગંબર સંત શ્રી જયસેનાચાર્યદેવનું કથન છે. અહાહા...! અંતરમાં જેમને રાગરહિત વીતરાગ દશા હતી અને બહારમાં જેમને વસ્ત્રરહિત નગ્ન દશા હતી ને જેમને અતીન્દ્રિય આનંદનું પ્રચુર સંવેદન હતું તે મુનિરાજ આ કહે છે કે–અમારી આ જે મુનિપણાની–મોક્ષમાર્ગની દશા છે તેને ધ્રુવ કરતું નથી, તે ધ્રુવમાં નથી.

અહા! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ પૂર્ણ એક શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. અહાહા....! તે અનંત શક્તિઓનો એક પિંડ છે. તેની એક એક શક્તિ પૂરણ શુદ્ધ છે. જે શક્તિ શુદ્ધ છે તે અશુદ્ધતાને કેમ કરે? ન કરે; અશુદ્ધતાને તો ન કરે, શુદ્ધતાના ઉત્પાદનેય એ ન કરે એમ કહે છે; કેમકે ઉત્પાદરૂપ પર્યાયને દ્રવ્ય સ્પર્શતું સુદ્ધાં નથી.

જુઓ, સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં અવ્યક્તના છ બોલ છે, તેના પાંચમા બોલમાં આવે છે કે—"વ્યક્તપણું તથા અવ્યક્તપણુ ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે." વ્યક્ત જે પર્યાય તે અવ્યક્ત દ્રવ્યને સ્પર્શતી નથી અને અવ્યક્ત દ્રવ્ય છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શતું નથી. શું કીધું? વ્યક્ત એટલે પ્રગટ પર્યાય અને અવ્યક્ત એટલે ધ્રુવ દ્રવ્ય–બંનેને એક સાથે જાણવા છતાં તે વ્યક્તને સ્પર્શતું નથી. દ્રવ્ય ધ્રુવ છે તે મોક્ષમાર્ગની પર્યાયને અડતું નથી. લ્યો, આવી વાત!

પ્રવચનસારની ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના વીસ બોલ છે, તેમાં છેલ્લા બોલમાં કહ્યું છે કે–" લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે." અહાહા...! આત્મા શુદ્ધ પર્યાય છે તે ધ્રુવને સ્પર્શતી નથી. પર્યાય અને દ્રવ્ય બે ચીજ છે તે બંને અસ્તિરૂપ છે. વાચકના વાચ્ય બે છે તે બેપણે રહેવાં જોઈએ, ત્યાં એ (ધ્રુવ) આને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પર્યાયને) કેમ કરે? અને આ (પર્યાય) એને (ધ્રુવને) કેમ કરે? બંને પોતપોતામાં સત્ છે ને પ્રભુ! ભાઈ! આ સમજીને અંદરમાં (શુદ્ધ અંતઃતત્ત્વમાં) રુચિ કરવા જેવું છે. બાકી અંતરની રુચિ-સમ્યગ્દર્શન વિના વ્રત, તપ આદિ બહારનાં આચરણ કરે પણ એ તો બધાં એકડા વિનાનાં મીંડાં છે. સમજાણું કાંઈ...?

અહા! જે ધ્રુવ છે એ તો સદા એકરૂપ સદૃશ છે અને ઉત્પાદ–વ્યય વિસદૃશ છે. શું કીધું? ધ્રુવ એક પરમભાવ-જ્ઞાયકભાવ ત્રિકાળી એકરૂપ સદૃશ ચીજ છે ને ઉત્પાદ–વ્યય તો ભાવ–અભાવરૂપ વિસદૃશ છે. હવે જે સદૃશ છે તે વિસદૃશને કેમ કરે? જે સ્પર્શતો નથી તે સદૃશ ત્રિકાળી ધ્રુવ વિસદૃશ પર્યાયને કેવી રીતે કરે? “પરિણામ પરિણામમાં રહી ગયા, હું તો ભિન્ન વસ્તુ છું” એમ સોગાનીજીએ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં કહ્યું છે ને? લ્યો, એ આ વાત છે. મારગડા તારા જુદા છે પ્રભુ! તારે ધર્મ કરવો છે ને? તો કહે છે–ધર્મની પર્યાયને પર તો ના કરે, પણ તારું ધ્રુવેય ના કરે. અહાહા...! રાગ તો ધર્મ પર્યાયને ના કરે, શુભરાગ કર્તા ને ધર્મની–મોક્ષમાર્ગની પર્યાય તેનું કાર્ય એમ તો છે નહિ, પણ ધ્રુવ દ્રવ્ય કર્તા અને પર્યાય એનું કાર્ય એમેય નથી. અહો! પર્યાય–પર્યાય સ્વતંત્ર સત્ છે. આમાં તો ગજબની વાત છે ભાઈ!

આ બધા પૈસાવાળા ધૂળમાં (–પૈસામાં) ગુંચવાઈ ગયા છે તેમને હવે આ કે દિ’ સાંભળવા મળે? બિચારાને નવરાશ મળે ત્યારે ને? અહીં કહે છે–સાંભળને પ્રભુ! આ તારું ચૈતન્યદળ છે એમાં સંખ્યાએ અનંતી શક્તિઓ છે. એવી અનંત શક્તિનું એકરૂપ તે દ્રવ્ય છે. તેને જાણનારો શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. તો શુદ્ધદ્રવ્યાર્થિકનયે, કહે છે, ધ્રુવ દ્રવ્ય છે તે મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાયને કરતું નથી. ગજબની વાત કરી છે, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની સમુદાયપાતનિકામાં આ વાત પહેલાં કહેવાઈ ગઈ છે.

હવે કહે છે–‘પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા “શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાનનું માહાત્મ્ય છે" એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું.'

ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ છે, તેને રાગનો બંધ થાય તે અજ્ઞાનનું માહાત્મ્ય છે. શું કીધું? પોતાના સ્વરૂપનું ભાન નથી એવું જે અજ્ઞાન તે બંધનું કારણ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ સદા અબંધસ્વરૂપ છે, તે રાગને સ્પર્શતો નથી. તથાપિ પ્રકૃતિ સાથે તેને જે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે.

ભાઈ! તારી પર્યાયમાં તારી ભૂલથી તને બંધન છે. ભૂલ શું? કે પોતે પોતાને જાણ્યો નહિ, પોતાના સ્વસ્વરૂપને જાણ્યું નહિ તે ભૂલ છે અને તેથી બંધન છે. બંધન છે ત્યારે તો એનાથી છૂટવારૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીએ છીએ. જો બંધન હોય જ નહિ તો 'મોક્ષ કાજે શુદ્ધાત્માને ધ્યાઓ' એમ ઉપદેશ કેમ દઈએ? પર્યાયમાં બંધન છે, અને એનાથી છૂટવાનો ઉપાય પણ છે. — પણ તેટલો જ આખો આત્મા નથી. તે પર્યાયો વખતે જ આખો પરમભાવસ્વરૂપ પરમ પવિત્રતાનો પિંડ પ્રભુ આત્મા અનંતશક્તિઓથી પરિપૂર્ણ અંદર વિરાજી રહ્યો છે, — જેનું લક્ષ કરતાં બંધન ટળે છે ને મોક્ષ પ્રગટે છે. અહા! આવો પવિત્રસ્વરૂપ પ્રભુ આત્મા છે, એનું જ્ઞાન નથી એવા અજ્ઞાનનો એ મહિમા છે કે એને પર્યાયમાં બંધ છે.

અરે! લોકો તો બાહ્ય ક્રિયામાં ધર્મ માને છે. દયા પાળવી, સામાયિક કરવી, પોસા કરવા, ચોવિહાર કરવા, કંદમૂળ ન ખાવાં ઈત્યાદિ મંદરાગની ક્રિયામાં ધર્મ માને છે. પણ ભાઈ! એમાં ધૂળેય ધર્મ નથી. ક્રિયાનો રાગ છે એ તો ક્લેશ છે, દુઃખ છે અને તેને ધર્મ જાણવો એ સ્વ-સ્વરૂપનું અજ્ઞાન છે. અહા! શુદ્ધને જડકર્મની પ્રકૃતિ સાથે જે બંધ છે તે આ અજ્ઞાનનું માહાત્મ્ય છે. અહા! મારગ તો એક વીતરાગભાવસ્વરૂપ છે ને દુનિયા ક્યાંય (-રાગમાં) માની બેઠી છે એ અજ્ઞાનનું માહાત્મ્ય છે. એમ (ચાર ગાથાઓમાં) અજ્ઞાનનું સામાર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું.

હવે કહે છે— 'ત્યારપછી ચાર ગાથા દ્વારા જીવનું અભોક્તૃત્વગુણના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું.'

પહેલાં અકર્તૃત્વ કહેવામાં આવેલ, પછી અભોકતૃત્વગુણની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું.

'ત્યારપછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ-ભોકતૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષનાં કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો.

આ રીતે સમયસારની શુદ્ધાત્માનુભૂતિલક્ષણ "તાત્પર્યવૃત્તિ" નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.'

જુઓ, આ ટીકાનું નામ શુદ્ધાત્માનુભૂતિલક્ષણ તાત્પર્યવૃત્તિ છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની ટીકાનું નામ આત્મખ્યાતિ છે. શ્રી જયસેનાચાર્યદેવની અપેક્ષાએ મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ, અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, મોક્ષાધિકાર અહીં સમાપ્ત થયો. હવે—

વળી વિશેષ કહેવામાં આવે છે:

'ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે.'

જુઓ, પાંચ ભાવમાં ઉપશમાદિ ચાર ભાવો પર્યાયરૂપ છે. તેમાં (પ્રથમના) ત્રણ નિર્મળ પર્યાયરૂપ છે, ઔદયિક મલિન વિકારરૂપ છે; અને પારિણામિક ધ્રુવ દ્રવ્યસ્વરૂપ છે. તે આત્માનો અહેતુક અકૃત્રિમ સહજ સ્વભાવ છે.

**ઔપશમિક ભાવ:–** પાંચ ભાવોમાં એક ઔપશમિક ભાવ છે. તે નિર્મળ છે. જેમ પાણીમાં મેલ હોય તે મેલ નીચે ઠરી જાય અને ઉપર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણી નિર્મળ થઈ જાય તેમ કર્મનો ઉદય ઠરે અને અંદર પર્યાયમાં નિર્મળ ભાવ પ્રગટ થાય તેને **ઔપશમિક ભાવ** કહે છે. અનાદિ અજ્ઞાની જીવને સૌ પ્રથમ જ્યારે પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન કરે ત્યારે, ચોથે ગુણસ્થાને ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે. આ ઔપશમિક ભાવથી ધર્મની શરૂઆત થાય છે, પછી ચારિત્રમાં ઉપશમભાવ ઉપશમશ્રેણી વખતે મુનિને હોય છે. આ ઉપશમભાવ એ નિર્મળ ભાવ છે. તેમાં મોહનો વર્તમાન ઉદય નથી, તેમ જ તેનો સર્વથા ક્ષય પણ થઈ ગયો નથી. જેમ નીતરેલા સ્વચ્છ પાણીમાં નીચે કાદવ બેસી ગયો હોય તેમ સત્તામાં મોહકર્મ પડયું છે. જીવની આવી નિર્મળ પર્યાયને ઔપશમિક ભાવ કહે છે.

**ક્ષાયોપશમિક ભાવ :–** આ ભાવમાં કાંઈક વિકાસ ને કાંઈક આવરણ છે; જ્ઞાનાદિનો સામાન્ય ક્ષયોપશમ ભાવ તો બધા છદ્મસ્થ જીવોને અનાદિથી હોય છે, પણ અહીં મોક્ષના કારણરૂપ ક્ષયોપશમભાવ બતાવવો છે—એટલે સમ્યગ્દર્શનપૂર્વકનો ક્ષયોપશમભાવ અહીં સમજવો.

કર્મનો ઉદય છે તેનો ઉદયાભાવી ક્ષય અને અનુદય છે તે ઉપશમરૂપે અંદર સત્તામાં રહે તેના નિમિત્તે જે જીવનો ભાવ હોય તેને ક્ષયોપશમ-ભાવ કહેલ છે.

**ક્ષાયિક ભાવ:–** આત્માના ગુણની સંપૂર્ણ શુદ્ધ દશા પ્રગટે અને કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય–એવી દશા તે ક્ષાયિક ભાવ છે. દર્શન-મોહનીયનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યગ્દર્શન, જ્ઞાનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિક જ્ઞાન, દર્શનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિકદર્શન–એમ જે ભાવ પ્રગટ થાય તે ક્ષાયિક કહેવાય છે.

આ ત્રણે ભાવ નિર્મળ પર્યાયરૂપ છે; તે અનાદિના નથી હોતા, પણ આત્માના આશ્રયપૂર્વક નવા પ્રગટે છે, સાદિ છે અને તે ભાવો મોક્ષનું કારણ થાય છે એમ આગળ કહેશે.

**ઔદયિક ભાવ:–** જેમાં કર્મનો ઉદય નિમિત્ત હોય છે એવો જીવનો રાગાદિ વિકારી ભાવ તે ઔદયિક ભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ તથા હિંસા, જૂઠ, ચોરી, કુશીલ આદિના જે ભાવ થાય તે ઔદયિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ છે, એક અપેક્ષાએ તેને પારિણામિક કહ્યો છે. જીવ સ્વયં તે ભાવ કરે છે તે અપેક્ષાએ તેને પારિણામિક કહ્યો છે અને કર્મોદયના નિમિત્તના વશે થાય છે માટે તેને ઔદયિક ભાવ કહેવાય છે. હવે આવી વાત ઓઘે ઓઘે સાંભળે એને શું સમજાય? ભાઈ! દયા પાળો, દાન કરો, વ્રત પાળો એમ પ્રરૂપણા કરે પણ બાપુ! એ બધા રાગના ભાવ ઔદયિક ભાવ છે. તે બંધના કારણરૂપ છે, તે કોઈ ભાવો મોક્ષનું કારણ થતા નથી.

અનાદિથી બધા સંસારી જીવોને ઔદયિક ભાવ હોય છે. મોક્ષદશા થતાં તેનો સર્વથા અભાવ થાય છે.

**પારિણામિકભાવઃ–** આત્માનો ત્રિકાળી સહજ એકરૂપ શાશ્વત સ્વભાવ તે પારિણામિક ભાવ છે; તે ધ્રુવ દ્રવ્યરૂપ છે. તેને 'પરમભાવ' કહ્યો છે. અન્ય ચાર ભાવો ક્ષણિક છે તેથી તેમને 'પરમભાવ' ન કહ્યા.

અહાહા...! પારિણામિકરૂપ પરમસ્વભાવભાવ પ્રત્યેક જીવને સદાય વિદ્યમાન છે.

હવે આ પાંચ ભાવોમાં સર્વવિશુદ્ધ પરમ પારિણામિકભાવ જે શાશ્વત ધ્રુવ અચલ છે તે દ્રવ્યરૂપ–વસ્તુરૂપ છે અને અન્ય ચાર ભાવો પ્રગટ પર્યાયરૂપ છે. તેમાં ત્રણ નિર્મળરૂપ છે ને ઔદયિક મલિનરૂપ છે. એ પરસ્પર આપેક્ષ એવું દ્રવ્ય–પર્યાયદ્વય તે આત્મા–પદાર્થ છે. અર્થાત્ દ્રવ્ય–પર્યાય બંને થઈને આખો આત્મા–પદાર્થ છે. દ્રવ્ય તે નિશ્ચય, પર્યાય તે વ્યવહાર; બંને થઈને પ્રમાણવસ્તુ સત્.

દ્રવ્ય–પર્યાયરૂપ આખો પદાર્થ આત્મા તે પ્રમાણનો વિષય છે. તેમાં પરમ પારિણામિકસ્વભાવે જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે તે નિશ્ચયનો વિષય છે, અને વર્તમાન વર્તતી પર્યાય તે વ્યવહારનો વિષય છે. નિશ્ચય છે તે ત્રિકાળી દ્રવ્યને સ્વીકારે છે, અને વ્યવહારનય વર્તમાન વર્તતી પર્યાયને સ્વીકારે છે. ત્યાં નિશ્ચયનું જે જ્ઞાન કર્યું, તેની સાથે પર્યાયનું જ્ઞાન ભેળવે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. નિશ્ચયને રાખીને વ્યવહારને જાણે તે પ્રમાણજ્ઞાન છે; પણ નિશ્ચયને ઉડાડીને વ્યવહારને ભેળવે તો પ્રમાણજ્ઞાન રહે જ નહિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! તારી વસ્તુને–આત્માને જોવાના ત્રણ પ્રકાર:

—ત્રિકાળી ધ્રુવ દ્રવ્યરૂપ પરમભાવને દેખનારી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિકનય,

—વસ્તુને પર્યાયરૂપે દેખનારી દૃષ્ટિ તે પર્યાયાર્થિક નય, અને

—દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુને સમગ્રપણે દેખનારું તે પ્રમાણજ્ઞાન.

અધ્યાત્મદૃષ્ટિમાં શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચય છે, ને તેની શુદ્ધપર્યાય વડે મોક્ષમાર્ગને સાધવો તે વ્યવહાર છે. રાગાદિક તો પરમાર્થે અનાત્મા છે, કેમકે તે શુદ્ધ આત્મા નથી; અશુદ્ધ ભાવ છે તેથી શુદ્ધદૃષ્ટિમાં તે અનાત્મા છે. અભેદ આત્માની અનુભૂતિમાં તેનો અભાવ છે, અર્થાત્ શુદ્ધાત્માનુભૂતિથી તેઓ (રાગાદિ) બાહ્ય છે.

જુઓ, શુદ્ધ જીવ તે અંતઃતત્ત્વ છે, ને રાગાદિ બાહ્ય તત્ત્વ છે. અભેદ તત્ત્વની અનુભૂતિમાં નિર્મળપર્યાયના ભેદો પણ નથી તે અપેક્ષાએ તેમને પણ બાહ્ય તત્ત્વ કહ્યા છે. નિયમસાર ગાથા ૩૮ માં એક શુદ્ધ આત્માને જ અંતઃતત્ત્વ કહ્યું છે ને જીવાદિ તત્ત્વોને બાહ્ય તત્ત્વ કહ્યા છે. મતલબ કે જીવાદિતત્ત્વો સંબંધી જે ભેદવિકલ્પ છે તેના વડે શુદ્ધ આત્મા અનુભવમાં નથી આવતો માટે તેઓ બાહ્ય તત્ત્વ છે, હેય છે. ભાઈ! પર્યાયના ભેદો છે તે આદરણીય નથી, આશ્રય કરવાયોગ્ય નથી. એક માત્ર શુદ્ધ ત્રિકાળી એક જ્ઞાયકતત્ત્વમાં અભેદ થઈને અનુભવ કરવાયોગ્ય છે. અલબત્ત અનુભવ છે તે પર્યાય છે, પણ તે દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને તેનો આશ્રય કરે છે. આમ શાશ્વત શુદ્ધ જ્ઞાયક વસ્તુ ને તેની વર્તમાન અવસ્થા તે બંને પરસ્પર સાપેક્ષપણે આખો આત્મા–પદાર્થ છે. સમજાણું કાંઈ....?

ભાઈ! તારે દુઃખ મટાડીને સુખી થવું છે ને? તો દુઃખ કયા ભાવથી છે, ને સુખ કયા ભાવથી થાય–તેને તું જાણ. સુખ–દુઃખ તારા પોતાના ભાવોથી જ છે, બીજાને લીધે નથી. બાપુ! આવા વસ્તુના સ્વરૂપને જાણ્યા વિના અનંતકાળથી તું ૮૪ લાખ યોનિમાં અવતાર કરી કરીને રઝળે છે. ત્યાં એકલો તું તારા ભાવથી દુઃખી છે, કોઈ બીજાથી નહિ. પાપના ઉદયે એકેન્દ્રિયાદિમાં જાય ત્યાં તું એટલો દુઃખી છે, ને પુણ્યોદયે સ્વર્ગાદિમાં જાય તો ત્યાં તું એકલો કલ્પનાથી (વાસ્તવિક નહિ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખી છે; એમાં કોઈની સહાય-અપેક્ષા છે નહિ. તથા શુદ્ધ અંતઃતત્ત્વના આશ્રયે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પરિણત થતાં મોક્ષમાર્ગમાં પણ તું એકલો જ સુખી છે-હોઈશ; તેમાં પણ કોઈનો સાથ-સહાય કે અપેક્ષા છે નહિ.

અહીં કહે છે—ચાર ભાવો પર્યાયરૂપ છે; તેમાં ઔપશમિકાદિ ત્રણ ભાવો નિર્મળ છે, મોક્ષના કારણરૂપ છે અને ઔદયિક ભાવ મલિન વિકારી છે ને બંધનું-સંસારનું કારણ છે. તથા જેના આશ્રયે નિર્મળ ભાવ પ્રગટ થાય છે તે શુદ્ધ પારિણામિક ભાવ ત્રિકાળ દ્રવ્યરૂપ છે. એમ પરસ્પર સાપેક્ષ દ્રવ્ય-પર્યાયનું જોડકું વ આખો આત્મા-પદાર્થ છે. અહો! આ તો એકલું અમૃત પીરસ્યું છે; "અમૃત વરસ્યાં રે પ્રભુ! પંચમ કાળમાં."

હવે કહે છે—'ત્યાં, પ્રથમ તો જીવત્વ ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધ જીવત્વ એવું જે શક્તિ-લક્ષણ પારિણામિકપણું તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને "શુદ્ધ પારિણામિકભાવ" એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધ-મોક્ષપર્યાયપરિણતિ રહિત છે.'

જુઓ, અહીં જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ—એમ ત્રણ પ્રકારના જે પારિણામિકભાવ કહ્યા ત્યાં 'શુદ્ધ' શબ્દ નથી વાપર્યો; મતલબ કે એ ત્રણ ભેદો પાડવા તે અશુદ્ધ પારિણામિક છે અને તે વ્યવહારનયનો વિષય છે. પરંતુ ત્યાં એ ત્રણ પ્રકારના ભાવોમાં, શુદ્ધ જીવત્વ એવું જે શક્તિ લક્ષણ પારિણામિકપણું છે ધ્રુવ ત્રિકાળ છે અને તે શુદ્ધ-દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને "શુદ્ધ પારિણામિકભાવ" એવી સંજ્ઞાવાળું જાણવું. અહાહા....! કેટલું સ્પષ્ટ કર્યું છે?

શું કહે છે? કે સમ્યગ્દર્શનનો વિષય-લક્ષ્ય એવું જે ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય, ચાર પર્યાય વિનાની ચીજ, તે શક્તિલક્ષણ શુદ્ધ પારિણામિકભાવ જાણવો. તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને તે નિરાવરણ છે. અહાહા....! ભવ્ય હો કે અભવ્ય હો, તેમાં જે ત્રિકાળ શક્તિરૂપ શુદ્ધ જીવત્વ છે તે શુદ્ધ પારિણામિક ભાવ છે અને તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય હોવાથી નિરાવરણ છે. અહા! જેમાં ચાર પર્યાય નથી તેમાં આવરણ કેવું? (આવરણ તો પર્યાયમાં હોય છે). આવું જે શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ચૈતન્યના પ્રવાહરૂપ–અહાહા....! ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય...એમ શુદ્ધ ચૈતન્યના ધ્રુવ પ્રવાહરૂપ શુદ્ધ જીવત્વ છે તે નિરાવરણ શુદ્ધ પારિણામિક-ભાવ છે અને તે બંધ–મોક્ષના પરિણામથી રહિત છે, અર્થાત્ તે બંધ-મોક્ષના પરિણામનું કારણ નથી.

પર્યાયમાં અશુદ્ધતા હોય તો દ્રવ્ય અશુદ્ધ થઈ જાય–એમ કેટલાક કહે છે ને? લ્યો, એમાંની એ માન્યતાનો આમાં નિષેધ થઈ ગયો. ભાઈ! દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ નિરાવરણ જ છે. (આવરણ છે એ તો પર્યાયમાં છે). આવી વાત ચાલતી ન હતી અને બહાર આવી એટલે કેટલાકને ખળભળાટ થયો કે–અરે! અમારા આ બધા ક્રિયાકાંડ ઉડી જશે. પણ બાપુ! આ તારા હિતની વાત છે ભાઈ! ચોર્યાસીના અવતારનો અંત કરી જન્મ-મરણ રહિત થવાની આ વાત છે બાપુ!

શુદ્ધ જીવત્વસ્વરૂપ ત્રિકાળ શક્તિલક્ષણ જે પારિણામિકપણું છે તેમાં દૃષ્ટિ આપતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે એ પછી કહેશે. અહીં કહે છે– વસ્તુનું સ્વરૂપ જે ત્રિકાળ શક્તિરૂપ સત્ છે, અહાહા....! સત્નું જે સત્ત્વ છે તે ત્રિકાળ નિરાવરણ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક–એમ ચાર ભાવો જે પર્યાયરૂપ છે તે ત્રિકાળી ધ્રુવ શુદ્ધમાં નથી, તેમ તેને આવરણેય નથી. આવો માર્ગ છે ભાઈ! એક વાર સાંભળ તો ખરો નાથ! અંદરમાં ભગવાન આત્મા "આનંદં બ્રહ્મણોરૂપં" જ્ઞાનાનંદની સ્વરૂપલક્ષ્મીથી મહા પ્રતાપવંત ત્રિકાળ વિરાજી રહ્યો છે. તેની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે જે ધર્મનું પહેલું પગથિયું છે.

અજ્ઞાની માને છે કે કષાય મંદ કરીએ, વ્રત, નિયમની ક્રિયા કરીએ તે સાધન અને તેનાથી સાધ્ય સિદ્ધ થશે; પરંતુ એમ છે નહિ. કષાય તીવ્ર હો કે મંદ, એ ઔદયિક ભાવ છે અને તે મલિન વિકારી પરિણામ સંસારનું–બંધનું કારણ છે, મોક્ષનું નહિ. મોક્ષના કારણરૂપ તો ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક–એમ નિર્મળ પર્યાયરૂપ ત્રણ ભાવો છે. અને ચારેય ભાવોથી રહિત ત્રિકાળ શુદ્ધ જીવત્વલક્ષણ જે શુદ્ધ પારિણામિકભાવ છે તે અક્રિય છે. તેમાં ક્રિયા નથી, ઉત્પાદ-વ્યય નથી. એમાં કાંઈ કરવું નથી કે છોડવું નથી. મોક્ષ કરવો એમેય નહિ, ને રાગ કરવો એમેય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ, રાગ છોડવો એમેય નહિ. અહા! આવો શુદ્ધ પારિણામિક ભાવ નિરાવરણ છે. તેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થાય છે.

અરેરે! આવી વાત જેને કાનેય ન પડે તે બિચારા શું કરે? હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? આ પાંચ ભાવો કેવી રીતે છે? કયા ભાવથી બંધન છે ને કયા ભાવથી મોક્ષનો ઉપાય ને મોક્ષ થાય, કયા ભાવ શુદ્ધ છે ને કયા ભાવ અશુદ્ધ છે, કયા ભાવ આશ્રય કરવાયોગ્ય ઉપાદેય છે ને કયા હેય છે—અહા! ઇત્યાદિ સમજવાની નવરાશ ન મળે તે બિચારા શું કરે? અરેરે! તે ચોરાસીના અવતારના સમુદ્રમાં ક્યાંય ડૂબી મરે. શું થાય? ભાઈ! તને આ સમજવાનો અવસર છે. એમાં તું રળવા–કમાવા પાછળ, કુટુંબ–પરિવારને સાચવવા પાછળ ને ઇન્દ્રિયના વિષયભોગની પાછળ જ રોકાઈને રહીશ તો અવસર વેડફાઈ જશે.

જુઓ, શુદ્ધ પારિણામિક ભાવ જે ત્રિકાળ છે તેને ભાવ કહેવાય. પર્યાયને પણ ભાવ કહેવાય. રાગને પણ ભાવ કહેવાય ને દ્રવ્ય-વસ્તુ છે તેને પણ ભાવ કહેવાય. અહીં દ્રવ્યને શુદ્ધ પારિણામિકભાવ એવી સંજ્ઞા આપી છે. તે તો બંધ-મોક્ષપર્યાયની પરિણતિથી રહિત છે એમ કહે છે.

અહાહા....! ભગવાન આત્મા ત્રિકાળ ધ્રુવ અસ્તિરૂપ છે. અહાહા...! છે....છે.......છે ને છે. ધ્રુવ...ધ્રુવ ...ધ્રુવ એવા અનાદિ-અનંદ શુદ્ધ ચૈતન્યના પ્રવાહરૂપ છે. તે, અહીં કહે છે, બંધ-મોક્ષની પરિણતિથી રહિત છે; રાગાદિના ભાવથી રહિત છે અને મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાયથી પણ રહિત છે. અહાહા....! ત્રિકાળી સ્વભાવમાં પરવસ્તુ નથી, રાગ નથી, મલિન પર્યાય નથી, અને અપૂર્ણ કે પૂર્ણ નિર્મળ પર્યાય પણ નથી. અહાહા...! આવી પોતાની ચીજનો જેને અંદર દૃષ્ટિમાં સ્વીકાર થયો છે તેને જ શુદ્ધ આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. બાકી તો બધું થોથે થોથાં છે.

ભાઈ! જન્મ-મરણના અંતનો ઉપાય આ એક જ છે. દુનિયા માને કે ન માને, દુનિયા ગમે તે કહે, સત્ય આ છે. આત્મા-શુદ્ધિ ચૈતન્યમહાપ્રભુ બંધ-મોક્ષની પર્યાયથી રહિત વસ્તુ છે. તે એકના આશ્રયે ધર્મરૂપ નિર્મળ પરિણતિ પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે વિશેષ કહે છે—'પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી "અશુદ્ધપારિણામિકભાવ" સંજ્ઞાવાળાં છે.'

કોઈને થાય કે આવો ઉપદેશ! લોકોને આ સમજવું કઠણ પડે છે. હજુ તો હું શરીરથી રહિત છું એ કબૂલવું કઠણ પડે છે. પણ ભાઈ! આ શરીર આદિની ક્રિયા તો એના કાળે જે થવાની હોય તે થાય છે. તેમાં તારો કાંઈ અધિકાર છે જ નહિ. હું ધ્યાન રાખું તો શરીર વ્યવસ્થિત રહે, નહિતર બગડી જાય એમ તું માને, પણ એવો કોઈ અધિકાર તને શરીર પર છે નહિ; કેમકે શરીર પરવસ્તુ છે. અહાહા...? શરીરથી જુદું, રાગથી જુદું ને એક સમયની પર્યાયથી પણ જુદું-એવું જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય અંદર છે એને ધ્યેય બનાવવું છે. આવો આ માર્ગ છે. ભાઈ! અહો! આ અપૂર્વ વાત છે. અનંતકાળમાં એણે અંતર્દષ્ટિ—દ્રવ્યદષ્ટિ કરી જ નથી, પણ એ વિના બહારની ક્રિયાથી ધર્મ થાય એવી એ ચીજ નથી.

અરે ભાઈ! તને તારા કાયમી ત્રિકાળી જીવનની ખબર ન મળે તો તું સાચું જીવન કેવી રીતે જીવીશ? આહાર—પાણી કે શરીરાદિ જડથી તું જીવવાનું માન ને કાંઈ સાચું જીવન નથી. અહા! શરીર પોતે જ જડ મૃતક—કલેવર છે તો તે વડે તું કેમ જીવે? ભાઈ! પોતાના શુદ્ધ ચૈતન્યપ્રાણો વડે ત્રિકાળ જીવે, અને શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે મોક્ષ—સિદ્ધપદને સાધીને આદિ—અનંત પૂરણ આનંદમય જીવન જીવે તે જ જીવનું સાચું જીવન છે. સ્તુતિમાં આવે છે ને કે—

તારું જીવન ખરું તારું જીવન...
જીવી જાણ્યું નેમનાથે જીવન....

અહાહા...! ભગવાન કેવળી જે પૂરણ વીતરાગવિજ્ઞાનમય જીવન જીવે છે તે ખરું જીવન છે, સાચું જીવન છે. બાકી અજ્ઞાનપૂર્વક રાગાદિમય જીવન જીવે તેને જીવનું જીવન કોણ કહે? એ તો ભયંકર ભાવમરણ છે. આવે છે ને કે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષણુક્ષણુ ભયંકર ભાવમરણે કાં અરે! રાચી રહો? બાપુ! રાગથી ધર્મ માને અર્થાત્ રાગને જીવન માને તેને તો સાચું જીવન જીવતાં જ નથી આવડતું; તેને તો નિરંતર ભાવમરણુ જ થયા કરે છે. સમજાણું કાંઈ...

અહીં કહે છે—જે દશપ્રાણુરૂપ જીવત્વ અને ભવ્યત્વ—અભવ્યત્વ—દ્વય તે પર્યાયાર્થિકનયને આશ્રિત છે અને તેથી તે 'અશુદ્ધ પારિણામિક-ભાવ' સંજ્ઞાવાળાં છે. અહો! આ તો એકલું માખણુ મૂક્યું છે. શું કહે છે! કે દશપ્રાણુરૂપ જીવત્વ અને ભવ્યત્વ—અભવ્યત્વદ્વય—એ ત્રણુ અવસ્થા-દૃષ્ટિએ, પર્યાયદૃષ્ટિએ, વ્યવહારનયથી કહેવામાં આવ્યાં છે.

દશપ્રાણુરૂપ જીવત્વ છે તે અશુદ્ધ પ્રાણુ છે. જડપ્રાણોથી જીવ જીવે છે એ તો વાત નહિ, પણુ અહીં કહે છે—પાંચ ઇન્દ્રિયો (ભાવેન્દ્રિયો) મન, વચન, કાયા આયુષ્ય અને શ્વાસ (અંદર જીવની યોગ્યતારૂપ)—એવા દશપ્રાણુરૂપ જે અશુદ્ધ જીવત્વ તેનાથી જીવ જીવે છે એમ જે કહ્યું તે વ્યવહારનયથી કહ્યું છે અને તે 'અશુદ્ધ પારિણામિકભાવ' છે. વળી ભવ્યત્વ—અભવ્યત્વદ્વય પણુ પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધ પારિણામિકભાવ' છે, અહાહા....! ત્રિકાળી ધ્રુવ એક ચૈતન્યસ્વભાવભાવથી ભરેલી શુદ્ધ પરમપારિણામિકભાવસ્વરૂપ જે વસ્તુ તેમાં આ 'અશુદ્ધ પારિણામિકભાવ' ક્યાં છે? નથી. લ્યો, હવે આમાં ઓલા વ્યવહારવાળા-ઓને બધા વાંધા ઉઠે છે. પણુ શું થાય. (વસ્તુસ્વરૂપ જ એવું છે ત્યાં શું થાય?) જુઓને! આ ચોકખું તો કહ્યું છે કે—જે દશપ્રાણુરૂપ જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ—એ ત્રણે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધ પારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે.

પ્રશ્ન :— 'અશુદ્ધ' કેમ?

ઉત્તર :— સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણુરૂપ જીવત્વનો અને ભવ્યત્વ—અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી

શું કીધું? જોકે પર્યાયાર્થિકનયે અશુદ્ધ દશભાવપ્રાણુ, ભવ્યત્વ-અભવ્યત્વદ્વય—એ ત્રણે કહેવામાં આવ્યા છે તોપણુ 'सव्वे सुद्धा हु सुद्धणाय'—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ વચનથી શુદ્ધનયથી સંસારીને એ ત્રણેય છે નહિ. અહાહા...! વસ્તુ જે ત્રિકાળ શુદ્ધ એકરૂપ છે તેમાં એનો અભાવ છે—અને સિદ્ધોને એ દશ અશુદ્ધ ભાવપ્રાણ સર્વથા પર્યાયમાં પણ છે નહિ. સંસારીને ( એ ત્રણ ) પર્યાયમાં છે પણ વસ્તુમાં નથી, જ્યારે સિદ્ધમાં એ ત્રણેનો સર્વથા અભાવ છે. અહાહા...! સિદ્ધ ભગવાન છે તે ભવ્ય પણ નથી; અભવ્ય પણ નથી; આ પર્યાયની વાત છે. ભવ્યત્વ એટલે મોક્ષ હોવાને લાયક, મોક્ષ તો થઈ ગયો માટે ભવ્યત્વનો સિદ્ધને અભાવ છે; અને અભવ્યને તો મોક્ષ છે જ નહિ.

સંસારી પ્રાણીને શુદ્ધનયથી જોઈએ તો દશભાવપ્રાણ નથી. પાંચ ભાવેન્દ્રિયો, મન–વચન–કાયાના નિમિત્તે કંપનદશા, શરીરમાં રહેવાની યોગ્યતારૂપ આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ થવાની પર્યાયની યોગ્યતા—એમ દશ અશુદ્ધ ભાવપ્રાણ બધા સંસારી જીવોને શુદ્ધનયથી નથી. અને સિદ્ધોને તો સર્વથા દશપ્રાણરૂપ જીવત્વ નથી. તેમ જ ભવ્યત્વ–અભવ્યત્વનો પણ સિદ્ધ ભગવાનને અભાવ છે, કેમકે જ્યાં સાક્ષાત્ મોક્ષદશા છે ત્યાં મોક્ષ થવાની લાયકાતરૂપ ભવ્યત્વ ક્યાં રહ્યું ? અને અભવિને તો મોક્ષ છે જ ક્યાં ? આ પ્રમાણે ભવ્યત્વ–અભવ્યત્વને પણ ભેદરૂપ વ્યવહાર ગણીને અશુદ્ધ પારિણામિકભાવ કહ્યા.

આત્માનો સાચો પ્રાણ અને એનું સાચું જીવન તો શુદ્ધ ચેતના છે; એને દશપ્રાણ કહ્યા એ તો વ્યવહારથી છે, પણ તે કાંઈ આત્માનું પરમાર્થ જીવન નથી. તેના વગર પણ આત્મા જીવી શકે છે. જુઓ, સિદ્ધને પૂર્વે ( સંસારદશામાં ) દશ પ્રાણ હતા, પણ હમણાં તો તે સર્વથા જ નથી, દ્રવ્ય–ગુણમાં તો પહેલેથી જ ન હતા, હવે પર્યાયમાં પણ તેનો અભાવ થયો. અહો ! ભગવાન સર્વજ્ઞદેવે કહેલું તત્ત્વ પરમ અલૌકિક છે. ભાઈ ! અહા ! દ્રવ્ય–પર્યાયનું ને પાંચ ભાવોનું સ્વરૂપ સમજાવીને મોક્ષનો ઉપાય ને મોક્ષ કેમ સધાય તે આચાર્યદેવે બતાવ્યું છે. અહા ! વીતરાગી સંતોનો મહા–મહા ઉપકાર છે.

હવે કહે છે–'તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક "દેશઘાતી" અને "સર્વઘાતી" એવાં નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, દશભાવપ્રાણરૂપ અશુદ્ધ જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ—એ ત્રણમાં, મોક્ષ થવાની લાયકાતરૂપ ભવ્યત્વલક્ષણ પારિણામિકભાવ છે. તેને, કહે છે, સમ્યક્ત્વાદિ ગુણોનું ઘાતક 'દેશઘાતી' ને 'સર્વઘાતી' નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે. અહીં દ્રવ્ય ઘાતીકર્મ ન લેતાં ભાવઘાતીકર્મ ઢાંકે છે એમ સમજવું; દ્રવ્યઘાતીકર્મ તો જડ છે, બાહ્ય નિમિત્ત છે. સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક તો અંદરમાં મોહાદિ ભાવઘાતી કર્મ છે અને તે ભવ્યત્વલક્ષણ પારિણામિક ભાવને પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. અહા! આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરની વાણીમાંથી સાર-સાર માખણ તારવીને જૈનદર્શનનું રહસ્ય આચાર્યદેવે જગતને આપ્યું છે.

કહે છે—જે ભવ્યત્વલક્ષણ પારિણામિકભાવ છે તેને સમ્યક્ત્વાદિ ગુણોનું ઘાતક 'દેશઘાતી—સર્વઘાતી' નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે. એટલે શું? કે પર્યાયમાં ઢાંકણ છે પણ શુદ્ધ વસ્તુમાં નથી. વસ્તુ શુદ્ધપારિણામિકભાવરૂપ સદા નિરાવરણ એકરૂપ છે. શુદ્ધ, દ્રવ્યાર્થિકનયે એમાં ઢાંકવું ને ઉઘડવું એવું કાંઈ છે જ નહિ. અહાહા...! આત્મા આનંદકંદ પ્રભુ ત્રિકાળ નિરાવરણ છે. તેમાં ઢંકાવું ને ઉઘડવું ક્યાં છે? છે જ નહિ. આવે છે ને કે—(પરમાત્મ પ્રકાશમાં)

"आनंदं ब्रह्मणो रूपं निजदेहे व्यवस्थितम्
ध्यान हीना न पश्यन्ति जात्यंधा इव भास्करम्"

અહાહા...! નિજદેહમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા (ભિન્ન) વિરાજે છે. તેને ધ્યાન વિનાના પુરુષો જોઈ શકતા નથી; જેમ સૂર્ય સદા વિદ્યમાન છે તેને જાતિઅંધ છે તેઓ જોઈ શકતા નથી તેમ ભગવાન આત્માનું લક્ષ જેમને નથી તેઓ તેને જોઈ શકતા નથી.

ઘુવડને કોઈએ પૂછ્યું—"એલા! સૂર્ય છે કે નહિ?" ત્યારે તે કહે—"જેને કોઈ દિ' નજરે ભાળ્યો નથી તે છે એમ કેમ કહું?" લ્યો, આવો મહા પ્રતાપવંત ઉજ્જવળ પ્રકાશનો ગોળો સૂર્ય છે તે ઘુવડને દેખાતો નથી. જાતિઅંધ છે ને! તેમ આત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ સદાય અંદર બિરાજે

અ. ૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે, પરંતુ એની દૃષ્ટિ ( સમ્યક્દર્શન ) વિના, એના ધ્યાન વિના તે દેખાતો નથી. જેમ જાતિઅંધને સૂર્ય દેખાય નહિ તેમ રાગ ને પર્યાયની રુચિવાળા જન્માંધને ચૈતન્યચમત્કાર પ્રભુ આત્મા દેખાતો નથી અર્થાત્ ભાવઘાતી આવરણ વડે પર્યાયનયે ઢંકાઈ ગયો છે, લ્યો, આવી વાત!

હવે કહે છે–' ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ–શુદ્ધ–પારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન–અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી "ઔપશમિક", "ક્ષાયોપશમિક" તથા "ક્ષાયિક" એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી "શુદ્ધાત્માભિમુખ પરિણામ", "શુદ્ધોપયોગ" ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.'

જુઓ, અહીં કાળાદિ – એમ પાંચે લબ્ધિની વાત કરી છે; એકલા કાળની વાત નથી, કાળલબ્ધિ, પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્યતા અને તે જ સમયે નિમિત્ત–કર્મનાં ઉપશમાદિ–એમ પાંચે સમવાય એક સાથે જ હોય છે.

તો કળશટીકામાં ( કળશ ૪ માં ) સમ્યક્ત્વ–વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે એમ કહ્યું છે–તે કેવી રીતે છે?

**સમાધાન :** હા, ત્યાં કાળલબ્ધિની મુખ્યતાથી વાત કરી છે. સમકિતની પર્યાય પણ પોતાનું સહજ જ છે એમ ત્યાં કહેવું છે; બાકી તે જ કાળે પાંચે સમવાય એકી સાથે જ હોય છે. ઘણે ઠેકાણે પુરુષાર્થની મુખ્યતાથી વાત કરી હોય ત્યાં સમ્યક્ત્વ પ્રયત્નથી–પુરુષાર્થથી સિદ્ધ થાય છે એમ કહ્યું છે. એ તો વિવક્ષાભેદ છે; બાકી કાર્યકાળે પાંચે સમવાય એકી સાથે હોય છે.

આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો રસકંદ છે. અહાહા...! અતીન્દ્રિય આનંદનો દરિયો પ્રભુ આત્મા છે. એના સિવાય ત્રણકાળ-ત્રણલોકમાં આનંદરૂપ વસ્તુ બીજી કોઈ નથી. અહા! પણ અજ્ઞાની જીવ પોતે આનંદસ્વરૂપ છે તેને ન માનતાં બહારમાં બીજે આનંદ છે એમ માને છે. મારાં કોઈ વખાણ કરે તો મને મઝા પડે, મને કોઈ મોટો કહે તો મઝા પડે, કોઈ પૈસાવાળો કહે તો મઝા પડે, કોઈ મને જ્ઞાની પંડિત કહે તો મઝા પડે–એમ અનેક પ્રકારે તે મિથ્યા કલ્પના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે. પણ ભાઈ ! તારો આનંદ બહારમાં ક્યાંય નથી; તારા આનંદની ધ્રુવ ખાણ તો અંદર ચિદાનંદ પ્રભુ તું પોતે જ છો. અહા ! આવી પોતાની ચીજને પામવા માટે કાળલબ્ધિવશે જ્યાં સ્વભાવની રુચિ કરે છે ત્યાં (તત્કાલ જ) અંતઃપુરુષાર્થ જાગે છે, કાળલબ્ધિ પાકે છે, ભવિતવ્ય જે સમકિત પ્રગટ થવા યોગ્ય છે તે થાય છે અને ત્યારે કર્મના ઉપશમાદિ પણ થાય છે; આ પ્રમાણે પાંચે સમવાય એકી સાથે જ હોય છે.

પહેલાં અનાદિથી મોહકર્મના વશે પરિણમતાં જીવને પોતાના સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત થતો હતો એટલે મોક્ષના કારણરૂપ ત્રણભાવો તેને ન હતા. અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ–સર્વઘાતી ને દેશઘાતિ–કર્મો તેના સમ્યક્ત્વાદિ ગુણોને ઘાતવામાં–ઢાંકવામાં નિમિત્ત થતા હતા. પણ હવે સદ્‌ગુરુના ઉપદેશનું નિમિત્ત પામીને જ્યાં શુદ્ધ પારિણામિકરૂપ પરમ-સ્વભાવભાવની સન્મુખ થઈ તેની ભાવનારૂપ પરિણત થયો ત્યાં મોક્ષના કારણરૂપ એવા ઔપશમિકાદિ ભાવો પ્રગટ થાય છે; તેને પુરુષાર્થ, સ્વકાળ, કર્મનાં ઉપશમ આદિ પાંચે લબ્ધિઓ થઈ જાય છે અને આ ભવ્યત્વશક્તિની વ્યક્તિ છે. ભવ્યત્વ તો તે જીવમાં પહેલેથી હતું, પણ નિજસ્વભાવભાવનું ભાન થયું ત્યારે તે પાકરૂપ થઈને પરિણમ્યું; મોક્ષની જે યોગ્યતા હતી તે ત્યારે કર્મરૂપ થવા માંડી; ને હવે અલ્પકાળમાં મોક્ષદશા પ્રગટ થઈ જશે. લ્યો આવી વાત !

અહો ! આ તો કોઈ અદ્‌ભુત અલૌકિક વાતો છે. કહે છે– જ્યારે કાળાદિ–લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે જીવ સહજ–શુદ્ધ–પારિણામિકલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન–અનુ-ચરણરૂપ પર્યાયે પરિણમે છે. નિયમસારમાં (ગાથા ૧૫૭ માં) આવે છે ને કે—

"નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજન સંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે."

જેમ કોઈ દરિદ્ર માણસ નિધિને પામીને પોતાના વતનમાં ગુપ્તપણે રહી તેના ફળને ભોગવે છે, તેમ જ્ઞાની પરજનોના સંગને છોડીને સ્વરૂપમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુપ્ત રહીને જ્ઞાનનિધિને ભોગવે છે. આની ટીકામાં કહ્યું છે કે—

"સહજ પરમતત્ત્વજ્ઞાની જીવ ક્વચિત્ આસન્નભવ્યના (આસન્નભવ્યતારૂપ) ગુણનો ઉદય થતાં સહજ વૈરાગ્યસંપત્તિ હોતાં, પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે મુક્તિસુંદરીના મુખના મકરંદ સમાન સહજજ્ઞાનનિધિને પામીને, સ્વરૂપવિકળ એવા પરજનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે."

જેમ કોઈ દરિદ્રીને મોટી કરોડોની નિધિ ભાગ્યવશ મળી જાય તો તે પોતાના વતનમાં જઈને તેને ગુપ્તપણે એકલો ભોગવે છે. એમ, કહે છે, હે, ભાઈ! તને પરમ અદ્ભુત જ્ઞાનનિધિ-જ્ઞાનનો સમુદ્ર જો પ્રાપ્ત થયો તો તેને એકલો (સ્વરૂપગુપ્ત રહીને) ભોગવજે. એમ કે કોઈ સાથે વાદવિવાદ કરીશ નહિ. જગતમાં સ્વસમય અને પરસમય એમ અનેક પ્રકારના જીવ છે. તેની સાથે વાદવિવાદમાં પડીશ નહિ, કેમકે વાદવિવાદથી આવી સ્વરૂપની વાત સમજાય એમ નથી. નિયમસાર ગાથા ૧૫૬ માં એ જ કહ્યું છે કે—

"णाणा जीवा णाणा कम्मं णाणाविहं हवे लद्धी ।
तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो ॥"

નાના પ્રકારના જીવો છે, નાના પ્રકારનું કર્મ છે, નાના પ્રકારની લબ્ધિ છે; તેથી સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) વચનવિવાદ વર્જવાયોગ્ય છે.

ત્યારે કોઈ કહે છે— વિઘટન થયું છે તે અમે સંગઠન કરવા માગીએ છીએ.

પરંતુ ભાઈ! ભગવાન જિનેશ્વરનો આ માર્ગ એમ (વાદ કરવાથી) નહિ સમજાય. વાદવિવાદમાં એકને સાચા અને એકને ખોટા પાડવા છે તારે; પણ ત્યાં તું એક વાત કરવા જાય ત્યાં તે બીજી વાત કરશે. એમ કે વ્યવહારને શાસ્ત્રમાં સાધન કહ્યું છે, તમે કેમ ના પાડો છો? તમે એકાંતે હઠ કરો છો. બાપુ! આમ આ વાતનો નિવેડો આમ આવે એમ નથી. વીતરાગભાવે ધીરજથી પોતે સમજવા માગે તો નિવેડો આવે, પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તમે ખોટા અને અમે સાચા છીએ એમ સિદ્ધ કરવા માટે વાતચીત કરવાથી વિવાદ થાય અને વિવાદથી પાર પડે (સમજમાં આવે) એવી આ ચીજ નથી. અરે ભગવાન! અંદર તારું સત્ એવું છે કે એનો કાળ પાકયો હોય અને પુરુષાર્થ કરી તું સ્વભાવનું ભાન કરે તો સહેજે આ સમજાય એવી ચીજ છે; વાદવિવાદથી કોઈને સમજાવી શકાય એવી આ ચીજ નથી.

સમાધિશતકમાં આવે છે કે—અરે! હું કોને સમજાવું? હું જેને સમજાવવા માગું છું એ સમજનારો આત્મા છે એ તો (આંખથી) મને દેખાતો નથી; અને આ જે દેખાય છે એ તો જડ (શરીર) છે; તેને હું શું સમજાવું? માટે હું સમજાવું એવો જે મારો વિકલ્પ છે તે પાગલપણું છે, ચારિત્રદોષ છે. અહા! આવો મારગ! બાપુ! આ તો દિગંબર સંતોની વાણી! ભારે કુશાગ્ર; તેમાં આ કહે છે-વાણીથી તને જ્ઞાન થાય એવો ભગવાન! તું નથી. અહો! સંતોની આવી અલૌકિક ચમત્કારી વાતો છે.

અહીં કહે છે-જ્યારે કાળાદિલબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ શુદ્ધ પારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મ-દ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે. અહીં 'કાળાદિ-લબ્ધિના વશે'-એમ કહ્યું ત્યાં સ્વભાવવશે, પુરુષાર્થવશે એમ બધું સાથે લેવું. એકલા કાળની આ વાત નથી પણ પાંચે સમવાયની આમાં વાત છે. અહા! જ્યારે મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ આવે ત્યારે એની દૃષ્ટિ સહજ શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવ ઉપર જાય છે અને ત્યારે તેને અંદરમાં સમ્યક્દર્શન પ્રગટ થાય છે. આવી વાત છે.

અહાહા...! આત્મદ્રવ્ય સહજ એક શુદ્ધ પરમપારિણામિકભાવલક્ષણ સદા પરમાત્મસ્વરૂપ ચિન્માત્ર વસ્તુ છે. અહા! આવા નિજ પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે જીવ પરિણમે એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. જુઓ, દેવ-ગુરુ-શાસ્ત્રનું ભેદરૂપ શ્રદ્ધાન એ કાંઈ વાસ્તવિક શ્રદ્ધાન–સમકિત નથી; અને શાસ્ત્રનું જ્ઞાન તે કાંઈ વાસ્તવિક સમ્યગ્જ્ઞાન નથી, પણ પોતે સદાય અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ કારણ પરમાત્મા વિરાજી રહ્યો છે તેના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણમવું તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે.

એક પ્રશ્ન થયો હતો કે—તમે કારણપરમાત્મા-કારણપરમાત્મા કહ્યા કરો છો, તો કારણ હોય તો કાર્ય આવવું જોઈએ ને?

ત્યારે કહ્યું કે—ભાઈ! કારણપરમાત્મા તો અંદર ત્રિકાળ એક જ્ઞાયકભાવપણે બિરાજી રહ્યો છે પણ એને અંતર્મુખપણે પ્રતીતિમાં આવે ત્યારે 'હું કારણપરમાત્મા છું'—એમ ભાન થાય ને? પ્રતીતિમાં આવ્યા વિના એને કારણપરમાત્મા કયાં છે? ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ નિજપરમાત્મ-દ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન થાય તેને 'હું કારણ પરમાત્મસ્વરૂપ છું'—એમ ભાસે છે ને તેને કાર્ય (કાર્ય પરમાત્મા) પ્રગટે છે. જે એક સમયની પર્યાય અને રાગની શ્રદ્ધામાં રહ્યો છે તેને કારણપરમાત્મા કેમ ભાસે? તેને કાર્ય કયાંથી પ્રગટે?

એ તો ગાથા (સમયસારમાં) ૧૭–૧૮માં આવી ગયું કે—આબાળ-ગોપાળ બધા આત્માઓને વર્તમાન જે જ્ઞાનપર્યાય છે, તેમાં નિજ પરમાત્મ-દ્રવ્ય જ ભાસે છે, પણ અજ્ઞાનીઓની દૃષ્ટિ ત્યાં નથી. અહા! આખું દ્રવ્ય પોતાના જ્ઞાનમાં જણાય એવી પોતાની ચીજ છે કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. પણ એની (—અજ્ઞાની જીવની) દૃષ્ટિ સ્વ ઉપર નથી પણ પર ઉપર છે, પર્યાય અને રાગ ઉપર છે. તેથી જે નિજ પરમાત્મદ્રવ્ય જણાય છે તેનો તે અનાદર કરે છે અને રાગ અને અંશમાત્ર હું છું એમ તે માને છે. હવે આવી વાત છે ત્યાં એને કાર્ય કેમ પ્રગટે?

કળશટીકામાં આવે છે કે—જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે, કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ તે સમ્યક્ત્વ છે. એક સમયની પર્યાય અને રાગ જેટલો આત્માને માને તેને આત્મા મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે, કેમકે જીવતી જ્યોત નિજ પરમાત્મદ્રવ્ય તેની સન્મુખ થઈને તેનો એને સ્વીકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. સ્વભાવથી વિમુખ થઈને રાગ અને વર્તમાન પર્યાયનો સ્વીકાર કરનાર જીવ મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. ૧૧ અંગ અને નવપૂર્વનો ઉઘાડ ભલે હોય, તે વિકાસમાં સંતુષ્ટ થઈ જે રોકાઈ ગયો છે તે જીવ સ્વભાવને ભૂલીને મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. અરે! અનંતકાળમાં એણે સ્વભાવની દૃષ્ટિ કરી જ નથી!

અહીં કહે છે–ત્રિકાળ આનંદસ્વરૂપ પોતે પરમાત્મદ્રવ્ય છે, તેના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ પર્યાયે જીવ પરિણમે તે ભવ્યત્વ શક્તિની અર્થાત્ મોક્ષમાર્ગની યોગ્યતારૂપ શક્તિની વ્યક્તિ છે અને તે ધર્મ છે. અરે! પોતે આવો અંદર ભગવાનસ્વરૂપ છે એનાં ગાણાંય કદી એણે સાંભળ્યાં નથી! પણ ભાઈ! જો અંદર શક્તિએ ભગવાનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં આવશે ક્યાંથી? બહારમાં તો કાંઈ છે નહિ. બહારમાં તું ભગવાનની (અર્હંતાદિની) ભક્તિ કરે, પૂજા કરે કે સમેદશિખરની જાત્રા કરે, પણ એનાથી ધર્મ થાય એવું ધર્મનું સ્વરૂપ નથી, કેમકે એ તો માત્ર શુભરાગ છે. અહીં શુભ છોડીને અશુભ કરો એ વાત નથી. ધર્મીને વિશેષે શુભભાવ આવે છે, પણ તે ધર્મ વા ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ તો જે સ્વદ્રવ્યના–નિજપરમાત્મદ્રવ્યના આશ્રયે પરિણમવું છે તે છે. અરે ભાઈ! તું એકવાર તેને (સ્વ-દ્રવ્યને) જોવાની ભાવના તો કર!

જુઓ, એક રાજવીનાં રાણી ઓઝલમાં રહેતાં. એક વખતે રાણી-સાહેબા ઓઝલમાંથી બહાર નીકળ્યાં તો તેને જોવા માટે લોકોનાં ટોળે ટોળાં ઉમટી પડયાં. એમ, અહીં કહે છે, આ ભગવાન આત્મા અનાદિ-કાળથી રાગ અને પર્યાયબુદ્ધિના ઓઝલમાં પડયો છે. એને જોવા માટે એક વાર અંતર્મુખ થઈ પ્રયત્ન તો કર. ભાઈ! તારા સંસારના–દુઃખના નાશનો આ એક જ ઉપાય છે.

ઓહો! આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ સદા પરમાત્મસ્વરૂપે અંદર પ્રગટ મોજુદ છે. તેને ભૂલીને અરે! તું બહારથી સુખ મેળવવા ઝાવાં નાખે છે! અહીંથી સુખ લઉં કે ત્યાંથી સુખ લઉં, રાજપદમાંથી સુખ લઉં કે દેવપદમાંથી સુખ લઉં–એમ તું ઝાવાં નાખે છે, પણ સુખનિધાન તો તું પોતે જ છો ને પ્રભુ! માટે આવા ભિખારીવેડા–રાંકાઈ છોડી દે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને અંદર તારા પરમાત્મદ્રવ્યને જો, તેથી સહજશુદ્ધ ચિદાનંદમય પરમાત્મદ્રવ્યની પ્રતીતિ થઈને નિરાકુળ સુખની પ્રાપ્તિ થશે.

અહીં, કાળાદિલબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે એમ કહ્યું એમાં એકલો કાળ વા અન્યરૂપ કાળ ન લેવો, પણ પાંચે સમવાય એકસાથે જ છે એમ યથાર્થ સમજવું. અહા! મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ હોય ત્યારે—

૧. ચિદાનંદઘનસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તે સ્વભાવ થયો,

૨. ચિદાનંદઘનસ્વભાવની દૃષ્ટિ થઈ તે સ્વભાવ તરફનો પુરુષાર્થ થયો,

૩. તે જ કાળે આ (નિર્મળ) પર્યાય થવાનું જ્ઞાન થયું તે કાળ-લબ્ધિ થઈ,

૪. આ જે (નિર્મળ) ભાવ તે કાળે થયો તે થવાનો હતો તે જ થયો તે ભવિતવ્ય, અને

૫. ત્યારે પ્રતિકૂળ નિમિત્તનો અભાવ થયો તે નિમિત્ત થયું.

આ પ્રમાણે પાંચે સમવાય એક સાથે હોય છે એમ જાણવું.

વસ્તુત: જેને જે પર્યાય થવાની હોય તેને તે કાળે તે જ પર્યાય થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ નિજ જન્મક્ષણે ઉત્પન્ન થાય છે. તે પર્યાયની ઉત્પત્તિનો તે નિયત કાળ છે. પ્રવચનસાર ગાથા ૧૦૨ માં પર્યાયની ઉત્પન્ન થવાની તેની જન્મક્ષણ હોવાની વાત આવે છે. લ્યો, આવી બહુ ઝીણી વાત ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરના ઘરની વાતો બાપા! અરે! લોકોને આવું સાંભળવાય મળ્યું ન હોય ને એમ ને એમ નપુંસકની જેમ જિંદગી ચાલી જાય. શું થાય?

આ કરોડપતિ ને અબજોપતિ બધા મોટા નપુંસક છે. શું કીધું? અમે આ કરીએ ને અમે તે કરીએ—એમ રાગ અને પુણ્ય-પાપના વિકારને રચવામાં જેણે વીર્ય રોકયું છે, પરમાત્મા કહે છે, એ બધા મહા નપુંસક છે. જુઓ, પરપદાર્થની રચના તો કોઈ કરી શકતું નથી કેમકે જગતના પદાર્થો સર્વ સ્વતંત્ર છે. પરંતુ જે વીર્ય પુણ્ય-પાપને રચે, શુભા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભ રાગને રચે તે નપુંસક વીર્ય છે. કેમ? કેમકે તેને ધર્મની પ્રજા પાકતી નથી. જેમ નપુંસકને પ્રજા ન થાય તેમ શુભાશુભભાવની રચનાની રુચિમાં પડયો છે તેને ધર્મની પ્રજાની ઉત્પત્તિ થતી નથી. હવે આવી વાત દુનિયાને મળી નથી. ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી પરમ સત્ય વાત છે.

કહે છે–વિભાવમાં જે વીર્ય રોકાતું હતું તે જ્યારે સ્વભાવસન્મુખ થયું ત્યારે તેને ભવ્યશક્તિની વ્યક્તિ થાય છે. આ લીંડીપીપર આવે છે ને? પીપર–પીપર, તે રંગે કાળી અને કદમાં નાની હોય છે પણ તેમાં ૬૪ પહોરી અર્થાત્ પૂરણ સોળઆની તીખાશ અંદર શક્તિરૂપે ભરી છે. તેને ઘૂંટવાથી તેમાંથી ૬૪ પહોરી તીખાશ બહાર પ્રગટ થાય છે. ભાઈ! આ તો અંદર શક્તિ છે તે પ્રગટ થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. લાકડા કે કોલસાને ઘૂંટો તો તેમાંથી તીખાશ પ્રગટ નહિ થાય, તેમાં તીખાશ ભરી નથી તો ક્યાંથી પ્રગટ થાય? તેમ ભગવાન આત્મા અંદર ૬૪ પહોર અર્થાત્ સોળઆની પૂરણ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલું સત્ત્વ છે. તે સ્વભાવની સન્મુખ થઈને પરિણમતાં શક્તિની નિર્મળ વ્યક્તિ થાય છે. અંદર શક્તિ તો વિદ્યમાન છે જ, તે શક્તિની સન્મુખ થઈ, તેનો સ્વીકાર, સત્કાર અને આદર જ્યાં કર્યો કે તત્કાલ તે પર્યાયમાં વ્યક્તરૂપે પ્રગટ થાય છે. આનું નામ ધર્મ ને મોક્ષમાર્ગ છે.

અહાહા....! કહે છે–' ત્યાં જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવ લક્ષણ નિજ-પરમાત્મ-દ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી "ઔપશમિક", "ક્ષાયોપશમિક" તથા "ક્ષાયિક" એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી "શુદ્ધાત્મા-ભિમુખ પરિણામ", ' શુદ્ધોપયોગ" ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.'

જુઓ, સ્વભાવવાન વસ્તુ છે તે લક્ષ્ય છે અને શુદ્ધ સ્વભાવભાવ તે લક્ષણ છે, આત્મા એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ સહજ શુદ્ધ પારિણામિકભાવ-લક્ષણ પરમાત્મદ્રવ્ય છે. ખૂબ સૂક્ષ્મ વસ્તુ પ્રભુ! એને જાણ્યા વિના

અ. ૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવતાર કરી કરીને અનંતકાળ એ આથડી મર્યો છે. અરે ! અનંતવાર એણે જૈન સાધુપણું લીધું, મહાવ્રત પાળ્યાં, દયા પાળી, બાયડી-છોકરાં, દુકાન-ધંધા છોડયા પણ ભ્રાંતિ ન છોડી, આત્મજ્ઞાન ન કર્યું. રાગ અને અલ્પજ્ઞદશા તે હું નહિ, હું તો પૂરણ વીતરાગ-સર્વજ્ઞસ્વભાવી સહજ શુદ્ધપારિણામિકભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છું એમ અંતર્મુખ દૃષ્ટિ ન કરી.

અહાહા...! વસ્તુ આત્મા સહજશુદ્ધપારિણામિકભાવલક્ષણ પરમાત્મ-દ્રવ્ય છે, બાપુ ! આ તો ઝેર ઉતારવાના મંત્રો છે. જેમ સર્પ કરડે અને ઝેર ચઢે તો તે મંત્રદ્વારા ઉતરી જાય તેમ રાગની એકત્વબુદ્ધિનાં એને અનાદિથી ઝેર ચઢેલાં છે તે ઉતારવાના આ મંત્રો છે. આ પુણ્યભાવ અને પુણ્યનાં ફળ જે ધૂળ ( પૈસા આદિ ) મળે તે મારાં એવી માન્યતા એ ભ્રાંતિ–મિથ્યાત્વનું ઝેર છે. અહા ! તે મિથ્યાત્વના ઝેરે તેના સહજશુદ્ધ-સ્વભાવનો ઘાત કર્યો છે.

તો શું કર્મોએ ઘાત કર્યો છે એમ નહિ ?

ઉત્તર : ના કર્મોએ ઘાત કર્યો નથી. પૂજામાં આવે છે ને કે—

“ કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ. ”

ભાઈ ! કર્મનાં રજકણ તો જડ બીજી ચીજ છે, એ તો આત્માને અડતાંય નથી ત્યાં એ શું ઘાત કરે ? પોતાના સ્વભાવની વિપરીત માન્યતા તે સ્વભાવનો ઘાત કરનારી ચીજ છે અને તેને મિથ્યાત્વ કહે છે. લ્યો, હવે આવી વાત સમજવા રોકાય નહિ ને વખત રળવા-કમાવામાં ગુમાવી દે. પણ એમાં શું છે ? પુણ્યોદય હોય તો કરોડો કમાય પણ એ તો ધૂળની ધૂળ છે. સમજાણું કાંઈ...?

ભાઈ ! આ તો તારું સત્યાર્થ સ્વરૂપ શું છે તે આચાર્યદેવ બતાવે છે. આ શક્કરિયાનો દાખલો ઘણીવાર આપીએ છીએ ને ? જેમ શક્કરકંદ, તેના ઉપર ઝીણી લાલ છાલ છે તેને નજરમાં ન લ્યો તો, અંદર એકલી સાકરની મીઠાશનો પિંડ છે. સાકરની મીઠાશનો પિંડ છે એટલે તો એને શક્કરકંદ કહેવામાં આવે છે. અહાહા....! તેમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, ઉપર પર્યાયમાં શુભાશુભભાવરૂપ જે લાલ છાલ છે તેને લક્ષમાં ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લ્યો તો, અંદર એકલા જ્ઞાનાનંદરૂપ અમૃતરસનો પિંડ છે. અહાહા...! શુભાશુભભાવની છાલ પાછળ અંદર ભગવાન! તું એકલા જ્ઞાનાનંદરસનો દરિયો ભર્યો છે. અહા! આવું પૂરણ પરમાત્મસ્વરૂપ એને કેમ બેસે? ભાઈ! આ ભગવાન જે પર્યાયમાં પરમાત્મા થઈ ગયા એની વાત નથી હોં; આ તો અંદર સ્વભાવરૂપ નિજપરમાત્મદ્રવ્યની વાત છે. તીર્થંકરાદિ પર પરમાત્માનું લક્ષ કરીશ તો તો તને રાગ જ થશે. 'परदव्वादो दुग्गइ' એવું શાસ્ત્રવચન છે. પરદ્રવ્ય પ્રત્યે લક્ષ જાય એ દુર્ગતિ છે ભાઈ!

ત્યારે કેટલાક વાંધો ઉઠાવે છે કે- વ્યવહારથી નિશ્ચય થાય છે.

તેને કહીએ છીએ કે તારી માન્યતા યથાર્થ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિના પરિણામ વડે પુણ્યબંધ થાય છે, ધર્મ નહિ. શુભરાગ-મંદરાગના પરિણામ ધર્મનું કારણ નથી. શુભરાગ ધર્મ નહિ, ધર્મનું કારણેય નહિ.

ત્યારે તે કહે છે-શાસ્ત્રમાં શુભરાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે.

હા, કહ્યું છે; પણ તેનો અર્થ શું? ચિદાનંદઘન સહજશુદ્ધ પારિણામિક-ભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યનું જેને અંતરમાં ભાન વર્તી રહ્યું છે એવા ધર્મી જીવને શુભના કાળે અશુભ (મિથ્યાત્વાદિ) ટળી ગયેલ છે અને ક્રમે કરીને (વધતા જતા અંતઃપુરુષાર્થ અને વીતરાગતાને કારણે) શુભને પણ તે ટાળી દે છે એ અપેક્ષાએ એના શુભરાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે. ત્યાં ખરેખર તો ક્રમે વધતી જતી વીતરાગતા જ મોક્ષનું પરંપરા કારણ છે, પણ તે તે કાળમાં અભાવરૂપ થતો જતો શુભરાગ આવો હોય છે તેનું જ્ઞાન કરાવવા ઉપચારથી તેને મોક્ષનું પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. ખરેખર તે કાંઈ મોક્ષનું કારણ વા પરંપરા કારણ છે એમ નથી, ખરેખર તો રાગ અનર્થનું જ કારણ છે; તે અર્થનું-હિતનું કારણ કેમ થાય? કદીય ન થાય. આવી વાત છે. જગત માને કે ન માને, આ સત્ય છે.

અરે! એ અનાદિકાળથી રખડી મર્યો છે. પોતાનું સત્ કેવડું મોટું અને કેટલા સામર્થ્યવાળું છે એની એને ખબર નથી. અહીં કહે છે-ભગવાન! તું પોતે સહજ શુદ્ધપારિણામિકભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા—એ તો પર્યાયની વાત છે; એ વાત આ નથી. આ તો પોતે શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન ત્રિકાળી ધ્રુવ પરમાત્મ-દ્રવ્ય છે એની વાત છે. અરે! અનંતકાળમાં એને આત્માનું પ્રમાણ નામ માપ કરતાં આવડયું નથી; એનાં માપલાં જ ખોટાં છે.

જુઓ, એક રવિવારની રજાના દિવસે એક નાના છોકરાનો બાપ ૫૦ હાથ આલપાકનો તાકો ઘેર લઈ આવ્યો. પેલા છોકરાને થયું કે હું એને માપું. એણે પોતાના હાથથી ભરીને માપ્યો અને એના બાપને કહ્યું—'બાપુજી, આ કાપડનો તાકો તો ૧૦૦ હાથનો છે.' ત્યારે તેના બાપે સમજણ પાડી કે—ભાઈ! આ તારા નાનકડા હાથનાં માપ અમારા વેપારના કામમાં જરાય ન ચાલે. તેમ પરમ પિતા સર્વજ્ઞ પરમેશ્વર કહે છે—ભાઈ! ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનું માપ તારી મતિ-કલ્પનાથી તું કરવા જાય પણ મોક્ષના મારગમાં તારું એ માપ ન ચાલે. તારા કુતર્ક વડે ભગવાન ચૈતન્યમૂર્તિસ્વરૂપ આત્માનું માપ નહિ નીકળે, ભાઈ! અરે! ધર્મના બહાને વ્રત, ભક્તિ, પૂજા, દયા, દાન આદિ શુભરાગમાં રોકાઈને લોકો ઉંધા રસ્તે ચઢી ગયા છે. એ ભાવ (−શુભભાવ) અશુભથી બચવા પૂરતો હોય છે ખરો, પણ તે ભાવ ધર્મ કે ધર્મનું કારણ છે એમ કહીય નથી.

અહીં કહે છે—સહજ શુદ્ધ નિજપરમાત્મદ્રવ્યનું અંતઃશ્રદ્ધાન કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. શું કીધું? આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભેદરૂપ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન એમ નહિ, કેમકે એ તો રાગ છે. આ તો 'અપ્પા સો પરમ અપ્પા' અર્થાત્ ભગવાન આત્મા અંદર સદા પરમાત્મસ્વરૂપે વિરાજે છે, તેની સન્મુખ થઈને જેવી અને જેવડી પોતાની ચીજ છે તેવી અને તેવડી એની પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવી હું આ (−શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન પરમજ્યોતિ સુખધામ) છું એવી પ્રતીતિ કરવી એનું નામ અંતઃશ્રદ્ધાન છે. એને આત્માનું અંતઃશ્રદ્ધાન કહો, રુચિ કહો કે સમ્યગ્દર્શન કહો—એક જ વાત છે. સમજાણું કાંઈ...?

વળી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવતાં નિજ-પરમાત્મદ્રવ્યનું જે પરિજ્ઞાન થયું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. ઘણા શાસ્ત્રોનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન–ભણતર તે સમ્યગ્જ્ઞાન એમ નહિ, કેમકે એ તો પરલક્ષી જ્ઞાન છે. આ તો પોતે અંતરમાં ભગવાન આત્મા પૂરણ એક જ્ઞાનસ્વભાવી પરમાત્મ-દ્રવ્ય છે. તેની સન્મુખતા થતાં 'હું આ છું'– એમ જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન–સમ્યગ્જ્ઞાન છે. દશામાં ભલે રાગ હો, અલ્પજ્ઞતા હો, વસ્તુ પોતે અંદર પૂરણ પરમાત્મસ્વરૂપ છે. આવા પોતાના પરમાત્મસ્વરૂપનું જ્ઞાન થવું તેને સમ્યગ્જ્ઞાન કહે છે. લ્યો, આવો વીતરાગનો મારગ લૌકિકથી ક્યાંય મેળ ન ખાય એવો છે.

ઓહો! 'નિજપરમાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન'–એમ કહીને એક સમયની પર્યાય; કે રાગ કે દેવ-શાસ્ત્ર-ગુરુ–કોઈ એના શ્રદ્ધાનનો વિષય જ નથી એમ સિદ્ધ કર્યું છે. ગજબ વાત છે ભાઈ! જેવું પોતાનું ત્રિકાળી સત્ છે તેવું તેનું શ્રદ્ધાન-જ્ઞાન થવું તેને અહીં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કહ્યું છે. લ્યો, આવી ચુસ્ત-આકરી શરતો છે.

વળી નિજપરમાત્મદ્રવ્યનું અનુચરણ એનું નામ ચારિત્ર છે. મહા-વ્રતાદિ પાળવાં એ ચારિત્ર એમ નહિ, કેમકે એ તો રાગ છે. આ તો ચિદાનંદઘન એવું જે સ્વસ્વરૂપ તેમાં ચરવું-રમવું એનું નામ સમ્યક્-ચારિત્ર છે. ઓહો! અંદર આનંદનો નાથ પૂરણ જ્ઞાનાનંદસ્વરૂપે વિરાજે છે તેને અનુસરીને ચરવું, તેમાં રમવું અને તેમાં જ ઠરવું એને આત્મ-ચરણ નામ સમ્યક્ચારિત્ર કહે છે.

પૂર્વે અનંતકાળમાં અનુભવી નથી એવી આ અપૂર્વ–અપૂર્વ વાતો છે. ભાઈ! તું એકવાર રુચિથી સાંભળ. અહીં કહે છે–જેણે અંતરમાં આત્માને ભાળ્યો છે, હું આ છું–એમ પ્રતીતિમાં લીધો છે એવો સમકિતી ધર્મી પુરુષ એને જ (આત્મદ્રવ્યને જ) અનુસરીને એમાં રમે એનું નામ સમ્યક્ચારિત્ર છે. જેણે પોતાનું અંતઃતત્ત્વ શું છે એ ભાળ્યું નથી, શ્રદ્ધયું નથી તે રમે તો શેમાં રમે? તે રાગમાં ને વર્તમાન પર્યાયમાં રમશે, અને એ તો મિથ્યાત્વભાવ છે. કોઈ મહાવ્રતના ભાવ પાળીને એને ધર્મ માને પણ બાપુ! એ ધર્મ નહિ, એ મિથ્યાત્વભાવ છે. બહુ આકરી વાત! પણ શું થાય? વસ્તુસ્વરૂપ જ એવું છે.

જેમ સોનું છે તે વસ્તુ છે; પીળાશ, ચીકાશ, વજન આદિ તેની

શક્તિઓ છે; તેમાંથી કુંડળ, કડું, વીંટી વગેરે અવસ્થા થાય તેને પર્યાય કહેવાય છે. તેમ આ ભગવાન આત્મા સોના સમાન ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે; પરમપારિણામિકભાવ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ તેનો ભાવ છે; તેની જ્ઞાન, દર્શન આદિ નિર્મળ દશા પ્રગટ થાય તે પર્યાય છે. વસ્તુ ને વસ્તુનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ છે, પર્યાય પરિણમનશીલ છે.

પ્રવચનસારમાં (ગાથા ૧૬૦) આવે છે કે—બાળ, યુવાન અને વૃદ્ધ એ તો શરીરની અવસ્થા છે; તેનો હું કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદક નથી; તેમ તેનું હું કારણ પણ નથી. આ શરીરની યુવાન અવસ્થા હો કે વૃદ્ધ, સરોગ હો કે નીરોગ—એવી કોઈપણ અવસ્થા હો-તેને મેં કરી નથી, કરાવી નથી, હું તેનો અનુમોદક નથી; તેમ તે તે અવસ્થાનું હું કારણ પણ નથી. અહા! આવો જે હું આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ પરમાત્મદ્રવ્ય છું. તેનું સમ્યક્ શ્રદ્ધાન થાય તે પર્યાય છે, તેનું સમ્યક્ જ્ઞાન ને અનુચરણ થાય તે પર્યાય છે. આગમભાષાથી કથન કરીએ તો તેને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા ભાવત્રયપણે કહેવામાં આવે છે.

જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય એટલે પાણી નીતરીને નિર્મળ થઈ ગયું હોય છે તેમ જેમાં કષાય દબાઈ ગયો હોય છે એવી પર્યાય નિર્મળ પ્રગટ થાય છે અને તે દશાને ઉપશમભાવ કહે છે. કંઈક નિર્મળતા અને હજુ મલિનતાનો અંશ પણ છે એવી દશાને ક્ષયોપશમભાવ કહે છે અને રાગનો જેમાં સર્વથા ક્ષય થઈ જાય એ પર્યાયને ક્ષાયિકભાવ કહે છે. આ ત્રણને ભાવત્રય કહેવામાં આવે છે. આ ત્રણ ભાવ મોક્ષમાર્ગરૂપ છે; તેમાં (મોક્ષમાર્ગમાં) ઉદયભાવ સમાતો નથી. આ વ્યવહારરત્નત્રયના પરિણામ જે ઉદયભાવ છે તે મોક્ષમાર્ગમાં સમાતા નથી. લ્યો, આવી વાત; પછી એનાથી (વ્યવહારથી) નિશ્ચય થાય એ વાત ક્યાં રહી? વાસ્તવમાં નિશ્ચય રત્નત્રય પરમ નિરપેક્ષ છે; તેમાં વ્યવહારરત્નત્રયની કોઈ અપેક્ષા નથી. (નિયમસારની બીજી ગાથામાં આ વાત આવી ગઈ છે.)

ભાઈ! આ વાત અત્યારે બીજે ક્યાંય ચાલતી નથી એટલે તને કઠણ લાગે છે પણ આ પરમ સત્ય છે. પં. શ્રી દીપચંદજી બસો વર્ષ પહેલાં થઈ ગયા. અધ્યાત્મ પંચસંગ્રહમાં તેઓ લખી ગયા છે કે—બહાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઉં છું તો વીતરાગના આગમ પ્રમાણે કોઈની શ્રદ્ધા દેખાતી નથી, તેમ આગમના સિદ્ધાંતનું સ્પષ્ટ રહસ્ય કહેનારા કોઈ વક્તા પણ જોવામાં આવતા નથી; વળી કોઈને મોઢેથી આ વાત કહીએ તો કોઈ તે માનતા નથી. માટે હું આ તત્ત્વની વાત લખી જાઉં છું.

પ્રશ્ન :—હા, પણ ગુરુદેવ! અત્યારે શું સ્થિતિ છે?

ઉત્તર :—અત્યારે તો આ વાતની હા પાડનારા રુચિવાળા જીવો પાક્યા છે. દિગંબરોમાંથી તેમ શ્વેતાંબરોમાંથીય હજારો લોકો આ વાત સમજતા થયા છે. જાણે આ વાતને સમજવાની જાગૃતિનો આ કાળ છે.

ઓહો! ભગવાન આત્મા ત્રિકાળી પરમસ્વભાવભાવરૂપ પરમ-પારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય છે; તેનાં શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્રની જે નિર્મળ દશા પ્રગટ થાય તેને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એમ ભાવત્રય કહેવામાં આવે છે.

એ તો પહેલાં આવી ગયું કે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિકભાવ દ્રવ્યરૂપ છે. એ ચાર પર્યાયરૂપ ભાવોમાંથી ત્રણ ભાવથી મુક્તિ થાય છે અર્થાત્ ત્રણભાવ છે તે મોક્ષમાર્ગરૂપ છે, જ્યારે ચોથો ઔદયિકભાવ મોક્ષ-માર્ગની બહાર છે અર્થાત્ ઔદયિકભાવથી મુક્તિ થતી નથી. હવે આવી વાત વ્યવહાર કરતાં કરતાં મોક્ષ થઈ જશે એમ માનનારા ઓલા વ્યવહાર-રસિયાઓને રૂચતી નથી. પણ શું થાય? વ્યવહારનો જે રાગ છે તે ઔદયિકભાવ છે અને ઔદયિકભાવ મુક્તિનું-મોક્ષનું કારણ નથી.

એક મુમુક્ષુભાઈ કરોડપતિ છે, તે એકવાર એમ બોલ્યા, "મહારાજ! તમારી વાત મને એમ તો ઠીક લાગે છે, પણ મને એ ઘણા ભવ પછી સમજાશે." અરે ભાઈ! આ વાત ઠીક લાગે છે એને ઘણા ભવ કેમ હોય? માટે તું એમ કહે ને કે મને આમાં ઠીક લાગતું નથી. શું થાય? લોકોને આવું પરમ તત્ત્વ સમજવું કઠણ પડે છે. પણ બાપુ! આ તો દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્માથી આવેલી પરમ સત્ય વાત છે.

અહા! ચોરાશીના અવતારમાં ક્યાંય એકેન્દ્રિયાદિમાં રખડતાં રખડતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માંડ આ મનુષ્યભવ મળ્યો છે. એમાં બહારમાં હો–હા કરીને રળવા–કમાવામાં એને તું વીતાવી દે તો જિંદગી એળે જાય.

પણ પૈસા–ધન તો મળે ને?

શું ધૂળ પૈસા મળે? એ તો પુણ્યોદય હોય તો ઢગલા થઈ જાય; પણ એમાં શું છે? એ તો ધૂળની ધૂળ છે બાપુ! જેનાથી જન્મ-મરણના ફેરા ન મટે એ ચીજ શું કામની? અહો! આવી સર્વજ્ઞ પરમેશ્વરની વાણી ભાગ્ય હોય તો કાને પડે. લોકો તો સંપ્રદાયમાં સાંભળવા જાય. પણ ખુલ્લું કરીને કહીએ તો સંપ્રદાયનાં શાસ્ત્રો છે તે ભગવાનનાં કહેલાં નથી, કલ્પનાથી લખાયેલાં છે; માટે એ વાણીથી ભ્રાંતિ ટળે એમ કદીય બને નહિ. લોકોને ઠીક પડે ન પડે, માર્ગ તો આવો છે ભાઈ! સર્વ જીવો પોતપોતામાં સ્વતંત્ર છે.

મહાવિદેહક્ષેત્રમાં અત્યારે સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા સીમંધરસ્વામી બિરાજે છે; પાંચસો ધનુષ્યનો તેમનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, ત્રિકાળજ્ઞાની છે ને પોતે તીર્થંકરપદમાં બિરાજે છે. બીજા લાખો કેવળી ભગવંતો પણ ત્યાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે, તેમાં આ કહે છે કે – આગમભાષાથી ઉપશમ આદિ એ જે ભાવત્રય કહેવાય છે તે મોક્ષનું કારણ છે, અને ઉદયભાવ તે મોક્ષનું કારણ નથી. શું કીધું? આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિ જે શુભવૃત્તિ ઉઠે છે તે રાગ છે, વિકાર છે અને તે મોક્ષનું-સુખનું કારણ નથી. ભાવપાહુડની ગાથા ૮૩માં કહ્યું છે કે વ્રત, પૂજા, ભક્તિ આદિ છે એ કાંઈ જૈનધર્મ નથી, વીતરાગતામય ધર્મ નથી; એ તો બધી રાગની ક્રિયાઓ છે, એના વડે પુણ્ય થાય છે, ધર્મ નહિ.

વાસ્તવમાં શુદ્ધ પારિણામિકભાવવિષયક જે ભાવના તેરૂપ જે ઔપશમિક ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાથી શુદ્ધ ઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષનાં કારણ છે, ચાહે ઉપશમભાવ હો, ક્ષયોપશમભાવ હો કે ક્ષાયિકભાવ હો—એ ત્રણે ભાવ રાગના વિકલ્પથી રહિત શુદ્ધ છે અને તેથી તેને મોક્ષમાર્ગપણે ભાવત્રય કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની ચીજની ખબરેય ન મળે અને ઓઘે ઓઘે માને કે ભગવાનની ભક્તિ કરો તો ભગવાન મોક્ષ આપી દેશે. પણ ભાઈ! જરા વિચાર તો કર. ભગવાન તને શું આપશે? તારી ચીજ તો તારી પાસે પડી છે; ભગવાન તને ક્યાંથી આપશે? વળી ભગવાન તો પૂરણ વીતરાગ પ્રભુ નિજાનંદરસલીન પરિણમી રહ્યા છે. તેમને કાંઈ લેવું-દેવું તો છે નહિ તો તેઓ તને મોક્ષ કેમ આપશે?

તો ભગવાનને મોક્ષદાતાર કહેવામાં આવે છે ને?

હા, કહેવામાં આવે છે. એ તો ભગવાને પોતે પોતામાં પોતાથી નિજાનંદલીન થઈ મોક્ષદશા પ્રગટ કરી અને પોતાને જ તે દીધી તો તેમને મોક્ષદાતાર કહીએ છીએ. તથા કોઈ જીવ તેમને જોઈ, તેમનો ઉપદેશ પામી સ્વયં અંતર્લીન થઈ જ્ઞાનદર્શન પ્રગટ કરે તો તેમાં ભગવાન નિમિત્ત છે. તો નિમિત્તની મુખ્યતાથી ભગવાનને ઉપચારમાત્ર મોક્ષદાતાર કહેવામાં આવે છે. લ્યો, આવી વાત છે.

જુઓ, એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જે પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર છે; તેમને શરીરની દશા નગ્ન હોય છે. તેમને 'અરિહંત' ભગવાન કહેવામાં આવે છે. 'અરિહંત' એટલે શું? 'અરિ' નામ પુણ્ય ને પાપના વિકારી ભાવ; અને તેને જેઓએ હણ્યા છે તે અરિહંત છે. લ્યો, હવે પુણ્યભાવને જ્યાં અરિ અર્થાત્ વેરી કહ્યો છે ત્યાં તે ભાવ ધર્મ પ્રગટ થવામાં મદદ કરે એ કેમ બને? ભાઈ! હરકોઈ પ્રકારે આ સ્પષ્ટ છે કે એ પુણ્યભાવ ઔદયિકપણે છે અને તે મોક્ષનું કારણ નથી, મોક્ષના કારણરૂપ તો ઉપશમાદિ ભાવત્રય કહેવામાં આવ્યા છે.

વળી કહે છે – નિજપરમાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ જે પરિણામ છે તે અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ નામથી કહેવાય છે. જોયું? શું કહે છે? કે આત્માનું દર્શન, આત્માનું જ્ઞાન અને આત્માનું અનુચરણ એ ત્રણેય ભાવ શુદ્ધાત્માની સન્મુખના પરિણામ છે. લ્યો, આમ લોકોની વાતમાં અને આ વીતરાગતાના તત્ત્વની વાતમાં આવડો મોટો ફેર છે. આવે છે ને કે –



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદા કહે પરમાનંદા, માણુસે માણુસે ફેર;
એક લાખે તો ના મળે, એક તાંબિયાના તેર.

અહા! અજ્ઞાનીની માનેલી શ્રદ્ધામાં અને ભગવાન વીતરાગ પરમેશ્વરે કહેલા તત્ત્વની શ્રદ્ધામાં વાતે વાતે ફેર છે.

અહાહાહા....! સર્વજ્ઞદેવ ત્રિલોકીનાથ અરિહંત પરમાત્મા એમ ફરમાવે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે તે શુદ્ધાત્માભિમુખ પરિણામ છે, અર્થાત્ તે પરિણામ રાગથી ને પરથી વિમુખ અને સ્વભાવથી સન્મુખના પરિણામ છે. અહા! જેને આગમભાષાએ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ કહીએ તે શુદ્ધાત્માભિમુખ અર્થાત્ સ્વભાવસન્મુખના પરિણામ છે અને તેને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ...?

અનંતકાળથી પ્રભુ! તું દુ:ખી થવાના પંથે દોરાઇ ગયો છો. અહીં તને સુખી થવાનો પંથ બતાવે છે. શું કહે છે? કે પરથી વિમુખ અને સ્વથી સન્મુખ એવા નિજ પરિણામનું નામ મોક્ષનો મારગ છે. સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર હોય તોપણ તેઓ તારા માટે પરદ્રવ્ય છે ભાઈ! તેમના પ્રતિ તને જે ભક્તિ હોય એનાથી વિમુખ અને એ રાગને જાણવાની એક સમયની પર્યાયથી પણ વિમુખ શુદ્ધ આત્મદ્રવ્યની સન્મુખના જે પરિણામ તેને ભગવાન મોક્ષનો મારગ ફરમાવે છે. સાવ અજાણ્યા માણુસને તો આ પાગલના જેવી વાત લાગે. પણ શું કરીએ? નાથ! તને તારી ખબર નથી!

શુદ્ધ આત્મવસ્તુ સહજશુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય છે. તેની સન્મુખના પરિણામને આગમભાષાથી ઉપશમાદિ ભાવત્રય કહીએ છીએ, અધ્યાત્મભાષાથી તેને શુદ્ધાત્માભિમુખ કહીએ છીએ અને તેને જ મોક્ષનો માર્ગ કહીએ છીએ. ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ છે તે તો ઔદયિકભાવ છે અને તે પરસન્મુખના ભાવ છે. તેથી તે ધર્મ નથી, તેમ ધર્મનું કારણેય નથી. સ્વાભિમુખ સ્વદશા જ એક મોક્ષનું કારણ છે, મારગ આવો સૂક્ષ્મ છે ભાઈ!

એક મોટા પંડિત એમ કહેતા હતા કે પર્યાયમાં જો અશુદ્ધભાવ થાય તો આખું દ્રવ્ય અશુદ્ધ થઈ જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ભાઈ! તું શું કહે છે આ? શુદ્ધ આત્મદ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. ત્રિકાળી દ્રવ્ય કદીય અશુદ્ધ થતું જ નથી. પર્યાયમાં વિકાર-અશુદ્ધતા થાય છે. શુભાશુભ વખતે દ્રવ્યની પર્યાય તેમાં તન્મય છે. દ્રવ્યની પર્યાય અશુદ્ધતાથી તન્મય છે, પણ તેથી કાંઈ ત્રિકાળી દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે એમ નથી. પરિણામ ભલે શુભ કે અશુભ હો, તે કાળે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તો શુદ્ધ જ છે. અનાદિ-અનંત વસ્તુતત્ત્વ તો શુદ્ધ જ છે, અને જ્યાં શુભાશુભથી ખસીને જીવ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરે છે ત્યાં તત્કાલ જ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ...? 'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ને ટચ, આટલું બસ'—બસ આ વાત છે.

ઈંદોરના શેઠ સર હુકમચંદજી અહીં આવેલા; ૮૩ વર્ષની ઉંમરે દેહ છૂટી ગયો, તેઓ કહેતા હતા—'તમે કહો છો એ માર્ગ તો બીજે ક્યાંય સાંભળવા મળતો નથી. તમે કહો છો એ હિસાબે તો ભાવલિંગી-સાચા સંત વર્તમાનમાં કોઈ દેખાતા નથી.'

લોકોને આ વાત કઠણ પડે. કેટલાકને આમાં અપમાન જેવું લાગે. પણ બાપુ! આ તો વાસ્તવિકતા છે. તારી અવાસ્તવિક માન્યતા ટળે અને સત્યાર્થ વાત તને સમજાય એ હેતુથી આ તારા હિતની વાત કહેવાય છે. ભાઈ! કોઈના અનાદર માટેની આ વાત નથી; (આ તો સ્વસ્વરૂપના આદરની વાત છે).

આત્મા જે પરમભાવસ્વરૂપ ત્રિકાળી નિજ પરમાત્મદ્રવ્ય છે તેનું જે સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પરિણામ તેને 'શુદ્ધોપયોગ' પર્યાયસંજ્ઞાથી કહેવામાં આવે છે, અને તે સ્વાભિમુખ પરિણામ છે. પુણ્ય ને પાપના જે ભાવ થાય તે તો અશુદ્ધોપયોગ છે અને તે પરસન્મુખના પરિણામ છે. આત્માની સન્મુખના જે સ્વાભિમુખ પરિણામ છે તેને 'શુદ્ધોપયોગ' કહે છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો માર્ગ છે એમ કહેતાં જ વ્યવહારરૂપ જે શુભોપયોગ છે તે મોક્ષમાર્ગ નથી એમ તેમાં સ્પષ્ટ થઈ જાય છે.

અરે ભાઈ! તું થોડા દિ' શાંત ચિત્તે ધીરજથી આ વાત સાંભળ! બાપુ! આ કાંઈ વાદવિવાદ કરવાનો વિષય નથી, ને અમે કોઈથી વાદવિવાદમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉતરતા પણ નથી. આ તો શુદ્ધ વીતરાગી તત્ત્વની જે અંતરની વાત છે તે કહીએ છીએ. બાકી વાદથી કાંઈ અંતરનું તત્ત્વ પમાય એમ નથી.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યમય અનંતગુણનિધાન પ્રભુ એક સમયમાં પરિપૂર્ણ વસ્તુ છે. તેની સન્મુખના પરિણામ થાય તેને અહીં શુદ્ધોપયોગ કહ્યો છે અને તેને જ મોક્ષમાર્ગ કહ્યો છે. વળી તેને જ શુદ્ધાત્મભાવના, શુદ્ધરત્નત્રય, વીતરાગતા, સ્વચ્છતા, પવિત્રતા, પ્રભુતા, સામ્યભાવ ઇત્યાદિ કહીએ છીએ. અહીં તો આ ચોકખી વાત છે. આ સિવાય ( સ્વસન્મુખના પરિણામ સિવાય ) દયા, દાન આદિના જે પરિણામ થાય તે કાંઈ વાસ્તવમાં જૈનધર્મ નથી. આ મંદિરમાં ને શાસ્ત્રના પ્રકાશનમાં લાખો રૂપિયાનું દાન લોકો આપે છે ને? અહીં કહે છે–એ ધર્મ નથી, બહુ આકરી વાત ભાઈ! એ રૂપિયા તો બધા પર જડ માટી–ધૂળ છે. એ તો પોતાના કાળમાં પોતાની ક્રિયાવતી શક્તિના કારણે આવે અને જાય. ત્યાં પરનો સ્વામી થઈને તું માન કે મેં પૈસા દાનમાં આપ્યા તો એ તો ભ્રમભરી તારી મૂઢમતિ છે.

શાંતિપ્રસાદ સાહૂજી પ્રાંતીજમાં આવ્યા હતા; ત્રણ વ્યાખ્યાન સાંભળી ગયા. ગયા વર્ષે આ શરીરને ૮૭ મું વર્ષ બેઠું ત્યારે જન્મ જયંતિ વખતે દાદરમાં તેમણે ૮૭૦૦૦ ની રકમ તેમના તરફથી જાહેર કરી હતી. તે વખતે તેમને અમે કહેલું—શેઠ, દાન આપવામાં રાગ મંદ હોય તો પુણ્યબંધનું કારણ બને, પણ તે કાંઈ ધર્મનું કારણ નથી.

ભાઈ! ધર્મ તો એક શુદ્ધાત્મસન્મુખ પરિણામ જ છે. તેને અહીં શુદ્ધોપયોગ કહેલ છે. તેને શુદ્ધોપયોગ કહો, વીતરાગવિજ્ઞાન કહો, સ્વચ્છતાના પરિણામ કહો, અનાકુળ આનંદના પરિણામ કહો, શુદ્ધાત્માભિમુખ પરિણામ કહો કે શાંતિના પરિણામ કહો—તે આવા અનેક નામથી કહેવાય છે. અહાહા....! શાંતિ....શાંતિ શાંતિ....ભગવાન આત્મા પૂરણ શાંતિથી ભરેલું ચૈતન્યતત્ત્વ છે. તેની સન્મુખતાના જે પરિણામ થાય તે પણ શાંત... શાંત... શાંત...અકષાયરૂપ શાંત વીતરાગી શુદ્ધ પરિણામ છે. વસ્તુ પોતે પૂરણ અકષાય શાંતસ્વરૂપ છે, અને તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા—એ પણ અકષાયસ્વરૂપ શાંત....શાંત...શાંત છે; આને જ મોક્ષનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થાત્ પૂરણ પરમાનંદની પ્રાપ્તિનો ઉપાય કહે છે. આ સિવાય બીજો કોઈ ઉપાય છે જ નહિ.

ભાઈ! અનાદિઅનંત સદા એકરૂપ પરમસ્વભાવભાવસ્વરૂપ નિજ-પરમાત્મદ્રવ્ય તે ધ્રુવ ત્રિકાળ છે, ને મોક્ષમાર્ગ તે પરમસ્વભાવભાવના આશ્રયે પ્રગટેલી વર્તમાન વર્તમાન પર્યાય છે. એક ત્રિકાળભાવ ને એક વર્તમાન પર્યાયભાવ; આવા દ્રવ્ય-પર્યાયરૂપ બંને સ્વભાવો વસ્તુમાં એક-સાથે છે. વસ્તુ કદી પર્યાય વગરની હોય નહિ; દરેક સમયે તે નવી નવી પર્યાયે પરિણમ્યા કરે છે. તે પર્યાય જો અંતર્મુખ સ્વભાવભાવમાં ઢળેલી હોય તો તે મોક્ષનું કારણ છે, ને બહિર્મુખ પરભાવમાં ઢળેલી હોય તો તે બંધનું કારણ છે. આમ બંધ-મોક્ષની રમતુ તારી પર્યાયમાં જ સમાય છે; બીજું કોઈ તારા બંધ-મોક્ષનું કારણ નથી. પોતાના પરમસ્વભાવમાં એકાગ્ર થઈને આનંદને અનુભવનારી ધ્રુવમાં ઢળેલી ને ધ્રુવમાં ભળેલી જે દશા થાય તે મોક્ષમાર્ગ છે અને તે ધર્મ છે. ધ્રુવસામાન્યને ધ્યેયમાં લઈને જે દશા પ્રગટી તે નવી છે; ધ્રુવ નવું નથી પ્રગટ્યું પણ નિર્મળ અવસ્થા નવી પ્રગટી છે, ને તે વખતે મિથ્યાત્વાદિ જુની અવસ્થાનો નાશ થયો છે. નાશ થવું ને ઉપજવું તે પર્યાયધર્મ છે, ને ટકી રહેવું તે દ્રવ્યસ્વરૂપ છે. આવી વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ છે, અહો! દ્રવ્ય અને પર્યાયનું આવું અલૌકિક સત્યસ્વરૂપ સર્વજ્ઞભગવાને સાક્ષાત્ જોઈને ઉપદેશ્યું છે. અહા! આને સમજતાં તો તું ન્યાલ થઈ જાય અને તેના ફળમાં કેવળજ્ઞાન ફળે એવી આ અલૌકિક વાત છે!

નિજ પરમાત્મદ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગ છે, પરના આશ્રયે મોક્ષમાર્ગ નથી. શું કીધું? આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ ત્રણે સ્વાશ્રિત પરિણામ છે, તેમાં પરનું કે રાગનું અવલંબન જરાય નથી. તે ત્રણેય ભાવો શુદ્ધાત્માભિમુખ છે ને પરથી વિમુખ છે. આ રીતે મોક્ષમાર્ગ અત્યંત નિરપેક્ષ છે, પરમ ઉદાસીન છે. જેટલા પરસન્મુખના પરાશ્રિત રાગાદિ વ્યવહારભાવો છે તે કોઈપણ મોક્ષમાર્ગ નથી. સ્વાભિમુખ સ્વાશ્રિત પરિણામમાં વ્યવહારના રાગની ઉત્પત્તિ જ થતી નથી. માટે તે રાગાદિ-ભાવો મોક્ષમાર્ગ નથી; જે સ્વાશ્રિત નિર્મળરત્નત્રયરૂપ ભાવ છે તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષમાર્ગ છે, અને તે જ ધર્મ છે. તેને જ આગમ ભાષાથી ઉપશમાદિ ભાવત્રય કહેવામાં આવેલ છે.

આ પ્રમાણે પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ કોણ છે તે બતાવ્યું; તેનાં બીજાં અનેક નામોની ઓળખાણ કરાવી. હવે કહે છે—

'તે પર્યાય શુદ્ધપારિણામિકભાવ લક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.'

શું કીધું? કે જે શુદ્ધ પારિણામિકભાવલક્ષણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનાથી તે મોક્ષમાર્ગની પર્યાય કથંચિત્ ભિન્ન છે. જે પરિણામને આગમ-ભાષાએ ઉપશમ આદિ ભાવત્રયપણે કહ્યા અને અધ્યાત્મભાષાએ જેને શુદ્ધાત્માભિમુખ પરિણામ વા શુદ્ધોપયોગ પરિણામ કહ્યા તે પરિણામ ત્રિકાળી પરમસ્વભાવભાવરૂપ નિજ પરમાત્મદ્રવ્યથી કથંચિત ભિન્ન છે. જુઓ, મોક્ષમાર્ગનાં દ્રવ્યસંગ્રહમાં ૬૫ નામ આપ્યાં છે. એ બધાં સ્વસ્વભાવમય ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મદ્રવ્યના આશ્રયે પ્રગટેલા શુદ્ધોપયોગરૂપ પરિણામનાં નામાંતર છે. અહીં કહે છે—તે પરિણામ શુદ્ધ પારિણામિક-ભાવલક્ષણ શુદ્ધ આત્મદ્રવ્યથી કથંચિંત્ ભિન્ન છે, ઝીણી વાત છે પ્રભુ!

રાગાદિ પુણ્ય-પાપના ભાવ તો ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્યથી ભિન્ન જ છે કેમકે રાગાદિ છે તે દોષ છે, ઉદયભાવ છે, ને બંધનું કારણ છે, જ્યારે ભગવાન આત્મા સદા નિર્દોષ, નિરપેક્ષ અને અબંધ તત્ત્વ છે. ભાઈ! આ વ્યવહારરત્નત્રયના ભાવ, દેવ-શાસ્ત્ર-ગુરુની ભેદરૂપ શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન ને પંચમહાવ્રતના પરિણામ ઈત્યાદિ જે મંદરાગના પરિણામ છે તે કર્મના ઉદયે ઉત્પન્ન થયેલા ઔદયિક ભાવ છે. તે ઉદયભાવ બંધનું કારણ છે અને તેથી તે પરિણામ શુદ્ધ આત્મદ્રવ્યથી ભિન્ન છે અર્થાત્ તે પરિણામમાં શુદ્ધ આત્મદ્રવ્ય નથી.

અહીં તો વિશેષ એમ કહે છે કે—પૂર્ણાનંદમય પરમાનંદમય એવો જે મોક્ષ છે તેનો ઉપાય જે શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગ તે ભાવ એક સમયની પર્યાયરૂપ છે અને તે ભાવ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત ભિન્ન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે પર્યાય છે, શુદ્ધોપયોગ છે તે પર્યાય છે; એ પર્યાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહીં કહે છે, શુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યથી કથંચિત ભિન્ન છે. અહા! જેમાં કાંઈ પલટના નથી, બદલવું નથી એવી પોતાની ત્રિકાળી ધ્રુવ ચીજ શુદ્ધ આત્મવસ્તુ જેને અહીં શુદ્ધ પારિણામિકભાવલક્ષણ કહી એનાથી સ્વાભિમુખ પ્રગટ થયેલા મોક્ષમાર્ગના પરિણામ કથંચિત ભિન્ન છે એમ કહે છે. અહો! જૈન તત્ત્વ બહુ સૂક્ષ્મ છે પ્રભુ!

કર્મોદયના નિમિત્તે જે ભાવ થાય તે વિકાર છે અને તે બંધનું કારણ છે, ઉપશમભાવ છે તે કર્મના અનુદયના કારણરૂપ દશા છે; તે દશા પવિત્ર છે, પણ અંદર સત્તા હજી પડી છે તો તેને ઉપશમભાવ કહેવાય છે. કાંઈક નિર્મળ અને કાંઈક મલિન અંશ છે એવી મિશ્રદશાને ક્ષયોપશમ-ભાવ કહેવાય છે. કર્મના ક્ષયના નિમિત્તે પ્રગટ થાય તેને ક્ષાયિકભાવ કહેવાય છે. લ્યો, આમાં તો કર્મના ઉપશમ, ક્ષય આદિની અપેક્ષા આવે છે, જ્યારે ત્રિકાળી જે સ્વભાવભાવ છે તેને કોઈ અપેક્ષા લાગુ પડતી નથી. ઓહો! ત્રિકાળી ચૈતન્યમાત્ર જે દ્રવ્યસ્વભાવ ચિદાનંદ, સહજાનંદ, નિત્યાનંદ પ્રભુ તે પરમ નિરપેક્ષ તત્ત્વ છે.

અહા! આ તો મારગડા જ તદ્દન જુદા છે પ્રભુ! ભાઈ! તારી અંદર જે ત્રિકાળી ધ્રુવ સદા એકરૂપે પડી છે તે સહજાનંદમૂર્તિ પ્રભુ એકલું જ્ઞાન અને આનંદનું દળ છે. અહા! તે સમ્યગ્દર્શનનો વિષય છે. પ્રવચનસારમાં કહ્યું છે કે—જ્ઞેયતત્ત્વની અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે. અહા! આવું સમ્યગ્દર્શન જે એણે અનંતકાળમાં પ્રગટ કર્યું નથી અને જે મોક્ષનું સૌ પહેલું પગથિયું છે તે, અહીં કહે છે, ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકદ્રવ્યથી ભિન્ન છે. બાપુ! મારગડા આવા છે તારા!

ભગવાન! પરમાત્મદ્રવ્ય છે તારો આત્મા; પ્રત્યેક આત્મા સ્વરૂપથી આવો છે. તેને, અહીં કહે છે, શરીરની અવસ્થાથી ન જુઓ, એને રાગની અવસ્થાથી ન જુઓ, અરે! એનામાં નિર્મળ અવસ્થા છે તે હું એમ પણ ન જુઓ; અહા! નિર્મળ અવસ્થામાં એક ત્રિકાળી દ્રવ્ય હું છું એમ જુઓ. અહા! આવું ભગવાન! તારું ત્રિકાળી ધ્રુવ જે એક જ્ઞાયકતત્ત્વ એનાથી વર્તમાન નિર્મળ અવસ્થા ભિન્ન છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકોએ માર્ગ કદી સાંભળ્યો ન હોય એટલે નવો લાગે પણ ભાઈ! આ માર્ગ કાંઈ નવો કાઢયો નથી; આ તો અનંતા જિનેશ્વર ભગવંતોએ આદરેલો ને કહેલો સનાતન માર્ગ છે. અહા! પંચમહાવ્રતાદિનું પાલન એણે અનંતવાર કર્યું, અનંતવાર એ નગ્ન દિગંબર સાધુ થયો, પણ એક સમયની પાછળ (ભિન્નપણે) આખું પરમાત્મતત્ત્વ શું છે એનું જ્ઞાન એણે કદી પ્રગટ કર્યું નથી. એક સમયની પર્યાયમાં બધી રમતુ રમ્યો, પણ અંદર આત્મારામ ચૈતન્યમહાપ્રભુ બિરાજી રહ્યો છે એમાં રમણુતા ન કરી. માર્ગ અંદર તદ્દન નિરાળો છે ભાઈ!

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઇત્યાદિ બધો શુભરાગ છે તે વિકલ્પ છે અને તે ઉદયભાવ છે, બંધનું કારણ છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જે ભાવત્રય છે તે એનાથી (ઉદયભાવથી) રહિત છે. એ ત્રણભવને અહીં શુદ્ધોપયોગ કહેલ છે. તે શુદ્ધોપયોગ કે જેમાં આનંદની દશાનું વેદન છે તે દશાપર્યાય ત્રિકાળી ચીજથી કથંચિત્ ભિન્ન છે. એક સમયની પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિક છે. તે અપેક્ષાએ શુદ્ધોપયોગની દશા ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્યથી ભિન્ન છે. આવી વાત! સમજાણું કાંઈ...?

સમયસારના સંવર અધિકારમાં આવ્યું છે કે પુણ્ય-પાપના ભાવ અને વ્યવહારરત્નત્રયનો જેટલો વિકલ્પ છે તે સર્વ રાગ ત્રિકાળી દ્રવ્યથી ભિન્ન છે. અહા! ભાવ તો ભિન્ન છે પણ રાગના પ્રદેશોય ભિન્ન છે એમ ત્યાં કહ્યું છે. અહાહા...! એકલું આનંદનું દળ પ્રભુ આત્મા-એમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી. એટલે વિકારનું ક્ષેત્ર ત્રિકાળી દ્રવ્યના ક્ષેત્રથી ભિન્ન છે. અનંત-ગુણધામ પ્રભુ આત્મા ત્રિકાળ શુદ્ધ અસંખ્યપ્રદેશી વસ્તુ છે. તેની પર્યાયમાં જે દયા, દાન આદિ વિકલ્પ ઉઠે છે તે ત્રિકાળી સ્વભાવથી તો ભિન્ન છે, પણ ક્ષેત્રથી પણ તે ભિન્ન છે, બંનેને ભિન્નભિન્ન વસ્તુ કહી છે. એક વસ્તુની ખરેખર બીજી વસ્તુ નથી એમ ત્યાં કહ્યું છે. પ્રવચનસાર ગાથા ૧૦૨ની શૈલિ પ્રમાણે 'ચિદ્વિલાસ'માં પણ એમ કહ્યું છે કે પર્યાયને કારણે પર્યાય થાય છે, દ્રવ્ય-ગુણને કારણે નહિ.

આ રીતે મોક્ષમાર્ગની જે પર્યાય છે તે પર્યાયનો કર્તા તે પર્યાય, પર્યાયનું કર્મ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું સંપ્રદાન, અપાદાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને અધિકરણ પણ પર્યાય જ છે. પર્યાય એક સમયનું સહજ સત્ છે. આવો વીતરાગનો મારગ શૂરાનો મારગ છે, કાયરોનું, જેઓ મારગ સાંભળીને પણ કંપી ઉઠે એમનું એમાં કામ નથી.

જુઓ, આત્મભાન થયા પછી પણ જ્ઞાનીને શુભ ને અશુભભાવ પણ આવે છે. તેને કદાચિત્ આર્ત્ત-રૌદ્રધ્યાનના તથા વિષયભોગના ભાવ પણ થાય છે. નબળાઈને લઈને તે ભાવ થાય છે પણ જ્ઞાનીને એ ભાવની હોંશ નથી, એને એ ભાવોમાં મજા નથી. એ તો જાણે છે કે મારા સ્વરૂપમાં જ મજા છે, એ સિવાય બહારમાં-નિમિત્તમાં કે રાગમાં—ક્યાંય મજા નથી. રાગ અને નિમિત્તમાં મજા છે એવી દૃષ્ટિનો એને અભાવ છે.

હવે આ વાણિયા આખો દિ' પૈસા રળવા-કમાવામાં ગરી ગયા હોય તે આ કયે દિ' સમજે? પણ બાપુ! એ પૈસા-બૈસા તો જડ માટી-ધૂળ છે. એમાં કયા આત્મા છે? એ મારા છે એવી માન્યતા જ મિથ્યાત્વ છે, કેમકે જડ છે તે કદીય ચેતનરૂપ થાય નહિ. અહીં તો કહે છે-આ મોક્ષ-માર્ગની જે પર્યાય છે કે જેમાં અપૂર્વ-અપૂર્વ આનંદનો સ્વાદ આવે છે, તે પર્યાય પણ દ્રવ્યથી કથંચિત ભિન્ન છે. અતીન્દ્રિય આનંદનો પૂરણ સ્વાદ આવે તે મોક્ષ છે અને તે પણ એક પર્યાય છે. તે પર્યાય દ્રવ્યથી કથંચિત ભિન્ન છે. હવે દ્રવ્ય શું? ગુણ શું? અને પર્યાય શું? -આવું પોતાનું દ્રવ્ય-પર્યાયસ્વરૂપ કદી લોકોએ જાણવાની દરકાર જ કરી નથી.

ત્રિલોકીનાથ અરિહંત પરમેશ્વર એમ ફરમાવે છે કે-વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉઠે છે એ તો કથનમાત્ર મોક્ષનો માર્ગ છે. એ તો ભગવાન આત્માથી ભિન્ન જ છે; પણ ત્રિકાળી ધ્રુવના આલંબને જે અંતરમાં સત્યાર્થ મોક્ષનો માર્ગ પ્રગટ થયો તે મોક્ષના માર્ગની પર્યાય પણ ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે; કેમકે વસ્તુ દ્રવ્ય છે તે ત્રિકાળ છે ને પર્યાયનો કાળ તો એક સમય છે. ન્યાલભાઈએ તો 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં પર્યાયને દ્રવ્યથી સર્વથા ભિન્ન કહેલ છે એ વાત ખ્યાલમાં છે, પણ અહીં અપેક્ષા રાખીને કથંચિત ભિન્ન કહેલ છે. મોક્ષનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કારણ જે નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય તે શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત ભિન્ન છે એમ અહીં અપેક્ષાથી વાત છે.

સમ્યગ્દર્શન છે તે પર્યાય છે. તેનો વિષય ત્રિકાળ સત્યાર્થ, ભૂતાર્થ, છતી ચીજ સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્મા છે. અહીં કહે છે વિષયી જે પર્યાય છે તે એનો વિષય જે ત્રિકાળી ધ્રુવ ચીજ છે એનાથી કથંચિત્ ભિન્ન છે.

'શા માટે?'—તો કહે છે—

'ભાવનારૂપ હોવાથી, શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી.'

અહો! જંગલમાં વસતાં વસતાં સંતોએ કેવાં કામ કર્યાં છે! અંદરમાં સિદ્ધની સાથે ગોષ્ઠી કરી છે, અર્થાત્ અંદર નિજ સિદ્ધસ્વરૂપનો અનુભવ પ્રગટ કરીને પોતે ભગવાન સિદ્ધના સાધર્મી થઈ બેઠા છે. વાહ! મોક્ષમાર્ગને સાધનારા સંતો સિદ્ધના મિત્ર છે, સાધર્મી છે. એમની આ વાણી છે. તેઓ કહે છે—

ભગવાન આત્મા શુદ્ધપારિણામિકભાવલક્ષણ વસ્તુ પૂર્ણ એક ચૈતન્યમય વસ્તુ છે તે ત્રિકાળ ભાવરૂપ છે, ભાવનારૂપ નથી, જ્યારે તેના આશ્રયે જે મોક્ષનો માર્ગ પ્રગટ થયો છે તે ભાવનારૂપ છે, ત્રિકાળભાવરૂપ નથી. ઝીણી વાત પ્રભુ!

અજ્ઞાની મૂઢ જીવો આ બૈરાં-છોકરાં મારાં ને આ બાગ-બંગલા મારા અને હું આ કરું ને તે કરું—એમ પરની વેતરણ કરવામાં ગુંચાઈ ગયા છે, સલવાઈ પડયા છે. તેઓ તો મોક્ષના માર્ગથી બહુ જ દૂર છે. અહીં તો આ કહે છે કે—મોક્ષમાર્ગની પર્યાય વર્તમાન ભાવનારૂપ હોવાથી ત્રિકાળી ધ્રુવ નિજપરમાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે એવો ભેદ અંતરમાં જેમને ભાસિત થયો નથી તેઓ પણ મોક્ષના મારગથી દૂર છે. હવે જ્યાં આ વાત છે ત્યાં વ્યવહારથી નિશ્ચય પ્રગટે એ વાત કયાં રહી પ્રભુ!

ત્રિકાળી પારિણામિકને ભાવરૂપ કહીએ; એને પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, નિત્ય કહીએ, સદૃશ કહીએ, એકરૂપ કહીએ. અને જે આ પર્યાય છે તે અનિત્ય, અધ્રુવ, વિસદૃશ કહીએ, કેમકે તેમાં પ્રતિસમય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદ-વ્યય થાય છે. મોક્ષનો મારગ છે તે પણ ઉત્પાદ-વ્યયરૂપ છે. એટલે કે વર્તમાન જેનો ઉત્પાદ થાય તેનો બીજે સમયે વ્યય થાય છે, બીજે સમયે ઉત્પાદ થાય તેનો ત્રીજે સમયે વ્યય થાય છે. આ પ્રમાણે ઉત્પાદ-વ્યયરૂપ હોવાથી મોક્ષમાર્ગની પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. કેમ? કેમકે તે પર્યાય ભાવનારૂપ છે. સમજાણું કાંઈ...?

બાર ભાવના કહી છે ને? તેમાં પ્રથમ તો વિકલ્પરૂપ ભાવના હોય છે. તેનો વ્યય થઈને પછી નિર્વિકલ્પ થાય છે. આ નિર્મળ નિર્વિકલ્પ પર્યાય જે અંદર પ્રગટ થઈ તે ભાવનારૂપ છે. ભાવ જે ત્રિકાળી એકરૂપ પરમાત્મદ્રવ્ય તેની સન્મુખ થઈને પ્રગટેલી જે દશા છે તે ભાવનારૂપ છે, ત્રિકાળી ભાવરૂપ નથી. ભાઈ! આ તો ભાષા છે, જડ છે. તેનો વાચ્યભાવ શું છે તે યથાર્થ સમજવો જોઈએ.

શુદ્ધ પારિણામિકભાવ ત્રિકાળી સ્વભાવ પરમાનંદમય પ્રભુ છે. તે ભાવનારૂપ નથી, અર્થાત્ તે વર્તમાન પર્યાયરૂપ નથી; તેના આશ્રયે પ્રગટેલી મોક્ષના કારણરૂપ દશા ભાવનારૂપ છે. હવે આવી વાત ન સમજતાં કેટલાક દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ કહે છે. અરે પ્રભુ! આ તું શું કહે છે ભાઈ! તારી માન્યતાથી મારગનો વિરોધ થાય છે . ભાઈ! એ રીતે તને સત્ય નહિ મળે, અસત્ય જ તને મળશે; કેમકે રાગના સર્વ ભાવ અસત્યાર્થ જ છે. આકરી વાત પ્રભુ! પણ જો ને અહીં શું કહે છે? ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ વર્તમાન મોક્ષમાર્ગની પર્યાયને તેનાથી કથંચિત્ ભિન્ન કહીને અસત્યાર્થ કહી તો પછી રાગના વિકલ્પવાળી મલિન દુ:ખરૂપ દશાનું શું કહેવું? ભાઈ! મોક્ષમાર્ગની પર્યાય છે તે તો પવિત્ર છે, આનંદરૂપ છે, અબંધ છે. તે પણ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે તો પછી બંધરૂપ રાગની દશાનું શું કહેવું? રાગ કરતાં કરતાં નિશ્ચય (–વીતરાગતા) પ્રગટે એ તો તારો અનાદિકાલીન ભ્રમ છે ભાઈ! (ત્યાંથી હઠી જા).

અહા! મોક્ષના કારણરૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે અને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે તે ભાવનારૂપ નથી. અહો! આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ તત્ત્વદૃષ્ટિ કરીને આઠ આઠ વર્ષના ચક્રવર્તી અને તીર્થંકરના પુત્રો કેવળજ્ઞાન પ્રગટ કરીને અલ્પકાળમાં મોક્ષપદ પામે છે. તેમને શરીરની અવસ્થા ક્યાં નડે છે? આ તો મોટાની વાત કરી, બાકી લાકડીના ભારા વેચીને ગુજરાન ચલાવનાર ગરીબ કઠિયારાના આઠ–આઠ વર્ષના બાળકો પણ અંતઃતત્ત્વનું ભાન કરી, જ્યાં માણસના ચાલવાનો પગરવ પણ થતો નથી એવા જંગલમાં ચાલ્યા જઈને એકાન્ત સ્થાનમાં નિજસ્વરૂપની સાધના કરીને થોડા જ કાળમાં પરમપદની પ્રાપ્તિ કરી લે છે. અહો! અંતરનો આવો કોઈ અલૌકિક માર્ગ છે!

લ્યો, હવે બહારની ચીજ–નિમિત્ત અને રાગ–તો ક્યાંય દૂર રહી ગઈ; અહીં તો નિર્મળ દ્રવ્ય–પર્યાય વચ્ચે કથંચિત ભેદ હોવાની સૂક્ષ્મ વાત છે. જૈનતત્ત્વ બહુ સૂક્ષ્મ ને ગંભીર છે ભાઈ! એ જ વિશેષ કહે છે.

'જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાયનો)નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિક ભાવ તો અવિનાશી છે).'

જુઓ, શું કહે છે? કે વીતરાગભાવરૂપ નિર્મળ પર્યાય જો ત્રિકાળી ભાવથી એકમેક હોય તો મોક્ષનો પ્રસંગ બનતાં મોક્ષમાર્ગની ભાવનારૂપ પર્યાયનો વિનાશ થાય છે તે વખતે જ શુદ્ધપારિણામિકભાવ–ત્રિકાળીભાવ પણ વિનાશને પામે. અહીં શું કહેવું છે? કે–

મોક્ષમાર્ગમાં ક્ષાયિકાદિભાવરૂપ જે નિર્મળ પર્યાય થઈ તે પર્યાય ત્રિકાળી દ્રવ્ય સાથે સર્વથા અભિન્ન નથી. જો બંને સર્વથા અભિન્ન એક હોય તો તે બે ધર્મોની સિદ્ધિ જ ન થાય; ને એકનો–પર્યાયનો વ્યય થતાં આખા દ્રવ્યનો જ નાશ થઈ જાય. જુઓ, પૂરણ શુદ્ધ જ્ઞાન અને આનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની પ્રગટતા થતાં મોક્ષમાર્ગની ભાવનારૂપ પર્યાયનો વ્યય થાય છે. તો શું તે કાળે આત્મદ્રવ્ય જ નાશ પામી જાય છે? ના; કેમ? કેમકે તે પર્યાય દ્રવ્ય સાથે સર્વથા અભિન્ન નથી, કથંચિત ભિન્ન છે. અહીં કહે છે–મોક્ષમાર્ગની ભાવનારૂપ પર્યાય જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રિકાળી પારિણામિકભાવ સાથે એકાંતે એકમેક હોય તો મોક્ષના પ્રસંગમાં મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થતાં ત્રિકાળી દ્રવ્ય પણ નાશ પામી જાય; પણ એમ કદીય બનતું નથી કેમકે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો શાશ્વત-અવિનાશી તત્ત્વ છે. સમજાય છે કાંઈ...? ભાઈ! આ ન્યાયથી તો વાત છે; ન્યાયથી તો સમજવું જોઈએ ને? વાદવિવાદથી શું પાર પડે?

ભાઈ! કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવંત છે. નિયમસાર, શુદ્ધભાવ-અધિકારમાં નવે તત્ત્વને નાશવંત કહ્યાં છે. જીવની એક સમયની પર્યાય નાશવંત છે, અજીવનું જ્ઞાન કરનારી પર્યાય નાશવંત છે. આસ્રવ, બંધ, પુણ્ય ને પાપ, સંવર, નિર્જરા ને મોક્ષ—એ બધાં તત્ત્વોને ત્યાં નાશવંત કહ્યાં છે. ગજબ વાત કરી છે ભાઈ! શરીર નાશવંત, પૈસા નાશવંત, રાગાદિ નાશવંત, સંવર-નિર્જરા અર્થાત્ મોક્ષમાર્ગની પર્યાય નાશવંત અને કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવંત છે; કેમકે પ્રત્યેક પર્યાયની મુદત જ એક સમયની છે. કેવળજ્ઞાનની પર્યાય પણ બીજા સમયે બીજી થાય છે; જાત એ, પણ બીજા સમયે બીજી થાય છે. કેવળજ્ઞાનની પર્યાય બીજા સમયે રહી ન શકે, કેમકે તે એક સમયની મુદતવાળી ક્ષણવિનાશી ચીજ છે; જ્યારે અહો! ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ નિજપરમાત્મદ્રવ્ય શુદ્ધ પારિણામિકભાવરૂપ વસ્તુ અવિનાશી શાશ્વત ચીજ છે. આમ બે વચ્ચે કથંચિત્ ભિન્નતા છે. અનાદિ-અનંત આવી જ વસ્તુની સ્થિતિ છે.

તો પંચાસ્તિકાયમાં, પર્યાયરહિત દ્રવ્ય નહિ ને દ્રવ્યરહિત પર્યાય નહિ—એમ કહ્યું છે ને? હા, ત્યાં તો પરથી ભિન્ન દ્રવ્યનું અસ્તિકાય-સ્વરૂપ સિદ્ધ કરવું છે તેથી એમ વાત કરી છે કે પર્યાયરહિત દ્રવ્ય નહિ ને દ્રવ્યરહિત પર્યાય નહિ. આખું દ્રવ્યનું (દ્રવ્ય-પર્યાયરૂપ) અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને? પણ અહીં તો અનાદિકાલીન પર્યાયમૂઢ જીવને ભેદજ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. તેથી પર્યાયદૃષ્ટિ છોડાવવા અર્થે કહ્યું કે પર્યાયને ત્રિકાળી દ્રવ્યથી કથંચિત્ ભિન્નતા છે; જો બન્ને સર્વથા એકમેક હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. પણ એમ છે નહિ. માટે ત્રિકાળી ભાવથી તે ભાવનારૂપ પર્યાય કથંચિત્ ભિન્ન છે.

ભાઈ! આ તો અંદરની વાતુ છે બાપા! જો તારે સત્ શોધવું હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તે સત શાશ્વત અંદરમાં છે; એને શોધનારી પર્યાય પણ એ સતથી કથંચિત ભિન્ન છે, અર્થાત પર્યાયમાં જેને અહંભાવ છે તેને તે હાથ ન લાગે એવી ચીજ છે. ભાઈ! તારે શેમાં અહંપણું કરવું છે? કોને અધિક-પણે માનવું છે? હું પર્યાયથી અધિક–ભિન્ન છું એમ માનતાં અંદર દ્રવ્ય અંદર જે અધિક છે તેનો અનુભવ થાય છે. સમયસાર ગાથા ૩૧ માં આવે છે કે –

"जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं'

અહાહા..! જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ છે તે અધિક છે. પરમસ્વભાવભાવ જે એક જ્ઞાયકસ્વભાવ તે રાગ અને એક સમયની પર્યાયથી અધિક નામ ભિન્ન છે. અહીં એ જ કહે છે કે ધ્રુવસ્વભાવના લક્ષે પ્રગટ થતો જે સત્યાર્થ મોક્ષનો માર્ગ છે તે ભાવનારૂપ છે અને તે ત્રિકાળી ભાવથી ભિન્ન છે. ભાવનારૂપ મોક્ષમાર્ગ અને ત્રિકાળી પરમભાવ–બે ચીજ સર્વથા એક નથી; તે બન્ને ચીજ સર્વથા એક હોય તો ભાવનારૂપ મોક્ષમાર્ગનો વ્યય થઈને મોક્ષ થાય ત્યારે ત્રિકાળી ભાવનો પણ નાશ થવાનો પ્રસંગ આવી પડે. ભગવાન! મારગ તો આવો સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ...?

ભાઈ! આવો મારગ તારે જેમ છે તેમ યથાર્થ સમજવો પડશે. એ સમજ્યા વિના જ અનંતકાળથી રઝળતો તું દુઃખી થયો છે. અહીં મોટો અબજોપતિ શેઠિયો હોય, કરોડોના બંગલામાં રહેતો હોય, ને ક્ષણમાં દેહ છૂટીને તેની ફૂ થઈ જાય અને પોતે મરીને બકરીની કૂખમાં જાય. ત્યાં જન્મ થતાં બેં....બેં...બેં.. એમ કરે. બકરીનાં બચ્ચાં બેં....બેં...બેં... એમ કરે છે ને? પણ અરે! એને વિચાર જ નથી કે મરીને હું ક્યાં જઈશ? હું ક્યાં છું અને મારા શું હાલ–હવાલ થશે? ભાઈ! આ અવસરમાં જો સ્વરૂપની સમજણ ના કરી તો ક્યાંય કાગડે–કૂતરે–કંથવે... ઇત્યાદિ સંસારમાં ખોવાઈ જઈશ.

અહીં ભાવનારૂપ પર્યાયને મોક્ષના કારણભૂત પર્યાય કહેલ છે. બીજી જગ્યાએ એમ આવે છે કે મોક્ષની પર્યાય મોક્ષના કારણભૂત પર્યાયથી પ્રગટ થતી નથી. વાસ્તવમાં તે સમયની કેવળજ્ઞાન અને મોક્ષની દશા એના પોતાના ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પૂર્વની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મોક્ષમાર્ગની પર્યાયની એને અપેક્ષા નથી. જોકે મોક્ષની દશાના પૂર્વે મોક્ષમાર્ગની પર્યાય જ અવશ્ય હોય છે તોપણ મોક્ષની દશા તે સમયનું સ્વતંત્ર સત્ છે. મોક્ષમાર્ગની પર્યાયના કારણે મોક્ષની દશા થઈ છે એમ નથી. આવો માર્ગ છે ભાઈ!

અહીં એમ સમજાવવું છે કે મોક્ષ થવા પહેલાં મોક્ષમાર્ગની પર્યાય હતી તે પર્યાય ત્રિકાળી ચીજથી એકમેક નથી પણ ભિન્ન છે. જો અભિન્ન હોય તો મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે; પણ એમ કદીય બનતું નથી કેમકે વસ્તુ–ત્રિકાળી દ્રવ્ય અવિનાશી છે. અહા! સત્ એકસદૃશરૂપ સ્વભાવ, અવિરુદ્ધસ્વભાવ ત્રિકાળ છે તે ક્યાં જાય? વિસદૃશપણું ને ઉત્પાદ-વ્યય છે એ તો પર્યાયમાં છે, ઉપજવું ને વિણશવું છે એ તો પર્યાયમાં છે. વસ્તુ છે એ તો ઉત્પાદ-વ્યયરહિત ત્રિકાળ શાશ્વત સતપણે વિદ્યમાન ચીજ છે. આગળ કહેશે કે મોક્ષના માર્ગની પર્યાયપણે આત્મા ઉપજતો નથી. અરે! મોક્ષના માર્ગની પર્યાયના અભાવપણે (મોક્ષપણે) પણ તે ઉપજતો નથી. બાપુ! આ મારગડા જુદા છે નાથ!

અરેરે! એ હમણાં સ્વના ભાન વિના દુઃખી છે એવી એને ક્યાં ખબર છે? અરે! દુઃખ શું છે અનીય એને ક્યાં ખબર છે? શાસ્ત્રમાં દાખલો આવે છે કે વનમાં દાવાનળ લાગતાં પશુ-પંખીઓ બિચારાં ભસ્મ થઈ જાય છે, તે વખતે કોઈ મનુષ્ય વનની વચ્ચે આવેલા ઝાડ ઉપર ચઢીને બેસે છે અને ચોતરફ ભડકે બળતું વન જુએ છે તોપણ એમ માને છે કે હું સલામત છું; હું ક્યાં બળું છું? પણ ભાઈ! આ વન સળગ્યું છે તે હમણાં જ આ ઝાડ બાળશે અને તું પણ ક્ષણમાં જ બળીને ભસ્મ થઈ જઈશ. જેમ ઝાડ ઉપર બેઠેલો તે માણસ 'હું સલામત છું' એમ માને છે તે એની મૂઢતા છે કેમકે ક્ષણમાં જ અગ્નિ સળગતી સળગતી આવશે, ઝાડને પકડશે અને તેની જ્વાળામાં તે તત્કાલ ભરખાઈ જશે. તેમ આ ભવરૂપી વન કાલાગ્નિ વડે બળી રહેલું દેખવા છતાં 'હું સલામત છું, સુખી છું' એમ કોઈ માને છે તે એની મૂઢતા છે. અરે! બળી રહ્યો હોવા છતાં એને બળતરાની ખબર નથી!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! મોક્ષમાર્ગની પર્યાય પણ નાશવંત છે. પ્રભુ! તારે કઈ ચીજને ટકાવી રાખવી છે? પોતે નિત્યાનંદ પ્રભુ ત્રિકાળી ટકતું તત્ત્વ છે. અહા! એમાં નજર નાખતો નથી ને અનિત્યને ટકાવવા માગે છે તે તારી મૂઢતા છે. દેહાદિ બાહ્ય વિનશ્વર ચીજને ટકાવી રાખવા તું મથે છે પણ એમાં તને નિષ્ફળતાનું દુઃખ જ પ્રાપ્ત થશે.

વઢવાણના એક ભાઈ કહેતા કે—મહારાજ ! આ બધી ઉપાધિ કોણે કરી ?

અરે ભાઈ! શું આટલીય તને ખબર નથી? આ બધી ઉપાધિ તેં પોતે જ ઊભી કરી છે. તારા સ્વસ્વરૂપને ભૂલીને અનાદિથી રાગ અને વિકારની ઉપાધિ તેં સ્વયં વહોરી છે. નાથ! તને જ તું ભૂલી ગયો છો. અહા! પોતાના નિરુપાધિ શુદ્ધ ચૈતન્યતત્ત્વને ભૂલીને આ સઘળી ઉપાધિ તેં પોતે ઊભી કરી છે. તેં અનંતકાળમાં પુણ્ય-પાપના વિકલ્પો કર્યે જ કર્યા અને તેથી તને બંધ થયો અને તેના નિમિત્તે આ બધો સંગ થયો. ભાઈ! તે બધાને પોતાના માની તેં પોતે આ ઉપાધિ કરી છે.

જુઓ, ચમરી ગાયનું પૂછડું ખૂબ સુંવાળું હોય છે. તેના વાળ ઝાડમાં ભરાઈ જતાં વાળના પ્રેમમાં ત્યાં તે ગાય ઊભી રહી જાય છે અને શિકારીના બાણથી વીંધાઈને મરણ પામે છે. તેમ અજ્ઞાની સંસારી પ્રાણી આ દુનિયાના પદાર્થોના પ્રેમમાં ત્યાં ઊભો રહી ગયો છે અને પોતે હણાઈ રહ્યો છે, લૂંટાઈ રહ્યો છે એનું એને ભાન નથી. નિયમસારમાં આવે છે કે—આ બાયડી—છોકરાં, કુટુંબ—કબીલા વગેરે પોતાની આજીવિકા માટે તને ધુતારાની ટોળી મળી છે; તારા મરણ સમયે તને કોઈ કામમાં આવે તેમ નથી, હમણાં પણ તેઓ કોઈ જ કામના નથી. બાપુ! તું એકલો વિલાપ કરતો ક્યાંનો ક્યાંય ચાલ્યો જઈશ; આ ભવભ્રમણના પ્રવાહમાં તું ક્યાંય તણાઈ જઈશ.

ભાઈ! આત્માના પોતાના અંદરના ભાવોની આ વાત છે. તેમાં શુદ્ધપારિણામિકભાવ છે તે ત્રિકાળ પરમભાવ છે, તેમાં ઉત્પાદ-વ્યય નહિ ને તેનો કદીય અભાવ નહિ એવો શાશ્વત ધ્રુવ એકરૂપ ભાવ છે. પર્યાયરૂપ જે ચાર ભાવો છે તે ઉત્પાદ-વ્યયરૂપ છે. અશુદ્ધતાનો વ્યય થઈને અંશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધતારૂપ મોક્ષમાર્ગ પ્રગટે, ને મોક્ષમાર્ગનો વ્યય થઈને પૂરણ મોક્ષદશા પ્રગટે; પણ જે પરમભાવરૂપ દ્રવ્ય છે તેનો વ્યય પણ ન થાય અને તે નવો પ્રગટે પણ નહિ. આ રીતે પલટતી પર્યાય, ને ત્રિકાળ ટકતું દ્રવ્ય—આવું વસ્તુસ્વરૂપ છે. દ્રવ્ય અપેક્ષાએ વસ્તુ અપરિણામી અક્રિય અને પર્યાય અપેક્ષાએ પરિણમનશીલ સક્રિય છે. શ્રી સર્વજ્ઞદેવે આવું દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુનું સ્વરૂપ ઉપદેશ્યું છે. તેમાં કહે છે–દ્રવ્ય-પર્યાય સર્વથા અભિન્ન નથી, કથંચિત્ ભિન્ન છે. અહા! સર્વથા ભિન્ન નહિ, સર્વથા અભિન્ન નહિ—આવું વસ્તુનું સ્વરૂપ છે. સર્વથા ભિન્ન હોય તો વસ્તુ અવસ્થા વગરની થઈ જતાં વસ્તુ જ ન રહે; તથા સર્વથા અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો જ નાશ થઈ જાય અર્થાત્ વસ્તુ જ ન રહે. માટે દ્રવ્ય–પર્યાય કથંચિત્ ભિન્ન છે એ યથાર્થ છે.

શાસ્ત્રમાં 'उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्' કહ્યું છે. ધ્રુવતા એટલે ટકવું, ઉત્પાદ–વ્યય એટલે બદલવું. અહા! ટકીને બદલે, ને બદલવા છતાં ટકી રહે એવું આશ્ચર્યકારી વસ્તુનું સતસ્વરૂપ છે. દ્રવ્ય અવિનાશી, પર્યાય વિનાશી—એમ દ્રવ્ય-પર્યાય બંને સર્વથા એક નથી. ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના લક્ષે શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ જે એની નિર્મળ દશા પ્રગટી છે તે મોક્ષદશાનું કારણ ખરું, પણ તે દશા પોતે તો મોક્ષદશા થતાં વ્યય પામી જશે, જ્યારે દ્રવ્ય ટકીને ત્રિકાળ ઊભું રહેશે. આ પ્રમાણે દ્રવ્ય અને પર્યાય એમ વસ્તુના બંને અંશોમાં ભિન્નતા છે. અહો! આવું વસ્તુસ્વરૂપ સમજતાં અંશબુદ્ધિ ટળીને દ્રવ્યદૃષ્ટિ થાય છે.

જુઓ, આત્મામાં એક પર્યાયઅંશ છે; અજ્ઞાન ટળીને જ્ઞાન થવું, અશુદ્ધતા ટળીને શુદ્ધતા થવી ઇત્યાદિ નવું નવું કાર્ય પર્યાયમાં જ થાય છે. ત્યાં જે પર્યાયનું અસ્તિત્વ જ ન માને તેને તો નવું કાંઈ કાર્ય થતું જ નથી, અર્થાત્ તેને પોતાના અજ્ઞાનભાવને કારણે સંસાર મટતો જ નથી. વળી કોઈ એકલી પર્યાય સામું જ જોયા કરે ને દ્રવ્યના શુદ્ધસ્વભાવનું લક્ષ ન કરે તેને પણ અશુદ્ધતા ટળીને શુદ્ધતા થતી નથી. પર્યાયની શુદ્ધતા તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના આશ્રયે થાય છે; દ્રવ્યસ્વભાવમાં અંતર્મુખ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકાગ્ર થયા વગર પર્યાયની શુદ્ધતા થતી નથી. દ્રવ્યને ન માને તોય શુદ્ધતા ન સધાય, ને પર્યાયને ન માને તોય શુદ્ધતા ન સધાય. એકાંતે પર્યાયને જ વસ્તુ માની લે તો પર્યાયનો વ્યય થતાં જ વસ્તુનો નાશ-અભાવ થઈ જાય. પણ એવું વસ્તુસ્વરૂપ નથી. વળી પર્યાય ન માનતાં વસ્તુને એકાંતે નિત્ય-કૂટસ્થ માને તો પર્યાયરૂપ પલટના વિના નવું કાર્ય બની શકે જ નહિ, અને તો તેના સંસારનો અભાવ ન થાય. આ પ્રમાણે વસ્તુમાં દ્રવ્ય-પર્યાય-એમ બંને અંશો એકી સાથે રહેલા છે અને તે બંનેમાં કથંચિત્ ભિન્નપણું છે એવો સ્યાદ્વાદ મત છે. સમજાણું કાંઇ...?

અહીં કહે છે—મોક્ષમાર્ગની જે પર્યાય છે તે ત્રિકાળી દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જુઓ, પર ચીજ તો આત્માથી સર્વથા જુદી છે. આ શરીર, મન, વચન ઇત્યાદિ આત્માથી સર્વથા જુદાં છે, કર્મ પણ આત્માથી સર્વથા જુદાં છે. અહીં કહે છે—પોતામાં જે દ્રવ્ય-પર્યાયના અંશો છે તેઓ પણ પરસ્પર કથંચિત્ ભિન્ન છે. અહો! આ તો ભેદજ્ઞાનની ચરમ સીમારૂપ સર્વોત્કૃષ્ટ વાત છે. જેના અંતરમાં બેસી તે ન્યાલ થઈ જાય એવી આ વાત છે.

હવે કહે છે-'માટે આમ ઠર્યું :— શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધ-પારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી)."

ઓહો! વસ્તુ-ભગવાન આત્મા નિત્યાનંદ સચ્ચિદાનંદ પ્રભુ સદા એક જ્ઞાયકભાવપણે છે; તેને શુદ્ધપારિણામિકભાવ, કહે છે. તે પારિણામિક-ભાવ, અહીં કહે છે, મોક્ષનું કારણ નથી. ઝીણી વાત છે પ્રભુ! તેને મોક્ષનું કારણ કહેવું એ વ્યવહારનય છે. બાકી મોક્ષની પર્યાય જે પ્રગટે છે તેનું શુદ્ધ દ્રવ્ય વાસ્તવમાં કારણ નથી. અહા! જેમ દ્રવ્ય ત્રિકાળી સત્ છે તેમ પર્યાય પણ સહજ સત્ છે; આવું વસ્તુનું સ્વરૂપ છે. રાગ પરિણામ હો કે વીતરાગ પરિણામ હો, તે પરિણામ તે તે કાળે સહજ સત છે. હવે જ્યાં આમ છે ત્યાં વ્યવહારથી-રાગથી નિશ્ચય થાય એ વાત કયાં રહી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારરત્નત્રય કરતાં કરતાં મોક્ષ થશે એવી વાતો અત્યારે ચાલે છે પણ તે યથાર્થ નથી. દયા કરો, વ્રત કરો, દાન, ભક્તિ, પૂજા કરો ઇત્યાદિ પ્રરૂપણા અત્યારે ચાલે છે, પણ ભગવાન! એ તો બધી રાગની ક્રિયાઓ છે. રાગ છે એ ઉદયભાવ છે, બંધનું કારણ છે; તે મોક્ષનું કારણ કેમ થાય? ન થાય. અત્યારે આ બધો મોટો ગોટો ઉઠયો છે. પણ બાપુ! પોતે પૂર્ણાનંદનો નાથ પ્રભુ સદા શાંતભાવ–આનંદભાવપણે અંતરમાં બિરાજે છે તેના લક્ષે પરિણમતાં સ્વતંત્રપણે જ પોતાના ષટ્કારકરૂપ પરિણમન વડે નિર્મળ રત્નત્રયની પર્યાય પ્રગટ થાય છે. અહા! તે પર્યાયને વ્યવહાર-રત્નત્રયની–રાગની અપેક્ષા નથી. વ્યવહારની અપેક્ષા વિના જ નિરપેક્ષપણે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પોતાના ષટ્કારકપણે પરિણમતી પ્રગટ થાય છે. આવી ઝીણી વાત છે પ્રભુ! (એમ કે ઉપયોગને ઝીણો કર તો સમજાય એવો પ્રભુ તું છે).

ભાઈ! આત્મા ત્રિકાળી શુદ્ધ વસ્તુ જે છે તે પરિણમતી નથી. સમયસાર ગાથા ૨૮૦ ના ભાવાર્થમાં આવ્યું છે કે—"આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે—આત્મા પોતે તો શુદ્ધ જ છે—'દ્રવ્યદષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે;' માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે." અહા! સમ્યગ્દષ્ટિ એને કહીએ કે જે વ્યવહારરત્નત્રયના રાગનો કર્તા કે ભોક્તા થતો નથી કેમકે પર્યાયે તે જ્ઞાનભાવે પરિણમી રહ્યો છે ને દ્રવ્ય જે છે તે તો અપરિણમનસ્વરૂપ છે. આવી આ પરમાત્માના ઘરની વાતુ છે ભાઈ!

અહાહા....! અંદર વસ્તુ જે ચિદ્દ્ઘન ધ્રુવ છે તે પરિણમન વિનાની સદા એકરૂપ છે; તેમાં પરિણમન જ નથી. અને બદલતી ચીજ જે (વિકારી કે નિર્વિકારી) પર્યાય છે તે એક સમયનું સત્ છે. આ રાગાદિ વિકારના જે પરિણામ થાય છે તે પણ જડ કર્મની અપેક્ષા વિના સ્વતંત્ર-પણે પ્રગટતા પોતાના ષટ્કારકરૂપ પરિણામ છે.

ત્યારે કેટલાક કહે છે—કર્મથી શું વિકાર ન થાય? કર્મથી વિકાર ન થાય તો તે સ્વભાવ થઈ જશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ભાઈ! કર્મ તો બિચારાં જડ અજીવ છે, પરદ્રવ્ય છે; એ તો સ્વદ્રવ્યને અડતાંય નથી. જ્યાં આમ છે ત્યાં પરદ્રવ્યથી—કર્મથી સ્વદ્રવ્યની વિકારી પર્યાય કેમ થાય? ન થાય. (કર્મથી વિકાર થયો એમ કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવતું નિમિત્તપ્રધાન કથન છે).

મિથ્યાત્વાદિ ભાવ જે થાય છે તેને જીવ સ્વતંત્રપણે પોતાની પર્યાયમાં ઉત્પન્ન કરે છે. ત્રિકાળી જીવદ્રવ્ય એનું કારણ નહિ, તેમ પરદ્રવ્ય-કર્મ પણ એનું કારણ નહિ. એ મિથ્યાત્વભાવનો કર્તા મિથ્યાત્વ પર્યાય છે. મિથ્યાત્વની પર્યાય તે કર્તા, મિથ્યાત્વની પર્યાય તે કર્મ, મિથ્યાત્વની પર્યાય પોતે સાધન, મિથ્યાત્વના પરિણામ પોતે સંપ્રદાન, મિથ્યાત્વમાંથી મિથ્યાત્વ થયું તે અપાદાન અને મિથ્યાત્વના આધારે મિથ્યાત્વ થયું તે અધિકરણ; આ પ્રમાણે મિથ્યાત્વની વિકારી પર્યાય કર્તા-કર્મ આદિ પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે ઉત્પન્ન થાય છે; એને નિમિત્તની કે કર્મના કારકોની કોઈ અપેક્ષા નથી.

જુઓ, વિકારની પર્યાયને જીવ કરે એવો એનો સ્વભાવ નથી, કેમકે જીવમાં એવી કોઈ શક્તિ નથી જે વિકારને કરે. શું કીધું? આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ આદિ અનંત અનંત શક્તિઓ ભરી છે; પણ એમાં એવી કોઈ શક્તિ નથી જે વિકારને ઉત્પન્ન કરે. શક્તિઓ તો બધી નિર્મળ જ નિર્મળ છે.

તો પર્યાયમાં વિકાર તો થાય છે?

હા, પર્યાયમાં જે વિકાર થાય છે તે સ્વતંત્ર તે સમયના ષટ્કારકના પરિણમનથી થાય છે. જીવદ્રવ્ય એનું કારણ નહિ ને નિમિત્ત-કર્મ પણ એનું વાસ્તવિક કારણ નહિ. પંચાસ્તિકાય ગાથા ૬૨માં આ વાત આવી છે. લોકોને બેસવી કઠણ પડે છે પણ આ સત્ય વાત છે.

તેવી રીતે મોક્ષમાર્ગની જે પર્યાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ રત્નત્રયની જે પર્યાય છે તે નિશ્ચયથી તે તે કાળે પોતાના ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થાય છે. પરમપારિણામિકભાવલક્ષણ જે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય-ગુણ છે એની તેને અપેક્ષા નથી; તેમ દયા, દાન, વ્રત આદિ વ્યવહારરત્નત્રયની પણ એને અપેક્ષા નથી. વીતરાગનો માર્ગ આવો સૂક્ષ્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ભાઈ! રાગની ક્રિયા કરતાં કરતાં ધર્મ થાય એ વીતરાગના માર્ગમાં નથી; એ તો અજ્ઞાની લોકોએ કલ્પના કરીને ઊભી કરેલી વાત છે. અરે! લોકોએ માર્ગને ચૂંથી નાખ્યો છે!

ભાઈ! મોક્ષનો માર્ગ કે સમ્યગ્દર્શન આદિ નિર્મળ રત્નત્રયની જે પર્યાય પ્રગટ થઈ તે સ્વતંત્ર પ્રગટ થઈ છે, એને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષા નથી ને બાહ્ય વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી. સમ્યગ્દર્શનની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની કર્તા સમ્યગ્દર્શનની પર્યાય, એનું કાર્ય તે પર્યાય, એનું સાધન તે પર્યાય, એનું સંપ્રદાન, અપાદાન, ને અધિકરણ પણ તે પર્યાય પોતે જ છે. અહો! સંતોએ આડતિયા થઈને સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાત જગત સમક્ષ જાહેર કરી છે.

અહાહા...! આત્મા શુદ્ધપારિણામિકભાવરૂપ સહજાનંદ ચિદાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા આદિથી પૂરણ શક્તિઓથી ભરેલો પૂર્ણાનંદઘન ભગવાન છે. તેને અવલંબનારી તેને વિષય કરનારી જે ભાવના છે, જેને ઉપશમાદિ ભાવત્રય કહીએ તે, અહીં કહે છે, સમસ્ત રાગાદિથી રહિત છે. જુઓ, શું કીધું? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળરત્નત્રયરૂપ જે ભાવના છે, જેને આગમભાષાએ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક—એમ ભાવત્રયપણે કહી અને અધ્યાત્મભાષાએ 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞાથી કહી તે—

૧. શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી છે

૨. સમસ્ત રાગાદિથી રહિત છે.

જુઓ, આ ટીકા કરનારા જયસેનાચાર્યદેવ છે. તેઓ નગ્ન દિગંબર સંત હતા, અંદર આત્માના પ્રચુર આનંદરસના સ્વાદમાં રહેનારા તેઓ વનમાં રહેતા હતા. નવસો વર્ષ પહેલાં તેમણે આ ટીકા બનાવી છે. ટીકામાં તેઓ કહે છે—ભગવાન આત્મા ત્રિકાળ ચિદાનંદઘન નિત્યાનંદ પ્રભુ છે; એના આશ્રયે, એના અવલંબે, એના લક્ષે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે તે ભાવનારૂપ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમસ્ત રાગાદિથી ભિન્ન છે. તે ભાવનારૂપ પર્યાય શું છે? તો કહે છે— ઉપશમાદિ ભાવત્રયરૂપ છે. ક્ષાયિકમાં અહીં ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનના ક્ષાયિકભાવની વાત છે, અહીં ભગવાન કેવળીના ક્ષાયિક-ભાવની વાત નથી. ચોથે ગુણસ્થાને પણ ક્ષાયિક સમકિત પ્રગટ થાય છે એની અહીં વાત છે.

શ્રેણિક રાજાને ક્ષાયિક સમકિત હતું. તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું, પણ પૂર્વે નરકગતિનું આયુષ્ય બંધાઈ ગયેલું તેથી પર્યાયની યોગ્યતાવશ નરકના સંજોગમાં ગયા છે. પરંતુ રાગથી ભિન્ન પૂર્ણાનંદસ્વરૂપ નિજપરમાત્મદ્રવ્યનું અંદરમાં ભાન છે, અને આનંદનું વેદન સાથે છે. શીલ-પાહુડમાં આવે છે કે ધર્મી જીવને નરકગતિમાં પણ શીલ છે. અહાહા....! પૂર્ણાનંદના નાથને જ્યાં અંતરમાં ઢંઢોળીને જગાડ્યો અને સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રાપ્ત થયો ત્યાં તેની સાથે સ્વરૂપાચરણરૂપ સ્થિરતા પણ જીવને હોય જ છે. પોતાના સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન ને સ્વરૂપનું આચરણ— એ ત્રણે મળીને શીલ કહેવાય છે. શીલ એટલે ખાલી શરીરથી બ્રહ્મચર્ય પાળવું એની આ વાત નથી; એ તો એકલી રાગની ક્રિયા છે, જ્યારે સ્વરૂપના શ્રદ્ધાન—જ્ઞાન—ચારિત્રરૂપ શીલ તો રાગથી ભિન્ન છે. માર્ગ તો આવો છે ભાઈ!

જે શુભરાગ છે તેમાં જેટલો અશુભરાગ ટળ્યો તે શુદ્ધતા છે એમ કહેવું તે બરાબર નથી. સમ્યગ્દર્શન અને આત્માનો અનુભવ થાય, પછી તેને શુભરાગ આવે છે અને એમાં અશુભ ટળે છે. પણ શુભરાગ જે રહે છે તેનો ક્રમે અભાવ થઈને પૂર્ણ અભાવ થતાં મોક્ષ પ્રગટ થાય છે પણ શુભરાગ રહે ને મોક્ષ પ્રગટ થાય એમ ન બને. બાપુ! શુભરાગ છે એ તો બંધનું જ કારણ છે.

આ ઉપશમાદિ ત્રણ ભાવોને સમસ્ત રાગાદિરહિત કહ્યા છે. છે કે નહિ અંદર? ભાઈ! કોઈપણ રાગનો અંશ મોક્ષનો માર્ગ હોઈ શકે જ નહિ. જે ભાવથી તીર્થંકરગોત્રકર્મની પ્રકૃતિ બંધાય તે ભાવ પણ રાગ છે અને બંધનું જ કારણ છે. તે રાગ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક-ભાવરૂપ નથી. શુભરાગ છે એ તો ઉદયભાવ છે, બંધ પરિણામ છે, જ્યારે ઉપશમાદિ ભાવત્રય છે એ મોક્ષમાર્ગરૂપ છે, અબંધ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, સોલહકારણ ભાવના સમ્યગ્દષ્ટિને જ હોય છે, અજ્ઞાનીને હોતી નથી. સમ્યગ્દષ્ટિ ધર્માત્માને ષોડશકારણભાવનાનો રાગ આવે છે, પણ એ બંધનું જ કારણ છે, તે કાંઈ અબંધ પરિણામ નથી. અહીં તો આ ચોકખી વાત છે કે મોક્ષનો માર્ગ જે ત્રણભાવમય છે તે સમસ્ત રાગાદિથી રહિત છે.

કોઈને થાય કે–ધર્મી પુરુષને ઉપશમાદિ ભાવ વખતેય રાગ તો હોય છે. તો તેને 'સમસ્ત રાગાદિ રહિત કેમ કહ્યા ?

ભાઈ! જે ઉપશમાદિ નિર્મળ ભાવો છે તે તો રાગરહિત જ છે; તે કાળે ધર્મીને રાગ હો ભલે, પણ એ તો ભિન્ન ઉદયભાવરૂપ છે, એ કાંઈ ઉપશમાદિ ભાવમાં સમાતો નથી. અંશે શુદ્ધતા અને અંશે રાગ બંને એક સાથે હોવા છતાં બન્ને ભિન્ન ભિન્ન છે. ત્યાં ઉપશમાદિ નિર્મળભાવો છે તે મોક્ષનું કારણ છે અને જે કોઈ રાગાંશ છે તે બંધનું જ કારણ છે, તે મોક્ષનું કારણ જરાય નથી. આ પ્રમાણે મોક્ષનું કારણ જે ઉપશમાદિ નિર્મળ ભાવો છે તે તો સમસ્ત રાગરહિત જ છે. સમજાણું કાંઈ...?

શુદ્ધદ્રવ્ય ત્રિકાળ ભાવરૂપ, અને તેને અવલંબીને પ્રગટ થયેલી પરિણતિ તે ભાવના–એ બન્ને શુદ્ધ છે, પવિત્ર છે. જેમ ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યમાં રાગ નથી તેમ તેમાં ઝુકેલી પરિણાતમાં પણ રાગ નથી. અહા ! શુદ્ધાત્માની આવી ભાવના કે જેમાં શુદ્ધ ચૈતન્યભાવનું ભવન થયું હોય તે પરમ અમૃતસ્વરૂપ છે. ચોથા ગુણસ્થાનથી આવી ભાવનાપરિણતિ શરૂ થાય છે. ઉપશમાદિ ત્રણ ભાવો ચોથા ગુણસ્થાને પણ હોય છે. સમ્યક્ત્વ પ્રગટવાના કાળે, તેમજ ત્યારપછી પણ કોઈવાર ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય છે. તે સિવાયના કાળમાં પણ જેટલી શુદ્ધ પરિણતિ થઈ છે તેનું નામ 'ભાવના' છે, ને તે મોક્ષનું સાધન છે.

જો કોઈ એમ કહે કે ચોથે ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય નહિ તો તેને સમકિત શું ચીજ છે, ભગવાનનો મારગ શું છે – એની ખબર જ નથી. ભાઈ! શુદ્ધોપયોગ વિના તને ભગવાનનો માર્ગ હાથ નહિ આવે. અંતરશુદ્ધતા વિના એકલા રાગથી તું મોક્ષમાર્ગ માની લે પણ તે વીતરાગનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગ નથી. ચોથે ગુણસ્થાને ઉપશમ સમ્યગ્દર્શન શુદ્ધોપયોગપૂર્વક જ થાય છે એ સિદ્ધાંત છે. શુભરાગ વડે સમ્યગ્દર્શન થાય એમ કદીય બનતું નથી. શુદ્ધાત્મભાવના શુદ્ધદ્રવ્યને અવલંબનારી છે, રાગને કદીય નહિ. રાગમાં એ તાકાત નથી કે તે શુદ્ધદ્રવ્યને–સ્વદ્રવ્યને ભાવી શકે. રાગની મંદતા વડે અંતઃપ્રવેશ શકય જ નથી તો તે વડે સમ્યગ્દર્શનાદિ કેમ થાય? ન થાય. ભાઈ! વીતરાગનો મારગ તો આવો રાગરહિત જ છે.

ભગવાન આત્મા જિનસ્વરૂપ પ્રભુ છે. આવે છે ને કે—

જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ;<br>
યહી વચનસે સમજ લે, જિનપ્રવચનકા મર્મ.

આ આત્મા સદા જિનસ્વરૂપ-વીતરાગસ્વરૂપ-પરમાત્મસ્વરૂપ જ છે. જો પોતે વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી? ભગવાન અર્હંતદેવને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ થયાં તે આવ્યાં ક્યાંથી? શું તે બહારથી આવ્યાં છે? ના; અંદર શક્તિમાં વીતરાગતા કે કેવળજ્ઞાન ભર્યાં છે તે પ્રગટ થયાં છે. કેવી રીતે? શુદ્ધાત્મભાવનાની પૂર્ણતા વડે. અહા! તે શુદ્ધાત્મભાવના જે મોક્ષમાર્ગરૂપ છે તે, કહે છે, સમસ્ત રાગાદિથી રહિત છે, રાગનો–વિકલ્પનો અંશ પણ એમાં સમાતો નથી.

જુઓ, આ સંસ્કૃત ટીકા છે. નવસો વર્ષ પહેલાં શ્રી જયસેનાચાર્યદેવે આ ટીકા રચી છે. એમાં આવી ચોકખી વાત કરી છે કે શુદ્ધાત્મભાવના કે જે ત્રણભાવરૂપ છે તે સમસ્ત રાગાદિરહિત હોવાને લીધે શુદ્ધ ઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષનું કારણ છે. ભાઈ! ચોથા ગુણસ્થાનમાં પણ જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ પ્રગટ થયા તે રાગાદિરહિત પરિણામ છે. આ તો ભગવાન જિનચંદ્રજિનેશ્વરનાથ સર્વજ્ઞ પરમાત્માના ઘરની વાત છે બાપુ! શ્રી સીમંધર પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરપદે વર્તમાન બિરાજે છે; તેમની દિવ્યધ્વનિમાં આવેલી સાર-સાર આ વાત છે. અહો! દિગંબર સંતોએ આમાં તો કેવળજ્ઞાનનો કક્કો ઘુંટાવ્યો છે.

કહે છે—આ ભાવના જે ત્રણભાવરૂપ છે તે સમસ્ત રાગાદિરહિત હોવાના કારણે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ છે. અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયરૂપ શુદ્ધઉપાદાનની વાત છે. ત્રિકાળી શુદ્ધઉપાદાન કે જે શુદ્ધદ્રવ્યાર્થિક-નયનો વિષય છે તે તો પહેલાં આવી ગઈ છે. અહીં પર્યાયના શુદ્ધઉપાદાનની વાત છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક – એ ત્રણે વીતરાગા નિર્મળ પર્યાયો છે. તે વીતરાગી પર્યાય સમસ્ત રાગાદિથી રહિત શુદ્ધઉપાદાનકારણભૂત છે અને તેથી મોક્ષનું કારણ છે. અહા! નિર્મળ પર્યાય પોતે જ શુદ્ધ-ઉપાદાનકારણભૂત છે. શું કીધું? એ પર્યાય પોતે જ પોતાનું ઉપાદાનકારણ છે; અર્થાત્ પર્યાય પોતે જ પોતાનું કારણ અને પોતે જ પોતાનું કાર્ય છે. અહો! આ તો કોઈ અલૌકિક શૈલીથી વાત છે. આવી વાત ભગવાન કેવળીના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાયનો વિષય ત્રિકાળી, દ્રવ્ય છે. વર્તમાન ભાવનારૂપ જે નિર્મળ પર્યાય તે શુદ્ધ ત્રિકાળીને અવલંબે છે. ધર્મની દશા ને મોક્ષની દશા શુદ્ધપારિણામિકભાવસ્વરૂપ ત્રિકાળીને અવલંબે છે, તે રાગને અવલંબતી નથી, તેમ વર્તમાન પર્યાયને પણ અવલંબતી નથી. (નિર્મળ) પર્યાયનો વિષય પર્યાય નથી. સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળીને અવલંબતી થકી પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે પ્રગટ થાય છે. આ તો એકલું અમૃત છે ભાઈ! અહો! આચાર્યદેવે આ પંચમકાળમાં અમૃત રેડયાં છે; 'અમૃત વરસ્યાં રે પંચમકાળમાં.'

જુઓ, નિયમસારમાં આચાર્યદેવે એમ કહ્યું છે કે – ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ જે નિર્મળ વીતરાગી ધર્મની પર્યાય છે તેને અમે પરદ્રવ્ય કહીએ છીએ. અહા! તે પરભાવ છે, પરદ્રવ્ય છે અને તેથી હેય છે એમ ત્યાં કહ્યું છે. શું કીધું? વ્યવહારરત્નત્રયનો રાગ તો હેય છે જ, પણ શુદ્ધ આત્મદ્રવ્યની દૃષ્ટિ થતાં જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે તે મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિએ પરભાવ છે, પરદ્રવ્ય છે અને તેથી હેય છે એમ કહે છે. એટલે શું? કે તે પર્યાય પણ અવલંબનયોગ્ય નથી. અહાહા...! નિર્મળ પર્યાયને તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનું અવલંબન નથી. જેમ રાગ આશ્રયયોગ્ય નથી તેમ નિર્મળ પર્યાય પણ આશ્રયયોગ્ય નથી.

અરે ભાઈ! તું દુઃખી–દુઃખી થઈને ચાર ગતિમાં રઝળી મર્યો છે. ચારે ગતિમાં તને જે મિથ્યાત્વના ભાવ રહ્યા તે સંસાર છે, બીજી ચીજ –બૈરાં–છોકરાં, કુટુંબ–કબીલા વગેરે કાંઈ સંસાર નથી. રાગ સાથે એકત્વ-બુદ્ધિરૂપ મિથ્યાત્વનો ભાવ તે જ સંસાર છે. બાપુ! તું બૈરાં–છોકરાં છોડે ને દુકાન વગેરે છોડે એટલે સંસાર છોડયો એમ માને છે પણ એ મિથ્યા –જૂઠું છે. મિથ્યાત્વને છોડયા વિના સંસાર કદીય છૂટે નહિ. એમ તો અનંતકાળમાં તું અનંતવાર નગ્ન દિગંબર મુનિ થયો, પણ એથી શું? છહઢાલામાં આવે છે ને?

મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયો;<br>
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેસ ન પાયો.

હવે આવી વાત આકરી લાગે છે એટલે વિરોધ કરે છે. પણ ભાઈ! ત્રણકાળમાં કદીય ફરે નહિ એવી આ પરમ સત્ય વાત છે. વિરોધ કરો તો કરો; પણ તારા એવા પરિણામથી તને બહુ નુકશાન થશે.

વ્યવહાર છે તે મોક્ષનો માર્ગ છે જ નહિ, વાસ્તવમાં તે બંધનું જ કારણ છે, મોક્ષમાર્ગ બે નથી. એનું નિરૂપણ બે પ્રકારે છે. નિશ્ચય મોક્ષનો મારગ તો સમસ્ત રાગાદિથી રહિત છે અને તે શુદ્ધ ઉપાદાન-કારણભૂત છે. રાગ છે તે મોક્ષમાર્ગ પણ નહિ અને તેનું કારણ પણ નહિ. આવી વાત છે.

સમાધિતંત્ર શ્લોક ૯૧ના વિશેષ અર્થમાં લખ્યું છે કે–નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે. જયધવલ–પૃ. ૧૧૭, પુસ્તક સાતમું એમાં કહ્યું છે કે—

'बज्झकारण–निरपेक्खो वत्थुपरिणामो'

વસ્તુનું પરિણામ બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે. આ વાત સમજવા દૃષ્ટાંત આપીએ છીએ:

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, દશમા ગુણસ્થાને લોભપરિણામ એક છે, છતાં કર્મોની સ્થિતિમાં ફેર પડે છે. નિમિત્તપણે લોભનું એક જ કારણ હોવા છતાં કોઈ કર્મની સ્થિતિ આઠ મુહૂર્તની અને કોઈ કર્મની સ્થિતિ અંતર્મુહૂર્તની પડે છે. આનું કારણ શું ? એ તો નીચેના ગુણસ્થાનોમાં પણ આમ છે; આ તો લોભના છેલ્લા પરિણામની વાત કરીએ છીએ. લોભના એક જ પરિણામ નિમિત્તકારણ હોવા છતાં કર્મના સ્થિતિબંધમાં ફેર પડે છે. નામ અને ગોત્ર કર્મની સ્થિતિ આઠ મુહૂર્તની બંધાય છે, જ્યારે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયનો સ્થિતિનો બંધ અંતઃમુહૂર્તનો પડે છે. આમ કેમ ? તો કહે છે-તે સ્થિતિબંધની પર્યાય સ્વતંત્ર છે, તેને કોઈ બાહ્ય કારણની અપેક્ષા નથી અર્થાત્ વસ્તુનું પરિણામ બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે.

અમે તો આ ઘણા વખતથી કહીએ છીએ. અમુક કર્મપ્રકૃતિમાં પરમાણુ ઓછાં આવે છે, તો કોઈ કર્મપ્રકૃતિમાં પરમાણુ ઘણાં આવે છે; ત્યાં મિથ્યાત્વ અને રાગાદિ પરિણામ તો એક જ છે, છતાં આમ બને છે એનું કારણ શું ? બસ આ જ કે વસ્તુનું પરિણામ બાહ્ય કારણથી નિરપેક્ષ છે. પ્રત્યેક કાર્ય અંતરંગકારણથી જ થાય છે, તેને બાહ્ય પરકારણની અપેક્ષા છે જ નહિ. અહાહા...! મોક્ષનો માર્ગ જે અંદર પ્રગટ થાય છે તેને બાહ્યકારણની-વ્યવહારરત્નત્રયની કોઈ અપેક્ષા નથી; તે મોક્ષના માર્ગની પર્યાય શુદ્ધ ઉપાદાનકારણભૂત છે. અહો ! સર્વજ્ઞના કેડાયતીઓએ સર્વજ્ઞ થવાની આવી અલૌકિક વાત કરી છે. જેનાં પરમ ભાગ્ય હોય તેને તે સાંભળવા મળે તેવી છે.

અહાહા...! કહે છે-શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવને અવલંબનારી ભાવના રાગાદિરહિત હોવાને લીધે શુદ્ધ ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષના કારણરૂપ છે. તે ભાવનાને બાહ્યકારણની-વ્યવહારકારણની અપેક્ષા નથી. હવે આ સાંભળીને ઓલા વ્યવહારના પક્ષવાળા રાડ પાડી જાય છે. તેઓ કહે છે-નિશ્ચય અને વ્યવહાર-એમ બે મોક્ષમાર્ગ છે.

અરે ભાઈ! તને ખબર નથી ભગવાન ! પણ નિશ્ચયમોક્ષમાર્ગ એક જ સત્યાર્થ મોક્ષમાર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ એ કાંઈ વાસ્તવિક માર્ગ નથી, એ તો ઉપચારમાત્ર છે; વાસ્તવમાં તો એ રાગ છે, બંધનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વ્યવહારમોક્ષમાર્ગને જ સત્યાર્થ મોક્ષમાર્ગ માની અનંતકાળથી તું રખડવાના પંથે ચઢી ગયો છો. માર્ગના યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના એકેન્દ્રિય આદિમાં અનંત અનંત અવતાર ધરીને તું હેરાન-હેરાન થઈ ગયો છું પ્રભુ! જરા યાદ કર.

સંવત ૧૯૮૦ની સાલમાં સંપ્રદાયમાં બોટાદમાં હતા ત્યારે પંદરસો પંદરસો માણસો વ્યાખ્યાનમાં આવતા. બહારમાં નામ પ્રસિદ્ધ હતું ને? તો હજારો માણસો સાંભળવા આવતા. ત્યારે એકવાર જાહેર સભામાં કહેલું કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નાહ. બહુ આકરી વાત! પણ લોકો સાંભળતા; અમારા ઉપર વિશ્વાસ હતો ને! તો સાંભળતા. ૯૯ો, તે વખતે આ દેહની ઉંમર તો નાની હતી, તે વખતે આ વાત મૂકી હતી કે-સમકિતીને તીર્થંકરપ્રકૃતિનો બંધ પડે, અજ્ઞાનીને નહિ; છતાં સમકિતી જીવને તીર્થંકરપ્રકૃતિના કારણભૂત જે પરિણામ થાય તે પરિણામ ધર્મ નથી. અહા! જે ભાવથી બંધ થાય તે ભાવ ધર્મ કે ધર્મનું કારણ કેમ થાય? ન થાય. ભાઈ! મુનિરાજને જે પંચમહાવ્રતના પરિણામ છે તે રાગ છે માટે તે આસ્રવભાવ છે, બંધનું કારણ છે. હવે આવી વાત સાંભળીને ઘણાને ખળભળાટ થઈ જાય છે, પણ ભાઈ! આ ત્રિલોકનાથ જૈન પરમેશ્વરની વાણીમાં આવેલી પરમ સત્ય વાત છે.

શુભભાવ જ્ઞાનીને આવે છે ખરો; અંદર આત્મજ્ઞાન અને સ્વાનુભવ જેને પ્રગટ થયાં છે તેને ક્રમે આગળ વધતાં વચ્ચે યથાયોગ્ય શુભભાવ આવે છે, પણ એનાથી ધર્મ થાય છે એમ નથી. ધર્મ તો રાગરહિત શુદ્ધઉપાદાનકારણભૂત છે. શુભભાવ છોડીને અંદર આત્માનુભવમાં સ્થિરતા થાય ત્યારે આગળ આગળનું ગુણસ્થાન પ્રગટે છે. જુઓ, છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતનો વિકલ્પ છે તે પ્રમાદ છે. તેને છોડીને, અંતરમાં સ્થિર થાય ત્યારે સાતમું ગુણસ્થાન પ્રગટ થાય છે. સાધકને ભૂમિકાયોગ્ય વચમાં વ્યવહાર આવે છે ખરો, પણ તેને તે હેય છે.

નિયમસારમાં તો મોક્ષમાર્ગની પર્યાયને પણ હેય કહી છે, કેમકે તે આશ્રય કરવાયોગ્ય નથી. વસ્તુસ્થિતિ જ આવી છે બાપુ! કોઈની કલ્પનાથી વસ્તુસ્થિતિ ન બદલી જાય. ઓહો! વસ્તુ ચિદાનંદઘન પ્રભુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અંદર ત્રિકાળી સત છે તેના લક્ષે, તેના આશ્રયે, તેના અવલંબને જે શુદ્ધાત્મભાવના પ્રગટ થાય તે સર્વથા રાગરહિત છે અને શુદ્ધ ઉપાદાન-કારણભૂત છે. આવી વાત સંપ્રદાયબુદ્ધિવાળાને કઠણ પડે પણ શું થાય? હવે તો લાખો લોકો આ વાતને સમજવા લાગ્યા છે.

જેને આ વાત બેસતી નથી તે પ્રરૂપણા કરે છે કે–વ્રત લો, પડિમા ધારણ કરો–એનાથી ધર્મ થઈ જશે. પણ ભાઈ! સમ્યગ્દર્શન વિના પડિમા આવશે ક્યાંથી? હજુ સમકિતની દશા કેવી હોય અને તે કેમ પ્રગટે એનીય જેને ખબર નથી તેને પડિમા કેવી? તેને વ્રત કેવાં? અહીં તો આ એકદમ ચોકખી વાત છે કે મોક્ષમાર્ગની ભાવનારૂપ જે પર્યાય છે તે રાગરહિત શુદ્ધઉપાદાનકારણભૂત છે અર્થાત્ તે પડિમા આદિની અપેક્ષાથી રહિત છે.

ત્યારે કેટલાક વાંધા ઉઠાવે છે કે– (કાર્ય) ઉપાદાનથી પણ થાય અને નિમિત્તથી પણ થાય.

ભાઈ! તારી આ વાત યથાર્થ નથી. બે કારણથી કાર્ય થાય છે એમ શાસ્ત્રમાં આવે છે, પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે ઉપચારથી બીજી ચીજને કારણ કહી છે, પણ તે સત્યાર્થ કારણ છે એમ છે નહિ; સત્યાર્થ કારણ તો એક ઉપાદાનકારણ જ છે. આ પ્રમાણે મોક્ષનો માર્ગ અને તેનું કારણ એક જ પ્રકારે છે.

ચિદ્વિલાસમાં પં. શ્રી દીપચંદજીએ બહુ સરસ વાત કરી છે. તેઓ કહે છે–પર્યાયનું કારણ તે પર્યાય જ છે. ગુણ વિના જ (ગુણની અપેક્ષા વિના જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે; પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે, પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે, પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે. જેટલામાં પર્યાય ઉઠે તે પ્રદેશ પર્યાયનું કારણ છે, ધ્રુવના પ્રદેશ નહિ. આવી વાત છે! સમજાય છે કાંઈ...?

જુઓ, આત્માના પાંચ ભાવોમાં કયા ભાવ મોક્ષનું કારણ છે એની આ વાત ચાલે છે. ત્યાં કહે છે–શુદ્ધ એક ચૈતન્યસ્વભાવની ભાવનાથી પ્રગટેલા ઔપશમિક આદિ ત્રણ ભાવો મોક્ષનું કારણ છે, ને તે ત્રણે ભાવો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગરહિત શુદ્ધ છે. રાગ છે તે ઔદયિકભાવ છે અને તે મોક્ષના કારણભૂત નથી. આ પ્રમાણે અસ્તિ-નાસ્તિરૂપ મોક્ષમાર્ગનું સ્વરૂપ કહ્યું. આવા મોક્ષમાર્ગની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. શુદ્ધ આત્મ-દ્રવ્યનું અવલંબન ચોથે ગુણસ્થાનેથી શરૂ થાય છે. ત્યાં જેટલું શુદ્ધાત્માનું અવલંબન તેટલી શુદ્ધતા છે; ને તે શુદ્ધતાને જ ઉપશમાદિ ભાવત્રય કહે છે, ઉદયભાવ–રાગભાવ તો એનાથી બહાર જ છે.

પણ તે કાળે રાગ છે તો ખરો ?

છે ને ? તે કાળે રાગ હો, પણ તેથી શું ? આખી દુનિયા છે, પણ એનાથી જ્ઞાન જુદું છે, જ્ઞાન તેને કરતું નથી; તેમ રાગનેય જ્ઞાન કરતું નથી, ભોગવતું નથી, જાણે જ છે. ભાઈ! સમકિતીને સમ્યક્ત્વાદિ જે નિર્મળ નિર્મળ ભાવો છે તે રાગથી મુક્ત જ છે, ભિન્ન જ છે. અહો! ભગવાન આત્મા તો ભિન્ન હતો જ, ને પરિણતિ સ્વાભિમુખ થઈ ત્યાં તે પણ રાગથી ભિન્ન જ થઈ. ભાઈ! રાગ રાગમાં હો, પણ રાગ જ્ઞાનમાં નથી, કેમકે જ્ઞાને રાગને ગ્રહ્યો નથી, રાગ જ્ઞાનમાં જણાતાં 'આ રાગ હું'–એમ જ્ઞાને રાગને પકડયો નથી. 'હું તો જ્ઞાન છું'–એમ જ્ઞાન પોતાને જ્ઞાનપણે જ વેદે છે. આવા વેદનમાં સાથે આનંદ છે, પણ એમાં રાગ નથી. સમજાણું કાંઈ...?

અરે જીવ! મોક્ષના કારણરૂપ તારી નિર્મળદશા કેવી હોય તેને ઓળખ તો ખરો! અહા! તારી સ્વરૂપસંપદાને ઓળખતાં તે પ્રગટ થાય છે. ભાઈ! મોક્ષના કારણરૂપ તે દશા—

— શુદ્ધ એક પરમસ્વભાવભાવને જ અવલંબનારી છે, પરને ને રાગને અવલંબનારી નથી.

— દેહ, મન, વચન આદિ જગતના સર્વ અન્યપદાર્થોથી ભિન્ન છે.

— પુણ્ય-પાપ આદિ ભાવકર્મથી પણ ભિન્ન છે. તેમાં રાગનો એક કણ પણ સમાતો નથી.

— શુદ્ધ ઉપાદાનકારણભૂત છે.

અહા! મોક્ષના કારણરૂપ તે દશા સ્વરૂપનાં શ્રદ્ધાન–જ્ઞાન–રમણતા આદિ નિજભાવોથી ભરપૂર છે. અહો! સમકિતીને સ્વાવલંબે પ્રગટેલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યસંપદા આગળ જગતની જડસંપદા કાંઈ નથી; કેમકે પુણ્યને આધીન એ જડસંપદા પરમસુખમય મોક્ષને દેવા સમર્થ નથી. આવી વાત છે.

બાપુ! વીતરાગનો મારગ રાગથી સદાય અનેરો છે. ચોથે ગુણસ્થાને શુદ્ધતાનો જે અલ્પ અંશ પ્રગટ થયો તેમાં પણ રાગનો અભાવ જ છે. શુદ્ધતામાં રાગ નહિ, ને રાગમાં શુદ્ધતા નહિ; બંનેની જાતિ જ ભિન્ન છે. સમ્યગ્દષ્ટિને દ્રવ્યમાં રાગ નહિ, ગુણમાં રાગ નહિ ને જે નિર્મળ પરિણતિ થઈ તેમાંય રાગ નહિ; આમ તેને દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય રાગ-રહિત શુદ્ધ વર્તે છે. અભેદ એક 'શુદ્ધ'ને ભાવતાં તેને શુદ્ધતાનું પરિણમન થયા કરે છે. આવી શુદ્ધતાની પૂર્ણતા થાય તે મોક્ષ; અને અંશે શુદ્ધતા તે મોક્ષમાર્ગ, શ્રીમદ્દે કહ્યું છે ને કે–

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા; તે પામે તે પંથ.

આ પ્રમાણે કારણ–કાર્ય એક જાતિનાં જ હોય છે. શુભરાગ કારણ થઈને અશુદ્ધ કાર્યને જ કરે. પણ તે શુદ્ધ કાર્યને કરે એમ કદીય ના બને. શુદ્ધ કાર્યનું કારણ તો શુદ્ધ જ હોય, રાગરહિત જ હોય. હવે આમ છે ત્યાં કોઈ બહારમાં જડની ક્રિયાઓ થાય એને મોક્ષનું કારણ માને એ તો નરી મૂઢતા જ છે.

સમકિતીને જેટલી સ્વ-આશ્રયે શુદ્ધ ઉપાદાનરૂપ પરિણતિ થઈ છે તેટલું મોક્ષનું કારણ છે. ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય કે જે ધ્રુવભાવરૂપ છે, અક્રિય છે તે મોક્ષનું કારણ થતું નથી, વળી શુદ્ધદ્રવ્યથી વિમુખપણે વર્તતા ભાવો પણ મોક્ષનું કારણ નથી થતા; શુદ્ધદ્રવ્યની સન્મુખ થઈને વર્તતા નિર્મળ ભાવો જ મોક્ષનું કારણ થાય છે. આ પ્રમાણે અહીં પર્યાયમાં કારણ–કાર્યપણું કહ્યું છે. એમ તો તે–તે સમયની પર્યાય શુદ્ધ-દ્રવ્યને અવલંબીને પોતે પૂરણ શુદ્ધપણે પ્રગટે છે, પૂર્વ પર્યાયમાંથી તે નથી આવતી. પણ પૂર્વે આટલી શુદ્ધિપૂર્વક જ પૂર્ણ શુદ્ધતા થાય છે તેથી તેમનામાં કારણ–કાર્યપણું કહ્યું, અને તેનાથી વિરુદ્ધભાવોનો નિષેધ કર્યો. આ પ્રમાણે કયા ભાવથી મોક્ષ સધાય છે તે બતાવ્યું.

અહીં કહે છે–શુદ્ધાત્મભાવના કે જે ઔપશમિકાદિ ભાવત્રયરૂપ છે તે મોક્ષનું કારણ છે, પરંતુ શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ વાણિયા માલ લેવા જાય ત્યાં તો કસી-કસીને માલ ખરીદે પણ અહીં ધર્મની વાત આવે તેમાં 'જયનારાયણ' એમ હા જી હા કરે. પણ ભાઈ! આ તો ત્રિલોકીનાથ જૈન પરમેશ્વરની સર્વજ્ઞદેવની વાણી છે. અહા! જેમની સભામાં ઈન્દ્રો, મુનિવરો, ગણધરો બિરાજતા હોય, જેમની વાણી નાગ અને વાઘ પણ સાંભળતા હોય તે વાણી કેવી હોય બાપુ! દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો એવી વાત તો કુંભારેય કરે છે; એમાં શું નવું છે? ૫૦ વર્ષ પહેલાં તો એવો રિવાજ હતો કે શ્રાવણ માસ આવે એટલે કુંભાર નિભાડા બંધ કરે, ઘાંચી ઘાણી ન ચલાવે ઇત્યાદિ. પણ ભાઈ! એ કાંઈ ધર્મના પરિણામ નથી.

અહીં કહે છે-મોક્ષના માર્ગરૂપ જે નિર્મળ રત્નત્રયની પર્યાય છે તે મોક્ષનું કારણ છે, પરંતુ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય છે તે મોક્ષનું કારણ નથી. અહાહા....! ભગવાન આત્મા જેને કારણજીવ, કારણપરમાત્મા કહીએ તે ચિદાનંદઘન પ્રભુ, અહીં કહે છે, મોક્ષનું કારણ નથી. ભાઈ! જ્યાં જે પદ્ધતિથી વાત હોય તે યથાર્થ સમજવી જોઈએ. જો ત્રિકાળીભાવરૂપ કારણપરમાત્મા મોક્ષનું કારણ હોય તો મોક્ષરૂપ કાર્ય સદાય હોવું જોઈએ, કેમકે દ્રવ્ય તો સદાય વિદ્યમાન છે. પરંતુ મોક્ષકાર્ય તો નવું પ્રગટે છે. માટે તેનું કારણ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નથી પણ પર્યાય છે. અહાહા...! કારણ-પરમાત્મદ્રવ્ય સદાય શુદ્ધ છે; એનું ભાન કરીને પર્યાય જ્યારે એની ભાવનારૂપ પરિણમી, એમાં એકાકાર થઈ પરિણમી ત્યારે તે શુદ્ધ થઈને મોક્ષનું કારણ થઈ. આ પ્રમાણે મોક્ષનું કારણ-કાર્ય પર્યાય છે, શુદ્ધ દ્રવ્ય નહિ.

જુઓ, એક ફેરા એક પ્રશ્ન થયેલો કે-તમો કારણપરમાત્મા અનાદિથી વિદ્યમાન છે એમ કહો છો તો તેનું કાર્ય કેમ નથી આવતું? એમ કે કારણ કહો છો તો એનું કારણ આવવું જોઈએ ને?

સમાધાનઃ—ત્યારે કહ્યું,-ભાઈ! કારણપરમાત્મા તો ત્રિકાળ સત્ છે. પણ તેં એનું અસ્તિત્વ ક્યાં માન્યું છે? એનો સ્વીકાર કર્યા વિના પર્યાયમાં એનું કાર્ય ક્યાંથી આવે? પર્યાય જ્યારે સ્વાભિમુખપણે વર્તે છે ત્યારે એનું કાર્ય આવે જ છે. કાર્ય તો પર્યાયમાં આવે ને? પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાભિમુખ થાય ત્યારે. આવી વાત છે. આ પ્રમાણે સ્વાભિમુખ પર્યાય મોક્ષનું કારણ થાય છે, ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નહિ; કેમકે દ્રવ્ય તો અક્રિય અપરિણામી છે. સમજાય છે કાંઈ...?

આ પ્રમાણે મોક્ષનું કારણ દર્શાવીને શક્તિરૂપ ને વ્યક્તિરૂપ મોક્ષની ચર્ચા કરે છે; કહે છે–

'જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.'

અહાહા...! ભગવાન આત્મા શુદ્ધ શક્તિરૂપ ત્રિકાળ મોક્ષસ્વરૂપ અબંધસ્વરૂપ છે. સમયસાર ગાથા ૧૪–૧૫માં આત્માને 'અબદ્ધસ્પૃષ્ટ' કહ્યો છે. અબદ્ધ કહો કે મુક્ત કહો–એક જ વાત છે. ભાઈ! ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સદા મુક્તસ્વરૂપ જ છે. ગજબ વાત છે ભાઈ! કહે છે–શક્તિ-રૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે. અહા! ભગવાન આત્મા તો શક્તિએ–સ્વભાવથી ત્રિકાળ મોક્ષસ્વરૂપ પ્રથમથી જ વિદ્યમાન છે. જોયું? એનો મોક્ષ કરવો છે એમ નહિ, ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે, પ્રથમથી જ મોક્ષસ્વરૂપ છે.

૧૫મી ગાથામાં કહ્યું છે કે– જે કોઈ આત્માને અબદ્ધ-સ્પૃષ્ટ દેખે છે તે સકલ જિનશાસનને દેખે છે. જુઓ આ જૈનધર્મ! ભગવાન આત્મા રાગ અને કર્મના સંબંધથી રહિત અબદ્ધસ્પૃષ્ટ છે. અહા! આવા શુદ્ધ ચિદાનંદ ભગવાનને જેણે અંતર્મુખ થઈ અનુભવ્યો તે, કહે છે, સર્વ જિનશાસનને દેખે છે – કે જે બાહ્ય દ્રવ્યશ્રુત તેમજ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. અહા! જે પુરુષે નિજ શુદ્ધોપયોગમાં આત્માનુભવ કરીને મોક્ષમાર્ગ પ્રગટ કર્યો એણે સકળ જિનશાસન જોયું. આવું જિનશાસન એક વીતરાગભાવરૂપ છે.

અહા! શ્રી જયસેનાચાર્યદેવ વીતરાગી સંત મુનિવર કહે છે— મોક્ષના બે પ્રકાર : એક શક્તિરૂપ મોક્ષ, બીજો વ્યક્તિરૂપ મોક્ષ. ત્યાં પર્યાયમાં પરિણમન થઈને આત્માનો પૂર્ણ લાભ વ્યક્તરૂપે પ્રાપ્ત થવો તે વ્યક્તિરૂપ મોક્ષ છે. અને વસ્તુ જે શુદ્ધપારિણામિકસ્વભાવે છે તે શક્તિરૂપ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષ ત્રિકાળ છે. ત્રિકાળ પરમસ્વભાવભાવરૂપ જે શુદ્ધ શક્તિરૂપ મોક્ષ છે તેમાં મોક્ષ કરવો છે એમ નથી. એ તો પ્રથમથી જ મોક્ષસ્વરૂપ છે. અને તેનો આશ્રય કરીને પર્યાય જે પરિપૂર્ણસ્વભાવે પ્રગટ થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. આવું બહુ ઝીણું ભાઈ! અજાણ્યા માણસને તો ગ્રીક-લેટિન જેવું લાગે. ભાઈ! ફુરસદ લઈને આનો પરિચય કરવો જોઈએ; આ તો વીતરાગનો મારગ છે બાપા!

અહીં કહે છે—શક્તિરૂપ મોક્ષ શુદ્ધપારિણામિક ત્રિકાળ છે, તે પ્રથમથી જ વિદ્યમાન છે; આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે. અહા! અનંતજ્ઞાન. અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય—એમ અનંતચતુષ્ટય પ્રગટ થયાં તે વ્યક્તરૂપ મોક્ષ છે અને તે મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે. એ મોક્ષ દ્રવ્યથી પ્રાપ્ત ન થાય એમ અહીં કહેવું છે. દુનિયાને આ ગોઠે નહિ એવી વાત છે, પણ ભાઈ રે! પર્યાયમાં જે મોક્ષ થાય છે એ મોક્ષમાર્ગના કારણથી થાય છે, પર પદાર્થ એનું કારણ નથી, તેમ ત્રિકાળી દ્રવ્ય પણ એનું કારણ નથી. વાસ્તવમાં તો તે-તે પર્યાયનું શુદ્ધ ઉપાદાન જ તે પર્યાયનું (-મોક્ષનું) કારણ છે. સમજાય છે કાંઈ....?

મોક્ષમાર્ગની પર્યાયને અહીં મોક્ષનું કારણ કહ્યું છે એ પણ અપેક્ષાથી વાત છે; મોક્ષમાર્ગની જે પર્યાય છે તે વ્યય થઈને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે, પણ એમ નથી કે જોર કરીને તે મોક્ષની પર્યાયને ઉત્પન્ન કરી દે છે વા કરાવી દે છે. આવી વાત છે.

આત્માનો ત્રિકાળી ધ્રુવસ્વભાવ અને એના આશ્રયે પ્રગટ થતો મોક્ષમાર્ગ સમજાવીને અહો! આચાર્ય ભગવાને અંતરનો ખજાનો ખોલી દીધો છે. હે ભાઈ! તારો ચૈતન્યખજાનો અંદર મોક્ષસ્વભાવથી ભરપૂર છે. એમાં અંદર ઉતરીને એમાંથી જોઈએ એટલું કાઢ: સમ્યગ્દર્શન કાઢ, સમ્યગ્જ્ઞાન કાઢ, સમ્યક્ચારિત્ર કાઢ, કેવળજ્ઞાન કાઢ અને મોક્ષ કાઢ; અહા! સદાકાળ એમાંથી પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ લીધા જ કર; તારો ખજાનો ખૂટે એમ નથી. અહા! તારું આત્મદ્રવ્ય અવિનાશી અનંતગુણસ્વભાવથી ભરેલું સદા મોક્ષસ્વરૂપ જ છે. 'તું છો મોક્ષસ્વરૂપ.' અહા! આવા નિજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવનું જ્ઞાન-શ્રદ્ધાન થયું તેને મોક્ષ પ્રગટતાં શી વાર! જેણે અંતરમાં શક્તિરૂપ મોક્ષ ભાળ્યો તેને મોક્ષના ભણકાર આવી ગયા ને તેને અલ્પ-કાળમાં જ વ્યક્તિરૂપ મોક્ષ થાય છે.

વસ્તુ-ધ્રુવ આત્મદ્રવ્ય શક્તિરૂપ મોક્ષ ત્રિકાળ છે, અને એના આશ્રયે વ્યક્તિરૂપ મોક્ષ નવો પ્રગટે છે. પર્યાયમાં મિથ્યાત્વ હો કે સમ્યક્ત્વ હો, બંધન હો કે મોક્ષ હો; દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે, તેમાં બંધન નથી, આવરણ નથી, અશુદ્ધતા નથી કે અલ્પતા નથી. અહાહા....! વસ્તુ તો સદા પરિપૂર્ણ જ્ઞાનઘન-આનંદઘન પ્રભુ મોક્ષસ્વરૂપ જ છે. અહા! આવા નિજસ્વભાવનું અંતર્મુખ થઈને ભાન કરનારને પર્યાયમાં બંધન ટળીને પૂરણ શુદ્ધ મોક્ષદશા થવા માંડે છે. અહો! આવો અલૌકિક મોક્ષનો માર્ગ છે અને એનું નામ ધર્મ છે.

હવે કહે છે–

'એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે "निष्क्रियः शुद्धपारिणामिकः" અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે.'

જુઓ, આ વિશેષ સ્પષ્ટ કરે છે કે પારિણામિક ધ્રુવ સ્વભાવભાવ જે છે તે મોક્ષનું કારણ નથી કેમકે તે નિષ્ક્રિય છે. અહાહા....! શુદ્ધ પારિણામિક શુદ્ધચેતનામાત્ર વસ્તુમાં દૃષ્ટિ પડતાં જે નિર્મળ પરિણમન થાય તે પર્યાય મોક્ષનું કારણ છે, પણ શુદ્ધપારિણામિક વસ્તુ મોક્ષનું કારણ નથી. કેમ નથી? તો કહે છે–તે ઉત્પાદ–વ્યય વિનાની નિષ્ક્રિય ચીજ છે. એમાં બંધમાર્ગ કે મોક્ષમાર્ગની ક્રિયાઓ થતી નથી એવી તે નિષ્ક્રિય ચીજ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ!

પરમાર્થવચનિકામાં પં. શ્રી બનારસીદાસજીએ કહ્યું છે કે– "મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર અને શુદ્ધ દ્રવ્ય અક્રિયરૂપ તે નિશ્ચય છે." વળી ત્યાં છેલ્લે કહ્યું છે કે–"આ વચનિકા યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવળી-વચનાનુસાર છે. જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્યાનુસાર કલ્યાણકારી થશે."

જુઓ, આમાં શું કહ્યું? કે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર; આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર મોક્ષમાર્ગ તે વ્યવહાર એમ નહિ. ભાઈ! વ્યવહાર મોક્ષમાર્ગ એ તો માર્ગ જ નથી; એ તો ઉપચારમાત્ર–કથનમાત્ર માર્ગ છે; વાસ્તવમાં તો એ રાગ હોવાથી બંધરૂપ જ છે. ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થયેલી વાત છે, આ કાંઈ કલ્પનાની વાત નથી.

"મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર, ને શુદ્ધ દ્રવ્ય અક્રિય તે નિશ્ચય." આમાં શુદ્ધદ્રવ્યને અક્રિય કહ્યું છે. અહા! વસ્તુ ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ પ્રભુ જે છે તે, કહે છે, અક્રિય છે. અહાહા...! જેમાં મોક્ષમાર્ગની કે મોક્ષની પર્યાય પણ નથી એવી ત્રિકાળી ધ્રુવ અંતર્–વસ્તુ અક્રિય છે. એને અક્રિય કહો કે નિષ્ક્રિય કહો–એક જ વાત છે.

દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ સદા નિષ્ક્રિય તત્ત્વ છે. તથાપિ એમાં દૃષ્ટિ કરતાં, એનો આશ્રય કરી પરિણમતાં શુદ્ધ અરાગી–વીતરાગી પરિણમન થાય છે, તેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહીએ. તે મોક્ષનો માર્ગ છે. અહા! આવો મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. આ ધર્મીનો વ્યવહાર ને ધર્મીની ક્રિયા છે. ધર્માત્મા નિર્મળ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને સાધે છે, એ કાંઈ વ્યવહારરત્નત્રયને (–રાગને) સાધતા નથી. માર્ગ તો આ છે ભાઈ!

અરે! આ જીવ ૮૪ લાખ યોનિમાં દુઃખી દુઃખી થઈને રઝળ્યો છે. અહા! એવો કોઈ શુભભાવ થઈ જાય તો પુણ્યોદય વશ તે બહાર ત્રસમાં આવે છે. આમ તો ત્યાં (એકેન્દ્રિયમાં) જીવને ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ–એવા ભાવ નિરંતર થયા કરે છે, પણ મનુષ્યગતિમાં આવે એવા એ શુભભાવ હોતા નથી. મનુષ્યપણામાં આવે એવા શુભભાવ કોઈકવાર જીવને થાય છે. ભાઈ! પુણ્યોદયવશ તને મનુષ્યપણું મળ્યું એ અવસર છે. જો આ અવસરમાં નિજ અંતઃતત્ત્વ મોક્ષસ્વરૂપ આત્મવસ્તુમાં જાય તો સમકિત થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ચારિત્ર થાય–મોક્ષમાર્ગ થાય. પણ અંદર ન જાય તો? તો અવસર ચાલ્યો જાય અને બહાર આવેલા બીજા જીવ જેમ એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે તેમ તું પણ સરવાળે એકેન્દ્રિયમાં ચાલ્યો જાય. છહઢાલામાં આવે છે ને કે–

જો વિમાનવાસી હૂ થાય, સમ્યગ્દર્શન બિન દુઃખ પાય;
તહતૈં ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારમાં તો લોકો બાહ્ય વ્યવહારની–રાગની (જડ) ક્રિયાઓમાં ધર્મ માને–મનાવે છે. એક ટંક ખાવું કે ઉપવાસ કરવો તે તપસ્યા, અને તે તપસ્યા તે મુક્તિનું કારણ–આવું બધું સંપ્રદાયમાં હાલે છે. અરે ભગવાન! આ તું શું કરે છે? આખો માર્ગ વીંખી નાખ્યો પ્રભુ! અહીં તો આ દિગંબર સંતો પોકાર કરીને કહે છે કે–ત્રિકાળી સહજાનંદસ્વરૂપ અક્રિય આત્મવસ્તુ તે નિશ્ચય અને તેના અવલંબને નિર્મળ પરિણમનરૂપ મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. અહાહા....! અક્રિય શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચય અને તેના આશ્રયે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. આવો માર્ગ! ભાઈ! આ જેમ વસ્તુ છે તેમ સમજવી પડશે હોં. બાકી બહારના ઝવેરાત આદિના ધંધા કાંઈ કામ આવે એમ નથી. ઉલટું એની એકત્વબુદ્ધિએ પરિણમતાં એ કાગડે–કૂતરે–કંથવે...ક્યાંય સંસાર-સમુદ્રમાં ગોથાં ખાતો ડૂબી મરશે.

ત્યારે કેટલાક લોકો દલીલ કરે છે કે— તમે કોઈ સાથે વાતચીત (વાદ) કરતા નથી; તો તકરાર (–વિવાદ) ઊભી રાખવી છે શું?

અરે ભાઈ! તું શું કહે છે આ? બાપુ! આ અધ્યાત્મની વાત વાદ કર્યે સમજાય એવી નથી. આ તો અંતર-પરિણમનમાં સમજાય એવી ચીજ છે. જુઓને, સમયસાર ગાથા ૧૧ ના ભાવાર્થમાં પં. શ્રી જયચંદજીએ કેવી ખુલાસાભરી સરસ વાત કરી છે! કે–

૧. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે,

૨. અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે,

૩. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;

૪. પણ એનું ફળ સંસાર જ છે.

લ્યો, હવે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય–એમ વ્યવહારનો પક્ષ તો જીવોને અનાદિથી જ છે. એકબીજાને ઉપદેશ પણ એવો જ કરે છે કે વ્રત, તપ, દાન, ભક્તિ, પૂજા ઇત્યાદિ કરો...એનાથી પરંપરા મોક્ષ થશે; વળી શાસ્ત્રોમાં પણ શુદ્ધનયનો હસ્તાવલંબ' જાણી વ્યવહારનો ઉપદેશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘણો કર્યો છે. પણ ભાઈ! એનું ફળ સંસાર જ છે. આવી વાત!

વળી ત્યાં કહ્યું છે કે–

૧. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી,

૨. અને એનો ઉપદેશ પણ વિરલ છે–ક્યાંક ક્યાંક છે,

૩. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે કે–

"શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાન–શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી." જુઓ, ગૃહસ્થાશ્રમમાં રહીને આવો ભાવાર્થ પંડિત શ્રી જયચંદજીએ લખ્યો છે!

અહીં જયસેનાચાર્યદેવ કહે છે—'સિદ્ધાંતમાં એમ કહ્યું છે કે શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે?' તો કહે છે–

'(શુદ્ધપારિણામિકભાવ) બંધના કારણભૂત જે ક્રિયા–રાગાદિ–પરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા–શુદ્ધભાવના–પરિણતિ, તે–રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ-પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.'

નિષ્ક્રિય એટલે શું? જડની અને પરની ક્રિયા વિનાની ચીજ એનું નામ શું નિષ્ક્રિય છે? આત્મા શરીર આદિ પરની ક્રિયા ન કરી શકે માટે તે નિષ્ક્રિય છે શું? તો કહે છે—ના; એમ નથી. ભાઈ! તું જરા ધીરો થઈને સાંભળ. બંધના કારણભૂત જે ક્રિયા એટલે કે રાગાદિ મલિન ભાવ તે–રૂપ શુદ્ધપારિણામિકભાવ નથી તેથી તેને નિષ્ક્રિય કહે છે. શું કીધું? આ પુણ્ય–પાપના ભાવ જે થાય તે બંધના કારણરૂપ ક્રિયા છે અને તેનો શુદ્ધપારિણામિકમાં અભાવ છે તેથી તેને નિષ્ક્રિય કહ્યો છે. તે ક્રિયા પર્યાયમાં તો છે પણ શુદ્ધ દ્રવ્યવસ્તુમાં નથી, માટે શુદ્ધ દ્રવ્યવસ્તુ નિષ્ક્રિય છે. સમજાણું કાંઈ....? ભાઈ! આ તો જૈનતત્ત્વ! બહુ સૂક્ષ્મ બાપા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકમાં તો ધર્મના નામે બીજું (-રાગની ક્રિયાઓ) ચલાવે તો ચલાવો, પણ એ રીતે સંસારમાં રખડવાના આરા નહિ આવે. અહીં તો આ ચોકખી વાત છે કે-નિશ્ચય સમ્યગ્દર્શનનું ધ્યેય જે ત્રિકાળી શુદ્ધદ્રવ્ય તે રાગરૂપ ક્રિયાની પરિણુતિથી ભિન્ન છે; અર્થાત્ રાગની કોઈ ક્રિયાથી તે પમાય એમ નથી. લ્યો, હવે આવી વાત! જૈનમાં જન્મ્યા હોય એનેય ખબર ન મળે! એક જૈન ત્યાગી સાંભળવા આવેલા તે કહેતા હતા કે - આવી વાતની અમને ખબર નથી, અમારી બધી ક્રિયાઓ ફોગટ ગઈ.

જુઓ, ત્રિકાળી શુદ્ધપારિણામિક ભાવ નિષ્ક્રિય છે એટલે શું — એની વાત ચાલે છે કે બંધના કારણરૂપ જે ક્રિયા-રાગાદિ પરિણતિ તે-રૂપ શુદ્ધ-પારિણામિક ભાવ થતો નથી, તેમ મોક્ષના કારણરૂપ જે ક્રિયા - શુદ્ધભાવના-પરિણતિ તે-રૂપ પણ શુદ્ધપારિણામિક ભાવ થતો નથી. મોક્ષના કારણરૂપ ક્રિયા છે તે નિર્મળ નિર્વિકાર શુદ્ધભાવનાપરિણતિ છે. તે ક્રિયાપણે ત્રિકાળી શુદ્ધદ્રવ્ય થતું નથી, માટે તે નિષ્ક્રિય છે. અહાહા...! સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી શુદ્ધદ્રવ્ય તે સમ્યગ્દર્શનની ક્રિયાપણે થતું નથી. ભાઈ! આ તો ત્રિલોકીનાથ જૈન વીતરાગી પરમેશ્વરની દિવ્યધ્વનિમાં આવેલું એકલું અમૃત છે. અહો! સમયસાર, પ્રવચનસાર ઇત્યાદિ દ્વારા આચાર્યદેવે એકલાં અમૃત વરસાવ્યાં છે! 'અમૃત વરસ્યાં રે પંચમકાળમાં.'

જડની ક્રિયાઓ-બોલવું, ચાલવું, ખાવું, પીવું, લખવું ઇત્યાદિ તો ભગવાન આત્મામાં છે જ નહિ. અહીં તો કહે છે-એની પર્યાયમાં રાગાદિ વિકારની જે ક્રિયા થાય છે તે ક્રિયારૂપે શુદ્ધદ્રવ્ય થતું નથી, તથા એની પર્યાયમાં મોક્ષની સાધક જે જ્ઞાનભાવરૂપ ક્રિયા થાય છે તે ક્રિયારૂપે પણ શુદ્ધદ્રવ્ય થતું નથી. અહા! જે એક જ્ઞાયકભાવ છે તે તો તે જ છે, તે કદીય પ્રમત્ત-અપ્રમત્તરૂપ થયો નથી. માટે, કહે છે, ત્રિકાળી શુદ્ધદ્રવ્ય-અક્રિય છે. અહો! કોઈ અલૌકિક શૈલીથી વીતરાગી સંતોએ શુદ્ધદ્રવ્ય-સ્વભાવનું રહસ્ય ખોલ્યું છે. બાપુ! આ તો અંતરનાં નિધાન ખોલ્યાં છે.

એ તો પહેલાં આવી ગયું કે "શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિક નયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે" બંધ અને બંધનું કારણ, મોક્ષ અને મોક્ષનું કારણ–એ ચારેય ચીજ ત્રિકાળી શુદ્ધદ્રવ્યમાં નથી.

દયા, દાન, વ્રત, તપના પરિણામ તે બંધના કારણરૂપ ક્રિયા છે, તે આત્મદ્રવ્યમાં નથી; અને શુદ્ધભાવના પરિણતિ જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે તે મોક્ષના કારણરૂપ ક્રિયા છે, તે પણ આત્મદ્રવ્યમાં નથી. માટે, કહે છે, એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

આ શું કીધું ? કે શુદ્ધપારિણામિકભાવરૂપ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ તે ધ્યાનનું ધ્યેય છે, ધ્યાન નથી. અહાહા...! જેમાં નિરાકુળ આનંદનો સ્વાદ આવે એવાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થવામાં ત્રિકાળી શુદ્ધ ચિન્માત્ર વસ્તુ એના ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી, કેમકે ત્રિકાળી વસ્તુ છે તે અક્રિય છે. હવે ધ્યેય શું ને ધ્યાન શું ? —એની ખબરેય ન મળે ને મંડી પડે ધ્યાન ધરવા આસન લગાવીને; ધૂળમાંય ધ્યાન નથી સાંભળને, એ તો બધી મિથ્યા રાગની ક્રિયા છે.

અહીં કહે છે–શુદ્ધપારિણામિકભાવરૂપ ચિન્મૂર્તિ પ્રભુ આત્મા ધ્યાનનું ધ્યેય છે, તે ધ્યાનરૂપ નથી. પર્યાયને કથંચિત દ્રવ્યથી ભિન્ન કહેલ ને ? તે વાત અહીં સિદ્ધ કરી છે.

અહાહા...! વસ્તુ ત્રિકાળી છે તે શુદ્ધચૈતન્યનો મહા દરિયો છે. 'શુદ્ધચેતનાસિંધુ હમારો રૂપ હૈ–એમ આવે છે ને ? અહાહા...! અનંત ...અનંત....અનંત ગુણનું એકરૂપ દળ પ્રભુ આત્મા છે. તે, કહે છે, ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. સમ્યગ્દર્શનની પર્યાય ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનું ધ્યેય છે, આત્માનું સ્વસંવેદનજ્ઞાન તે ધ્યાનરૂપ છે અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનું ધ્યેય છે, આત્મરમણતા ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનું ધ્યેય છે. ધ્યાન તો ધ્યેયમાં એકાગ્ર થયેલી પર્યાય છે, ને ધ્યેય ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે. ધ્યાનની પર્યાય ધ્યેયને ધ્યાવે છે તોપણ ધ્યેય છે તે ધ્યાનરૂપ નથી. અહો! આ અલૌકિક વાત છે.

ભગવાન! નિજ ધ્યેયને ભૂલીને પોતાની નજરને તેં રાગમાં રોકી રાખી છે, તેથી ધ્યેયરૂપ નિજ જ્ઞાનાનંદનો દરિયો તને દેખાતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ! નજરને વર્તમાન પર્યાયની રુચિમાં રોકી દીધી છે તેથી અનંત-ગુણનિધિ શુદ્ધચેતનાસિંધુ એવો ભગવાન આત્મા તને ભાસતો નથી. અરે ભાઈ ! ધ્યાનરૂપ પર્યાય રાગ વગરના નિર્મળભાવરૂપ છે અને એનું ધ્યેય પરમસ્વભાવભાવરૂપ ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્ય છે. માટે રુચિ પલટી નાખ ને ધ્રુવસ્વભાવમાં ઉપયોગને સ્થિર કરીને તેને ધ્યાવ. અહા ! ઉપયોગને ધ્યેયમાં એકાગ્ર કરીને ધ્યાવતાં જે ધ્યાન પ્રગટ થશે તેમાં અતીન્દ્રિય આનંદની ધારા ઉલસશે.

પર તરફ વળેલી જ્ઞાનની પર્યાયમાં પણ ખરેખર તો જ્ઞાયક જ જણાઈ રહ્યો છે. આ વાત આચાર્યદેવે ગાથા ૧૭–૧૮માં કરી છે. જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશકપણાનો સ્વભાવ છે. તેથી વર્તમાન જ્ઞાન–પર્યાયમાં જે આ વસ્તુ ત્રિકાળ પરમપારિણામિકભાવે સ્થિત છે તે જાણવામાં આવે છે. અજ્ઞાનીને પણ તે ત્રિકાળી દ્રવ્ય જ્ઞાનમાં જણાય છે, પણ એની નજર એના ઉપર નથી. દૃષ્ટિનો ફેર છે બાપા ! ધ્રુવની દૃષ્ટિ કરવાને બદલે તે પોતાની નજર પર્યાય ઉપર, રાગ ઉપર, નિમિત્ત ઉપર ને બહારના પદાર્થ ઉપર રાખે છે અને તેથી તેને અંદરનું ચૈતન્યનિધાન જોવા મળતું નથી.

અરે ! આ પૈસા–બૈસામાં ક્યાંય ધૂળેય સુખ નથી. એ તો બાપા ! બધા ધૂળના ઢગલા છે; અને એનું ધ્યાન કરી પરિણમતાં એકલા દુઃખના ઢગલા છે. ભાઈ ! પંચમહાવ્રતના પરિણામનો વિકલ્પ ઉઠે એય રાગ છે, દુઃખ છે, બંધનું કારણ છે. ભાઇ ! તું એને ભ્રમથી સંવર માની સેવે છે, પણ આચાર્યદેવે એને 'તત્ત્વાર્થસૂત્ર'માં આસ્રવમાં ગણ્યા છે. ભાઈ ! આસ્રવથી મને લાભ થાય એવી તારી દૃષ્ટિ તને સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન થવામાં બાધક છે.

અહીં કહે છે—'શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે ? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે)'

જોયું ? આ ધ્યાન છે તે પર્યાય છે, તે ઔપશમિકાદિભાવરૂપ છે અને તે પલટી જાય છે. તેથી તે પર્યાય ધ્યેયરૂપ નથી. ધ્યેયરૂપ તો એક શુદ્ધ-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પારિણામિકભાવ છે કેમકે તે અવિનશ્વર છે, નિત્ય છે, શાશ્વત છે, ધ્રુવ એકરૂપ છે; તે ધ્યાનરૂપ કેમ હોય? ભાઈ! આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-સ્વરૂપ જે મોક્ષમાર્ગની પર્યાય છે તે નાશવંત છે, કારણ કે મોક્ષદશા પ્રગટ થતાં મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થઈ જાય છે, વ્યય થઈ જાય છે; માટે તે ધ્યેયરૂપ નથી. અને ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય નિત્ય અવિનાશી હોવાથી ધ્યેયરૂપ છે, પણ ધ્યાનરૂપ નથી. લ્યો, આવી વાત! ભાષા તો સાદી છે, પણ ભાવ તો જે છે તે છે. કોઈ કહે છે કે-સહેલું કરો, પણ શું સહેલું કરો? સહેલું જ આ છે. તું વ્રત, તપ, ઉપવાસ આદિના વિકલ્પને સહેલું માને છે પણ બાપુ! એ તો માર્ગ જ નથી; એ તો બધી રાગની મંદતાની ક્રિયાઓ છે અને એ તો રખડવાનો માર્ગ છે. સમજાણું કાંઈ....?

ધ્યાનપર્યાય વિનશ્વર છે. શુક્લધ્યાનની પર્યાય પણ વિનશ્વર છે. માટે તે ધ્યેયરૂપ નથી, ધ્યેયથી ભિન્ન છે. શ્રી યોગીન્દ્રદેવે કહ્યું છે કે—

"ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।
जिउ परमत्थे जाइया जिणवर एउ भणेइ।। ६८।।

અર્થાત્ હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી-એમ શ્રી જિનવર કહે છે."

લ્યો, શ્રી યોગીન્દ્રદેવ શિષ્ય પ્રતિ કહે છે—હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી. અહાહા...! વસ્તુ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય જે છે તે આ નરકગતિ, મનુષ્યગતિ, સિદ્ધગતિ...ઇત્યાદિ પર્યાયમાં પરમાર્થે ઉપજતો નથી, તેમ મરતો પણ નથી. ગંભીર સૂક્ષ્મ વાત છે ભાઈ! પાસે પુસ્તક છે ને! જુઓ,! એમાં છે કે નહિ?

અહાહા...! કહે છે-ખરેખર આત્મા એને કહીએ જે એક સમયની પર્યાયપણે ઉપજતો નથી, વિણશતો પણ નથી. નિયમસારની ગાથા ૩૮માં કહ્યું છે કે- ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવમાત્ર-શુદ્ધપારિણામિકભાવમાત્ર વસ્તુ જે છે તે જ ખરેખર આત્મા છે. પર્યાયરૂપ આત્મા એ તો વ્યવહાર આત્મા છે, ત્રિકાળીની અપેક્ષા એ અભૂતાર્થ-અસત્યાર્થ છે. આવી વાત છે! જે ઉપજે છે, વિણશે છે તે પર્યાય-આત્મા અભૂતાર્થ છે. અહો! આ તો અલૌકિક વાત છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! ગણધર ભગવાનનાં રચેલાં શાસ્ત્ર કેવાં હોય? અહા! કેવળી પરમાત્માના શ્રીમુખેથી જે ૐમૂધ્વનિ નીકળી તેને સાંભળીને ચાર જ્ઞાનના ધરનારા શ્રી ગણધરદેવ અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરે છે. અહા! તે ચીજ કેવી હોય! ભાઈ! એ કાંઈ લૌકિક વાર્તા ન હોય. અહા! તેમાં આ કહે છે કે–નિત્ય ધ્રુવ એક ચિન્માત્ર વસ્તુને અમે આત્મા કહીએ છીએ. આવો આત્મા એક સમયની પર્યાયમાં આવતો નથી. મોક્ષમાર્ગ કે મોક્ષની એક સમયની પર્યાયપણે ત્રિકાળી ધ્રુવ જે અંતઃતત્ત્વ આત્મા છે તે ઉપજતો નથી, વિણશતો નથી. તે પણે પર્યાય ઉપજે છે, પણ શુદ્ધ જીવ ઉપજતો નથી.

હવે આવી વાત કદીય સાંભળી ન હોય એટલે કોઈને એમ લાગે કે શું જૈનનો માર્ગ આવો હશે? વળી કોઈને આ સાંભળીને વેદાંત જેવું લાગે, પણ વેદાંત વગેરેમાં તો આ વાત છે જ નહિ. આત્મા એકાંતે નિત્ય એક સર્વવ્યાપક માને એ તો ગૃહીત મિથ્યાદર્શન છે ભાઈ! વેદાંતાદિવાળા પર્યાયને ક્યાં માને છે? અનંત આત્માઓને ક્યાં માને છે? અનંત પરમાણુઓને ક્યાં માને છે? અનંત ગુણોને ક્યાં માને છે? ભાઈ! એમાં મૂળ વસ્તુ-સ્વરૂપની વાત જ ક્યાં છે? તને વેદાંત જેવું લાગે, પણ બાપુ! વેદાંતમાં અને જૈનમાં મોટો (આસમાન-જમીનનો) ફરક છે.

જીવ પરમાર્થથી ઉપજતો નથી, મરતો પણ નથી. તો આ ઉપજે–વિણસે છે તે કોણ છે? તો કહે છે–ઉપજવું-વિણસવું જેમાં થાય છે તે પર્યાય છે. અહા! પ્રત્યેક દ્રવ્યની પર્યાય પ્રગટ થવાની જન્મક્ષણ છે. પર્યાયની ઉત્પત્તિનો સ્વકાળ છે, ને તે જ કાળે તે ઉત્પન્ન થાય છે. આ વાત પ્રવચનસારમાં આવે છે. ત્યાં પહેલા અધિકારમાં જ્ઞાનતત્ત્વનું નિરૂપણ છે; બીજો જ્ઞેય અધિકાર છે. છએ દ્રવ્યો જ્ઞેય છે. તેનું સ્વરૂપ કેવું છે–એની એમાં વાત છે. ત્યાં ગાથા ૧૦૨માં દ્રવ્યમાં પર્યાની જન્મક્ષણ હોવાની વાત છે. એટલે શું? જે સમયે જે પર્યાય દ્રવ્યમાં થવાની હોય તે સમયે તે જ પર્યાય પ્રગટ થાય છે, તે પર્યાય કાંઈ આડી–અવળી ન થાય, તેમ બીજાને લઈને પણ તે ન થાય. પ્રત્યેક પર્યાય ક્રમબદ્ધ પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવસરે જ પ્રગટ થાય છે. ત્યાં ૯૯મી ગાથામાં છે કે–જે સમયે જે પર્યાય થવાની હોય તે તેના સ્વ–અવસરે પ્રગટ થાય છે, આડાઅવળા અવસરે ન થાય. આ મૂળ વાત છે. દ્રવ્યમાં સમસ્ત પર્યાયો ક્રમબદ્ધ જ પોત-પોતાના અવસરે પ્રગટ થાય છે.

હવે આમાં લોકો વાંધા કાઢે છે. એમ કે પર્યાયો ક્રમબદ્ધ જ હોય તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો?

ભાઈ! તું જરા ધીરો થઈને સાંભળ. જીવ જ્યારે સ્વભાવસન્મુખ થઈને સ્વાનુભવ પ્રગટ કરે છે ત્યારે જ તેને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે અને એ જ પુરુષાર્થ છે. બાકી અજ્ઞાનીને પુરુષાર્થ છે જ ક્યાં? ક્રમબદ્ધનો નિર્ણય કહો કે સ્વભાવસન્મુખતાનો પુરુષાર્થ કહો—એક જ વાત છે. (ક્રમબદ્ધના નિર્ણયવાળાને પુરુષાર્થનો અભાવ કદી હોતો નથી, અને પુરુષાર્થનો અભાવ છે તેને ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય હોતો નથી.). અહીં આ કહે છે કે–જે પુરુષાર્થની પર્યાયથી કેવળજ્ઞાન ઉપજ્યું તે પર્યાયમાં ભગવાન ધ્રુવસ્વભાવ આવતો નથી. લ્યો, આવું બધું ઝીણું છે.

વળી પરમાર્થે જીવ બંધ–મોક્ષને પણ કરતો નથી. એવું કોણ કહે છે? તો કહે છે– 'जिणवर एउ भणेइ'–ભગવાન જિનેશ્વરદેવ જેમણે એક સેકન્ડના અસંખ્યાત ભાગમાં ત્રણકાળ–ત્રણલોક જોયા તે સર્વજ્ઞ પરમાત્મા આમ કહે છે.

જુઓ, ભગવાને એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જોયા એમ કહેવું એ પણ વ્યવહાર છે. કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ–ત્રણલોક જણાય એમ કહેવું તે વ્યવહાર છે, કેમકે જ્ઞાનની પર્યાયને જાણતાં તેમાં લોકાલોક જણાઈ જાય છે, તેને જોવા જવું પડતું નથી; વા કેવળજ્ઞાન તેમાં (લોકાલોકમાં) તન્મય થઈ જાણતું નથી.

અહીં કહે છે—અનંતા સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે કે જે ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પરમાત્મદ્રવ્ય છે તે બંધ–મોક્ષના પરિણામને અને બંધ–મોક્ષના કારણને કરતો નથી. કેમકે એ તો ત્રિકાળ સદશ એકરૂપ ભાવ છે જ્યારે બંધ–મોક્ષના પરિણામ વિસદશ છે, ભાવ–અભાવરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્પાદ તે ભાવ ને વ્યય તે અભાવ છે, પણ વસ્તુમાં–ધ્રુવમાં ભાવ–અભાવ ક્યાં છે? નથી. માટે બંધ અને બંધના કારણરૂપ રાગાદિ પરિણામ અને મોક્ષ ને મોક્ષના કારણરૂપ શુદ્ધભાવનાપરિણતિ–નિર્મળ રત્નત્રય–એને શુદ્ધઆત્મદ્રવ્ય કરતું નથી.

કોઈને એમ થાય કે—જો આત્મા બંધ-મોક્ષના ભાવને કરતો નથી તો પછી આ દીક્ષા કેમ? આ આનંદની દશાનું પરિણમન કેમ?

સાંભળ, ભાઈ! સાંભળ. અનંતા તીર્થંકરદેવોએ આ કહ્યું છે કે પરમાર્થે જે નિશ્ચય જીવ છે તે કાંઈ દીક્ષાના પરિણામરૂપે કે આનંદની દશારૂપે ઉપજતો નથી; તેમ તે-તે દશાનો વ્યય થતાં તે મરતો પણ નથી. મનુષ્યપણે ઉત્પાદ અને દેવગતિનો વ્યય થાય ત્યાં–એ બન્ને ઉત્પાદ–વ્યયરૂપ અવસ્થાઓ છે ખરી, પણ તે-તે અવસ્થાકાળે ધ્રુવ આત્મદ્રવ્ય ઉત્પાદ-વ્યયરૂપ થતું નથી, તે તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવપણે જ રહે છે. આવું જ દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુસ્વરૂપ છે.

'जिणवर एउ भणेइ'—ભગવાન જિનેશ્વરદેવ દિવ્યધ્વનિ દ્વારા આમ કહે છે કે–બંધ-મોક્ષના પરિણામને શુદ્ધ જીવ કરતો નથી; અર્થાત્ શુદ્ધ જીવ નિત્યાનંદ–ચિદાનંદ પ્રભુ બંધ–મોક્ષની પર્યાયપણે થતો નથી. અહો! આવું અલૌકિક શુદ્ધ જીવતત્ત્વ તે સમ્યગ્દર્શનનો વિષય છે. શું કીધું? સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનનો વિષય નથી, પણ ત્રિકાળી શુદ્ધ જીવવસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે અને તેથી તેને મુખ્ય ગણીને સમયસારની ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહેલ છે. સમજાણું કાંઈ...? હવે કહે છે—

'વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે:–વિવક્ષિત-એકદેશ શુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર–સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે–"જે સકલ નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર–શુદ્ધપારિણામિકપરમભાવ-લક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું," પરંતુ એમ ભાવતો નથી કે "ખંડજ્ઞાનરૂપ હું છું"—આમ ભાવાર્થ છે.'

વિવક્ષિત એટલે કહેવા ધારેલી આ આંશિક શુદ્ધિરૂપ પરિણતિ તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકદેશ શુદ્ધનયાશ્રિત છે. નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આ ભાવના એકદેશ શુદ્ધ છે, અંશે શુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ નથી. પૂર્ણ શુદ્ધિ તો ભગવાન કેવળીને હોય છે. પં. શ્રી ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે કે—"એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થયા છે તેની તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો સર્વદેશરૂપ પ્રગટ થયા છે તેની એકજાતિ છે–" એમ સમજવું. મતલબ કે સાધકને જે નિર્મળરત્નત્રયરૂપ ભાવના પ્રગટ થઈ છે તે એકદેશ શુદ્ધ છે, અંશે શુદ્ધ છે.

આકાશના પ્રદેશ અનંત છે, એનાથી અનંતગુણા એક જીવના ગુણ છે. સમ્યગ્દર્શન થતાં તે દરેક ગુણનું અંશે પ્રગટ પરિણમન થાય છે. તેને અહીં એકદેશ શુદ્ધનયાશ્રિત ભાવના કહેલ છે. અહીં પ્રગટ પરિણતિને શુદ્ધનય કહેલ છે. ગાથા ૧૪માં પણ આવે છે કે–શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો—તે એક જ છે. ત્રિકાળી પરમાત્મસ્વરૂપ ભગવાન આત્માને ધ્યેય બનાવી પરિણમતાં પ્રગટેલી નિર્મળ દશા તે એકદેશ શુદ્ધનયાશ્રિત ભાવના છે. દ્રવ્યસંગ્રહમાં મોક્ષમાર્ગની પ્રગટ પર્યાયનાં ૬૩ નામ આવે છે. અહીં તેનાં બે નામ આપી કહ્યું છે કે–તે અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે. દ્રવ્યસંગ્રહમાં આ ભાવનાના ૬૩ બોલ ઉતાર્યા છે. તે આ રીતે છે—

તે ભાવના પરમબ્રહ્મસ્વરૂપ છે,
તે પરમવિષ્ણુસ્વરૂપ છે,
તે પરમશિવરૂપ છે,
તે પરમબુદ્ધસ્વરૂપ છે,
તે પરમજિનસ્વરૂપ છે,
તે પરમનિજઆત્મોપલબ્ધિરૂપ સિદ્ધસ્વરૂપ છે,
તે નિરંજનસ્વરૂપ છે,
તે નિર્મલસ્વરૂપ છે,
તે સ્વસંવેદનજ્ઞાન છે,
તે પરમતત્ત્વજ્ઞાન છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પરમાવસ્થારૂપ પરમાત્માનું સ્પર્શન છે,
તે પરમાવસ્થારૂપ છે,
તે પરમાત્મજ્ઞાન છે,
તે જ ધ્યાનકરવાયોગ્ય શુદ્ધપારિણામિકભાવરૂપ છે,
તે ધ્યાનભાવનારૂપ છે,
તે જ શુદ્ધ ચારિત્ર છે,
તે જ અંતરંગતત્ત્વ છે,
તે જ પરમાત્મતત્ત્વ છે,
તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે,

તે જ પરમજ્યોતિ છે, ઇત્યાદિ બીજા બોલ પણ છે. અહીં કહે છે–મોક્ષમાર્ગની તે પર્યાય એકદેશ વ્યક્ત પર્યાય છે. કહેવા ધારેલી આ આંશિક શુદ્ધિરૂપ પરિણતિ નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી એકદેશ વ્યક્તિરૂપ છે.

જે એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ-ધ્રુવભાવ તેને અહીં નિશ્ચયથી જીવ કહ્યો છે. તે જીવ (શુદ્ધજીવ) સિદ્ધની પર્યાયપણે ઉપજતો નથી, તેમ પૂર્વની જે મનુષ્યગતિનો વ્યય થયો તેમાં પણ તે આવ્યો નથી. અહા! આવો જે ઉપજતો નથી, મરતો પણ નથી તે શુદ્ધપારિણામિકભાવરૂપ શુદ્ધ જીવ સમ્યગ્દર્શનનો વિષય છે. આ વાત અહીં સિદ્ધ કરવી છે. તો ભાષા એમ લીધી છે કે—શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે અને શુદ્ધપારિણામિકભાવ અવિનશ્વર છે. અહા! તે કેમ જણાય? તો કહે છે–સમ્યગ્દર્શન પ્રગટ થતાં સહજ વીતરાગી આનંદની અનુભૂતિલક્ષણવાળું જે સ્વસંવેદનજ્ઞાન છે તેનાથી એ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ...? ધ્રુવથી ધ્રુવ ન જણાય, કેમકે ધ્રુવમાં જાણવું (–ક્રિયા) નથી; નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ જ્ઞાનમાં તે જણાય છે.

ત્રિકાળસ્વરૂપ છે તે તો ધ્રુવભાવરૂપ છે. તે ધ્રુવભાવરૂપ વસ્તુ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. કેવી છે તે પર્યાય? તો કહે છે–એકદેશ પ્રગટ શુદ્ધનયની ભાવનારૂપ છે. અહા! આવી ભાષા અને આવા ભાવ! એણે કોઈ દિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાંભળ્યા પણ ન હોય! એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના છે તે અતીન્દ્રિય આનંદની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા નિર્વિકાર સ્વસંવેનજ્ઞાનરૂપ છે. આ નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ જે જ્ઞાન છે તે ક્ષાયોપશમિક ભાવ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષનો માર્ગ છે તે ત્રણભાવરૂપ છે: ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એ ત્રણ ભાવમાંથી સ્વસંવેદનલક્ષણ જે જ્ઞાન છે તે ક્ષયોપશમભાવરૂપ છે. શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્ત ક્ષયોપશમ-જ્ઞાનમાં થાય છે. મોક્ષમાર્ગની પર્યાયને ત્રણભાવે કહેલ છે, પણ આ જ્ઞાન છે એ તો ક્ષયોપશમભાવે છે, તે ઉપશમ કે ક્ષાયિકભાવે નથી. આ તો વીતરાગના પેટની વાતો બાપા!

કહે છે—આ ભાવના નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી એકદેશ વ્યક્તિરૂપ છે. જુઓ, ત્રણ ભાવમાં આ નિર્વિકાર સ્વ-સંવેદનલક્ષણ જ્ઞાન છે તે ક્ષયોપશમ ભાવ છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાન ક્ષયોપશમભાવરૂપ છે. ભલે સમ્યગ્દર્શન ઉપશમ હો, ક્ષયોપશમ હો કે ક્ષાયિક હો, તેના કાળમાં જે જ્ઞાન છે એ તો ક્ષાયોપ-શમિક જ્ઞાન છે. વળી કેવું છે તે જ્ઞાન? નિર્વિકાર આનંદનો સ્વાદ જેમાં અનુભવાય છે તેવું સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. અહા! તે જ્ઞાન સ્વ-સ્વરૂપને જાણવા—અનુભવવામાં પ્રવૃત્ત છે. ઝીણી વાત ભાઈ!

આ ભાવના સંબંધીનું વર્ણન બંધ અધિકાર તથા સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છેલ્લે શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં આવે છે. તથા પરમાત્મ પ્રકાશમાં પણ આવે છે. ત્રણ જગાએ આ વાત કરી છે. એ વાત અહીં કરી છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગદ્વેષનો જે બંધ છે તે બંધના વિનાશ માટે આ વિશેષ ભાવના છે. અહા! હું તો એક ત્રિકાળી ધ્રુવ પરમ-સ્વભાવભાવમય શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપી પરમાત્મદ્રવ્ય જ છું, દયા—દાન આદિના વિકલ્પેય હું નહિ, ગુણભેદના વિકલ્પેય હું નહિ અને એક સમયની પર્યાય પણ હું નહિ—એમ ધ્રુવમાં એકપણે રહીને આ ભાવના ધ્રુવનો નિર્ણય કરે છે. લ્યો, આનું નામ જૈનદર્શન છે અને એ મહા અદ્ભુત અલૌકિક ચીજ છે.

અહા! દ્રવ્યસ્વભાવના આશ્રયે અતીન્દ્રિય આનંદનો જેને રસાસ્વાદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવ્યો છે એવો ધર્મી જીવ એમ ભાવે છે કે—હું તો સહજ શુદ્ધ સચ્ચિદાનંદમય પરમાનંદમય પરમાત્મા જ છું; અને જગતના સર્વ જીવોનું અંતરંગમાં આવું જ સ્વરૂપ છે.

'પરમાત્મ પ્રકાશ'માં અંતિમ કથનમાં આચાર્યદેવે કહ્યું છે: આ પરમાત્મ પ્રકાશ-વૃત્તિનું વ્યાખ્યાન જાણીને ભવ્યજનોએ શું કરવું? ભવ્યજનોએ આવો વિચાર કરવો જોઈએ કે "શુદ્ધનિશ્ચયનયથી હું એક (કેવલ) ત્રણલોકમાં ત્રણકાલમાં મન-વચન-કાયાથી અને કૃત-કારિત-અનુમોદનાથી ઉદાસીન છું, નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્‌શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિમાત્રલક્ષણવાળા સ્વસંવેદનજ્ઞાનથી સ્વસંવેદ્ય—ગમ્ય—પ્રાપ્ય એવો પરિપૂર્ણ હું છું; રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઈન્દ્રિયોનો વિષયવ્યાપાર, મન-વચન-કાયાના-વ્યાપાર, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ. ખ્યાતિ, પૂજા, લાભ, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા, મિથ્યાત્વ એ ત્રણે શલ્ય આદિ સર્વ વિભાવ-પરિણામોથી રહિત—શૂન્ય હું છું. સર્વ જીવો પણ આવા જ છે—એવી નિરંતર ભાવના કરવી. જુઓ આ ધર્મીની ભાવના, એકરસ—સમરસભાવના!

સંવત ૧૯૬૪ માં એકવાર પાલેજથી વડોદરા માલ લેવા ગયેલા. ત્યારે ૧૮ વર્ષની ઉંમર. ત્યાં રાતે નાટક જોવા ગયેલા. એ વખતનાં નાટક પણ વૈરાગ્યસૂચક હતાં; અત્યારે તો નાટક-સીનેમામાં નૈતિક જીવનનો ખાત્મો બોલાવી દીધો છે. 'અનસૂયા' નું નાટક, ને સાથે નાટકની ચોપડી પણ લીધેલી. એ નાટકમાં એવું દૃશ્ય આવે કે—તે બાઈ (અનસૂયા) સ્વર્ગમાં જતી હતી ત્યાં દેવે તેને રોકી પાડી ને કહ્યું—'અપુત્રસ્ય ગતિર્નાસ્તિ' પુત્ર ન હોય તેને સ્વર્ગગતિ ન મળે. આ તો અન્યમતીની વાત છે હોં. તે બાઈને કહેવામાં આવ્યું—હેઠે જા અને જે મળે એને વર. તે બાઈ નીચે આવીને એક અંધ બ્રાહ્મણને વરી. તેને એક બાળક થયું. બાળકને પારણામાં ઝુલાવતાં તે બાઈ બોલી. બેટા! शुद्धोऽसि, बुद्धोऽसि, निर्विकल्पोऽसि, उदासोनोऽसि. એમ કે જગતથી તારી ચીજ શુદ્ધ, બુદ્ધ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ ભિન્ન છે. લ્યો, આ તો નાટકમાં આવું આવતું, આ શુદ્ધભાવનાનો અધિકાર વાંચતાં વર્ષો પહેલાં નાટક જોયેલું એનો ભાવ યાદ આવી ગયો.

અહા! સમ્યગ્દષ્ટિ ધર્માત્મા એમ ભાવે છે કે–હું નિર્વિકલ્પ છું, શુદ્ધ છું, બુદ્ધ છું, પરમ-ઉદાસીન છું, અને જગતના સર્વ જીવો પણ સ્વભાવે આવા જ છે. સૂક્ષ્મ નિગોદના જે અનંત જીવ છે તે પ્રત્યેકનું સ્વરૂપ આવું શુદ્ધ સચ્ચિદાનંદમય છે. લીલોતરીના પાંદડે પાંદડે અસંખ્ય જીવ છે; તે દરેક જીવનું દ્રવ્ય શુદ્ધ ચિદ્ઘન આનંદઘન જ છે. લ્યો, ચોથા ગુણસ્થાનવાળો જીવ હું આવો છું ને સર્વ જીવો પણ આવા જ છે એમ ભાવે છે. જગતના સર્વ જીવોને ધર્માત્મા દ્રવ્યદષ્ટિથી આવા જુએ છે.

અહા! આવો શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા હું છું એમ શામાં જણાય? તો કહે છે–અતીન્દ્રિય આનંદની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સ્વસંવેદનજ્ઞાનમાં તે જણાય છે. આ સિવાય તે પર ભગવાનથી જણાય નહિ, ભગવાનની વાણીથી પણ જણાય નહિ, ને વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉઠે છે એનાથી પણ તે જણાય એમ નથી, અહીં તો નિર્વિકાર સ્વસંવેદન–લક્ષણ જે ક્ષયોપશમરૂપ જ્ઞાન છે એનાથી ભગવાન આત્મા જણાય તેવો છે એમ કહે છે. પોતે સ્વસંવેદ્ય છે ને? મતલબ કે સ્વાનુભવની દશામાં જે જ્ઞાન સ્વાભિમુખ થયું છે તેમાં જ તે જણાય એવો છે, બીજી કોઈ રીતે તે પ્રાપ્ત થાય એમ નથી. આવી વાત છે. લોકોને આ આકરું લાગે છે, પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવું જ છે. એને જાણ્યા વિના એ બહારમાં વ્રતાદિના વ્યવહારથી પ્રાપ્ત થશે એમ બફમમાં ને બફમમાં કાળ ગયો તો ક્યાંય ચારગતિરૂપ સંસારમાં રઝળી મરીશ.

વ્રતાદિનો વ્યવહાર છે એ તો બધો રાગ છે બાપુ! ભાવપાહુડની ૮૩મી ગાથામાં આચાર્ય ભગવાન કહે છે કે પૂજા ને વ્રતના જે ભાવ થાય છે તે પુણ્ય છે, એ કાંઈ જૈનધર્મ નથી, એક વીતરાગ પરિણામ થાય, સમ્યગ્દર્શન–જ્ઞાનના પરિણામ થાય એ જ જૈનધર્મ છે અને એ જ મુક્તિમાર્ગ છે. સમજાય છે કાંઈ....?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! હું મારી કેવળજ્ઞાન આદિ અનંત શક્તિઓથી ભરેલો પૂરણ પરમાત્મા છું, નિશ્ચયથી મારો આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-આનંદ, અનંતવીર્ય, અનંતસ્વચ્છતા, અનંતપ્રકાશ, અનંતપ્રભુતા આદિ અનંત શક્તિઓથી ભરિતાવસ્થ છે. સમ્યગ્દષ્ટિ–ધર્મની પહેલી સીડીવાળો જીવ પોતાના આત્માને આ રીતે ભાવે છે, ધ્યાવે છે. જગતના બધા જ આત્માઓ પણ શક્તિએ ભગવાન છે, રાગદ્વેષાદિ વિભાવથી રહિત–શૂન્ય છે, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મથી ભિન્ન છે–એમ તે જાણે છે. અહા ! જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ વિભાવ એટલે વિપરીત ભાવ છે અને એનાથી ભગવાન આત્મા શૂન્ય છે એમ સમકિતી જાણે છે. અહો ! જેમાં જગતના સર્વ જીવ સમાનપણે શક્તિએ પરિપૂર્ણ ભાસે છે એવી સમકિતીની આ ભાવના કોઈ અચિંત્ય ને અલૌકિક છે. અહા ! અનંત શક્તિથી ભરિયો, પૂરણ ચૈતન્ય-દરિયો જેમાં ભાસ્યો તે ભાવના અપૂર્વ છે. બાકી આ શેઠિયા બધા, પાસે પાંચ–દસ કરોડ સંયોગમાં હોય ને એટલે માને કે અમે કાંઈક છીએ, પણ બાપુ ! એ તો બધી ધૂળની ધૂળ છે.

**પ્રશ્ન :** પણ એ ધૂળ વિના ચાલતું નથી ને ?

**સમાધાન :** તને ખબર નથી ભગવાન ! પણ એ ધૂળ વિના જ તારે અનાદિથી ચાલ્યા કર્યું છે; કેમકે તારા દ્રવ્ય–ગુણ–પર્યાયમાં એ ક્યાં છે ? ભાઈ ! પરદ્રવ્યનો આત્મામાં ત્રણેકાળ અભાવ છે, અને સ્વભાવભાવનો સદાય સદ્‌ભાવ છે. ભાઈ ! તારા સ્વસ્વભાવમાં પરદ્રવ્ય તો શું, એક સમયની પર્યાય પણ પ્રવેશ પામતી નથી એવું તારું સ્વદ્રવ્ય છે.

અહીં કહે છે – એ સ્વદ્રવ્ય નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જણાય એવું છે. આ જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન હોવાથી ક્ષયોપશમભાવરૂપ છે; સમકિત ભલે ક્ષાયિક હોય, પણ જ્ઞાન તો ક્ષાયોપશમિકભાવે જ છે.

જુઓ, શ્રેણીક રાજાને ક્ષાયિક સમકિત હતું, સ્વાનુભવમંડિત ભાવ-શ્રુતજ્ઞાન હતું. તીર્થંકરગોત્ર બાંધ્યું છે. પૂર્વે નરકનું આયુ બંધાઈ ગયું હતું એટલે અત્યારે પહેલા નરકના સંયોગમાં ગયા છે. ત્યાં પણ ક્ષાયિક સમકિત વર્તે છે. ક્ષણેક્ષણે ત્યાં તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. અહા ! એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નરકના પીડાકારી સંયોગમાં પણ પોતાના આત્માને શુદ્ધ બુદ્ધ ચિદાનંદ-સ્વરૂપપરમાત્મસ્વરૂપ અનુભવે છે. એની અજ્ઞાનીને શું ખબર પડે? આ કરો ને તે કરો-એમ ક્રિયાકાંડમાં જ એકાંતે રોકાઈ ગયા છે એને ભગવાન કેવળીની આજ્ઞાની ખબર જ નથી. બાપુ! આ તો જગતથી તદ્દન નિરાળી વાત છે, જગત સાથે એનો ક્યાંય મેળ બેસે એમ નથી.

સમકિતીને જે ભાવશ્રુતજ્ઞાન છે તે ક્ષયોપશમરૂપ છે અને તે એકદેશ-વ્યક્તિરૂપ છે, ક્ષાયિકની જેમ પૂર્ણવ્યક્તિરૂપ નથી, સર્વદેશવ્યક્તિરૂપ ક્ષાયિકજ્ઞાન તો કેવળી પરમાત્માને હોય છે. સમ્યગ્દ્રષ્ટિને તથા ભાવલિંગી મુનિવરને જે જ્ઞાન અંદર પ્રગટ છે તે ક્ષાયોપશમિક છે અને તેથી, કહે છે, એકદેશવ્યક્તિરૂપ છે.

અહાહા...! ભગવાન! તું જિન છો, જિનવર છો, જિન સો જિનવર, ને જિનવર સો જિન, અહા! આવો જિનસ્વરૂપ ભગવાન આત્મા જેમાં જણાય તે ભાવશ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક છે અને એકદેશ-અંશે પ્રગટરૂપ છે. આત્મામાં અનંત શક્તિઓ છે. આત્માનુભવ થતાં તે બધી શક્તિઓ અંશરૂપ પર્યાયમાં પ્રગટ થાય છે. તેમ સમ્યગ્દર્શન થાય ત્યારે જે ક્ષયોપશમ જ્ઞાન પ્રગટ થાય છે તે અંશરૂપ વ્યક્ત હોય છે, પૂર્ણવ્યક્ત નહિ. સર્વજ્ઞ પરમેશ્વરને જે અનંત શક્તિઓ છે તે સર્વ પૂર્ણવ્યક્તિરૂપ છે, પણ સાધકને તો તે મોક્ષમાર્ગના કાળમાં અંશે વ્યક્તિરૂપ છે, જ્ઞાન પણ એકદેશવ્યક્તિરૂપ છે. આવી વાત! હવે જૈનમાં જન્મેલાનેય ખબર ન મળે કે જૈન પરમેશ્વર કોણ અને એના જ્ઞાનની કેવી અલૌકિકતા છે! બાપુ! આ સમજ્યા વિના જ તું અનંતકાળથી રખડી-રખડીને મરી રહ્યો છે. ભાઈ! ૮૪ લાખ યોનિમાં-પ્રત્યેકમાં અનંતવાર જન્મમરણ કરીને તારા સોથા નીકળી ગયા છે. હવે તો આ સમજ.

અરે! આ સમજ્યા વિના આ કરોડપતિ ને અબજોપતિ શેઠીઆ બધા દુઃખી જ છે ભાઈ! દિલ્હીના શેઠ સાહુ શાન્તિપ્રસાદ અહીં પંદર દિ' પહેલાં આવ્યા હતા. ત્રણ વ્યાખ્યાન તેઓ સાંભળી ગયા. તેઓ પછી એકાંતમાં મળવા આવેલા. ત્યારે કહેલું કે-"અરે શેઠ! દુનિયાના પાપના ધંધામાં પડી આ આત્મા શું ચીજ છે તે સાંભળવાનોય તમને વખત ન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળે એવું તમારું જીવન કેટલું દુઃખમય છે? કાંઈ વિચાર તો કરો.” બાપુ! આ સમજ્યા વિના સંસારના ગમે તે સ્થાનમાં એ રહે તોય દુઃખી જ છે.

પાંચ–પચાસ કરોડ મળી જાય એ તો બધી ધૂળ છે. એ ક્યાં તારા આત્મામાં છે? કદાચિત્ એમાંથી પાંચ-પચીસ લાખ મંદિર, પ્રતિષ્ઠા વગેરેમાં દાનમાં ખર્ચે તોય ધર્મ થાય એમ નથી. જુઓ, ભાવનગરથી સત્-સાહિત્ય બહાર પડે છે. તેના પ્રકાશન માટે એક મુમુક્ષુએ લાખ રૂપિયાનું દાન જાહેર કર્યું છે. લાખ તો શું, કોઈ કરોડ રૂપિયાનું દાન આપે તોય એમાં મંદ રાગ હોય તો પુણ્ય થાય, ધર્મ જરાય નહિ. ભાઈ! વીતરાગનો ધર્મ તો વીતરાગભાવથી જ પ્રગટ થાય છે. (રાગથી ધર્મ થવાનું માને એ તો મિથ્યાભાવ છે).

અહીં કહે છે—આ ભાવના નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિક-જ્ઞાનરૂપ હોવાથી જો કે એકદેશવ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે ‘જે સકલનિરાવરણ અખંડ–એક–પ્રત્યક્ષપ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું,’ પરંતુ એમ ભાવતો નથી કે ‘ખંડજ્ઞાનરૂપ હું છું’,

અહા! ધર્મી જીવને આનંદની અનુભૂતિ સહિતનું સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થયું છે. તે જ્ઞાન એકદેશવ્યક્તિરૂપ છે. તેમાં પૂરણ પોતાનું પરમાત્મ-દ્રવ્ય જણાયું છે, પણ તે ખંડજ્ઞાનરૂપ પ્રગટ દશાનું ધ્યાન જ્ઞાની કરતા નથી. લોકોને આવું આકરું લાગે પણ શું થાય? જૈન પરમેશ્વરનો કહેલો માર્ગ તો આવો જ છે. બીજા મતમાં તો આ વાત છે જ નહિ. એકપદમાં આવે છે કે—

‘ધૂન રે દુનિયા અપની ધૂન, જાકી ધૂનમેં નહિ પાપ ઔર પુણ્ય.’

અહા! ભગવાન આત્માની જેને ધૂન લાગી છે તેને પુણ્ય-પાપ તરફનું લક્ષ હોતું નથી. આત્માની ધૂનમાં પાપ-પુણ્યના ભાવ બિલકુલ હોતા નથી. હે ભાઈ! નિર્મળાનંદનો નાથ પ્રભુ તું પરમાત્મદ્રવ્ય છો, તેની એકવાર ધૂન લગાવ; તને સમ્યગ્દર્શન થશે, સુખી થવાનો માર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ થશે. ભાઈ! આ સર્વજ્ઞપરમાત્માએ કહેલી વાત છે; આ વાત બીજે ક્યાંય નથી.

કોઈ જગતકર્તા ઇશ્વરને માને કે સર્વવ્યાપી એક ઇશ્વરને માને પણ એવું વસ્તુસ્વરૂપ નથી. સર્વજ્ઞ વીતરાગદેવ સિવાય આત્મા કેવો છે તે બીજાએ જોયો નથી, જાણ્યો નથી. ભલે અન્યમતવાળા આત્માની વાતો કરે, પણ એ તો બધી કલ્પિત વાતો છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો અને દિવ્યધ્વનિમાં કહ્યો તે જ યથાર્થ છે. અહા! આવા અનંત-ગુણમંડિત અખંડ એક પરમજિનસ્વરૂપ આત્માનું જેને સ્વાનુભવમાં ભાન થયું તેની સ્વાનુભવની દશા એકદેશ પ્રગટરૂપ છે. ભાઈ! ધર્માત્માને નિજ પરમાત્મદ્રવ્યના લક્ષે જે સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ થઈ તે દશા એકદેશ વ્યક્તિરૂપ છે. ધર્મી પુરુષ તે દશાનું ધ્યાન કરતા નથી, પણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય પરમાત્મદ્રવ્ય હું છું એમ તે ધ્યાવે છે. સમજાય છે કાંઈ..?

અહા! ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવ એમ ફરમાવે છે કે અનંતશક્તિસ્વરૂપ આત્માનો અનુભવ થતાં અનંત શક્તિઓનો એક અંશ પર્યાયમાં પ્રગટ થાય છે; સમકિતપણે શ્રદ્ધાનો અંશ પ્રગટ થાય છે, ભાવશ્રુતજ્ઞાનરૂપ જ્ઞાનનો અંશ પ્રગટ થાય છે, ચારિત્રનો અંશ પ્રગટ થાય છે, વીર્યનો અંશ પ્રગટ થાય છે, સ્વચ્છતા ને પ્રભુતાનો અંશ પણ પર્યાયમાં વ્યક્ત થાય છે. તે બધી નિર્મળ નિર્મળ પ્રગટ થયેલી પર્યાયો, અહીં કહે છે, ધ્યાતા પુરુષના ધ્યાનનું ધ્યેય નથી અહાહા...! ધ્યાતા પુરુષ આ પ્રગટ પર્યાયોને જાણે છે ખરા પણ તે પર્યાયોનું ધ્યાન કરતા નથી. તે પર્યાયોને ધ્યાવતા નથી.

ખૂબ ઝીણી વાત પ્રભુ! આઠ દિવસથી ચાલે છે. આજે આ છેલ્લું પ્રવચન છે. અહા! સચ્ચિદાનંદમય નિજ ભગવાનના સ્વરૂપને કહેનારી ભગવાનના ઘરની આ ભાગવત કથા છે. કહે છે—સ્વદ્રવ્યના અવલંબને પ્રગટ થયેલી જે વીતરાગવિજ્ઞાનમય દશા તેને ધર્માત્મા પુરુષ ધ્યાવતા નથી, તો કોને ધ્યાવે છે? અહા! ધર્મી પુરુષ કોનું ધ્યાન કરે છે? તો કહે છે—સકળ નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધપારિણા-મિકપરમભાવસ્વરૂપ નિજ પરમાત્મદ્રવ્ય સદાય અંદર વિરાજી રહ્યું છે તેને ધર્માત્મા ધ્યાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! અંદર શક્તિસ્વરૂપ જે વસ્તુ આત્મા છે તે ત્રિકાળ નિરાવરણ છે. ભાઈ! તારા દ્રવ્યનું દ્રવ્યમાન સ્વભાવથી સદાય નિરાવરણ છે, પર્યાયમાં રાગ સાથે અને કર્મ સાથે એક સમય પૂરતો વ્યવહારે ભલે સંબંધ હો, પણ અંદર વસ્તુ જે ભૂતાર્થ છે, ચિદાનંદમય સદા વિદ્યમાન છે તે નિરાવરણ છે. ભગવાન! તારી વસ્તુ અંદર પરમાનંદમય સદા નિરાવરણ છે, કર્મ અને રાગના સંબંધથી રહિત છે. હવે આવું કેમ બેસે એને? તું માન કે ન માન; પણ વસ્તુ અંદર જ્ઞાનઘન છે તે સકળ નિરાવરણ છે, અને તેને ધર્મી પુરુષ ધ્યાવે છે.

અહા! અનંત અનંત શક્તિઓનો પિંડ પ્રભુ આત્મા સકળ નિરાવરણ છે. વળી અનંતગુણથી ભરેલો છતાં ગુણભેદ વિનાનો અખંડ એક છે; ખંડરૂપ નથી, ભેદરૂપ નથી; પર્યાયભેદથી ભેદાતો નથી તેવો અભેદ એક છે. વળી સ્વસંવેદનજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવો પ્રત્યક્ષપ્રતિભાસમય છે. આત્મા સ્વભાવથી જ પ્રત્યક્ષપ્રતિભાસમય છે.

કોઈને થાય કે તે જણાતો તો નથી?

બાપુ! તું રાગમાં ને નિમિત્તમાં એને શોધે તો તે કેમ જણાય? એ તો જ્યાં છે ત્યાં અંતર્મુખ થઈ જુએ તો અવશ્ય જણાય એવો તે પ્રત્યક્ષપ્રતિભાસમય છે. આત્મા ચૈતન્યપ્રકાશનું બિંબ છે. જ્ઞાનને તેમાં એકાગ્ર કરીને જોનારને તે અવશ્ય જણાય એવો છે. અહા! અંતર્મુખ ઉપયોગમાં—નિજ સ્વસંવેદનજ્ઞાનમાં તે જણાય એવો પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. ભલે મતિજ્ઞાન હો કે શ્રુતજ્ઞાન, સમ્યક્‌જ્ઞાનની એક સમયની પર્યાયમાં આખો આત્મા એક—અખંડપણે જણાઈ જાય એવું જ એનું સ્વરૂપ છે. ન જણાય એ વાત જ ક્યાં છે? ભાઈ! તું બહારમાં ફાંફાં મારે ને તે ન જણાય એમાં અમે શું કરીએ?

વસ્તુ નિજ પરમાત્મતત્ત્વ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય ત્રિકાળ અવિનશ્વર છે અને તે જ ધ્યાતા પુરુષના ધ્યાનનું ધ્યેય છે. સમ્યગ્દર્શનનો વિષય પણ એ જ છે અને કલ્યાણકારી ધ્યાનનું ધ્યેય પણ એ જ છે. લોકોને આ આકરું લાગે છે, પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ તો જેમ છે તેમ આવું જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ! ચૈતન્યનિધાનસ્વરૂપ પોતાના ભગવાનને ભૂલીને તે અનાદિથી અવળે પંથે ચઢી ગયો છે ! અહા ! ચૈતન્યલક્ષ્મીથી ભરેલો પોતે ત્રિકાળ વિદ્યમાન હોવા છતાં તે આ બહારની જડ લક્ષ્મીની ને પુણ્યની ભાવના કરે છે ! અહા ! ત્રણલોકનો નાથ જિનસ્વરૂપ પ્રભુ આમ ભિખારી થઈને લોકમાં ભમે તે કેમ શોભે ? ભગવાન ! આ શું કરે છે તું ? તારા ઉપયોગને અંતરમાં લઈ જા, તને સુખનિધાન પ્રભુ આત્મા પ્રાપ્ત થશે. ભાઈ ! તારા સુખનો આ એક જ ઉપાય છે. ધર્મી પુરુષો અંતર્મુખપણે પરમભાવસ્વરૂપ એ એકને જ ધ્યાવે છે.

પર્યાય અપેક્ષાએ કેવળજ્ઞાન આદિને 'પરમભાવ' કહીએ, પૂર્ણદિશાને 'પરમભાવ' કહીએ; પણ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તો શુદ્ધપારિણામિકભાવ જે ત્રિકાળ એકરૂપ છે તે જ પરમભાવ છે. છઠ્ઠી ગાથામાં જેને એક જ્ઞાયકભાવ કહ્યો તે જ પરમભાવ છે. અહા ! આવો પરમભાવસ્વરૂપ અખંડ એક જ્ઞાયકભાવ જેનો ભાવ છે તે નિજ પરમાત્મદ્રવ્ય હું છું – એમ ધર્માત્મા ધ્યાવે છે. આ સર્વજ્ઞ પરમાત્મા (અરિહંતાદિ) તે હું એમ નહિ, આ તો ધ્યાતા પોતાના જ ત્રિકાળી આત્માને 'હું પરમાત્મદ્રવ્ય છું' – એમ ભાવે છે, અનુભવે છે, ધ્યાવે છે. જે સર્વજ્ઞ પરમાત્મા પ્રગટપણે છે તે તો પરદ્રવ્ય છે. એને ધ્યાતાં તો રાગ થશે બાપુ !

તો ભગવાનને તરણ-તારણ કહેવામાં આવે છે ને ?

હા, ભગવાનને વ્યવહારથી તરણ-તારણ કહેવામાં આવે છે. ભગવાનનું નિમિત્ત બનતાં તરનારો પોતે પોતાના સ્વરૂપના અનુભવમાં રહીને તરે છે તો ભગવાનને વ્યવહારથી તરણ-તારણ કહેવામાં આવે છે. બાકી ધ્યાતા પોતાના આત્માને અંતર્મુખપણે ધ્યાવે એ જ મોક્ષના કારણરૂપ ધ્યાન છે. સમજાય છે કાંઈ...? કોઈ એકાંતે પર ભગવાનનું ધ્યાન ધરીને મોક્ષમાર્ગ થવાનું માને એ તો બહુ ફેર થઈ ગયો ભાઈ ! ધ્યાતાના ધ્યાનનું એવું સ્વરૂપ નથી.

ભાઈ ! આ તો અનંતા તીર્થંકરોએ ઇન્દ્રો, મુનિવરો ને ગણધરોની સમક્ષ ધર્મસભામાં જે ફરમાવ્યું છે તે અહીં દિગંબર સંતો જગત સમક્ષ જાહેર કરે છે. કહે છે – ભગવાનનો આ સંદેશ છે; શું ? કે પોતે આત્મા ચિદાનંદઘન પ્રભુ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અવિનશ્વર શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છે. અહા! આવું જે નિજપરમાત્મદ્રવ્ય તે હું છું – એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે, ભાવે છે; અને આ જ મોક્ષના કારણરૂપ ધ્યાન છે. જેમાં પોતાનો ત્રિકાળી શુદ્ધ આત્મા જ ધ્યેયરૂપ છે તે પરમાર્થધ્યાન છે અને તે જ મોક્ષના કારણરૂપ છે.

જોયુ? નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું, પણ સંવેદનની પર્યાય જે છે તે હું છું એમ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાનની પ્રગટ પર્યાય જે છે તેમાં નિરાકુલ આનંદનું વેદન સાથે જ છે. પણ તે પર્યાય એમ ભાવે છે કે – આ ત્રિકાળી શુદ્ધ નિજપરમાત્મદ્રવ્ય છે તે હું છું. આ ઉઘડેલી પર્યાય તે હું નહિ. સૂક્ષ્મ વાત ભાઈ! પણ આનો સ્વીકાર કર્યા વિના જન્મ-મરણના અંત નહિ આવે.

અહાહા...! ધર્મી એમ ભાવે છે કે અખંડ એક નિજપરમાત્મદ્રવ્ય તે હું છું, પણ એમ ભાવતો નથી કે ભાવશ્રુતજ્ઞાન તે હું છું. આનંદના અનુભવ સહિત જે શ્રુતજ્ઞાન પ્રગટ થયું તે એક સમયની પર્યાય છે, માટે ધર્મી પુરુષ એનું ધ્યાન કરતો નથી. પર્યાય ખંડરૂપ વિનશ્વર છે ને? માટે ધર્માત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનું પણ ધ્યાન કરતો નથી. અહા! ધ્યાનની કરનારી પર્યાય છે, પણ તે પર્યાયનું–ભેદનું ધ્યાન કરતી નથી; એ તો અખંડ અભેદ એક નિજ પરમાત્મદ્રવ્યને જ ધ્યાવે છે. ધર્માત્માની ધ્યાનની દશા એક ધ્રુવને જ ધ્યાવે છે, ભેદની સામે એ જોતી જ નથી. આ રીતે ધર્મી પુરુષ નિજ પરમાત્મતત્ત્વને ભાવીને-ધ્યાવીને, ધ્યાનનું ફળ જે મોક્ષ તે અવિચલ દશાને પ્રાપ્ત થઈ જાય છે.

અરેરે! એણે પોતાના અંતરંગ પરમાત્મસ્વરૂપનો ઈન્કાર કરીને પોતાને મરણતુલ્ય કરી નાખ્યો છે! અહા! એણે અનંતકાળમાં પોતાની દયા કરી નહિ! જેવું પોતાનું પૂરણ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યતત્ત્વ છે તેને તે રીતે માન્યું નહિ. એણે પોતાને રાગવાળો ને પુણ્યવાળો માન્યો છે; પર્યાયદૃષ્ટિ થઈને આ પર્યાય છે તે હું છું એમ માન્યું છે. પણ ભાઈ! તે વડે તેં તારો પોતાનો ઘાત જ કર્યો છે, કેમકે પર્યાયમાત્ર વસ્તુ નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે-નિજકારણપરમાત્મદ્રવ્ય છે તે હું છું એમ ધર્માત્મા ભાવના કરે છે, પરંતુ હું ખંડજ્ઞાન છું એમ ભાવના કરતો નથી અહા! સમકિતીને જ્ઞાન ને આનંદની નિર્મળ પર્યાય પ્રગટી છે, તેને તે જાણે છે, પણ તેની એ ભાવના કરતો નથી. અહા! નિર્મળ પર્યાય પ્રતિ પણ આવો તે ઉદાસીન છે. સમજાય છે કાંઈ...? ભાઈ! શાસ્ત્રની આ ભાષા અને ભાવ જેને સમજાય તેને ભવનાશિની શુદ્ધઆત્મભાવના પ્રગટ થાય છે, અને એ જ આ 'તાત્પર્યવૃત્તિ'નું તાત્પર્ય છે.

હવે છેલ્લે કહે છે—'આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના-તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (-નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું.'

જુઓ, ભગવાનનાં કહેલાં જે શાસ્ત્રો છે તેમાં આગમ અને અધ્યાત્મનાં શાસ્ત્રો છે. ભગવાને કહેલાં જે દ્રવ્યો છે તેનું જેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે તેને આગમ કહીએ. અનંતા આત્મા છે, અનંતા-અનંત પુદ્ગલદ્રવ્યો છે, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ અને અસંખ્યાત કાલાણુ—આમ જાતિએ છ દ્રવ્યો છે, સંખ્યાએ અનંત છે. આ સર્વનું જેમાં નિરૂપણ છે તે આગમ છે તથા જેમાં શુદ્ધ નિશ્ચયસ્વરૂપ આત્મદ્રવ્ય કેવું છે અને તેની નિર્મળ પર્યાય કેવી છે તેનું નિરૂપણ છે તે અધ્યાત્મશાસ્ત્ર છે. આચાર્ય કહે છે-એ બંનેના સાપેક્ષથી અહીં કથન કર્યું છે.

વળી નયદ્વયના અભિપ્રાયના અવિરોધપૂર્વક જ અહીં કહેવામાં આવ્યું છે. માટે આ કથન સિદ્ધ છે, નિર્બાધ છે—એમ વિવેકીઓએ જાણવું જોઈએ. વર્તમાન પર્યાયમાં આનંદનો અનુભવ થઈને જે નિર્વિકલ્પ નિર્મળ ભાવનારૂપ દશા પ્રગટ થઈ તે પર્યાયાર્થિકનયનો, વ્યવહારનયનો વિષય છે; અને જેનું લક્ષ કરીને તે પ્રગટ થઈ તે ત્રિકાળી શુદ્ધ પરમાત્મ-દ્રવ્ય શુદ્ધ નિશ્ચયનયનો, દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આમ નયદ્વયના અવિરોધપૂર્વક પરસ્પર સાપેક્ષ સર્વ કથન છે. માટે આ કથન સિદ્ધ છે, નિર્દોષ છે, નિર્બાધ છે એમ વિવેકી પુરુષોએ જાણવું. જેને વિવેક નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ગમે તેમ જાણે અને માને. પણ વિવેકી પુરુષોએ તો આને પ્રમાણરૂપ જાણી જેમ ભવનાશિની શુદ્ધાત્મભાવના પ્રગટ થાય તેમ પ્રવર્તવું, કેમકે આવી ભાવના વડે જ ભવનો નાશ થઈ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. લ્યો, આવી વાત છે. આ રીતે આજે આઠ વ્યાખ્યાન દ્વારા આ અધિકાર પૂરો થાય છે

આ પ્રમાણે સમયસાર ગાથા ૩૨૦ ઉપરની આચાર્ય શ્રી જયસેનાચાર્યની તાત્પર્યવૃત્તિ ટીકા ઉપરનાં પરમ કૃપાળુ પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન સમાપ્ત થયાં.

—o—

## ગાથા—૩૨૦

* શ્રી સમયસાર ગાથા ૩૨૦ ( શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યકૃત ) ટીકા *

कुत एतत् ?—

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव ।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव ॥३२०॥**

दृष्टिः यथैव ज्ञानमकारकं तथाऽवेदकं चैव ।
जानाति च बन्धमोक्षं कर्मोदयं निर्जरां चैव ॥३२०॥

यथात्र लोके दृष्टिर्दृश्यादत्यन्तविभक्तत्वेन तत्करणवेदनयोरसमर्थत्वात् दृश्यं न करोति, न वेदयते च, अन्यथाग्निदर्शनात्सन्धुक्षणवत् स्वयं ज्वलनकरणस्य,

હવે પૂછે છે કે—( જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે ) એ કઈ રીતે? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે:—

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**लोहपिण्डवत्स्वयमौष्ण्यानुभवनस्य च दुर्निवारत्वात, किन्तु केवलं दर्शनमात्रस्वभावत्वात् तत्सर्वं केवलमेव पश्यति; तथा ज्ञानमपि स्वयं द्रष्टृत्वात् कर्मणोऽत्यन्तविभक्तत्वेन निश्चयतस्तत्करणवेदनयोरसमर्थत्वात्कर्म न करोति न वेदयते च, किन्तु केवलं ज्ञानमात्रस्वभावत्वात्कर्मबन्धं मोक्षं वा कर्मोदयं निर्जरां वा केवलमेव जानाति ।**

ગાથાર્થઃ—[ यथा एव दृष्टिः ] જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે), [ तथा ] તેમ [ ज्ञानम् ] જ્ઞાન [ अकारकं ] અકારક [ अवेदकं च एव ] તથા અવેદક છે, [ च ] અને [ बन्धमोक्षं ] બંધ, મોક્ષ, [ कर्मोदयं ] કર્મોદય [ निर्जरां च एव ] તથા નિર્જરાને [ जानाति ] જાણે જ છે.

ટીકા—જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, દૃશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી—જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, *સંધુક્ષણની માફક, પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું), અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય (અર્થાત્ જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)—પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે; તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.

* * *

## શ્રી સમયસાર ગાથા ૩૨૦ (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યકૃત) ટીકા ઉપર પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન

મથાળુંઃ–'હવે પૂછે છે કે–(જ્ઞાની કરતો–ભોગવતો નથી) એ કઈ રીતે?'

* સંધુક્ષણ = સંધૂકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતાવનારી વસ્તુ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લ્યો, શિષ્ય પૂછે છે–એનો અર્થ એ કે તે ખૂબ જિજ્ઞાસાથી વાત સાંભળે છે. ભાઈ! સાંભળવા ખાતર સાંભળવું એ જુદી ચીજ છે ને આત્માર્થી થઈ જિજ્ઞાસાથી સાંભળવું એ જુદી ચીજ છે. એમ કે આ (અનેક તરહના વિકલ્પ) કરે છે. વેદે છે એમ દેખાય છે ને આપ ધર્મી કરતો નથી, ભોગવતો નથી એમ કહો છો તો તે કેવી રીતે છે? અહા! આત્મા પરને–રાગને કરે નહિ ને વેદેય નહિ–આ શું ચીજ છે? અહા! આવા વિસ્મયકારી સ્વભાવને જાણવાની જેને અંતરમાં જિજ્ઞાસા જાગી છે તે શિષ્યને દ્રષ્ટાંતપૂર્વક અહીં ગાથામાં ઉત્તર દે છે.

**ટીકા ઉપરનું પ્રવચન :**

'જેવી રીતે આ જગતમાં ...'

પહેલાં જગત સિદ્ધ કર્યું જોયું? છ દ્રવ્યમય જગતની હયાતી–અસ્તિ કહી. જગત છે એમ એની અસ્તિ સિદ્ધ કરીને વાત કરે છે કે–

'જેવી રીતે આ જગતમાં નેત્ર દ્રશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા–વેદવાને અસમર્થ હોવાથી, દ્રશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી....'

અહાહા..! શું કહે છે? કે આ નેત્ર જે આંખ છે તે દ્રશ્ય નામ દેખવાયોગ્ય પદાર્થથી અત્યંત ભિન્ન છે. ભાઈ! આ આંખ જેને દેખે છે તે દેખવા યોગ્ય પદાર્થથી તે અત્યંત ભિન્ન છે, અને તેથી તે (–આંખ) તેને કરવા અને વેદવા અસમર્થ છે. જુઓ, આ સિદ્ધાંત કહ્યો : કે દ્રશ્ય પદાર્થથી આંખ ભિન્ન ને આંખથી દ્રશ્ય પદાર્થ ભિન્ન–એમ પરસ્પર ભિન્નતા છે ત્યાં આંખ ભિન્ન વસ્તુને કરે ને વેદે કેમ? અહા! પોતામાં અભિન્ન હોય તેને કરે અને વેદે, પણ ભિન્નને–પરને કરે ને વેદે એ કેમ બને? જેને આંખ અડેય નહિ તેને તે કરે ને ભોગવે એ કેવી રીતે બને? ભાઈ! આંખ જગતની ચીજને દેખે, પણ તે જગતની દ્રશ્ય ચીજને કરેય નહિ ને વેદેય નહિ. અહાહા...! (આ તે) ગાથા છે કાંઈ!

હવે કહે છે–'જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, સંધુક્ષણની માફક, પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું), અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'

'જો એમ ન હોય તો...' જોયું ? ભિન્નપણાને લીધે આંખ દશ્ય પદાર્થને કરે અને વેદે તો નહિ, પણ જો કરે ને વેદે તો..., તો અગ્નિને દેખવાથી, સંધુક્ષણ નામ અગ્નિ ચેતાવનાર-સળગાવનારની માફક નેત્રને અગ્નિને કરવાપણું--સળગાવવાપણું આવી પડે. સંધુકણ જેમ અગ્નિને સળગાવે છે તેમ આંખને, પરથી ભિન્ન છે છતાં જો તેને કરે ને વેદે તો, પરને સળગાવવાપણું આવે: આંખ જયાં પડે ત્યાં તે પદાર્થ સળગવા લાગે એમ એને સળગાવવાપણું આવે. ન્યાય સમજાય છે કે નહિ ?

વળી 'લોખંડના ગોળાની માફક પોતાને (આંખને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય.' આંખ જો પરને કરે ને વેદે તો લોઢાનો ગોળો જેમ અગ્નિમાં ઉષ્ણ થઈ જાય છે તેમ, અગ્નિને દેખવામાત્રથી આંખ અગ્નિમય થઈ જાય, બળી જાય. અહાહા...! આંખને જો ભિન્ન ચીજને અનુભવવાનો-વેદવાનો ભાવ આવી જાય તો ભિન્ન અગ્નિને દેખવામાત્રથી આંખ અગ્નિમય થઈ જાય, તેને અગ્નિનો અનુભવ દુર્નિવાર થઈ જાય, લોખંડના ગોળાની જેમ.

જુઓ, બે વાત કરી. એક તો-જો આંખ પરને-ભિન્ન વસ્તુને કરે તો સંધુકણ જેમ અગ્નિને કરે છે તેમ આંખની જયાં નજર પડે ત્યાં પદાર્થમાં અગ્નિ પ્રગટી જાય. આંખ જો પરને કરે તો જેમ સંધુકણ વડે અગ્નિ પ્રગટે છે તેમ આંખ વડે અગ્નિ સળગવી જોઈએ.

બીજું—જો આંખ પરને વેદે તો અગ્નિને જોવામાત્રથી જ, આંખને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ થવો જોઈએ પણ એમ છે નહિ, અર્થાત્ આંખ છે તે અગ્નિને દેખે તો છે, પણ કાંઈ અગ્નિનો અનુભવ કરતી નથી. જો એમાં એકાકાર થાય તો અનુભવ થાય ને! પણ એ તો ભિન્ન ચીજ છે. અહા! આંખ અને જે અગ્નિ છે એ તો ભિન્ન ભિન્ન ચીજ છે. તેથી ભિન્નને આંખ કરે પણ નહિ ને ભિન્નને આંખ વેદે પણું નહિ.

લ્યો, કહે છે—એમ તો થતું નથી. અર્થાત્ આંખથી કાંઈ સળગે પણ નહિ, ને આંખ અગ્નિને વેદે પણ નહિ. દેખવાયોગ્ય પદાર્થને આંખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખે; દેખે એટલો તો સંબંધ છે પણ તેને કરે ને ભોગવે એવો સંબંધ સર્વથા નથી. માટે દૃશ્ય પદાર્થને નેત્ર કરતુંય નથી, વેદતુંય નથી. એ જ કહે છે—

'પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે.' જોયું? આંખનો તો કેવળ દેખવામાત્રસ્વભાવ છે અને તેથી તે સર્વને કેવળ દેખે **જ** છે, કોઈને કરે કે વેદે છે એમ નહિ. જો કરે ને વેદે તો દેખવામાત્રથી તે દૃશ્ય પદાર્થમાં અગ્નિને કરે અને પોતે જ અગ્નિને વેદે, પણ અગ્નિને આંખ કરતી નથી, તેમ અગ્નિ દેખતાં આંખ બળતીય નથી; માટે આંખ સર્વને દેખે જ છે; કોઈને કરતી નથી, વેદતી પણ નથી. આ દૃષ્ટાંત કહ્યું. હવે તે સિદ્ધાંતમાં ઉતારે છે.—

'તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,....'

જોયું? જ્ઞાન નામ જ્ઞાનસ્વભાવી આત્મા, નેત્રની જેમ, દેખનાર છે: તે પરને દેખે છે એવો વ્યવહાર સંબંધ છે. આંખ જેમ પરને–દૃશ્યને દેખે તેમ ભગવાન આત્મા પરને દેખે ખરો, પણ દેખવા ઉપરાંત પરનું કરવું ને વેદવું એનામાં છે નહિ.

અહાહા...! નેત્રની જેમ, જ્ઞાન અર્થાત્ ભગવાન આત્મા પરને દેખે છે એમ તો છે; જો કે પરને દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે, પણ એટલો વ્યવહારસંબંધ અહીં લીધો છે. તો કોઈ વળી પૂછે છે–

જેમ પરને દેખે છે એવો વ્યવહાર છે તો પરને કરે એવો વ્યવહાર પણ હોવો જોઈએ ને? તો કહે છે–ના, એમ નથી. આંખ પરને દેખે છે તેથી કાંઈ આંખ પરને–અગ્નિ વગેરેને કરે છે કે વેદે છે એમ નથી તેમ ભગવાન આત્માને બીજા સાથે દેખવાનો સંબંધ તો છે, આટલો તો વ્યવહારસંબંધ છે, પણ બીજાને કરે કે વેદે એમ છે નહિ, સમજાણું કાંઈ...?

જુઓ, આ અંદર એ જ કહ્યું છે: 'તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા–વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા....! ભગવાન આત્મા કર્મથી અત્યંત ભિન્ન છે; એકલો ભિન્ન એમેય નહિ, અત્યંત ભિન્ન છે. જેમ આંખ દૃશ્ય પદાર્થથી ભિન્ન છે તેમ શુદ્ધ ચિદાનંદમય વસ્તુ ચૈતન્યરત્નાકર પ્રભુ કર્મથી અત્યંત ભિન્ન છે, પરપદાર્થથી અત્યંત ભિન્ન છે. અત્યંત ભિન્નપણાને લીધે, જેમ આંખ દૃશ્ય પદાર્થને દેખે ખરી, પણ કરે કે વેદે નહિ, તેમ ભગવાન આત્મા પરપદાર્થને દેખે-જાણે ખરો, પણ પરને કરતો કે ભોગવતો નથી, ભોગવી શકતો નથી.

કોઈને થાય કે દેખવા-જાણવાની પોતાની ક્રિયા કરે તો પછી ભેગું પરનું પણ કરે કે નહિ ?

**સમાધાન** : પોતાના પરિણામને ભલે કરે ને ભોગવે, એય અહીં નિર્મળ પરિણામને કરવા–ભોગવવાની વાત છે, મલિનની વાત નથી. આત્મા પરને દેખે–જાણે એટલા સંબંધમાત્રથી પરનું કરે ને પરને વેદે એ ક્યાંથી આવ્યું ? અહા ! પરને દેખવું એવો તો એનો સંબંધ છે, પણ એટલા સંબંધમાત્રથી તે પરનું શું કરે ? કાંઈ ન કરે. શું તે હાથ–પગને હલાવે ? આંખને હલાવે કે ઓલે ? કાંઈ ન કરે. જે ચીજ છે એને દેખે છે, પણ દેખવા છતાં તે પરનું કાંઈ કરી દે એમ નથી. અહાહા.. ! આત્મા દેખનાર હોવા છતાં, અત્યંત ભિન્નપણાને લીધે તે કર્મને કરતો નથી, રાગાદિને કરતો નથી.

અહાહા....! 'જ્ઞાન' કહ્યું ખરું ને ! જ્ઞાન એટલે જ્ઞાનસ્વભાવી આત્મા. અહા ! એને પરને દેખવા–જાણવાનો સંબંધ તો કહ્યો ( વ્યવહારથી હોં ), પણ નિશ્ચયથી, તેને દેખવા ઉપરાંત પરવસ્તુને કરવા–વેદવાની અસમર્થતા છે. કર્મને કરે ને કર્મને વેદે એવી એને અસમર્થતા છે. અહાહા....! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, કર્મનો ઉદય થાય એને જાણે, પણ કર્મના ઉદયને તે કરે કે વેદે એની એને અસમર્થતા છે, તેથી જ્ઞાન અર્થાત્ આત્મા કર્મને કરતો કે વેદતો નથી. હવે આવી વાત ! બિચારો ધંધા આડે નવરો થાય તો એને સમજાય ને ?

અહાહા...! આ બધી આખો દિ' વેપાર–ધંધાની ધમાલ ચાલે છે ને ? પોતે દુકાનના થડે બેઠો હોય ને માલ આવે ને જાય, પૈસા આવે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય; અહીં કહે છે, આત્માને એ બધા સાથે દેખવામાત્ર સંબંધ છે, અર્થાત્ આત્મા–જીવ એને જાણે ખરો, પણ જાણવા ઉપરાંત એ બધાને કરે ને વેદે એવો એનો સ્વભાવ નથી. આંખ જેમ અગ્નિ વગેરે દૃશ્ય પદાર્થને કાંઈ કરતી નથી, તેમ ભગવાન આત્મા કર્મ કે કર્મથી પ્રાપ્ત ચીજો–એ કોઈને કરતો કે ભોગવતો નથી.

'પરંતુ કેવળ જ્ઞાનમાત્ર સ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.'

અહાહા...! જોયું ? આત્માનો કેવળ જ્ઞાનમાત્ર સ્વભાવ છે, જાણવામાત્ર સ્વભાવ છે. એટલે શું ? કે રાગાદિ કરવાનો આત્માનો સ્વભાવ નથી. પર વસ્તુ તો કયાંય દૂર રહી, આત્માનો રાગ કરવો એ સ્વભાવ નથી. કેવળ જ્ઞાનસ્વભાવપણું કહ્યું ને ? મતલબ કે જાણે સૌને પણ કરે કોઈને નહિ. આવી વાત ! વિષયવાસનાના કાળે સંયોગને દેખે, પણ તે સંયોગને ને સંયોગીભાવ જે વાસના તેને કરતો નથી, ભોગવતો નથી. સામી ચીજને એ કરતો ને ભોગવતો દેખાય છે ને ! અહીં કહે છે—એ—જ્ઞાનસ્વભાવી આત્મા, એનો જ્ઞાનમાત્ર સ્વભાવ હોવાથી, પરને કરતો ને ભોગવતો નથી.

જુઓ, અહીં જ્ઞાન કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું છે એમ કહીને એકાંત કર્યું. પણ બાપુ ! એ તો સમ્યક્ એકાંત છે ભાઈ ! કેમકે ભગવાન આત્માનો એકાંત જ્ઞાનસ્વભાવ જ છે. કથંચિત્ જ્ઞાનસ્વભાવ ને કથંચિત્ કર્તાસ્વભાવ એવું આત્મવસ્તુનું સ્વરૂપ જ નથી, એવું જ્ઞાનનું સ્વરૂપ જ નથી.

ત્યારે કોઈ વળી કહે છે—કથંચિત્ બંધને મોક્ષનું કર્તાપણું કહો તો અનેકાન્ત થાય.

અરે ભાઈ ! એમ નથી બાપા ! ભગવાન આત્મા કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો હોવાથી 'જાણવું' તો કરે પણ તે બંધને–રાગને કરતો નથી, તેમ તે રાગને વેદતો પણ નથી, બંધને–રાગને જ્ઞાન જાણે, એનો કેવળ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનસ્વભાવ છે ને! તો રાગને–બંધને જ્ઞાન જાણે, પણ તેને એ કરે કે વેદે–એવું એનું સ્વરૂપ નથી. લ્યો, હવે પરનું-આ ઝવેરાત, હીરા. માણેક–મોતીનું ને કપડાં વગેરેનું કરવું તો ક્યાંય દૂર રહી ગયું. સમજાણું કાંઈ...?

અહા! એક રજકણથી માંડીને આખી દુનિયાને એ જાણે, પણ જાણવાના સંબંધમાત્રથી એને પરને ને રાગને કરવા અને વેદવાનો સંબંધ થઈ જાય એવી વસ્તુ નથી. જ્ઞાનતત્ત્વવસ્તુ ખૂબ સૂક્ષ્મ છે ભાઈ! લોકો તો એને સ્થૂળ સંયોગના ને રાગના સંબંધથી માને છે, પણ અહીં કહે છે, રાગથી ને પરથી ભિન્ન શુદ્ધ જ્ઞાનતત્ત્વ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું છે અને તેથી તે કર્મના બંધને માત્ર જાણે જ છે. શું કીધું? જે કર્મનો બંધ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે છે, પણ કરે છે કે ભોગવે છે એમ નહિ. બહુ આકરી વાત! શુભના પક્ષવાળાને આકરી પડે, પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં (શું થાય?)

અહાહા....! જ્ઞાન નામ આત્માને કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો કહ્યો ત્યાં વસ્તુમાં–આત્મામાં એકલું જ્ઞાન છે એમ ન લેવું, પણ બીજા અનંત ગુણ સાથે જ અવિનાભાવપણે રહેલા છે એમ જાણવું. એમાં રાગનું કે પરનું કરવું નથી માટે 'જ્ઞાનમાત્રસ્વભાવવાળું'–એમ કહ્યું છે. અહાહા...! એ બોલે નહિ, ખાય નહિ, ચાલે નહિ, બીજાને શીખામણ દે નહિ. બીજાની શીખામણ લે નહિ....અહાહા...!આવું પરનું કાંઈ કરે નહિ એવું જ્ઞાનમાત્ર તત્ત્વ આત્મા છે. સમજાણું કાંઈ.......?

કોઈને થાય કે કાલે બપોરે તો એમ આવ્યું હતું કે 'ગુરુનાં વચનોને પામીને.......'

ભાઈ! એ તો સ્વના આશ્રયે એણે અંદર સુદૃષ્ટિ–સમદૃષ્ટિ પ્રગટ કરી તો કહ્યું કે 'ગુરુનાં વચનો પામીને...' આ તો તે તે કાળે ઉપસ્થિત બાહ્ય નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવામાં આવ્યું છે. બાકી ગુરુનાં વચનો છે (ગુરુ વચન બોલે છે) અને એ વચનોને કોઈ શિષ્ય લે છે–એવું વસ્તુસ્વરૂપ નથી. લ્યો, આવી વાત! સમજાય છે કાંઈ...?

અહીં કહે છે–કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી કર્મના બંધને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરતું નથી, માત્ર જાણે જ છે. જુઓ, શાસ્ત્રમાં આવે કે ચોથે ગુણસ્થાને આટલી પ્રકૃતિ સત્તામાં હોય, આટલો ઉદય હોય, આટલું વેદન એટલે અનુભાગ હોય, આટલી પ્રકૃતિ બંધાય, આટલી ઉદયમાં આવે ને આટલીની ઉદીરણ' થાય-ઈત્યાદિ, પણ ભાઈ! એ તો આ બધું જે હોય તેને જાણે જ છે, એને કરતો નથી. હવે નજીકની ચીજ જે કર્મ તેના ઉદયાદિને તે માત્ર જાણે જ છે, કરતો નથી તો પછી પરચીજને એ કરે એ વાત ક્યાં રહી? આત્મા બોલે, ચાલે, પરને મદદ કરે કે પરથી મદદ લે આદિ પરની ક્રિયા કરવી–એ વસ્તુના સ્વરૂપમાં નથી.

હા, પણ બંધને એ ભલે ન કરે, પણ મોક્ષને તો એ કરે છે ને?

ના, તે કાળે તે પર્યાય–પૂરણ મોક્ષ દશા થાય જ તેને કરે શું? જ્ઞાન કહેતાં શુદ્ધ આત્મદ્રવ્ય મોક્ષને પણ કરતું નથી. જે સમયે જે સત્પણે છે તેને કરે શું? 'કરે' એ તો જે ન હોય એને કરે એમ કહેવાય. શું કીધું? જેની સ્થિતિ ન હોય તેને કરે એમ કહેવાય. પણ જાણનાર જ્ઞાનીને તો જે મોક્ષની પર્યાય છે તેને એ જાણે છે બસ. અહાહા...! છે એને જાણે છે, પણ કરે–બરે છે એમ છે નહિ.

જુઓ, એનામાં એક 'ભાવ' નામનો ગુણ છે. આ ગુણને લઈને તેને પ્રતિ સમય નિયત પર્યાય હોય જ છે. અહા! આવું જે દ્રવ્ય તેનો જ્યાં સ્વીકાર થયો ત્યાં પર્યાયમાં જે બંધ–રાગ આદિ છે તેને એ જાણે જ છે, કરતો નથી, અહાહા...! જે તે ગુણસ્થાને તેના પ્રમાણમાં કર્મનો ઉદય આવે અને ઉદીરણા થાય, પણ એને એ કરતો નથી. અહાહા...! આ તો ૩૨૦ ગાથા! બહુ ઉંચી! છેલ્લી હદ છે. જ્ઞાનસ્વભાવ...જ્ઞાનસ્વભાવ ...જ્ઞાનસ્વભાવ એવી વસ્તુ છે. એમાં બહુ તાણીને, તું કહે તો, એ જાણે દેખે છે એમ અમે કહીએ. ખરેખર તો (પરનું) જાણવું–દેખવું–એય વ્યવહાર છે.

અહાહા...! પોતે પોતાને જાણે છે એ નિશ્ચય ને પરને જાણે છે ઈ વ્યવહાર; બાકી પરને કરે ને વેદે એ તો વાત જ નથી. ભાઈ! અહીં તો આ કહેવું છે કે તું બહુ લઈ જા તો એ દેખે–જાણે છે બસ એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાખ, બાકી (પરનું) કરવું ને વેદવું એ તો એને છે જ નહિ. અહાહા...! આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપી ભગવાન મોક્ષને કરે છે એમ પણ છે નહિ.

તો એના પુરુષાર્થનું શું ?

બાપુ ! એ જાણે એ જ એનો પુરુષાર્થ છે. જાણગ–જાણગ સ્વભાવ છે એનો; તો જાણવા પ્રતિ વીર્ય જાગ્રત થાય તે પુરુષાર્થ છે; કેમકે હું કરું તો (પર્યાય) થાય એવું વસ્તુના સ્વરૂપમાં ક્યાં છે ? નથી.

અહાહા...! જ્ઞાનમાત્ર સ્વભાવવાળો હોવાથી એ બંધને કરતો નથી, મોક્ષનેય કરતો નથી. અહાહા...! મોક્ષની પર્યાય તે કાળે થવાની જ છે, થાય છે, છે–તેને કરવું શું ? અહાહા...! જાણનારને, તે મોક્ષની પર્યાય છે તેને કરવું ક્યાં છે? બાપુ ! મોક્ષની પર્યાય જે થાય છે ને છે તેને કરવી એ તો વિરુદ્ધ થઈ ગયું. છે તેને કરે છે એ તો વિરુદ્ધ છે, છે તેને બસ જાણે જ છે એ વસ્તુસ્વરૂપ છે.

દ્રવ્ય સત્‌, ગુણ સત ને એક સમયની પર્યાય પણ સત્‌ છે. મોક્ષની અવસ્થા જે થાય છે તે સત છે. સતપણે જે થાય જ છે એને હું કરું છું એ કેમ આવે ? સત્‌ છે, છેપણે છે એને શું કરે ? અહા ! આખી દ્રવ્યદૃષ્ટિ જેને યથાર્થ થઈ છે તે મોક્ષને પણ જાણે જ છે, મોક્ષને કરતો નથી. આવી વાત બાપુ ! બહુ ઝીણી ! લોકો તો અત્યારે બહારમાં (કરવામાં) જ પડી ગયા છે પણ બાપુ ! વસ્તુ આત્મા જ્ઞાનમાત્રસ્વભાવ-વાળો હોવાથી તે બંધને કે મોક્ષને કરતો નથી, માત્ર જાણે જ છે.

વળી કહે છે–જ્ઞાનમાત્રસ્વભાવવાળો હોવાથી કર્મના ઉદયને અને નિર્જરાને જાણે જ છે. અહાહા...! કર્મનો ઉદય પણ 'છે.' ઉદય છે તેને પરપણે જાણે છે. બસ જાણે છે એટલું જ, એ સિવાય બીજું (–કરે છે કે વેદે છે એવું) કાંઈ છે નહિ. નિર્જરાનેય બસ જાણે છે, કરે છે એમ નહિ.

અશુદ્ધતાનું ગળવું, શુદ્ધતાનું વધવું ને કર્મનું ખરી જવું એમ નિર્જરા ત્રણ પ્રકારે છે. એમાં અશુદ્ધતાનું ગળવું એ વ્યવહારનયથી છે ને કર્મનું ટળવું એ અસદ્‌ભૂત વ્યવહારનયથી છે. શુદ્ધતાનું વધવું એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાસ્તવિક નિર્જરા છે. અહીં કહે છે-એક સમયમાં એ ત્રણેય છે. હવે એ છે એને કરવું શું? અહાહા...! શુદ્ધતાનું વધવું એ એક સમયનું તે-તે સમયે સત છે; હવે એ પર્યાય સત-વિદ્યમાન છે તેને કરવી શું? અહાહા...! શુદ્ધોપયોગની સ્થિરતા થતાં ત્યાં શુદ્ધતાનું વધવું હોય છે. હવે છે, ઉપજે છે એને કરવું શું? જેમ મોક્ષ ઉપજે છે તેમ નિર્જરા પણ ઉપજે છે. હવે હયાતી લઈને જે ઉપજે છે, છે એને કરવું છે એ વાત ક્યાં છે? નથી. તેથી નિર્જરાનેય એ કરતો નથી, કેવળ જાણે જ છે.

અહાહા...! પર્યાયના ક્રમબદ્ધ પ્રવાહમાં એના કાળે નિર્જરાય થાય છે તેને કરવી શું? હવે આવી વાત સમજમાં બેસે નહિ એટલે એને ઠેકાણે કોઈ લોકો કહે કે-પરને સહાય કરવી, ગરીબોનાં આંસુ લૂંછવા, એકબીજાને મદદ કરવી-અન્ન, વસ્ત્ર, ઔષધિ આપવાં-ઈત્યાદિ કરે તે ધર્મ, 'જનસેવા તે પ્રભુ સેવા'-લ્યો, આવું કહે. અનંતકાળથી ઓશિયાળી દૃષ્ટિ ખરી ને! પણ બાપુ! એ તો વિપરીત દૃષ્ટિ છે. ભાઈ! એ વીતરાગનો મારગ નહિ પ્રભુ!

અહીં કહે છે-જેમ જ્ઞાનસ્વભાવી ત્રિકાળી આત્મદ્રવ્ય સહજ સત્ છે, એનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ સત્ છે તેમ એની એક સમયની પર્યાય પણ વર્તમાન સત્ જ છે. જેમ ત્રિકાળીને કરવો નથી તેમ વર્તમાન વર્તતી પર્યાયને પણ કરવી નથી, બહુ ઝીણી વાત પ્રભુ! જેમ વસ્તુ આત્મા ત્રિકાળ સત્ છે તેમ નિર્જરાને મોક્ષની પર્યાય પણ તે તે કાળે સત્ જ છે. હવે સત્‌પણે 'છે' એને શું કરવું? એને માત્ર જાણે છે. અહા! ગજબ વાત કરી છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને? એ તો જાણવારૂપ પર્યાય નિર્જરાને ને મોક્ષને જાણે છે એમ કહ્યું, કરે છે એમ નહિ, પણ વાસ્તવમાં તો નિર્જરાને ને મોક્ષને તે તે કાળે જાણે એવી જાણવારૂપ પર્યાય સ્વતઃ થવાની જ છે તે થાય છે. શું કીધું? નિર્જરા ને મોક્ષની પર્યાય તો તે તે કાળે વિદ્યમાનપણે છે, તેને જ્ઞાન જાણે છે એમ કહેવાય, બાકી જાણવાની પર્યાય પણ તે કાળે તે રીતે જ સત્ છે; નિર્જરા ને મોક્ષ છે માટે જાણનારી પર્યાય છે એમ નથી. અહા! આવું બહુ ઝીણું!

ભાઈ! આ તો સત્‌ને સત્‌પણે અહીં સિદ્ધ કરે છે. એક સમયની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય છે, પરવસ્તુ છે, છે એને જ્ઞાન જાણે છે એમ ભલે કહીએ, વાસ્તવમાં તો જાણે છે એ પર્યાય પણ તે કાળે સત્ જ છે. પરવસ્તુ છે, પર્યાય છે માટે એને જાણે છે એમ નથી અહાહા...! જે છે તેને તે કાળે તે જ પ્રકારે જાણે એવી જ્ઞાનની પર્યાય સ્વયં સત છે, બીજી ચીજ છે માટે એને જાણે છે એમ નથી. જાણવાની પર્યાય બીજી ચીજની અપેક્ષા રાખતી નથી, પોતે પોતાના ક્રમમાં જાણવાપણે પોતાથી જ વિદ્યમાન છે. બીજાને જાણે છે એમ કહીએ એ તો વ્યવહાર છે. હ્યો, આવું બહુ ઝીણું છે.

અહીં ચાર બોલ લીધા છે. હવે બાકી શું રાખ્યું? બંધ, મોક્ષ ઉદય અને નિર્જરાને તે તે કાળે જ્ઞાન જાણે જ છે. રાગ-બંધ થાય છે તેને તે કાળે જ્ઞાન પોતે પોતાથી જ જાણતું થકું પ્રગટ થાય છે; રાગ ને બંધ છે માટે એને જાણે છે એમ જ્ઞાનને અપેક્ષા નથી. રાગની–બંધની અપેક્ષા રાખીને જાણવાની પર્યાય થાય છે એમ નથી. વાસ્તવમાં એને જ્ઞાન જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે, અહાહા.! અનંત ગુણ, અનંતી પર્યાય, બંધ, મોક્ષ આદિને તે તે કાળમાં જ્ઞાનની પર્યાય તે તે પ્રકારે જાણે એ રીતે જ તે સ્વતઃ સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. આવી વાત છે.

ત્યારે કોઈ પંડિતો વળી કહે છે–પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી.

અરે પ્રભુ! તું શું કહે છે આ? આ દિગંબરાચાર્ય શું કહે છે એ તો જો. અહાહા...! કર્તા તો નહિ, પણ ખરેખર તો એનો જાણનારે નહિ. જાણનારી પર્યાય જાણગને–જાણનારને જાણતી સત્પણે ઉત્પન્ન થાય છે. એ તો અહીં બંધ-ઉદય આદિને જાણે છે એમ વ્યવહાર સિદ્ધ કર્યો છે. સમજાય છે કાંઈ...? જાણવાની પર્યાય ને બંધ–મોક્ષ આદિ પર્યાય, તથા અનંતા ગુણની અનંતી પર્યાય અક્રમે ઉત્પન્ન થાય છે તેને તે તે કાળે તે પ્રકારે જ્ઞાન જાણે છે એ વ્યવહાર છે. આવી ઝીણી વાત!

**પ્રશ્ન:**– આ જાણતું એમાં ગર્ભિત કર્તાપણું આવ્યું કે નહિ?

**ઉત્તર:**– અહા! જાણવાનું કરું એમ (પણ) નહિ. એ જાણવાની પર્યાય તે કાળે સહજપણે જ સતરૂપ છે, અને થાય છે. હવે આવું છે ત્યાં મેં આ કર્યું ને તે કર્યું, મેં છોકરાંને પાળ્યાં–પોષ્યાં ને મોટાં કર્યાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને મેં વેપાર-ધંધા કર્યા ને હું પૈસા રળ્યો એ વાત જ ક્યાં રહે છે? બાપુ! એ તો બધી મિથ્યા કલ્પના જ છે, બધું ગપે-ગપ છે. સમજાય છે કાંઈ...?

હવે જ્યાં પોતાની નિર્જરા ને મોક્ષની પર્યાયને પણ જાણવાનું કામ કરે છે એમ પણ કથનમાત્ર છે ત્યાં પરને-પર રજકણોને ને સ્કંધને-એ પલટાવે-બદલાવે એ વાત જ ક્યાં રહે છે? આત્મા રોટલી કરે ને લાડવો વાળે ને વેપાર કરે-એ બધું બાપુ! ગપે-ગપ જ છે. એ તો તે તે સમયે તે તે (રોટલી વગેરે પર્યાય) સત્ છે તો એ પ્રકારે પરિણમન થાય છે. તેમાં તારા હેતુની ક્યાં જરૂર-અપેક્ષા છે? અને તે તે કાળે જ્ઞાન તેને એમ જ જાણે છે એમાં એની ક્યાં અપેક્ષા છે? જૈનતત્ત્વ ખૂબ ગંભીર છે ભાઈ! અહીં તો સિદ્ધ કરવું છે કે—ભગવાન! તું જ્ઞાન છો તો તું એને (બંધ-મોક્ષ આદિને) જાણે બસ એટલું રાખ, પણ એને કરે ને વેદે એ ભગવાન! તારું સ્વરૂપ જ નથી. હવે આવો મારગ!

ત્યાં વળી કોઈ કહે—એકેન્દ્રિય આદિની રક્ષા કરો, હિંસા ન કરો એ જૈનનો મારગ છે.

**સમાધાન**:—બાપુ! એ બધાં વ્યવહારનાં વચન ભાઈ! બાકી શું તું અન્ય જીવની રક્ષા કરી શકે છે? કદીય નહિ હોં. એ તો તે તે કાળે હિંસા થવાની નથી જ, રક્ષા થવાની છે તેને જ્ઞાન જાણે છે; તે પણ પર જીવની રક્ષા થાય એની અપેક્ષા રાખીને જ્ઞાન થાય છે એમ નથી. અહા! આવું અલૌકિક સતનું સ્વરૂપ છે.

શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે—

**ण वि उपज्जइ ण वि मरइ, बंधु ण मोक्खु करेइ ।**
**जिउ परमत्थे जोइया, जिणवर एउ भणेइ ॥**

શ્રી જયસેનાચાર્યની ટીકામાં આ લીધું છે કે—'જિનવર એમ કહે છે કે'... કહે છે—એમ કહ્યું ને? ભાઈ! એ તો વાણી વાણીના કારણે આવે છે, પણ ભગવાન તે કાળે નિમિત્ત છે તો કહ્યું કે 'જિણવર એઉ ભણેઈ?' ભગવાન છે માટે વાણી આવે છે એમ નથી. વાસ્તવમાં જેમ ભગવાન છે તેમ વાણી પણ તે કાળે સ્વતઃ વિદ્યમાન છે. (કોઈના કારણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ છે એમ છે જ નહિ) એ તો સર્વોત્કૃષ્ટ નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું કે '**जिणवर एउ भणेइ**'.

જિનવર કહે છે કે–હે યોગી!—અહાહા....! યોગને આત્મામાં જોડનાર હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી, ને બંધ અને મોક્ષને પણ કરતો નથી. આનો અર્થ જ આ થયો કે આત્મા જે જ્ઞાનમાત્રસ્વભાવ છે એના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું ત્યાં (કરવું) બધું છૂટી ગયું, બસ પછી જે છે એને એ જાણે જ છે. નિર્જરાને ને મોક્ષનેય એ જાણે જ છે. સાધકના કાળમાં નિર્જરાને જાણે અને સાધ્યકાળે મોક્ષને જાણે. બસ જાણે એટલું જ; ત્યાં જાણવાની પર્યાય પણ તે કાળે તેવી જ પોતાથી ઉપજે છે.

અહીં શું કહે છે કે—પરમાર્થે જીવ ઉપજતો નથી, મરતોય નથી? ઉપજતો નથી શેમાં? કે પર્યાયમાં પરમાર્થે તે ઉપજતો નથી, વ્યય પણ કરતો નથી. પ્રવચનસાર ગાથા ૧૦૨માં આવ્યું છે કે જે પર્યાય ઉપજે છે તેને ધ્રુવની અપેક્ષા નથી. હવે એને પોતાના ધ્રુવની જ્યાં અપેક્ષા નથી ત્યાં પરની અપેક્ષાની તો વાત જ ક્યાં રહી? એ બંધ-મોક્ષ ઈત્યાદિ જેવું જ્ઞેય હોય તેવું જ તે કાળે જાણે છે, પણ તેને (–જ્ઞાનની પર્યાયને) બંધ–મોક્ષ આદિ જ્ઞેયની અપેક્ષા નથી. અહાહા...! જાણવાના જ્ઞાનમાં, જણાવા યોગ્ય જ્ઞેય બરાબર આવ્યું માટે તેને જાણે છે એમ અપેક્ષા લઈને જ્ઞાનપર્યાય થાય છે એમ નથી.

અહાહા...!

'**ण वि उपज्जइ ण वि मरइ, बंधु ण मोक्खु करेइ**'

અહાહા...! પૂર્ણાનંદનો નાથ પૂર્ણજ્ઞાનઘન એકલા જ્ઞાનસ્વભાવમય ભગવાન આત્મા છે એની પર્યાયમાં (–જ્ઞાનપર્યાયમાં) અનંતી પર્યાય ને દ્રવ્ય–ગુણ જણાય છે તે પર્યાય સહજ છે, તેને હું ઉત્પન્ન કરું છું એમ છે નહિ, અહાહા...! બંધને, મોક્ષને, ઉદયને, નિર્જરાને કેવળ જાણું જ છું; જે છે તેને માત્ર જાણું જ છું, પણ કરું છું કે ભોગવું છું એમ છે નહિ, હવે પરની દયા કરવી ને પરની મદદ કરવી ઈત્યાદિ તો ભાઈ! તદ્દન તત્ત્વવિરુદ્ધ છે, એ કાંઈ માર્ગ નથી, લ્યો, આવી વાત!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા–૧૧૪

હવે એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે (અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો એમ દર્શાવે છે):—

**दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो।**
**हवदि य अण्णमणण्णं तक्काले तम्मयत्तादो ॥**

**द्रव्यार्थिकेन सर्वं द्रव्यं तत्पर्यायार्थिकेन पुनः ।**
**भवति चान्यदनन्यत्तत्काले तन्मयत्वात् ॥११४॥**

દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે
છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે.

**અન્વયાર્થઃ—** [द्रव्यार्थिकेन] દ્રવ્યાર્થિક (નય) વડે [सर्वं] સઘળું [द्रव्यं] દ્રવ્ય છે; [पुनः च] અને વળી [पर्यायार्थिकेन] પર્યાયાર્થિક (નય) વડે [तत्] તે (દ્રવ્ય) [अन्यत्] અન્ય-અન્ય છે, [तत्काले तन्मयत्वात्] કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે [अनन्यत्] (દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.

ટીકાઃ— ખરેખર સર્વ વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે—(૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવ સામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે. અને જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેલા નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ પર્યાયોસ્વરૂપ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનેક વિશેષોને અવલોકનારા અને સામાન્યને નહિ અવલોકનારા એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય-અન્ય ભાસે છે, કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે-છાણાં, તૃણ, પર્ણ અને કાષ્ઠમય અગ્નિની માફક (અર્થાત્ જે તૃણ, કાષ્ઠ વગેરેનો અગ્નિ તે તે કાળે તૃણમય, કાષ્ઠમય વગેરે હોવાને લીધે તૃણ, કાષ્ઠ વગેરેથી અનન્ય છે, તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે તે-મય હોવાને લીધે તેમનાથી અનન્ય છે-જુદું નથી). અને જ્યારે તે બન્ને ચક્ષુઓ— દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—તુલ્યકાળે (એકીસાથે) ખુલ્લાં કરીને તે દ્વારા અને આ દ્વારા (-દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા) અવલોકવામાં આવે છે, ત્યારે નારકત્વ-તિર્યંચત્વ-મનુષ્યત્વ-દેવત્વ-સિદ્ધત્વ-પર્યાયોમાં રહેલો જીવસામાન્ય અને જીવસામાન્યમાં રહેલા નારકત્વ-તિર્યંચત્વ-મનુષ્યત્વ-સિદ્ધત્વપર્યાયોસ્વરૂપ વિશેષો તુલ્યકાળે જ દેખાય છે.

ત્યાં, એક ચક્ષુ વડે અવલોકન તે એકદેશ અવલોકન છે અને બે ચક્ષુઓ વડે અવલોકન તે સર્વ અવલોકન (-સંપૂર્ણ અવલોકન) છે. માટે સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ અને અનન્યત્વ વિરોધ પામતાં નથી.

ભાવાર્થ:—દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે. તેથી દરેક દ્રવ્ય તેનું તે જ પણ રહે છે અને બદલાય પણ છે. દ્રવ્યનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક હોવાથી દ્રવ્યના અનન્યપણામાં અને અન્યપણામાં વિરોધ નથી. જેમકે, મરીચિ અને શ્રી મહાવીરસ્વામીનું જીવસામાન્યની અપેક્ષાએ અનન્યપણું અને જીવના વિશેષોની અપેક્ષાએ અન્યપણું હોવામાં કોઈ પ્રકારનો વિરોધ નથી.

દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં દ્રવ્યસામાન્ય જ જણાય છે તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે અને પર્યાયાર્થિકનયરૂપી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે તેથી દ્રવ્ય અન્ય-અન્ય ભાસે છે. બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં દ્રવ્યસામાન્ય તથા દ્રવ્યના વિશેષો બન્ને જણાય છે તેથી દ્રવ્ય અનન્ય તેમ જ અન્ય-અન્ય બન્ને ભાસે છે. ૧૧૪.

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચનસાર ગાથા ૧૧૪ : મથાળુ

હવે એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે ( અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો એમ દર્શાવે છે ):—

અહીં શું કહેવું છે? કે સામાન્યપણે દ્રવ્ય એનું એ જ અનન્ય છે અને વિશેષપણે તે ભિન્ન-ભિન્ન, અન્ય-અન્યપણે છે. અહાહા...! અવસ્થાએ અન્ય અન્ય હોવા છતાં દ્રવ્યે અનન્ય જ છે. દરેક દ્રવ્ય, જેકે દાખલો જીવનો આપશે, સામાન્ય છે અર્થાત્ એનું એ જ અનન્ય છે અને વિશેષ પણ છે અર્થાત્ અન્ય અન્ય પણ છે. દ્રવ્યનું વિશેષ-પર્યાય સ્વકાળે અન્ય અન્ય હોવા છતાં તે દ્રવ્યથી અનન્ય જ છે, દ્રવ્યથી જુદું નથી. ભાઈ! આ તો દરેક દ્રવ્યના સ્વરૂપનું કથન છે.

આત્માને કર્મની સાથે, શરીર સાથે, કુટુંબ સાથે, દેશ સાથે, આબરૂ સાથે કે પૈસા-પગાર સાથે કોઈ સંબંધ નથી. કેમ ? કેમકે એ તો સર્વ પરદ્રવ્ય ભિન્ન જ છે, અન્ય જ છે, અનન્ય નથી. અહીં તો દ્રવ્યને પોતામાં જ અન્યત્વ, અનન્યત્વ હોવામાં વિરોધ નથી એ વાત સિદ્ધ કરે છે. કહે છે—દરેક દ્રવ્ય પોતાના સ્વરૂપે કાયમ રહીને પ્રતિસમય અનેરી-અનેરી એટલે કે અન્ય-અન્ય અવસ્થાપણે થાય છે તેથી એ અપેક્ષાએ તેને અન્ય-અન્ય પણ કહેવાય છે અને તે અવસ્થા એની જ (દ્રવ્યની જ) છે,દ્રવ્ય પોતે જ એ અવસ્થારૂપ આવ્યું-પરિણમ્યું છે માટે તે અનન્ય પણ કહેવાય છે. લ્યો, આવી વાત! આખી દુનિયાની આમ વહેંચણી કરી નાખી.

અહાહા...! શું સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન! કહે છે કે પર્યાયમાં જીવને નારકી આદિ અનેકપણું હોવા છતાં જીવ અનન્ય છે, કેમકે આત્માની સાથે તે પર્યાયનું તન્મયપણું છે. ચાહે હિંસાના પરિણામ હો, દયાના પરિણામ હો, ભક્તિ-પૂજાના પરિણામ હો કે રૌદ્રધ્યાનના પરિણામ હો-એ પરિણામ દ્રવ્યની પર્યાયમાં છે. તે પરિણામ અનેરી-અનેરી અવસ્થારૂપ હોવાથી આત્માને અન્ય પણ કહેવાય છે અને આત્મા તેમાં વર્તે છે માટે અનન્ય પણ કહેવાય છે. આત્માને પર પદાર્થની સાથે કાંઈ સંબંધ નથી કેમકે તે પર પદાર્થ તો તદ્દન અન્ય જ છે, અનન્ય નથી. અહીં તો પ્રત્યેક દ્રવ્યની પર્યાય અન્ય અન્ય થતી-ઉપજતી દ્રવ્યથી અનન્ય છે એમ કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અહાહા....! જે અન્ય છે તે અનન્ય છે એમ અહીં અવિરોધપણે સિદ્ધ કરે છે.

## ✽ ગાથા ૧૧૪ : ટીકા ઉપરનું પ્રવચન ✽

'ખરેખર સર્વ વસ્તુ...' જોયું ? 'દ્રવ્ય' શબ્દ ન વાપરતાં 'વસ્તુ' કીધી. **सर्वस्य हि वस्तुनः**—એમ કહ્યું. કેમ ? કેમકે એમાં અનંત શક્તિઓ વસેલી છે. અહાહા ...! દરેક દ્રવ્ય, ચાહે તે પરમાણુ હો, આકાશ હો કે જીવ હો, તેને વસ્તુ કીધી કારણ કે તેમાં અનંત અન્વયી ગુણો વસેલા છે. અહાહા...! દ્રવ્ય અનંત અનંત ગુણો—શક્તિઓ વડે વસેલું-ભરેલું છે માટે તેને વસ્તુ કીધી છે. વળી વસ્તુમાં વસેલી જે શક્તિઓ છે તે એકરૂપ—તદ્રૂપપણે પોતાની છે, પણ એમ નથી કે બીજાની શક્તિ અહીં વસ્તુમાં આવી હોય વા વસ્તુ બીજાની શક્તિમાં જઈ વસી હોય. જુઓ આ વસ્તુનું સ્વરૂપ ! નજીકમાં નજીક પોતાનું શરીર કે સ્ત્રી-પુત્ર-પરિવાર એ સર્વ તદ્દન જુદી ચીજ છે. જ્યારે દ્રવ્યનું વિશેષ અન્ય-અન્ય હોવા છતાં તે દ્રવ્યથી અનન્ય છે કેમકે તે વિશેષ—પર્યાય દ્રવ્યથી જુદી ચીજ નથી. જેમ જુદું (બીજું) દ્રવ્ય તદ્દન અન્ય છે તેમ અનેરી-અનેરી થવા છતાં પર્યાય તદ્દન અન્ય જ છે એમ નથી. જોકે પહેલાં નહોતી અને થઈ છે એ અપેક્ષાએ અન્ય પણ કહેવાય છતાં દ્રવ્ય તેમાં વર્તે છે માટે અનન્ય પણ છે.

કહે છે—'ખરેખર સર્વ વસ્તુ સામાન્ય—વિશેષાત્મક હોવાથી...' જુઓ, એક વસ્તુ ન કીધી પણ સર્વ એટલે અનંત વસ્તુ કહી. તે અનંત વસ્તુ દરેક પોતે પોતાથી સામાન્યવિશેષાત્મક છે; દ્રવ્યરૂપથી સામાન્ય અને પર્યાયથી વિશેષરૂપ છે. આવું દ્રવ્યનું સ્વતઃ સામાન્યવિશેષસ્વરૂપ છે. ત્યાં જેમ સામાન્યપણું-એકરૂપપણું સ્વનું છે તેમ વિશેષપણું પણ સ્વનું છે, તે (—પર્યાય) કાંઈ પરના સંયોગે કે પર વડે થાય છે એમ નથી. દરેક દ્રવ્યની તે તે સમયની તે વિશેષ અવસ્થા પહેલાં નહોતી અને હવે (બીજે સમયે) થઈ માટે તે અનેરા દ્રવ્યના કારણે થઈ છે એમ નથી. પર્યાય પહેલાં નહોતી અને નવી થઈ એ અપેક્ષાએ તે અન્ય છે છતાં તે વિશેષમાં—પર્યાયમાં સામાન્ય વર્તે છે માટે તે અનન્ય પણ છે, સામાન્યથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ કાંઈ જુદી ચીજ નથી. જેમ બીજી બધી ચીજો તદ્દન જુદી છે તેમ પર્યાય સામાન્યથી જુદી નથી.

જુઓ, એક આત્માને અને બીજા આત્માને પરસ્પર કાંઈ સંબંધ નથી. બન્ને સામાન્યપણે એક અને વિશેષપણે જુદા એમ નથી તથા તેઓ સામાન્યપણે જુદા અને વિશેષપણે એક એમ પણ નથી. શું કીધું એ? કે અનંત જે બીજા આત્મા અને અનંતા જે પરમાણુઓ છે તે બધા આ આત્માથી સામાન્યપણે જુદા અને વિશેષપણે એક છે એમ પણ નથી તથા સામાન્યપણે એક અને વિશેષપણે જુદા છે એમ પણ નથી; પરંતુ પોતે જ જુદો (અન્ય-અન્ય) અને પોતે જ અનન્ય છે એમ અહીં વાત છે.

અહાહા...! પોતાના દ્રવ્યમાં પ્રગટ થતી તે તે પર્યાયનો કાળ અર્થાત્ ક્રમાનુપાતી સ્વકાળ છે. (આ વાત ગાથા ૧૧૩માં આવી ગઈ છે). તે પર્યાય ક્રમે સ્વકાળે ક્રમાનુસાર આવવાની હતી તે આવી છે. ત્યાં પહેલાં-પહેલાંની પર્યાયની અપેક્ષાએ તેને અન્ય કહીએ પણ વસ્તુની અપેક્ષાએ અનન્ય છે. આથી તે તે પર્યાય કોઈ બીજાથી થઈ છે એમ છે જ નહિ. ભાઈ! ભાષા તો સહેલી છે પણ એનો ભાવ...(બેસવો) કઠણ છે; તથાપિ ન બેસે એમેય નથી. કળશટીકામાં (કળશ ૬૦માં) આવે છે કે-ભેદજ્ઞાન-આત્મજ્ઞાન સાચે જ કઠણ છે, તોપણ સ્વરૂપનું વેદન કરતાં ભિન્નપણાનો સ્વાદ આવે છે (આત્મજ્ઞાન થાય છે).

ભાવ બેસવો કઠણ તો છે, પણ ભગવાન આત્મા સામાન્યપણે દ્રવ્ય જે છે તેને જોતાં અંતરમાં ભાવ બેસી જાય છે. આવી વાત છે. ભલે જોનારી પર્યાય વિશેષ છે, પણ એ જુએ છે સામાન્યને, અને એ પર્યાય એમ માને છે કે હું અખંડ એકસ્વરૂપે-જ્ઞાયકસ્વરૂપે વિરાજમાન છું. અહાહા....! એ પર્યાયનો વિષય એકલી પર્યાય ન રહેતાં, પર્યાયનો વિષય દ્રવ્ય બની જાય છે. (ત્યારે અંતરમાં ભાવ બેસી જાય છે.)

અહીં કહે છે-ખરેખર સર્વ વસ્તુ સામાન્યવિશેષાત્મક છે. એનો અર્થ એ છે કે કોઈ ચીજ કોઈ અન્યથી બનેલી છે વા કોઈ ઈશ્વર એનો કરનારો છે એમ છે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરી શકે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ નથી. સર્વ વસ્તુ સામાન્યવિશેષાત્મક છે એટલે કે કાયમ રહેવાની અપેક્ષાએ સામાન્ય અને પલટવાની અપેક્ષાએ વિશેષ છે. સામાન્ય અને વિશેષ–એમ બે થઈને દ્રવ્યનું સ્વરૂપ છે. આગળ પણ એનું સ્વરૂપ બે–રૂપે છે એમ આવશે. પરને અને એને કાંઈ સંબંધ નથી.

પ્રશ્નઃ—વહાલી પત્ની હોય અને વહાલા દીકરા હોય તોપણ આત્માને તેની સાથે સંબંધ નહિ?

ઉત્તરઃ—અહા! કોના બાપ અને કોના દીકરા? જ્યાં વસ્તુનું વિશેષ પણ એક સમય ટકે છે ત્યાં બીજી ચીજ (પત્ની, પુત્ર આદિ) તેની (આત્માની) છે એ વાત ક્યાં રહી પ્રભુ? દરેક વસ્તુ કાયમ રહેવાની અપેક્ષાએ ધ્રુવ છે પણ ક્ષણિક અવસ્થાની અપેક્ષાએ તો એક સમય જ હોય છે. વસ્તુ ધ્રુવ છે છતાં તેનું વિશેષ એક સમય જ ટકે છે. પર્યાય તેની છે છતાં તે એક સમય જ રહે છે તેથી પૂર્વ પર્યાયની અપેક્ષાએ તેને અન્ય પણ કહીએ તથા આત્મદ્રવ્યની અપેક્ષા તેમાં દ્રવ્ય વર્તે છે માટે અનન્ય પણ કહીએ. પરંતુ આત્માને અને પરને વા પરમાણુ–પરમાણુને કોઈ સંબંધ નથી. આ વાત લોકોને ભારે કઠણ પડે છે, પણ લોકોને વિચારવાનો વખત ક્યાં છે? આખો દિવસ ધંધા–વેપારમાં, કુટુંબ–પરિવારને પંપાળવામાં અને દુનિયાની જંજાળમાં વીતી જાય છે, અને એમ ને એમ જિંદગી પૂરી થઈ જાય છે.

અહીં કહે છે...'ખરેખર સર્વ વસ્તુ સામાન્યવિશેષાત્મક હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે—(૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.' પાઠમાં (ગાથામાં) તો આટલું જ લીધું છે કે સામાન્ય-વિશેષને અનુક્રમે જોવા. પણ અહીં ટીકામાં સાથે જોવાની વાત પણ લેશે.

તો કહે છે...'તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને....' લ્યો, અહીંથી ઉપાડ્યું છે. દ્રવ્યાર્થિક ચક્ષુને બંધ કરીને—એમ ઉપાડ્યું નથી. કહે છે દ્રવ્યને જોવા માટે પર્યાયાર્થિક આંખને સર્વથા બંધ કરી દે. ગજબ વાત ભાઈ! પર્યાય છે ખરી પણ તેને જોવા તરફની દૃષ્ટિ બંધ કરી દે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાત ઉપાડી છે. પહેલાં એ તો કહ્યું કે-સામાન્યવિશેષાત્મક વસ્તુ છે. (વિશેષ નથી એમ ક્યાં વાત છે? પણ હવે વિશેષને જોવાની આંખને બંધ કરીને...અહાહા...! છે? (પાઠમાં?) તે પાછું કથંચિત્ બંધ કરીને એમ નહિ, પણ 'પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે....' અહાહા....! દ્રવ્યને—ત્રિકાળીને જાણવો છે ને? તો કહે છે-વિશેષનયની આંખ બંધ કરીને દ્રવ્ય જેનું પ્રયોજન છે એવા દ્રવ્યાર્થિકનયની આંખ વડે જો. 'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે'— અહાહા...! ભાષા તો જુઓ! અવસ્થાને જોનારી પર્યાયાર્થિક આંખ બંધ કરી દઈને દ્રવ્યસામાન્યને જોનારી-જાણનારી દ્રવ્યાર્થિક આંખ વડે જો; તેથી તને અવસ્થામાં સામાન્ય-સામાન્ય દ્રવ્ય ભગવાન આત્મા જણાશે. અહાહા...! અવસ્થાને જોનારી આંખ બંધ કરી દઈને સામાન્યને જોતાં જોનારી વિશેષ પર્યાય તો રહેશે, પણ પર્યાયનો જોવાનો વિષય વિશેષ નહિ પણ સામાન્ય રહેશે. સમજાણું કાંઈ...!

શું કહે છે? કે વિશેષને જોનારી પર્યાયાર્થિક આંખ બંધ કરી દે. અહાહા...! બીજાને જોવાનું બંધ કરી દે એ વાત તો એકકોર રહી; કેમકે પોતાના સિવાય બીજા જે પદાર્થો છે, પછી ભલે તે ત્રણલોકના નાથ ભગવાન હોય તોપણ, તેને જોવાની જે દૃષ્ટિ છે તે કાંઈ પર્યાયાર્થિક દૃષ્ટિ કે દ્રવ્યાર્થિક દૃષ્ટિ નથી. ફક્ત પોતાનામાં બે પ્રકાર છે: એક સામાન્યપણું-કાયમ રહેવાપણું અને બીજો વિશેષપણું-બદલવાપણું; અને તેને જોનાર બે આંખ છે. હવે એ વિશેષને જોનારી આંખને બિલકુલ બંધ કરીને ઉઘાડેલી દ્રવ્યાર્થિક આંખ વડે જો એમ કહે છે. ભારે ગજબ વાત છે! થોડે શબ્દે ઘણું ભર્યું છે હોં. અહો! વાત બહુ ઊંચી છે!

જુઓ! અહીં એમ ન કહ્યું કે પરદ્રવ્યને-સ્ત્રી-પુત્ર-મિત્ર-ધનાદિને જોવાનું બંધ કરી દે, કેમકે જે સ્વરૂપમાં નથી તેની વાત શું કામ કરીએ. અહીં તો કહે છે-પ્રભુ! તારા સ્વરૂપમાં બે-સામાન્ય અને વિશેષ છે. તો હવે એ બે છે એમાંથી વિશેષને જોવાની આંખ સર્વથા બંધ કરી દઈને ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. જુઓ! વિશેષને જોવાની આંખને કથંચિત્ ઉઘાડીને અને કથંચિત બંધ કરીને અથવા તેને ગૌણ કરીને—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમેય વાત નથી લીધી. અહો! આ તો તત્કાલ સમ્યગ્દર્શન–વસ્તુદર્શન થવાની વાત છે. પર્યાયને જોવાનું બંધ કરી દીધું એટલે દ્રવ્યને જોનારું જ્ઞાન ઉઘડયું એમ કહે છે. દ્રવ્યાર્થિક ચક્ષુ વડે દ્રવ્યને જોનારું તે જ્ઞાન છે તો પર્યાય, પણ તે ઉઘડેલું જ્ઞાન છે. અહો! શું ગંભીર ટીકા છે! ભરતક્ષેત્રમાં આવી વાત બીજે કયાં છે? અહો! આ તો ત્રણલોકના નાથની દિવ્યધ્વનિનું અમૃત-સંતોએ રેલાવ્યું છે. જગતનાં ભાગ્ય છે કે આવી વાણી રહી ગઈ. અહા! આવી વાણીનો યોગ થયો અને તને નવરાશ નથી! ભગવાન! તારે કયાં જવું છે? કયાં રહેવું છે?

પહેલી એ વાત કીધી કે સર્વ વસ્તુ સામાન્ય–વિશેષાત્મક છે. હવે કહે છે–તારે તારી વસ્તુને–અમૃતના નાથને જોવો હોય તો પર્યાયાર્થિક આંખ સર્વથા બંધ કરીને ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. જુઓ, આમાં પરની વાત નથી લીધી કે પર્યાયાર્થિક આંખ બંધ કરીને પરને જો. અહીં તો સ્વરૂપને–અમૃતના નાથને જોવાની વાત છે. અહો! સંતોએ અમૃત રેડયાં છે. પણ અરે! જગતને...(કયાં દરકાર છે?)

કહે છે—ભગવાન! તારામાં બે પ્રકાર—(૧) સામાન્ય અને (૨) વિશેષ. અહીં વાત તો સર્વદ્રવ્યની કરવી છે પણ ઉતારે છે જીવમાં. જીવમાં ઉતારીને કહે છે કે સર્વદ્રવ્યોમાં એ રીતે સમજી લેવું. આમાં (અમૃતચંદ્રાચાર્યની ટીકામાં) ખુલ્લું નથી કહ્યું પણ જયસેનાચાર્યની ટીકામાં કહ્યું છે. જુઓ, **सर्वद्रव्येषु यथासंभवं ज्ञातव्यं इति अर्थः**—એ જયસેનાચાર્યની ટીકાના છેલ્લા શબ્દો છે. બાપુ! આ તો ધીરાનાં કામ છે. સમયસાર કલશમાં છે ને કે—નિભૃત પુરુષો વડે અર્થાત્ સ્વરૂપમાં એકાગ્ર થનારા પુરુષો વડે, ચિંતા વિનાના પુરુષો વડે આ વસ્તુ વિચારાય છે.

કહે છે–'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...' જુઓ, ઉપર પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને–એમ કહીને જોર આપ્યું અને એથી વિશેષ દૃઢ જોર આપવા હવે કહે છે–'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે..' મતલબ કે દ્રવ્ય જોવામાં આવે એ રીતે જ્ઞાનને ખુલ્લું પ્રગટ કરીને જો. અહાહા...! પર્યાયને જોવાની નહિ, પણ દ્રવ્યને જોવાની ઉઘાડેલી જ્ઞાનની પર્યાયથી જો. 'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ' કીધા છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે કે દ્રવ્યને જોનારા પ્રગટ જ્ઞાન વડે જો. પર્યાયને જોવાનું જ્યારે બંધ કરી દીધું છે ત્યારે સ્વદ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડ્યું છે એમ કહે છે, દ્રવ્યને જે નય જુએ છે તે જ્ઞાન ઉઘડેલું છે એમ કહે છે.

અહાહા ...! ' પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું–એ પર્યાયો–સ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને " તે બધુંય જીવદ્રવ્ય છે " એમ ભાસે છે. '

જુઓ, અવલોકનારી છે તો પર્યાય ( પર્યાય અવલોકનારી છે ) પણ તે પર્યાયને જોવાનું બંધ કરી દઈ ને દ્રવ્યને જોવાના પ્રગટ જ્ઞાન વડે દ્રવ્ય–સામાન્યને અવલોકે છે. અહાહા... ! શું ભર્યું છે ! અજ્ઞાની આમ ને આમ વાંચી જાય અને માને કે અમે સ્વાધ્યાય કર્યો, પણ બાપુ ! આ તો ' પ્રવચનસાર ' એટલે દિવ્યધ્વનિનો સાર. બહુ ગહન ચીજ છે. કોઈ કહેતું હતું કે–મહારાજ ( –કાનજીસ્વામી ) સમયસારનાં બહુ વખાણ કરે છે ને ? પણ હું તો તે પંદર દિવસમાં જ વાંચી ગયો. અરે ભાઈ ! સયયસાર તો ( કેવળીના પેટની વાત ) બહુ ગહન ચીજ છે પ્રભુ ! એમ ને એમ વાંચી જવાથી એનો પાર આવે એવો નથી.

પ્રશ્ન:—શ્રીમદે છ પદ કહ્યાં છે તેમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી છે તો એ છ પદ જોવાં તો ખરાં ને ?

ઉત્તર:—ભાઈ ! અહીં તો એમ કહે છે કે–છ પદોના જે ભેદ છે તેને પણ જોનારી આંખને સર્વથા બંધ કરી દઈ ને...( દ્રવ્યને જોનારા પ્રગટ જ્ઞાનરૂપ દ્રવ્યાર્થિકનય વડે જો ). અહા ! કોઈ ને ઝીણું પડે તો ધ્યાન દઈ ને સાંભળવું. બાપુ ! આ તો અમૃતનાં ઘર છે; માંડમાંડ બહાર આવ્યું છે. તો એને ધીમેથી ( ધીરજથી ) સાવધાન થઈ ને સાંભળવું –સમજવું. અહા ! આવો સમય ક્યારે આવે ભાઈ ? ( અનંતકાળે આવે ).

અહાહા...! શું ભાવ ભર્યા છે ! પહેલાં કહ્યું કે સર્વ વસ્તુ સામાન્ય-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષાત્મક છે. આવા વસ્તુના સ્વરૂપને જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે. શું કહ્યું આ? કે જોનાર જે આત્મા છે તે પોતાના સામાન્ય અને વિશેષને જુએ છે પણ પરને નહીં. અહા! ખૂબ ગંભીર વાત છે! પોતાની વિશેષ પર્યાયમાં જે પર જણાય છે તે ખરેખર પોતાની પર્યાય જણાય છે; એટલે સામાન્ય અને વિશેષને જોનારા એમ બે ચક્ષુ કહ્યાં છે પણ પરની વાત લીધી નથી.

અહાહા...! વસ્તુના સ્વરૂપને જોનારાઓને અનુક્રમે સામાન્ય અને વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે. એમાં 'અનુક્રમે' કહ્યું ને? મતલબ કે પ્રથમ સામાન્યને જાણે છે, પછી વિશેષને જાણે છે; કારણ કે સામાન્યનું યથાર્થ જ્ઞાન થાય તો વિશેષ નું જ્ઞાન યથાર્થ થાય. અહીં પરને જાણવાની વાત નથી લીધી કેમકે આત્મા જે પરને જાણે છે એ ખરેખર તો પોતાની પર્યાયમાં પર્યાયને જાણે છે. લ્યો, આવી સૂક્ષ્મ વાત! પરને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે. ખરેખર તો ત્રિકાળ સામાન્ય આત્માનું જે વિશેષ છે તે વિશેષમાં વિશેષને જ જાણવાનું છે, પરને નહિ. અહીં વિશેષ દ્વારા સામાન્યને જાણવાનું પહેલું કહ્યું અને પછી વિશેષ દ્વારા વિશેષને જાણવાનું કહ્યું; કેમકે સામાન્યને જાણતાં જે જ્ઞાન થાય તે, જે પોતાનું વિશેષ છે તેને, વાસ્તવિક યથાર્થ જાણી શકે છે.

કહે છે—'સામાન્ય અને વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે.' ત્રણ ચક્ષુ નથી કીધા, પણ પોતાનું જે સામાન્યસ્વરૂપ છે અને પોતાનું જે વિશેષ-સ્વરૂપ છે—બસ તેને જાણનારાં બે ચક્ષુ કહ્યાં છે. ત્યાં એ વિશેષમાં બીજા જણાઈ જાય છે એ વાસ્તવમાં પોતાની જ પર્યાય છે. અહો! શું ગંભીર ટીકા છે! વળી તેમાં 'અનુક્રમે' શબ્દ છે; એટલે કે પહેલાં સામાન્યને જુએ છે અને પછી વિશેષને જુએ છે. ટીકામાં પણ એમ જ લીધું છે.

તો કહે છે—'તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને....' જુઓ, પોતાની પર્યાયમાં જે વિશેષતા જણાય છે તે પોતાની પર્યાય જ જણાય છે, પર નહિ; એટલે પરને જાણવાના ચક્ષુ બંધ કરીને—એમ ન કહ્યું પણ પોતાની પર્યાયને જાણનારું પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરીને—એમ કહ્યું. અહાહા....! શું ગંભીર વસ્તુ છે! ભગવાન! આ પ્રવચનસાર,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસાર અને નિયમસારની એક એક ગાથા અતિ ગંભીર અને અલૌકિક છે.

અહીં તો કહે છે—ભગવાન! તું પરને જાણતો જ નથી. ભગવાન કેવળી લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભૂત વ્યવહાર છે. ભાઈ! પરને અને આત્માને સંબંધ શું છે? પર અને સ્વની વચ્ચે તો અત્યંતાભાવનો અભેદ્ય કિલ્લો ઊભો છે. પરદ્રવ્યની પર્યાય અને સ્વદ્રવ્યની પર્યાય વચ્ચે અત્યંત–અભાવરૂપ અભેદ્ય કિલ્લો પડયો છે. પોતાની એક સમયની જે પર્યાય છે તેમાં પરનો પ્રવેશ ક્યાં છે? (નથી). અહીં ટીકામાં તો આમ લીધું છે કે–આત્મા પોતાના વિશેષને જાણે છે. સામાન્યને જાણે છે એ પહેલાં કહીને પછી વિશેષને જાણે છે એમ કહ્યું છે; પરને જાણે છે એમ અહીં વાત જ લીધી નથી.

અહાહા...! કહે છે–પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને અર્થાત્ પોતાની પર્યાયનું લક્ષ જ છોડી દઈને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે અવલોકન કર. શું કહ્યું આ? કે જ્યારે પર્યાયને જોનારી પર્યાયાર્થિક દૃષ્ટિ બંધ કરી તો હવે કોઈ જોનારી દૃષ્ટિ રહી છે કે નહિ? તો કહે છે–દ્રવ્યને જોનારી દૃષ્ટિ રહી છે. કહ્યું ને કે–એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. અહાહા....! આ દ્રવ્યાર્થિક નય છે તે જ્ઞાન છે, તે ઉઘાડેલું જ્ઞાન છે. છે તો એ પયાય પણ તે જોનારી પર્યાય પર્યાયને ન જોતાં દ્રવ્યને જુએ છે. પર્યાયને જાણનારી પર્યાય સર્વથા બંધ કરી છે પણ જ્ઞાન સર્વથા બંધ થયું નથી. જ્ઞાન તો ઉઘડેલું છે અને તે દ્રવ્યને જાણે છે. લ્યો, આવી વાતુ, ભાઈ! આ તો ત્રણલોકના નાથની દિવ્ય વાણી છે!

અહાહા....! ભગવાન! તું સામાન્યવિશેષસ્વરૂપ છો. ત્યાં તારા વિશેષમાં પરને જાણવું એ કાંઈ છે નહિ કેમકે ત્યાં તો એ પોતાની પર્યાય જ જણાય છે. તો કહે છે–એ જે પર્યાય જણાય છે તેને જોનારું પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરી દે. તો હવે જ્યારે પર્યાયને જોનારું ચક્ષુ સર્વથા બંધ કર્યું તો જોનારું અન્ય કોઇ જ્ઞાનચક્ષુ રહ્યું કે નહિ? તો કહે છે કે–દ્રવ્યને જોનારું જ્ઞાનચક્ષુ પ્રગટ ઉઘાડરૂપ છે. કહ્યું ને કે–એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. પર્યાયને જોનારી આંખ સર્વથા બંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરી છે પણ દ્રવ્યસામાન્યને જોનારું જ્ઞાન તો ઉઘડેલું જ છે. જ્યાં પર્યાયને જોવાનું સર્વથા બંધ કર્યું ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડી ગયું છે એમ કહે છે. કેમકે પોતે જાણનારો છે ને? જાણનારની પર્યાયમાં અંધારું થઇ જાય અર્થાત્ જાણવાનું જ બંધ થઈ જાય એવું તો કોઈ દિ' છે નહિ.

અહાહા...! કહે છે–પર્યાયને જોવાની આંખ સર્વથા બંધ કરી દઈને—પ્રભુ! આમ કહીને શું કહેવું છે આપને? એમ કે શુદ્ધ ત્રિકાળી આત્મદ્રવ્યને જોવું છે ને તારે? તો તે જાણવું પર્યાયમાં આવે છે. એથી કહે છે કે એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. મતલબ કે પર્યાયને જોનારો જ્ઞાનનો અંશ સર્વથા બંધ થઈ જતાં અંદરનો જ્ઞાનનો પર્યાય કે જે એકલા દ્રવ્યને જાણે છે તે ઉઘડી ગયો છે. તો તે વડે દ્રવ્યને (ભાળ) દેખ. હવે આવી વાત સાંભળવાય મળે નહિ એટલે એકાંત છે, એકાંત છે—એમ રાડો પાડે. પણ બાપુ! આ સમ્યક્ એકાંત છે. ભાઈ! આ તારા ઘરની વાત છે.

સંતો કહે છે—નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એમ પાંચ પર્યાયો કીધી ને? એ પર્યાયોસ્વરૂપ વસ્તુને જોવાની પર્યાયની આંખ બંધ કરી દે. ગજબ વાત છે ભાઈ! કહે છે—સિદ્ધને—સિદ્ધપર્યાયને જોવાની પર્યાય આંખને બંધ કરી દે. પોતાને વર્તમાન તો સિદ્ધપર્યાય નથી, પણ શ્રદ્ધામાં છે કે મારે સિદ્ધપર્યાય થવાની છે. તો કહે છે–સિદ્ધપર્યાયને પણ જોવાની પર્યાય-આંખ બંધ કરી દે. '**वंदित्तु सव्वसिद्धे**' એમ સમયસારમાં છે ને? ત્યાં સર્વસિદ્ધોને જ્ઞાનની પર્યાયમાં સ્થાપ્યા છે. અહીં કહે છે—ભગવાન! સર્વ સિદ્ધોને જાણનારી જે પર્યાય તે પર્યાયને જોવાની પર્યાય આંખ બંધ કરી દે અને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. અહો! આ તો સંતોના હૃદયની કોઈ અપાર ઊંડપ છે! શું કહીએ? જેવું ઊંડુ ભાસે છે તેવું ભાષામાં આવતું નથી. (આવી શકે નહિ). ભાઈ! બીજા કોઈ એમ અભિમાન કરે કે આ અમને આવડે છે, અમે આ વાંચ્યું છે, તો ગર્વ ઉતરી જાય એવું છે.

કહે છે—ભાઈ! તારી પર્યાયને જોવાની આંખ તું બંધ કરી દે. છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોવાનું રહેશે તો ખરું. પર્યાયને જ્યાં જોવાનું સર્વથા બંધ કર્યું એટલે તરત જ દ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડયું. લ્યો, આ પુરુષાર્થ. આ પોતાના પુરુષાર્થ વડે ઉઘડયું છે હોં. તો તે 'ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ પર્યાયો-સ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા'...ભાષા જોઈ? પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવ-સામાન્યને અવલોકનારા...એટલે કે પર્યાયો પાંચ છે અને છતાં એક જીવસામાન્ય પાંચેમાં રહેલો છે. બીજી ચીજ તો કોઈ પર્યાયમાં છે નહિ, તેથી દેવ-ગુરુ-શાસ્ત્ર તથા સિદ્ધોને પણ કાઢી નાખ્યા. ફક્ત જે સિદ્ધપણું આદિ પાંચ પર્યાયો છે તે પર્યાયોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા —એમ વાત છે. તો ત્યાં એ અવલોકનારી—જાણનારી પર્યાય તો રહી? તે રહી ને? અવલોકનારો દ્રવ્યાર્થિકનય છે તે પર્યાય જ છે, પણ તે પર્યાયને અવલોકતો નથી, દ્રવ્યસામાન્યને અવલોકે છે એમ વાત છે. ભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય એટલે નવું લાગે. પણ આ તો ભગવાન ત્રિલોકનાથની વાણી! આત્માને સ્પર્શી નાખે એવી વાત છે.

પ્રશ્ન:—એક જીવસામાન્યને અવલોકનારા—એમ કીધું ત્યાં એ 'સામાન્ય' શું છે?

સમાધાન:—સામાન્ય એટલે કાયમ એકરૂપ રહેનારી—બદલ્યા વિના રહેનારી આત્મવસ્તુ; અસ્તિ તરીકે બદલ્યા વિનાનું, કાયમ રહેનારું અખંડ એકરૂપ જે ત્રિકાળી આત્મદ્રવ્ય તે સામાન્ય છે. હવે આ વાણિયા બિચારા આખો દિ' વેપાર-ધંધામાં ગરી ગયા હોય એટલે આવુ ઝીણું પડે. પણ ભાઈ! આ તો ખાસ ફુરસદ લઈ સમજવાની આત્મહિતની વાત છે.

કહે છે—વિષયોને અને પરચીજ દેવ-ગુરુ આદિને જોવાનું તો દૂર રહો, સિદ્ધ આદિ પર્યાયને જોવાની આંખ પણ બંધ કરી દઈને ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે ત્યારે નારકપણું આદિ પર્યાયવિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાસે છે. અહાહા...! પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરી દઈને દ્રવ્યાર્થિકનયના ચક્ષુ વડે અવલોકનારાઓને તે બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે. એટલે શું ? એટલે કે એમાં પર્યાયવિશેષો-ભેદો ભાસતા નથી, પણ એ વિશેષોમાં રહેલું જીવદ્રવ્ય-ભગવાન આત્મા અનંત-અનંત-અનંત પૂરણ શક્તિઓનો સાગર અખંડ એકરૂપ પ્રભુ છે તે ભાસે છે. લ્યો, આ ભાષા લાગે સાધારણ પણ એનો ભાવ ભારે ગંભીર-ઊંડો છે! અહાહા...! આ પ્રવચનસાર, નિયમસાર, સમયસારની શી વાત કરવી ! ભરતક્ષેત્રમાં આવી વાત બીજે ક્યાંય છે નાહ. અને આ રીતે અંદર પુરુષાર્થ કરે એને વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે નહિ. અહીં કીધું ને કે 'તે બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે'-ભાસે છે એટલે જણાય છે, પ્રાપ્ત થાય છે એમ અર્થ છે. અહો ! ધન્ય કાળ ! ધન્ય સમય, બાપા !

અહાહા...! પર્યાયને જોનારી દૃષ્ટિને સર્વથા બંધ કરી દઈને દ્રવ્યને જોનારા જ્ઞાન વડે અર્થાત્ ઉઘાડેલા દ્રવ્યાર્થિકનય વડે તે નારકપણું આદિ પાંચે પર્યાયોમાં રહેલા જીવસામાન્યને....અહાહા...! આ પાંચે પર્યાયોમાં રહેલો જીવ છે હોં, પરમાંપરની પર્યાયમાં તો એ રહ્યો જ નથી, વ્યવહારે પણ રહ્યો નથી, પણ એ તો પોતાની પાંચ પર્યાયોમાં રહેલો છે. એવા જીવસામાન્યને અવલોકનારા અને વિશેષને નહિ જોનારા એ જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે અર્થાત્ આ રીતે જો જુએ તો જીવદ્રવ્ય ભાસે છે-જણાય છે-એમ કહે છે.

પ્રશ્ન :—પણ પ્રભુ! આ પંચમ આરો છે, નિકૃષ્ટ કાળ છે, છતાં તેમાં જીવદ્રવ્ય ભાસે છે!

સમાધાન:—પ્રભુ! આરા-ફારા કાંઈ આત્માને લાગુ પડતા નથી. અહા! તેને જ્યાં પર્યાયનય પણ લાગુ પડતી નથી (ત્યાં આરાની વાત ક્યાં રહી?) જોકે જાણવા માટે પર્યાયનયથી જોવાની વાત કરશે પણ તે પછી કરશે. એમાંથી પહેલી આ (દ્રવ્યાર્થિકનયની) વાત લઈને પછી તેની વાત કરશે. પહેલાં દ્રવ્યાર્થિકનયથી જોવાની વાત લીધી છે.

પ્રશ્ન:—અને ત્યારે જ પર્યાયનું સાચું જ્ઞાન થાય ને?

ઉત્તર:—જ્ઞાન ત્યારે સાચું-એ વાત અહીં નથી. પણ જ્ઞાન જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યને જુએ છે એ સાચું છે. પાંચે પર્યાયોમાં રહેલું જે આ અખંડ એકરૂપ તત્ત્વ છે તે જીવદ્રવ્ય પોતે છે એમ જોનારું જ્ઞાન સાચું છે. વજન અહીં છે કે–'તે બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે.' અને પછી તો પર્યાય ભાસે છે એમ પણ કહેશે. પર્યાયનયથી પર્યાય ભાસે છે એમ પણ કહેશે પણ એ તો એનું જ્ઞાન કરાવવા માટે છે. અહીં તો આ (દ્રવ્યાર્થિકનયથી જોવાનું) પહેલાં ઉપાડયું છે.

પ્રભુ! તારી પાંચ પર્યાયોમાં તું રહેલો છો. છતાં તે પર્યાયોને જોવાની આંખ બંધ કરી દઈને તું વસ્તુ જે છે તેનું ઉઘાડેલા દ્રવ્યાર્થિકનયના જ્ઞાન વડે અવલોકન કર. ત્યારે તને ભાસશે–જણાશે કે આ બધું જીવદ્રવ્ય છે. આખો પરમાત્મા અનંત-અનંત શક્તિઓનું અભેદ એકરૂપ સ્વરૂપ તને એકપણે જણાશે. આવી વાત હવે અજ્ઞાની જીવો શાંતથી, ધીરજથી વાંચે-વિચારે નહિ અને બૂમો પાડે કે એકાન્ત છે, એકાન્ત છે; ભાઈ! બાપુ! તેના પરિણામ આવશે હોં! ભાઈ! પરિણામ તો સત્ય (જેવા ભાવ) હશે, તેવું આવશે. અસત્યના તો અસત્ય પરિણામ આવશે.

કહે છે–'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને અને સિદ્ધપણું–એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા....' જોયું! ભલે વિશેષને જોવાની આંખ બંધ કરી દીધી, પણ આ (જીવ) વિશેષરહિત છે એમ નથી. જીવ છે તો વિશેષમાં રહેલું સામાન્ય. ગજબ વાત છે ભાઈ! 'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા'–એટલે કે પરના જાણવામાં તે રહેલો છે એમ નથી, પણ પોતાની ફક્ત જે પાંચ પર્યાય છે તેમાં રહેલો છે. લ્યો, આ રીતે સંધિ કરીને કહે છે–'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને "તે બધુંય જીવદ્રવ્ય છે" એમ ભાસે છે. અહાહા....! શું ટીકા છે!

'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા...', જુઓ, અવલોકનારી છે તો પર્યાય પણ અવલોકે છે દ્રવ્યને. સમયસાર ગાથા ૩૨૦ ની જયસેનાચાર્યની ટીકામાં છે ને કે —'જે સકલનિરાવરણ–અખંડ–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક -પ્રત્યક્ષ-પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ પારિણામિકપરમ-ભાવલક્ષણ-નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું-એમ પર્યાય જાણે છે, કેમકે 'આવું દ્રવ્ય હું છું'-એમ જાણવું (કાર્ય) દ્રવ્યને તો છે નહિ, પર્યાયમાં જાણવું (કાર્ય) થાય છે. તેથી પર્યાય એમ જાણે છે કે—હું આ છું, નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. ભલે વિશેષોમાં રહેલો છું, પણ છું આ—એમ પર્યાય જાણે છે. અહીં પણ એ જ કહે છે કે—જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બંધુય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે. લ્યો, ત્યાં (૩૨૦ ગાથામાં) જે કહ્યું છે. બધે એક જ વાત છે.

જોનારી પર્યાય-ઉઘડેલી જ્ઞાનની પર્યાય પર્યાય-વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને જુએ છે. પર્યાયનય તો બીડાઈ ગયો છે-બંધ થઈ ગયો છે એટલે ઉઘડેલા જ્ઞાન વડે—દ્રવ્યાર્થિક નય વડે જોતાં...અહાહા...! બે-ત્રણ લીટીમાં તો કેટલું નાખ્યું છે? ભાઈ! કેવળીના કેડાયતો એવા આ દિગંબર સંતોની વાણીની કોઈ અપાર ઊંડપ છે! ભગવાનના તો વિરહ પડયા પણ આ વાણી રહી ગઈ અહાહા...!. આ વાણીએ ભગવાનના વિરહ ભુલાવ્યા છે. કહે છે-પર્યાયનય બંધ થઈ જતાં અંદર જે એકરૂપ અંતઃતત્ત્વ છે તેને જાણનારું જ્ઞાન ઉઘડી ગયું છે. જ્યારે પર્યાય ઉપર દૃષ્ટિ હતી ત્યારે દ્રવ્યને જાણનારું જ્ઞાન અસ્ત થઈ ગયું હતું. પણ હવે જ્યાં પર્યાયને જોવાનું સર્વથા બંધ કર્યું એટલે ત્યાં સ્વને-અંતઃતત્ત્વને અવલોકવાનું જ્ઞાન ઉઘડ્યું છે. તે ઉઘડેલા જ્ઞાન વડે જોવામાં આવે છે ત્યારે 'વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા...' અહાહા...! છે અંદર? છે કે નહિ અંદર પુસ્તકમાં? કે 'જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને તે બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે.' અહાહા....! ભગવાન! આ તો ભાગવત કથા છે. ત્યાં શેના ગર્વ કરવા? એની અગાધતા આગળ જાણવાના શું ગર્વ કરવા? અહાહા....! સંતો જ્યારે એની વ્યાખ્યા કરતા હશે ત્યારે એની વ્યાખ્યાનો પાર ન મળે? અહાહા...! ભાઈ! ભગવાને જોયું તેના અનંતમા ભાગે દિવ્યધ્વનિમાં કહેવાયું, અને જે કહેવાયું એટલું તો ઝીલાણું પણ નથી. આવે છે ને કે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"મુખ ઓંકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ,
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ."

અહાહા...! દિવ્યધ્વનિ અનુસાર આગમમાં આવેલી આ વાત છે અને તે જેણે અંદર જાણી છે તેને સંશય રહેતો નથી. દ્રવ્યને જાણનાર ઉઘાડેલા જ્ઞાન વડે જ્યાં વિશેષોમાં રહેલા શુદ્ધ સામાન્ય જીવને ભાળ્યો ત્યાં સંશય રહેતો નથી, મિથ્યાત્વનો કોઈ અંશ રહેતો નથી.

અહીં 'વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને'–એમ અનેક જીવ લીધા છે ને? 'જીવને' એમ એકવચન નથી પણ 'એ જીવોને' એમ બહુવચન લીધું છે. મતલબ કે પર્યાયચક્ષુને બંધ કરીને ઉઘાડેલા દ્રવ્યાર્થિક જ્ઞાનથી જે જુએ તેવા અનેક જીવોની વર્તમાન પંચમકાળમાં સંભવિતતા છે. જુઓ, આ પંચમ આરાના સંત પંચમ આરાના શ્રોતાને આમ વાત કહે છે. એમ કે પંચમકાળમાં પણ અનેક જીવો આમ પોતાના શુદ્ધ ત્રિકાળી દ્રવ્યને જોશે–અવલોકશે; શ્રોતાને એમ કહેતા નથી કે તારાથી આ નહિ થાય. માટે મને ન સમજાય એ વાત મૂકી દે. પ્રભુ! પર્યાય છે તેને પણ જ્યાં જોવાનું બંધ કરવું છે, ત્યાં આ ન જાણું–આ ન જાણી શકું, એ પ્રશ્ન જ ક્યાં છે? પર્યાયને જોવાનું જ્ઞાન સર્વથા બંધ કરીને જ્યાં દ્રવ્યને જોવાના ઉઘાડેલા જ્ઞાન વડે જોઈશ ત્યાં તને આખો ભગવાન ભળાશે, તારા ભગવાનનો તને ભેટો થશે. એ ભગવાન છાનો નહિ રહે.

અહાહા...! 'એક જીવ સામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને....' એમ બહુવચન કહીને પંચમ આરાના સંત પોતાના પંચમ આરાના શ્રોતાઓને એમ કહે છે કે–ભગવાન! તું વિશ્વાસ લાવ, તારામાં અનંત સામર્થ્ય છે, અનંત-અનંત પૂરણ વીર્યથી ભરેલો તું ભગવાન છો. અતીન્દ્રિય સુખામૃતથી–આનંદથી ભરેલો તું સાગર છો. ભગવાન! આ પુરુષ, સ્ત્રી કે નપુંસક તે તું નથી. માટે તું શરીરને ન જો, આકૃતિને ન જો, પરને ન જો. અરે! એ બહારમાં તો ક્યાં તારે જોવું છે! પણ એ બધાં જે તારી પર્યાયમાં જણાય છે તે પર્યાયને જોવાની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારી પર્યાયઆંખને બંધ કરી દે અને ઉઘડેલા જ્ઞાન વડે દ્રવ્યને જો. તેથી તને અનંતસુખનો સમુદ્ર ભગવાન આત્મા ભળાશે, તું ન્યાલ થઈ જઈશ. અહાહાહા....! અદ્ભુત વાત!

અહાહા....! આ બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે–એમ કહ્યું ને? એ પણ અનેક જીવોને અને તે દ્રવ્યને જોવાની ઉઘાડેલી આંખથી. પર્યાયને જોવાની એક આંખ સાવ બંધ કરેલી છે, જ્યારે દ્રવ્યને જોવાની બીજી જે ઉઘાડેલી આંખ છે તે વડે જોતાં બધું જીવદ્રવ્ય છે એમ ભાસે છે, અર્થાત્ અતીન્દ્રિય સુખનો સાગર નિર્મળાનંદ પ્રભુ આત્મા જણાય છે. એટલે કે આત્મદ્રવ્ય ઇન્દ્રિયગમ્ય નથી, વિકલ્પગમ્ય નથી, પર્યાયનય વડે પણ ગમ્ય નથી. પણ એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિકનયના ચક્ષુ વડે જ જણાય એવું તત્ત્વ છે.

પહેલાં પર્યાયદૃષ્ટિમાં દ્રવ્યને જોનારું જ્ઞાન બંધ હતું. અવસ્થાઓને જ જોનારને પોતાની દૃષ્ટિ પોતાને જોતી ન હતી. તેથી કહ્યું કે–અવસ્થાને-પર્યાયને જોવાની આંખ સર્વથા બંધ કરી દે. પર્યાયો તો તે તે પોતાના ક્રમમાં પોતાના કાળે થશે જ. પણ તે પર્યાયોને-નારકપણા આદિને જોવાની આંખ સર્વથા બંધ કરી દે. તેને જોવાની આંખ બંધ કરી એટલે જોવાનું સર્વથા બંધ થઈ ગયું એમ નથી. પર્યાયને જોવાનું જ્યાં બંધ કર્યું ત્યાં તરત જ અંદર દ્રવ્યને જોવાનું દ્રવ્યાર્થિક નયનું જ્ઞાન ઉઘડયું છે, અને તે જ્ઞાનમાં આખો પૂર્ણાનંદનો નાથ ચિત્ચમત્કાર પ્રભુ આત્મા જણાય છે. લ્યો, હવે આવી વાત દિગંબર સિવાય બીજે કયાં છે? બીજે તો બહારની–ક્રિયાકાંડની વાતો છે. પરંતુ ભગવાન! જેનાથી ભવનો અંત ન આવે તે ચીજથી શું? બાપુ! આત્મદૃષ્ટિ વિના ૮૪ના અવતારમાં નરકાદિના જે દુઃખો જીવ ભોગવે છે તેનું વર્ણન સાંભળ્યું ન જાય એવું છે. અને તને જોતા જે આનંદ આવે તે આનંદની શી વાત! એ કહ્યો ન જાય એવો આનંદ તને આવશે.

અહાહા...! એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જોતાં બધું દ્રવ્ય છે એમ ભાસે છે અર્થાત્ ત્રિકાળી એકરૂપ દ્રવ્ય જણાય છે. આ (દ્રવ્ય) જ્યારે ભાસ્યું છે ત્યારે હવે પર્યાયને જાણવાનું યથાર્થ જ્ઞાન પ્રગટ થયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. પહેલાં દ્રવ્યાર્થિકનયને બંધ કરીને પર્યાયને જોવું એમ ન લીધું, પણ પર્યાયાર્થિક નયના ચક્ષુ સર્વથા બંધ કરીને દ્રવ્યાર્થિકનયથી જોવું એમ કહ્યું; કેમકે દ્રવ્ય ભાસતાં પર્યાય યથાર્થ ભાસે છે. તો હવે કહે છે—

'અને જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે....'

જુઓ, દ્રવ્ય (અંતઃતત્ત્વ) દેખવામાં તો આવ્યું છે, આ બધુંય સામાન્ય છે, આ બધું દ્રવ્ય છે, વસ્તુ છે—એમ જ્ઞાન તો થયું છે; છતાં તે તરફનું હવે જોવાનું બંધ કરીને અર્થાત્ તેના તરફનું લક્ષ છોડી દઈને... એમ કેમ કહ્યું? કારણ કે પર્યાય પણ પોતાની છે ને? પર્યાય દ્રવ્યમાં-પોતાનામાં છે તેથી તેને જોવા માટે આ દ્રવ્યાર્થિક નયનાં ચક્ષુ બંધ કર એમ કહે છે. બહુ ઝીણી વાત પ્રભુ! અહાહા...! આ તો કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા દિગંબર સંતોની વાણી! બહુ ગંભીર બાપુ! હવે આવી (સમ્યક્) વાત બીજે (શ્વેતાંબરાદિમાં) ક્યાં છે? આકરું લાગે એવું છે. પણ શું થાય? આવી વાત બીજે છે જ નહિ.

અહાહા....! સંત મુનિવર કહે છે—દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કર. પહેલાં કહ્યું કે-પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. ત્યાં દ્રવ્યને જોવાની વાત હતી અને દ્રવ્ય પ્રગટ ભાસ્યું તો હવે પર્યાયનું જ્ઞાન કરાવવું છે એટલે કહે છે—'દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે...' જુઓ! પર્યાય પણ એની છે, એનામાં છે ને? જીવદ્રવ્ય તેમાં (પર્યાયમાં) રહેલું છે, વર્તી રહ્યું છે. માટે અહીં પર્યાયનું જ્ઞાન કરાવવું છે. પરને જાણવાની તો અહીં વાત નથી કારણ કે પરને અને તેને (સ્વદ્રવ્યને) કાંઈ સંબંધ નથી. જેને જાણતાં પર જણાય છે એ પર્યાય એની એટલે સ્વદ્રવ્યની છે, તે પર્યાયને અને પરને કાંઈ સંબંધ નથી એમ અહીં કહેવું છે. ભગવાનને કેવળજ્ઞાન થયું તે વજ્રવૃષભનારાચ સંહનન હતું માટે થયું છે એમ નથી. અરે! ચાર જ્ઞાન અને મોક્ષનો માર્ગ હતો માટે થયું છે એમ પણ (પરમાર્થે) નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરનું જ્ઞાન કરાવવાની તો અહીં વાત નથી. તો કહે છે—ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે પર્યાયને જો. અહીં જાણવાની પર્યાય તો ઉઘડેલી છે. જેમ દ્રવ્યને જોનારું જ્ઞાન છે તેમ પર્યાયને જોનારું જ્ઞાન પણ છે. જ્યારે દ્રવ્યને જોનારું દ્રવ્યાર્થિક ચક્ષુ બંધ થયુ ત્યારે પર્યાયને જોનારું પર્યાયાાર્થક ચક્ષુ ઉઘડેલું છે. તેથી કહ્યું કે—દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને અર્થાત્ દ્રવ્ય તરફનું લક્ષ છોડી દઈને 'એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેલા નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ પર્યાયોસ્વરૂપ વિશેષોને અવલોકનારા...' જોયું ? આ પાંચે પર્યાયો જીવદ્રવ્યમાં રહેલી છે, પણ કાંઈ એ પરમાં છે એમ નથી. અહીં 'જીવદ્રવ્યમાં રહેલા' એમ શબ્દ છે. એટલે કે પર્યાયો સ્વદ્રવ્યમાં રહેલી છે, પણ પરની સાથે એને કાંઈ સંબંધ નથી. લ્યો, આવો ઉપદેશ ! અજાણ્યાને-ક્રિયાકાંડવાળાને તો એવું લાગે કે આ શું માંડી છે ? પણ બાપા ! આ તારા ઘરની માંડી છે, ભાઈ ! તારું ઘર કેવું અને કેવડું મોટું છે એ તેં કદી સાંભળ્યું નથી પ્રભુ !

હવે કહે છે—દ્રવ્યાર્થિકનયના ચક્ષુને સર્વથા બંધ કરીને—એટલે કે તેનું ઉઘડેલું જ્ઞાન તો છે પણ તે તરફ લક્ષ નથી પરંતુ લક્ષ તો જે પર્યાય ઉઘડેલી છે તેમાં છે. તો કહ્યું-'દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે'— અર્થાત્ પર્યાયથી જ્યારે જીવની દશાઓ જોવામાં આવે છે ત્યારે.... અહાહા...! લ્યો, એને જોવાનું તો એમાં ને એમાં–સામાન્ય અને વિશેષમાં છે, બહારમાં ક્યાંય નહિ. શું કહ્યું ? ભગવાન ! તારા દ્રવ્ય ને પર્યાય સિવાય, શરીર, કર્મ, કષાય ઇત્યાદિ બહારનું કરવું એ તો દૂર રહો,—એ તો છે નહિ, પણ બહારમાં જોવાનું ય નથી. ભગવાન ! તું જે જુએ છે એ તારી પર્યાય છે. ઝીણી વાત ભાઈ !

જેમ આ ( ઔદારિક ) શરીર છે, તેમ ચૈતન્યભગવાન–પરમપારિણામિકસ્વભાવભાવ ચૈતન્યશરીર–ચૈતન્યવિગ્રહ છે. 'વિગ્રહ' શબ્દ આવે છે ને શાસ્ત્રમાં ? ( તેમ ) પુણ્ય–પાપના ભાવ કે આ ગતિના ઉદયભાવ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પણ એક વિગ્રહ છે. શુદ્ધ ચૈતન્યશરીરી ભગવાન આત્માની અપેક્ષાએ તે પર વિગ્રહ છે, પર શરીર જ છે. ત્રણ પ્રકારે શરીર છે—(૧) ચૈતન્ય શરીર (૨) કષાય શરીર (૩) જડ શરીર. ઔદારિક, તેજસ, કાર્માણ, આહારક અને વૈક્રિયક શરીર બધાં જડ શરીર છે. આત્માની પર્યાયમાં થતા વિકારના પરિણામ ચૈતન્યનું વિકૃત શરીર–કષાય શરીર છે અને શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવ નિજશરીર છે, નિજવસ્તુ છે. એ નિજ ચૈતન્ય-વસ્તુને જોવા માટે તો એકવાર પર્યાયની આંખ બંધ કર.

હવે, સ્વને જોયો–જાણ્યો છે તો, પર્યાયમાં પણ સામાન્ય સ્વ વર્તે છે તેથી, પર્યાયને જોવા આ સ્વનું–દ્રવ્યસામાન્યનું લક્ષ છોડી ઉઘાડેલા પર્યાયને જોવાના ચક્ષુ વડે જો એમ કહે છે. બીજા દ્રવ્યનો, ઔદારિક, કાર્માણ આદિ શરીરનો તો એક અંશ પણ તારી પર્યાયના અસ્તિત્વમાં નથી, પણ તારી પર્યાયના અસ્તિત્વમાં ચાર ગતિ અને સિદ્ધની પર્યાય છે. 'જીવદ્રવ્યમાં રહેલા...' છે ને અંદર ? ભાઈ! નારકપણું આદિ પર્યાયો તારી પર્યાયના અસ્તિત્વમાં છે અને તેને જોવાનું જ્ઞાન ઉઘડેલું છે. તો અહીં કહે છે—તારી પર્યાયમાં જે અસ્તિત્વ છે તેને જોવાની ઉઘાડેલી આંખ વડે જો–જાણ. લ્યો, આવી બધી ઝીણી વાત, બાપા ! લોકોને તો બહારથી ધર્મ કરવો છે, પણ ભાઈ! બહારમાં તે (-જીવ) છે જ નહિ ને. અરે ! આવું સાંભળવાય ન રોકાય તે નિર્ણય ક્યારે કરે ? બાપુ ! ચાર ગતિમાં ૮૪ના અવતાર કરી–કરીને તારા સોથા નીકળી ગયા છે છતાં તને દરકાર નથી કે હું કોણ છું ? ને ક્યાં છું ?

ગતિ છે એ પર્યાયના અંશમાં છે પણ પોતાની ત્રિકાળી ચીજમાં એ નથી. તેવી રીતે મંદકષાયના–દયા, દાન, ભક્તિ આદિના પરિણામ પણ પોતાની પર્યાયમાં છે પણ પોતાની ત્રિકાળી વસ્તુમાં તે નથી. હવે કહે છે કે–જીવદ્રવ્ય પરમાત્મસ્વરૂપ નિજ ચૈતન્યમય ત્રિકાળી વસ્તુ તેનું જ્યાં જ્ઞાન થયું ત્યાં પર્યાયને જોવાનું જ્ઞાન ઉઘડ્યું છે. તે જ્ઞાન શાસ્ત્રના ભણતરથી ઉઘડ્યું છે એ પ્રશ્ન અહીં નથી. અહીં તો જીવસામાન્યને–ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ પ્રભુ આત્માને–જાણતાં પર્યાયને જોવાનું જ્ઞાન ઉઘડેલું છે એમ વાત છે. સમજાણું કાંઈ...? આ તો ત્રણલોકના નાથની–જેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાસે એકાવતારી ઇન્દ્રો ગલુડિયાંની જેમ વિનમ્રપણે બેસી વાણી સાંભળે છે તે જિનેશ્વરદેવ પરમેશ્વરની વાણી છે! એની ગંભીરતાની શી વાત!

કહે છે—જ્યારે પર્યાયને જોવાની આંખ બંધ કરી, સર્વથા હોં, ત્યારે તો ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે દ્રવ્ય જોવામાં આવ્યું. પણ હવે ઉઘાડેલા પર્યાયાર્થિક જ્ઞાનથી જીવમાં રહેલી પર્યાયોને જો. છે અંદર? કે ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે ત્યારે જીવદ્રવ્યમાં રહેલા 'નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ પર્યાયોસ્વરૂપ વિશેષોને અવલોકનારા અર્થાત્ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને જાણનારા અને 'સામાન્યને નહિ અવલોકનારા' અર્થાત્ સામાન્યનું લક્ષ નથી પણ પર્યાય તરફ લક્ષ છે તેથી સામાન્યને નહિ જોનારા 'એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય-અન્ય ભાસે છે.' જીવદ્રવ્યમાં તે પર્યાય અનેરી–અનેરી ભાસે છે. દેવ પર્યાય અનેરી, સિદ્ધ પર્યાય અનેરી—એમ પર્યાય અનેરી–અનેરી, અન્ય–અન્ય ભાસે છે.

'કારણકે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોમાં અનન્ય છે—છાણાં તૃણ, પર્ણ અને કાષ્ઠમય અગ્નિની માફક.'

તે તે વિશેષો કોણ?

નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ વિશેષો. 'તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે...' જોયું? જીવદ્રવ્ય તે તે પર્યાયોમાં તે તે કાળે તન્મય છે પણ ઔદારિક શરીર, સ્ત્રી, કુટુંબ–પરિવાર, મકાન, પૈસા આદિની સાથે તો તન્મય પણાનો અંશ પણ નથી. કેમકે એ બધી પૃથક્ બાહ્ય ચીજ છે. સમજાણું કાંઈ....?

હવે આવી વાત તો બાવો થાય તો સમજાય એમ છે.

બાપુ! આત્મા (રાગાદિરહિત, દેહાદિરહિત) બાવો જ છે. ભાઈ! તારામાં–સામાન્યમાં રાગાદિય નથી અને ખરેખર ગતિય નથી. પરંતુ અહીં તો પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે, કેમકે પરને લઈને એ પર્યાય છે એમ નથી. 'જીવદ્રવ્યમાં રહેલા...' એમ કીધું ને? જીવની પર્યાયમાં રહેલા એમ ન કીધું, કેમકે જીવદ્રવ્ય તે તે પર્યાયમાં તન્મય છે; જીવદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે પર્યાયદૃષ્ટિએ પર્યાયમાં છે અને પર્યાયની દૃષ્ટિથી જોતાં અન્ય-અન્ય ભાસે છે. જીવસામાન્યથી જોતાં તેનું તે જ એટલે અનન્ય ભાસે છે અને પર્યાયથી જોતાં અન્ય-અન્ય ભાસે છે. આવું છે, ભાઈ! જન્મ-મરણ રહિત થવાની આવી વાતુ છે. વીજળીના ઝબકારે મોતી પરોવી લો તો પરોવી લો, આ તો વચ્ચે ઝબકારો આવી ગયો છે, બાકી મનુષ્યભવ અને જિનવાણીનો યોગ અતિ અતિ દુર્લભ છે.

સામાન્ય કે જે ત્રિકાળ છે તે તો અનન્ય છે. તે અન્યપણે ભાસે છે એમ નહિ, પણ અત્યારે તો સામાન્યને જોનારને પોતાના વિશેષને જોવાનું જ્ઞાન ખુલ્યું છે, ખીલ્યું છે. તે પર્યાયને જોવાના જ્ઞાનથી જોતાં વિશેષોને જોનારા અને સામાન્યને નહિ જોનારા એ જીવોને તે અન્ય-અન્ય ભાસે છે, કેમકે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તેમાં તન્મય છે. અહાહા....! દ્રવ્ય જે પરમ જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ છે તે, તે તે વિશેષોના કાળે તેમાં તન્મય છે. પરંતુ શરીર, મન, વાણી, ઇન્દ્રિય, સ્ત્રી-કુટુંબ પરિવાર, બાગ, બંગલા ઇત્યાદિમાં જીવ કદીય તન્મય થતો નથી, થઈ શકતો નથી. અરે! આમ છે છતાં અજ્ઞાની જીવો અનંતકાળથી એમાં જ સલવાઈ પડ્યા છે! જે ચીજ તારી પર્યાયમાં પણ નથી તેને પોતાનું માની તેની સંભાળમાં હમણાં પણ તું કાળ ગુમાવે છે તો તારે શું કરવું છે પ્રભુ? તારે ક્યાં રહેવું છે? શું તને તારી દયા નથી આવતી? અનંત-કાળથી તો તું ચારગતિમાં રખડી રહ્યો છે.

લ્યો, હવે એકકોર એમ કહેવું કે ત્રિકાળી સામાન્યવસ્તુ જે પરમ-સ્વભાવભાવ શુદ્ધ જ્ઞાયકભાવ તેમાં તો ગતિય નથી, ગુણભેદ પણ નથી અને પર્યાય પણ નથી અને વળી અહીં કહ્યું-દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય છે. આ તે કેવી વાત!

**સમાધાનઃ—** ભાઈ! ત્રિકાળી સામાન્યવસ્તુ જે પરમસ્વભાવ ભાવ શુદ્ધ જ્ઞાયકભાવ તેની દૃષ્ટિ કરાવવા કહ્યું કે તેમાં ગતિય નથી, ગુણભેદ પણ નથી અને પર્યાય પણ નથી અને અહીં તે તે વિશેષોના કાળે તેમાં દ્રવ્ય વર્તી રહ્યું છે, તે તે વિશેષો તે કાળે તે દ્રવ્યના છે એમ જ્ઞાન કરાવવા તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે કાળે તે વિશેષોમાં તન્મય છે એમ કહ્યું. માટે જ્યાં જે અપેક્ષા હોય તે યથાર્થ સમજવી જોઈએ.

'દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે.' લ્યો, આ મનુષ્યગતિનો જે પર્યાય છે તેમાં એ (-દ્રવ્ય) તન્મય છે. મનુષ્યગતિ એટલે મનુષ્યનું શરીર નહિ હોં. ગતિને યોગ્ય તેની જે પર્યાયવિશેષ છે તે મનુષ્યગતિ છે. મનુષ્યને યોગ્ય જે ગતિની યોગ્યતા છે તેમાં તે (-દ્રવ્ય) તન્મય છે. પણ પર્યાય અપેક્ષાએ તન્મય હોં. તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે એટલે કે જીવદ્રવ્ય તે તે કાળે વિશેષોથી અન્ય-અન્ય, અનેરું-અનેરું છે એમ નથી. અહા! ભગવાન કુંદકુંદાચાર્ય ભગવાનની વાણીમાં આવેલી વાત જગત સામે જાહેર કરે છે.

કહે છે—ભગવાન! તારામાં બે જ ભાગ છે—એક સામાન્ય અને બીજો વિશેષ. આ સિવાય ત્રીજો (બીજા) કોઈ દ્રવ્યનો અંશ તારામાં ત્રણકાળ ત્રણલોકમાં નથી. જેની વ્યવસ્થા અને સંભાળ માટે તું રોકાણો છે તે શરીર, વાણી, કુટુંબ આદિનો એક અંશ પણ તારામાં નથી. અહાહા..! શરીરને આમ રાખું, ને વાણી આમ બોલું, ને ખોરાક આમ સરખો લઉં ને કુટુંબનું આમ કરું ઇત્યાદિ પરદ્રવ્યની વ્યવસ્થા કરવાનો વિચાર મિથ્યા છે કેમકે એ બધી વ્યવસ્થા તારાથી થતી નથી, તું કરી શકતો નથી. છતાં ભગવાન! તું એમાં રોકાઈ ગયો—મૂર્છાઈ ગયો! તારે શું કરવું છે પ્રભુ! શું તારે રખડવું જ છે?

તો **शरीरमाद्यं खलु धर्मसाधनम्**—એમ કહ્યું છે ને?

ભાઈ! એ તો નિમિત્તની વાત કરી છે. સાધન તો રાગથી ભિન્ન પડવું એ છે. પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પરમાત્મદ્રવ્યની દૃષ્ટિ અને અનુભવ કરવાં તે સાધન છે.

હવે એ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પરમાત્મદ્રવ્યનું જ્ઞાન તો, અહીં કહે છે કે, છે; પણ સાથે મનુષ્યપણાની જે ગતિ છે તેનું પણ જ્ઞાન છે. વળી મનુષ્ય-પણામાંથી દેવમાં જશે, કેમકે ધર્માત્માને તો મનુષ્યમાંથી દેવગતિ થાય છે. તો કહે છે કે ત્યાં પણ—એ દેવગતિમાં પણ—વિશેષમાં તન્મયપણે છે. દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમાં તે તે કાળે તન્મય છે તેથી અનન્ય છે, અન્ય-અન્ય નથી.

અહાહા...! કહે છે-એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુથી અવલોકવામાં આવે છે ત્યારે જીવ અન્ય-અન્ય ભાસે છે. કેમ? કારણ કે તે તે વિશેષોના કાળે તે (દ્રવ્ય) તન્મય છે. તે એક પર્યાય સમયે બીજી પર્યાય નથી. શું કીધું એ? કે નારકપર્યાય સમયે મનુષ્યપર્યાય નથી, મનુષ્યપર્યાય સમયે સિદ્ધપર્યાય નથી અને સિદ્ધપર્યાય સમયે નારક કે મનુષ્યપર્યાય નથી. એક સમયે એક જ પર્યાય છે તેથી અન્ય પર્યાયોની અપેક્ષા તે (જીવ) અન્ય-અન્ય ભાસે છે કારણ કે દ્રવ્ય તેમાં તન્મયપણે છે.

જુઓ, શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી છે. તેઓ વર્તમાનમાં પહેલી નરકમાં છે. તેઓ ત્યાંના સંજોગોમાં તન્મય નથી, પણ નરકગતિની વર્તમાન પર્યાય સાથે તન્મય છે, તે તે કાળે વર્તમાન પૂરતા હોં. પોતે સમકિતી છે ને? તો વસ્તુદૃષ્ટિએ ગતિ પોતાના સ્વરૂપમાં છે એમ માનતા નથી પણ સાથે જે પર્યાયને જોવાનું જ્ઞાન છે તે આ (નરકની) પર્યાય મારી છે, હું વર્તમાનમાં તેમાં તન્મય છું-એમ જાણે છે. તેઓ નરકમાંથી નીકળી ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. ત્યાંથી નીકળી ત્રણજ્ઞાન અને ક્ષાયિકસમકિત સહિત માતાના પેટમાં આવશે. તેઓ જાણે છે કે આ વર્તમાન પર્યાય છે તે મારામાં છે. જાણવાની વાત છે ને? તો તેટલા પર્યાયકાળે તેમાં હું પર્યાયથી (પર્યાયાર્થિકનયે) તન્મય છું એમ જાણે છે, પર્યાયથી (પર્યાયાર્થિકનયે) હોં, દ્રવ્યથી નહિ. (દ્રવ્યાર્થિકનયે) (દ્રવ્યથી તો દ્રવ્ય ગતિમાં છે જ ક્યાં?)

દ્રવ્ય, વિશેષોમાં તે તે કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોમાં અનન્ય છે. કોની પેઠે? તો દૃષ્ટાંત કહે છે—'છાણાં, તૃણ, પર્ણ અને કાષ્ઠમય અગ્નિની માફક.'

જેમ તૃણ, કાષ્ઠ વગેરેનો અગ્નિ તે તે કાળે તૃણમય, કાષ્ઠમય વગેરે હોવાને લીધે તૃણ, કાષ્ઠ વગેરેથી અનન્ય છે, તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે તે-મય હોવાને લીધે તેમનાથી અનન્ય છે-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુદું નથી. કાષ્ઠની અગ્નિ કાષ્ઠમય છે કેમકે પોતે કાષ્ઠપણે પરિણમી છે ને? તેમ જીવ તે તે પર્યાયથી-વિશેષથી અનન્ય છે કેમકે પોતે તે તે પર્યાયપણે-ગતિપણે પરિણમે છે. અહાહા...! પોતાની ત્રિકાળી વસ્તુને જેણે જાણી છે તે, પર્યાયને જાણે છે તો તે તે કાળે તેમાં પોતે તન્મય છે એમ જાણે છે. અહાહા...! એ પર્યાય કોઈ પરદ્રવ્યમાં થઈ છે એમ નથી.

ત્યારે શ્રી સમયસારજીમાં તો એમ આવ્યું છે કે-જીવના ચૌદ ભેદો નામકર્મના કરણને કારણે થયા છે? નામકર્મ કરણ છે અને તે ભેદો તેના કારણે થયા છે-એમ ત્યાં કહ્યું છે. (ગાથા ૬૫-૬૬)

**સમાધાન :**—ભાઈ! ત્યાં (સમયસારમાં) અખંડ એક શુદ્ધ ચૈતન્યમય વસ્તુ ભગવાન જ્ઞાયકનું લક્ષ કરાવવું છે. શુદ્ધ નિર્મળાનંદસ્વરૂપ પ્રભુ આત્માનું સ્વરૂપ બતાવવું છે તો તેઓ (ચૌદ ભેદો) આત્મામાં નથી એમ કહ્યું. જ્યારે અહીં તેની પર્યાયના અંશમાં જેટલું નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું આદિ ઊભું છે તેનું જ્ઞાન કરાવવું છે તો તેમાં તે (જીવદ્રવ્ય) તે તે કાળે તન્મય છે એમ કહ્યું છે. મનુષ્યપણું આદિ એટલે આ શરીર નહિ પણ અંદર ગતિની યોગ્યતારૂપ અવસ્થાવિશેષ; તેમાં તે તે કાળે જીવ તન્મય છે. જેમ અગ્નિ જેવાં લાકડાં કે પાંદડાં હોય તેવા આકારે થાય છે અર્થાત્ તેનાથી (દાહ્યાકારથી) તન્મય થઈ જાય છે, તેનાથી જુદી રહે છે એમ નથી તેમ આત્મા પાંચમાંથી (ચાર ગતિ અને સિદ્ધ અવસ્થા) જે જે પર્યાયને પામે છે તેમાં તે તે કાળે તન્મય છે.

તો એક ઠેકાણે એમ પણ કહ્યું છે કે-તૃણ આદિપણે અગ્નિ પરિણમી નથી તેમ જે ગતિ આદિની પર્યાયપણે પરિણમ્યો છે તે પર છે, આત્મા નહિ. આ કેવી રીતે છે?

**સમાધાનઃ**—ભાઈ! એ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વાત છે. પણ દ્રવ્યદૃષ્ટિવંતને પર્યાયનું જ્ઞાન થવા કાળે તેની પર્યાયમાં શું છે તેનું અહીં જ્ઞાન કરાવ્યું છે. આ પ્રવચનસાર જ્ઞાનપ્રધાન ગ્રંથ છે.

જેમ અગ્નિ તે તે કાળે લાકડાં, છાણાં, અડાયાં, પાંદડાં ઇત્યાદિના આકારે પર્યાયમાં તન્મય છે તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના કાળે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે તે સમયે તે-મય, તે તે પર્યાયમય હોવાને લીધે તે તે પર્યાયમાં તન્મય છે, તેમનાથી અનન્ય છે-જુદું નથી. જેમ શરીર જુદું છે, કર્મ જુદું છે, તેમ આ ગતિની પર્યાય તે તે કાળે દ્રવ્યથી જુદી છે એમ નથી, પણ દ્રવ્ય પર્યાયમાં અનન્ય-તન્મય છે. હવે આવો ઉપદેશ કોઈ દિ' સાંભળ્યોય ન હોય બિચારાએ ત્યાં તેને વિચારવાનો તો અવસર જ ક્યાંથી મળે? રળવું-કમાવું અને બાયડી-છોકરાં સાચવવા આડે નવરાશ મળે તો ને? પણ ભાઈ! એ તો બધું એકલું (નિર્ભેળ) પાપ છે. ભગવાન! જો આ ન સમજ્યો તો પાપના પોટલાંનો ભાર બાંધીને તું ક્યાંય ભવસમુદ્રમાં ડૂબી જઈશ!

અહાહા...! અહીં કહે છે કે શુદ્ધ એક દ્રવ્યને જેણે જોયું છે તેને પર્યાયને જોવાનું જ્ઞાન ઉઘડ્યું છે અર્થાત્ સ્વ-સ્વરૂપને જાણતાં તેને પર્યાયોને જાણવાનું જ્ઞાન ઉઘડ્યું છેઃ અને તેથી તે જાણે છે કે આ વિશેષ-પર્યાય મારામાં છે, પણ બીજી કોઈ ચીજ મારામાં નથી વા હું એમાં નથી. આ દીકરો મારો, પત્ની મારી, પૈસા મારા, બંગલા મારા ઇત્યાદિ બધી (મિથ્યા, જૂઠી) વાતો છે, કેમકે એમાં હું તન્મય નથી વા એ ચીજો મારી પર્યાયમાં તન્મય નથી. જો આમ છે તો પછી અન્ય વસ્તુને કેવી રીતે પોતાની માનીને બેઠો છે? ક્યાં જવું છે પ્રભુ! તારે? શું નરક-નિગોદમાં જવું છે તારે? ભાઈ! દુનિયાને બેસે કે ન બેસે, વસ્તુસ્થિતિ તો આ જ છે. પોતાના આત્મા સિવાય બહારના ભભકામાં જો વીર્ય ઉલ્લસિત છે, વા એમાં જરી પણ 'ઠીક છે' એમ લાગે છે તો તે મિથ્યાદૃષ્ટિ છે. તેને નથી દ્રવ્યનું જ્ઞાન કે નથી પર્યાયનું જ્ઞાન; એ તો અજ્ઞાની જ છે.

આત્માના દ્રવ્ય અને પર્યાય સિવાય, પર પદાર્થની ગમે તેટલી વિભૂતિ કે વૈભવના ગંજ ખડકાયેલા દેખાય તોપણ તેને અને તારે દ્રવ્ય-ગુણમાં તો શું પર્યાયમાં પણ કાંઈ સંબંધ નથી. પરંતુ ફક્ત તારી પર્યાયમાં જે ગતિ થઈ છે તેનાથી તને સંબંધ છે વા તેમાં તું તે કાળે તન્મય છો. તે કાળે હોં, કેમકે એ પર્યાય સદાય એકની એક રહેતી નથી. મનુષ્યગતિ બદલાઈને એકદમ દેવગતિ થશે, દેવગતિ બદલાઈને એકદમ મનુષ્યગતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થશે અને વળી મનુષ્યગતિ બદલાઈને એકદમ સિદ્ધદશા થશે. તેથી તે પર્યાય અનેરી-અનેરી થશે છતાં તું તેમાં તે તે કાળે અનન્ય છો. આ પ્રમાણે અન્ય-અન્ય છે છતાં અનન્ય છે. એ તો પર્યાય પાંચ છે તો અન્ય-અન્ય કીધું બાકી તો એની સાથે તે તે કાળે દ્રવ્ય તન્મય હોવાથી અનન્ય છે. અહો! સંતોએ તો અમૃતના વેણુલા વાયા છે! અહા! હવે આવું સમજવા માટે અજ્ઞાની રોકાય નહીં, તો (વિચારવાનો) ક્યાં વખત મળે?

અરે ભાઈ! દ્રવ્યમાં જે સમયે, જે ક્ષેત્રે, જે પ્રકારે થવાનું હોય તે, તે સમયે તે ક્ષેત્રે અવશ્ય થાય છે, તેમાં કાંઈ ફેરફાર થાય નહિ. વળી પરદ્રવ્યની અવસ્થા તને અડે છે. પણ ક્યાં? (નથી અડતી). તો પછી ભગવાન! તને શાની ચિંતા છે? દ્રવ્યના સ્વભાવને જાણીને, પર્યાયના અસ્તિત્વમાં જે પાંચ ગતિ છે—ચારગતિ અને સિદ્ધગતિ છે—એ પાંચેયમાં તે તે કાળે પોતે (-દ્રવ્ય) તન્મયપણે છે પણ પરમાં કદીય તન્મય નથી એમ જ્ઞાની યથાર્થ જાણે છે. મનુષ્યગતિની પર્યાય વખતે તે (-દ્રવ્ય) તેમાં તન્મયપણે છે અને ત્યારે સિદ્ધગતિ આદિ નથી અને સિદ્ધની પર્યાય વખતે તે તેમાં તન્મય હશે કેમકે ત્યારે બીજી સંસારની દેવાદિ ગતિ નથી. આ પ્રમાણે તે તે વિશેષોના સમયે તેમય હોવાને લીધે તેમનાથી તે તે કાળે દ્રવ્ય અનન્ય છે, જુદું નથી એમ યથાર્થ જ્ઞાની જાણે છે. અવસ્થાથી જોતાં અન્ય-અન્ય ભાસે છતાં દ્રવ્ય અવસ્થામાં તન્મય હોવાથી અનન્ય પણ છે.

લ્યો, આ એક આંખ બંધ કરીને બીજી ઉઘાડેલી આંખ વડે વારા-ફરતી જોવાની વાત કરી. હવે ત્રીજી વાત કરે છે.

'અને જ્યારે તે બન્ને ચક્ષુઓ-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—તુલ્યકાળે (એકીસાથે) ખુલ્લાં કરીને તે દ્વારા અને આ દ્વારા (-દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા) અવલોકવામાં આવે છે, ત્યારે...' જુઓ, આ પ્રમાણ થયું. તુલ્યકાળે એટલે એક જ સમયે સામાન્યને જાણે અને વિશેષને પણ જાણે. અહીં આ જાણવાની વાત છે હોં, બાકી આદર તો એક દ્રવ્યસામાન્યનો જ છે, વિશેષનો પણ આદર છે એમ નથી. પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં તો જાણવાની અપેક્ષાએ જ્ઞાનમાં જેમ સામાન્યને જાણે છે તેમ વિશેષને પણ જાણે છે એમ કહે છે. આદરણીય–ઉપાદેય તો એક શુદ્ધ આત્મદ્રવ્ય જ છે, અને વિશેષ આદરણીય નથી, આશ્રય કરવા લાયક નથી,–એ તો એમ જ છે, પણ અહીં તો સમય–સમયે દ્રવ્ય અને પર્યાયનું અસ્તિત્વ કઈ રીતે છે એની સિદ્ધિ કરે છે.

તો કહે છે–અને જ્યારે તે બન્ને ચક્ષુઓ–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક –તુલ્યકાળે ખુલ્લાં કરીને બેય દ્વારા અવલોકવામાં આવે છે, ત્યારે...જોયું? ક્ષયોપશમજ્ઞાન છે ને? તેમાં બેયને જાણવાનો ઉઘાડ છે. તો કહ્યું કે–આ દ્વારા અને તે દ્વારા અર્થાત્ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બન્ને ચક્ષુ દ્વારા એક જ સમયે અવલોકવામાં આવે છે ત્યારે જે સામાન્યદ્રવ્ય છે તે અવલોકવામાં આવે છે અને તે દ્રવ્ય પર્યાયમાં તન્મય છે એમ પણ અવલોકવામાં આવે છે,–બેય એકસાથે જોવામાં આવે છે. અહીં જાણવાની અપેક્ષાએ વાત છે.

અહાહા...! દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા અવલોકવામાં–જાણવામાં આવે છે, 'ત્યારે નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વ પર્યાયોમાં રહેલો જીવસામાન્ય'.... અર્થાત્ પાંચ પર્યાયોમાં રહેલો જીવ સામાન્ય..., પાંચ પર્યાયોમાં રહેલો એટલે એક જ સમયે પાંચ પર્યાયોમાં રહેલો એમ નહિ, પણ તે તે સમયે એક એક પર્યાયમાં રહેલો, અને એમ જુદા જુદા સમયે થઈને પાંચ પર્યાયોમાં રહેલો સમજવો. આ પ્રમાણે–નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વ પર્યાયોમાં રહેલો જીવસામાન્ય અને જીવસામાન્યમાં રહેલા નારકત્વ–તિર્યંચત્વ-મનુષ્યત્વ-દેવત્વ–સિદ્ધત્વ પર્યાયોસ્વરૂપ વિશેષો તુલ્યકાળે જ દેખાય છે.'

પહેલાં દ્રવ્યને મુખ્ય અને પર્યાયને ગૌણ કરીને સામાન્યને જોવાનું કહ્યું, અને પર્યાયને જોવાના કાળે સામાન્યદ્રવ્યને જોવાનું મુખ્યપણે છોડી દીધું, હવે તે બેયને સમકાળે જોવા માટે આ પ્રમાણજ્ઞાન કહ્યું; પણ પરને જોવાની વાત ન કરી કેમકે એનો અહીં પ્રશ્ન જ નથી, પરને જાણે છે એ પર્યાય પોતાની છે, પરની નહિ, પરને લઈને નહિ. પરને જાણે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માટે એ પરને લઈને એ પર્યાય થઈ છે એમ નથી. ભાઈ! આ તો આત્માના એક દ્રવ્ય અને પર્યાય સિવાય અનંત બીજા દ્રવ્ય અને પર્યાયના (મારાપણાના અને કર્તાપણાના) ગર્વને ઉઠાવી દેવાની વાત છે. જો ક્યાંય પણ બીજે ગર્વ રહ્યો તો...(હા! મરી જ ગયો સમજો).

અહાહા...! ભગવાન! તું ત્રિકાળી સામાન્યદ્રવ્ય છો અને તારી વિશેષ પાંચ પર્યાયો છે, અને તે તે કાળે તું તેમાં તન્મય છો પાંચેયમાં એકી સાથે નહિ, પણ તે તે ગતિના કાળે એકમાં જ. આ પ્રમાણે અવસ્થાએ અન્ય-અન્ય હોવા છતાં દ્રવ્ય અપેક્ષાએ અનન્ય છે. પરંતુ એવી રીતે બીજાની સાથે–અન્યદ્રવ્યની સાથે કદીય અનન્ય નથી. એક ગતિની પર્યાય વખતે બીજી ગતિ નથી તેથી અન્ય-અન્ય છે પણ તે તે પર્યાયમાં દ્રવ્ય અનન્ય છે પણ બીજાં જે દ્રવ્યો અન્ય છે તેની સાથે કદીય–એક સમય પણ–અનન્ય છે એમ ત્રણકાળમાં નથી.

જુઓ, આ પુસ્તક અને પાનાં–એ બધાં અન્યદ્રવ્યની પર્યાય છે. એને જાણવું એ પણ ક્યાં છે? કેમકે તેને જાણવા કાળે તો તારી જ્ઞાનની પર્યાય જે છે તેમાં તું તન્મય છો, પણ તેને જાણવા કાળે તું તેમાં (પરમાં) તન્મય નથી. શું કીધું આ–સમજાણું કાંઈ...?, કે જાણવામાં આવ્યું કે આ શાસ્ત્ર આદિ છે, તો તે જાણનારી જ્ઞાનની પર્યાય કાંઈ તેમાં (શાસ્ત્ર આદિમાં) તન્મય નથી. બીજે સમયે વિશેષ જાણવામાં આવ્યું તો તે કાળે પણ તે જ્ઞાન પરની સાથે તન્મય નથી. તે અન્ય-અન્ય પર્યાય છે તેથી પર્યાયની અપેક્ષા અન્ય-અન્ય છે પણ દ્રવ્યની અપેક્ષાએ અનન્ય છે, કેમકે પર્યાય દ્રવ્યથી કોઈ જુદી ચીજ નથી. ભાઈ! બીજાં દ્રવ્ય અને પર્યાય તો સ્વદ્રવ્ય-પર્યાયથી તદ્દન જુદાં છે, શેઢે અને સીમાડે ક્યાંય તેમનો મેળ નથી. અહાહા....! જેની સાથે પચાસ-પચાસ કે સો–સો ગાળ્યાં હોય તે શરીર સાથે એક સમયમાત્ર પણ આત્મા તન્મય નથી. એ તો અન્ય છે તે અન્ય જ છે. જ્યારે આ પોતાની પર્યાય પર્યાયથી જોતાં અન્ય-અન્ય હોવા છતાં દ્રવ્ય જ તેમાં વર્તતું હોવાથી અનન્ય છે.

હવે કહે છે—‘ ત્યાં, એક ચક્ષુ વડે અવલોકન તે એકદેશ અવલોકન છે અને બે ચક્ષુઓ વડે અવલોકન તે સર્વ અવલોકન (–સંપૂર્ણ અવલો-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કન ) છે. જુઓ, એક ચક્ષુ વડે જોતાં એકદેશનું જ્ઞાન–એક ભાગનું જ્ઞાન– થાય છે અને બેય ચક્ષુથી જોતાં સંપૂર્ણ જ્ઞાન થાય છે. આ જાણવાની અપેક્ષાએ વાત છે, આદરણીય શું છે એ વાત અહીં નથી, કેમકે આદરણીય તો ક્ષાયિકભાવ પણ નથી.

વાહ ! એકવાર એમ કહે કે ક્ષાયિકભાવ પરદ્રવ્ય, પરભાવ છે અને હેય છે ( નિયમસાર ગાથા ૫૦ ) અને વળી અહીં ગતિના ઉદયભાવમાં દ્રવ્ય તન્મય છે એમ કહે—એ તે કેવી વાત !

**સમાધાન:**—ભાઈ ! ત્યાં નિયમસારમાં ઉપાદેયરૂપ જે શુદ્ધ અંતઃતત્ત્વ એક શુદ્ધ જ્ઞાયકભાવ તેનું લક્ષ કરાવવાનું પ્રયોજન છે ત્યારે અહીં તો જેને અંતઃતત્ત્વનું ભાન થયું છે તેને પોતાના દ્રવ્યપર્યાયનું પ્રતિસમય અસ્તિત્વ કેવું છે તે બતાવવાનું પ્રયોજન છે. ( અહીં જ્ઞાનપ્રધાન શૈલી છે ). લ્યો, આવી એક એક ગાથા ખૂબ ગંભીરતાથી ભરેલી છે. બાપુ ! કોઈ ( અજ્ઞાની ) ઉપર-ઉપરથી વાંચી જાય તો તેનો મર્મ કેમ સમજાય ?

હવે કહે છે—' માટે સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ અને અનન્યત્વ વિરોધ પામતાં નથી.' લ્યો, સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ એટલે અનેરી-અનેરી પર્યાયપણું અને અનન્યત્વ અર્થાત્ વર્તમાન અપેક્ષા અનન્યપણું–તે પર્યાય દ્રવ્યથી જુદું નથી એમ અનન્યપણું–વિરોધ પામતાં નથી. શું કીધું ? કે જે ગતિની પર્યાય છે તે, તે તે કાળે એક એક છે તેથી અન્ય-અન્ય છે. સંસારની ચાર ગતિ છે તે કાળે સિદ્ધત્વ નથી અને સિદ્ધત્વ કાળે સંસારની ચાર ગતિ નથી. આ અપેક્ષાએ દ્રવ્યને અન્યત્વ છે અને આત્મા તેમાં તે તે કાળે તન્મયપણે છે માટે અનન્યત્વ પણ છે. આ પ્રમાણે સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ અને અનન્યત્વ વિરોધ પામતાં નથી.

આવું ઝીણું ! બિચારાને આખો દિ' બાયડી-છોકરાં સાચવવામાં પડયો હોય તેને આ શે સમજાય ? એને ફુરસદ પણ કયાં છે ? અરેરે ! એ કયાં જશે ? અરે ! ઘણા તો મરીને તિર્યંચ જ થવાના, કેમકે ધર્મ તો દૂર રહો, એને હજી પુણ્યનાં પણ ઠેકાણાં નથી. અહીં તો જીવને પરના સંબંધથી તો સર્વથા ભિન્ન જ કરી નાખ્યો છે; ભિન્ન જ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છતાં ભગવાન! તું પરની વ્યવસ્થામાં રોકાઈ ગયો! ક્યાં બાયડી, ક્યાં છોકરાં, ક્યાં મકાન, ક્યાં લુગડાં, ક્યાં દાગીના, ક્યાં આબરૂ ને ક્યાં શરીર? ભગવાન! એ તો બધાં પોતપોતામાં છે; તેને અને ત્યારે કોઈ સંબંધ નથી. છતાં પ્રભુ! તું ત્યાં રોકાઈ ગયો! અને તેં તને ન જોયો! તારા દ્રવ્ય–પર્યાયની સ્થિતિ ન જોઈ! અહીં આ વાત કહેવા માગે છે, અર્થાત્ આ તાત્પર્ય છે. સમજાણું કાંઈ...?

## * ગાથા ૧૧૪ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે. તેથી દરેક દ્રવ્ય તેનું તે જ પણ રહે છે અને બદલાય પણ છે.'

દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે–એમ–કહીને શું કહેવું છે? કે દ્રવ્યમાં જે વિશેષપણું ભાસે છે તે તેનું સ્વરૂપ છે, વિશેષ કોઈ પરને લઈને થાય છે એમ નથી. દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષસ્વરૂપ છે, એટલે કે સામાન્ય છે એ તો ધ્રુવપણે છે પણ વિશેષમાં–પર્યાયમાં બદલો થાય છે; હવે વિશેષમાં–પર્યાયમાં બદલો થાય છે તો એમાં કોઈ પરની અપેક્ષા છે કે નહિ? તો કહે છે કે–ના; કેમકે પર્યાયમાં બદલો થવો તે તેનો–પર્યાયનો સ્વભાવ જ છે. તેથી સ્વદ્રવ્યની પર્યાયનો સ્વભાવ જ છે. તેથી સ્વદ્રવ્યની પર્યાયમાં કોઈ અન્યદ્રવ્યની અપેક્ષા છે જ નહિ. આવો સિદ્ધાંત! (અજ્ઞાનીને) બેસવો ભારે કઠણ છે. કહે છે–આખા વિશ્વમા–ચૌદ બ્રહ્માંડમા-અનંત અનંત દ્રવ્યો પ્રત્યેક સામાન્ય-વિશેષપણે વિરાજે છે, અને તેથી તેના વિશેષને માટે કોઈ અન્યની અપેક્ષા નથી. કોઈ કાળે કે કોઈ ક્ષેત્રે તેની અવસ્થાને પરની અપેક્ષા છે જ નહિ. એની અવસ્થા તેના કાળે સ્વતંત્ર થાય એવું જ એનું સામાન્ય-વિશેષ સ્વરૂપ છે.

તેથી દરેક દ્રવ્ય સામાન્યપણે-ધ્રુવપણે, જેમાં બદલવું નથી તેવું, તેનું તે જ રહે છે. તથા વિશેષપણે બદલાય પણ છે, પલટે પણ છે. અહાહા....! પલટવું એ તો એનો પર્યાયનો સ્વભાવ જ છે, માટે પર્યાય કોઈ પરને લઈને પલટે છે એમ ત્રણકાળમાં નથી. કોઈ પણ દ્રવ્યની–આત્માની કે પુદ્ગલની, નરકના જીવની, કે કોઈ સ્કંધની–કોઈ પણ પર્યાયનો વિશેષપણે થવાનો તેનો પોતાનો સ્વભાવ છે. માટે તેમાં જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષપણું લાગે છે તે જો કોઈ પરને-સંયોગને લઈને લાગે છે તો તે દૃષ્ટિ વિપરીત છે. અહા ! આવી વાત ! અજ્ઞાનીના ગળે ઉતરવી મુશ્કેલ છે. પણ શું થાય ? શબ્દો તો સાદા છે. પણ ભાવ ગંભીર છે.

અહા ! વસ્તુનું અસ્તિત્વ અનંત પરપદાર્થોથી ભિન્ન છે. દરેક દ્રવ્ય એક ક્ષેત્રે રહેવા છતાં ભિન્ન ભિન્ન છે. આકાશના એક પ્રદેશમાં છયે દ્રવ્ય છે. ભલે આકાશના એક પ્રદેશમાં આખો આત્મા નથી, પણ અસંખ્ય પ્રદેશનો ભાગ એક આકાશના પ્રદેશમાં છે. એક જીવના અસંખ્ય પ્રદેશ છે; તેથી એક જીવ એક પ્રદેશમાં ન રહી શકે, પણ એક જીવ આકાશના અસંખ્ય પ્રદેશમાં રહે, છતાં કહે છે કે-જીવ જે પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેલો છે તેને આકાશની અપેક્ષા નથી. ગંભીર વાત, ભાઈ ! (ખરેખર તો જીવના પ્રદેશો આકાશના પ્રદેશોને અડતાય નથી).

**પ્રશ્ન:**—તો કહેવામાં તો એમ આવે છે કે આકાશ ન હોય તો (સર્વ દ્રવ્યો) રહે ક્યાં ?

**સમાધાન:**—ભાઈ ! એ તો નિમિત્તની કથની છે. એમ પણ આવે છે ને કે-જો આકાશ પરદ્રવ્યોનો આધાર હોય તો આકાશનો આધાર કોણ ? અને પરિણમનમાં દરેક દ્રવ્યને કાળનું નિમિત્ત છે તો કાળ દ્રવ્યના પરિણમનમાં કોણ ? ભાઈ ! એ તો નિમિત્તપણું સિદ્ધ કરવું હોય ત્યારે એમ કહેવાય કે આકાશ ન હોય તો (સૌ દ્રવ્ય) રહે ક્યાં ? પણ એથી કરીને પરદ્રવ્યની પર્યાયમાં કોઈ પણ ઘાલમેલ કે ફેરફાર કોઈ અન્ય-દ્રવ્યથી થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. આકરી વાત, બાપા !

ચૌદ બ્રહ્માંડમાં અનંતા દ્રવ્યો છે. પ્રત્યેક દ્રવ્ય પોતાથી જ સામાન્ય-વિશેષપણે રહેલું છે. હવે સામાન્ય જે અક્રિય ધ્રુવ તેને તો પરની અપેક્ષા નથી પણ વિશેષ જેમાં પલટવારૂપ અનેક ભિન્ન ભિન્ન અવસ્થા થાય તેને તો પરની અપેક્ષા હોય ને ? તો કહે છે-ના; વિશેષ પણ દ્રવ્યનું સહજ સ્વરૂપ જ છે. જે પલટવું થાય છે તે એનો પોતાનો સ્વભાવ જ છે. વિશેષપણું પરને લઈને થાય એવું વસ્તુસ્વરૂપ જ નથી. આત્માને પોતાના સામાન્ય અને વિશેષ માટે કોઈ પરની-તીર્થંકરની પણ-અપેક્ષા નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો શાસ્ત્રમાં તો આવે છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સદ્ગુરુના ચરણકમળના પ્રસાદથી થાય છે?

**સમાધાનઃ**—હા, એવી ભાષા તો બહુ આવે છે, પણ એ તો ત્યાં નિમિત્ત કેવું હોય એટલું જણાવ્યું છે. બાકી સમ્યગ્દર્શનની પર્યાય વિશેષ છે. સામાન્ય પોતે ધ્રુવ છે અને સમ્યગ્દર્શન વિશેષ પર્યાય છે. તે વિશેષ-પણું તેનું પોતાનું જ સ્વરૂપ છે અને તેથી કોઈ પરની અપેક્ષાથી થયું છે એમ નથી. ગુરુની પ્રસાદીથી, વા કર્મનો ઉઘાડ થયો માટે વા દર્શન-મોહનો અભાવ થયો માટે તે સમ્યગ્દર્શનની પર્યાય થઈ છે એમ નથી; જો એમ હોય તો ત્યાં વિશેષનું સામર્થ્યપણું જે પોતાનું છે તે રહે નહિ.

તત્ત્વાર્થસૂત્રમાં આવે છે કે—'**तद्भावः परिणामः**' પરિણામ તેનો (દ્રવ્યનો) સ્વભાવ છે. પરિણમન દ્રવ્યનો સ્વભાવ જ છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સામાન્ય અને વિશેષ, સિવાય પર પદાર્થથી અંતરમાં અત્યંત ઉદાસ છે. કોઈ પરની અપેક્ષાએ મારામાં ફેર પડશે અને મારે લઈને પરમાં કાંઈક ફરક પડશે એ દષ્ટિ સમ્યગ્દષ્ટિની નથી. ભાઈ! વાત તો આમ થોડી છે પણ તેની ગંભીરતા અપાર છે. ટૂંકી વાતમાં ઘણું ભર્યું છે.

હવે કહે છે—'દ્રવ્યનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક હોવાથી દ્રવ્યના અનન્યપણામાં અને અન્યપણામાં વિરોધ નથી.' દ્રવ્ય સામાન્ય–વિશેષસ્વરૂપે જ છે તેથી તે તે પર્યાય (વિશેષ) પહેલાં ન હતી અને થઈ છે તે અપેક્ષાએ અન્ય-અન્ય છે, પરંતુ તે તે પર્યાયમાં દ્રવ્ય તન્મય છે તેથી અનન્ય છે. બેયમાં કાંઈ વિરોધ નથી આ પ્રમાણે અન્યપણું પણ કહેવાય છે અને અનન્યપણું પણ કહેવાય છે. મનુષ્યગતિ વખતે સિદ્ધગતિ આદિ નથી અને સિદ્ધપદના કાળે મનુષ્યગતિ આદિ નથી તેથી અન્ય-અન્ય કહેવાય છે અને તે તે કાળે દ્રવ્ય તે તે પર્યાયમાં અનન્ય છે માટે અનન્ય પણ કહેવાય છે. આ પ્રમાણે દ્રવ્યના અનન્યપણામાં અને અન્યપણામાં કાંઈ વિરોધ નથી.

હવે દાખલો આપી કહે છે—'જેમ કે મરીચિ અને મહાવીરસ્વામીનું જીવસામાન્યની અપેક્ષાએ અનન્યપણું અને જીવના વિશેષોની અપેક્ષાએ અન્યપણું હોવામાં કોઈ પ્રકારનો વિરોધ નથી.' અહાહા...! ક્યાં મરીચિની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય ને ક્યાં ભગવાન મહાવીરની પર્યાય. જીવની પર્યાયોની અપેક્ષાએ જોતાં ત્યાં અન્ય-અન્યપણું ભાસે છે. છતાં એ અવસ્થાઓમાં જીવ તો એનો એ જ છે. માટે દ્રવ્યની અપેક્ષા-જીવસામાન્યની અપેક્ષાએ અનન્યપણું ભાસે છે. આ પ્રમાણે અન્યપણું અને અનન્યપણું વસ્તુના સ્વરૂપની સ્થિતિમાં જ છે, તેમાં કોઈ પ્રકારનો વિરોધ નથી. તથા તેમાં કોઈ પરની અપેક્ષા છે એમ પણ નથી.

'દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં દ્રવ્યસામાન્ય જ જણાય છે તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે.' 'જુઓ પર્યાયને જોનારી આંખને બંધ કરીને દ્રવ્યને જોવાની આંખ ઉઘાડે તો એક દ્રવ્યસામાન્ય જ જણાય છે અને તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે. દ્રવ્યાર્થિકનયથી તો દ્રવ્ય તેનું તે જ ભાસે છે.

'અને પર્યાયાર્થિકનયરૂપી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે.' ત્યારે વિશેષમાં તફાવત-મોટો તફાવત-જણાય છે. 'તેથી દ્રવ્ય અન્ય-અન્ય ભાસે છે.' જુઓ, દાખલામાં આવ્યું ને કે મરીચિની ક્યાં મિથ્યાદર્શનની અવસ્થા અને ભગવાન મહાવીરની ક્યાં તીર્થંકર કેવળીની અવસ્થા? પૂર્વ-પશ્ચિમનો ફેર. અહાહા...! ક્યાં નિગોદમાં એક અક્ષરના અનંતમા ભાગની જ્ઞાનની પર્યાય અને ક્યાં એ જ જીવ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને આઠ વર્ષે કેવળ પામે તે કેવળીની પર્યાય? ત્યાં જીવસામાન્યથી તો એનો એ જ જીવ છે પણ વિશેષની અપેક્ષા એ અન્યપણું ભાસે છે, ફેર ભાસે છે.

નિગોદમાં અક્ષરના અનંતમા ભાગનો ઉઘાડ છે. ત્યાંથી નીકળીને કોઈ જીવ મનુષ્ય પણ થાય, કારણ કે ત્યાં પણ શુભભાવ છે અને શુભભાવના કાળે તે જીવ તેમાં તન્મય છે, તથા તેના ફળપણે જીવને મનુષ્યપણું થાય છે. હવે એ મનુષ્યપણાની વિશેષ દશામાં આઠ વર્ષે જ્યાં અંદર પૂર્ણ સામર્થ્યના સ્વભાવથી ભરેલા ભગવાનમાં અંતર્મુખ દૃષ્ટિ કરી એમાં જ ઠરે છે ત્યાં કેવળ થાય છે. લ્યો, હવે નિગોદમાં ક્યાં અક્ષરના અનંતમા ભાગનું જ્ઞાન અને મનુષ્યપણામાં ક્યાં કેવળજ્ઞાન? આવો એકદમ મોટો ફેર! અહો! વીતરાગનો માર્ગ કોઈ અચિંત્ય અલૌકિક છે! લોકોએ તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારથી ક્રિયાકાંડમાં-દયા કરવી, દાન કરવું ને પ્રતિક્રમણ કરવું ને સામાયિક કરવી ને ઉપવાસ કરવા ને ચોવિહાર કરવા ઇત્યાદિ ક્રિયાકાંડમાં તેને માની લીધો છે. બહારમાં વ્રત કરવાં તે સંવર અને તપ-ઉપવાસ કરવા તે નિર્જરા-એમ ધર્મ માની લીધો છે. અરેરે! ક્યાંનું ક્યાં માન્યું પ્રભુ! તેં? પરમાત્માએ કહેલો દ્રવ્યનો ને પર્યાયનો સ્વભાવ તો અલૌકિક છે. અહીં કહે છે-ભલે પર્યાયથી ફેર માલૂમ પડે તેથી અન્યપણું ભાસે છે પણ દ્રવ્યથી તો અનન્યપણું છે કેમકે દ્રવ્ય તો તે તે પર્યાયોમાં તેનું તે જ છે.

કોઈ એક અબજોપતિ અહીં ખમા-ખમા થતો હોય, ગાદી પર બેઠો હોય અને પચીસ-પચાસ નોકરો હોય તે ખમા-ખમા કહેતા હોય, પણ ફૂ થઈ જાય,-મરી જાય તો મરીને નરકે જાય. જુઓ, ત્યાં પર્યાય અપેક્ષાએ અન્ય-અન્યપણું છે, ક્ષણમાં અનેરી પર્યાય, ક્ષણમાં અનેરી પર્યાય-એમ અનેરી પર્યાયપણું છે. છતાં આત્માની સાથે તે અનેરી (જુદી) છે એમ નથી. આત્મા સાથે તો તે અનન્ય જ છે, કેમકે આત્મા જ તેમાં વર્તે છે. આ પ્રમાણે પર્યાયથી જુએ તો દ્રવ્ય અન્ય-અન્ય ભાસે છે, પણ દ્રવ્યથી જુએ તો અનન્ય છે કેમકે દ્રવ્યથી પર્યાય જુદી નથી વા પર્યાયથી દ્રવ્ય જુદું નથી.

હવે કહે છે-'બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં દ્રવ્યસામાન્ય તથા દ્રવ્યના વિશેષો બન્ને જણાય છે તેથી દ્રવ્ય અનન્ય તેમ જ અન્ય-અન્ય બન્ને ભાસે છે.' વસ્તુ પોતે ત્રિકાળ ધ્રુવ પણ છે અને વિશેષ વર્તમાન પર્યાય પણ છે એમ બન્ને ભાસે છે. આવું દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ સમજવાની ફુરસદ લે નહિ તેને મનુષ્યપણું ચાલ્યું જાય! કેમકે મનુષ્યપણાનો તો જે કાળ છે તે જ છે. હવે એમાં પોતાની-દ્રવ્યની સામાન્ય-વિશેષ-શક્તિને જે પરથી જુદી સંભાળી નહિ ને પરને લીધે મારામાં કાંઈક ફેરફાર થાય છે વા મારે લીધે પરમાં કાંઈક ફેરફાર થાય છે એમ માની પ્રવર્ત્યો તો પ્રભુ! તારું પરિભ્રમણ નહિ મટે; તારા ભવભ્રમણનું ચક્ર વિપરીત દષ્ટિને લઈને નહિ મટે.

દિવ્ય દ્રવ્યાર્થિકનયરૂપી દિવ્ય ચક્ષુના, દિવ્ય દેદાર દેખાડનાર, દિવ્ય જ્ઞાનધારી દિવ્ય પુરુષ શ્રી કહાનગુરુદેવનો જય હો....વિજય હો. ત્રિકાલ જયવંત હો...

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સમયસાર-કળશ ટીકા

## કળશ–૨૭૧

( શાલિની )

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव ।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ॥ ૮-૨૭૧ ॥

ખંડાન્વય સહિત અર્થઃ—ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે. તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે, પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે—"अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि" ( अहम् ) હું ( अयं यः ) જે કોઈ ( ज्ञानमात्रः भावः अस्मि ) ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું " सः ज्ञेयः न एव " તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી? "ज्ञेयज्ञानमात्रः" ( ज्ञेय ) પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના ( ज्ञानमात्रः ) જાણપણામાત્ર. ભાવાર્થ આમ છે કે—હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય—એમ તો નથી. તો કેમ છે? આમ છે— " ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः " ( ज्ञान ) જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, ( ज्ञेय ) જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ, ( ज्ञातृ ) જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર,—એવા ત્રણ ભેદ ( मद्वस्तुमात्र : ) મારું સ્વરૂપમાત્ર છે ( ज्ञेयः ) એવા જ્ઞેયરૂપ છું. ભાવાર્થ આમ છે કે—હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું. તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું. તેથી મારું નામ જ્ઞાતા; -એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. કેવો છું? " ज्ञानज्ञेयकल्लोलवल्गन् " ( ज्ञान ) જીવ જ્ઞાયક છે, ( ज्ञेय ) જીવ જ્ઞેયરૂપ છે, એવો જે ( कल्लोल ) વચનભેદ તેનાથી ( वल्गन् ) ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે—વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી. ૮–૨૭૧.     *  *  *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્રી સમયસાર કળશટીકા–કળશ ૨૭૧

### * કળશ ૨૭૧ : કલશાર્થ ઉપરનું પ્રવચન *

'ભાવાર્થ આમ છે કે...'

જોયું ? કળશનો અર્થ કર્યા પહેલાં તેમાં શું કહેવું છે તે સ્પષ્ટ કરવા પહેલેથી જ ભાવાર્થ લીધો. જુઓ, આમ ઉપાડયું છે કે—

'જ્ઞેય-જ્ઞાયક સંબંધ વિશે ઘણી ભ્રાંતિ ચાલે છે.'

લ્યો, પરદ્રવ્ય જ્ઞેય છે ને આત્મા એનો જ્ઞાયક છે એમ માને એ ભ્રાંતિ છે એમ કહે છે, ભાઈ! જે પરજ્ઞેય છે તે તો વ્યવહારે જ્ઞેય છે, વાસ્તવમાં નિશ્ચયથી તો પોતાની જ્ઞાનની દશામાં જે છ દ્રવ્યનું જ્ઞાન થાય છે તે જ પોતાનું જ્ઞેય છે, તે જ પોતાનું જ્ઞાન છે અને પોતે આત્મા જ જ્ઞાતા છે.

એ તો પહેલાં કહ્યું ને કે— દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ (ચારેય) —તેનું તે જ છે. એટલે શું ? કે દ્રવ્ય પણ તે જ છે, ક્ષેત્ર પણ તે જ છે, કાળ પણ તે જ છે અને ભાવ પણ તે જ છે; પરંતુ દ્રવ્ય ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે, કાળ ભિન્ન છે ને ભાવ ભિન્ન છે—એમ નથી.

અહાહા....! અનંત ગુણનું વાસ્તુ જે વસ્તુ-દ્રવ્ય છે તે દ્રવ્ય જ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે, તે જ ત્રિકાળ (–કાળ) છે અને તે જ ભાવ છે. કેરીની અંદર સ્પર્શ-રસ-ગંધ-વર્ણ (કેરીથી) જુદા છે એમ નથી, પરંતુ સ્પર્શ કહો તોપણ તે છે, રસ કહો તોપણ તે છે, ગંધ કહો તોપણ તે છે ને વર્ણ કહો તોપણ તે છે. તેમ અનંતગુણના પિંડસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપ આત્માનું જે દ્રવ્ય છે તે જ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. અહાહા...! જે દ્રવ્ય છે તે જ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે, અને જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે તે જ દ્રવ્ય છે. વળી જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે તે જ ત્રિકાળ (કાળ) છે અને જે ત્રિકાળ છે તે જ ભાવ છે. લ્યો, આ પ્રમાણે ચારનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો—ભેદ કાઢી નાખીને નિશ્ચયે બધું અભેદ છે એમ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ કહ્યું. સમજાણું કાંઈ...? બહુ ઝીણું, પણ સત્ય તો ઝીણું જ હોય ને ?

અહાહા...! દૃષ્ટિનો વિષય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું એકરૂપ એવો ચિત્સ્વભાવ છે, દૃષ્ટિના વિષયમાં ચાર ભેદ નથી. દ્રવ્ય છે તે જ પરમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પારિણામિક ભાવ છે, ક્ષેત્ર છે તે જ પરમપારિણામિક ભાવ છે, ત્રિકાળ વસ્તુ છે તેય પરમપારિણામિક ભાવ છે અને અનંતસ્વભાવ-ભાવ છે તેય પરમ-પારિણામિક ભાવ છે; માટે તે ચાર એક જ ચીજ છે, પણ તે ચાર શુદ્ધ ચિત્સ્વરૂપથી ભિન્ન-ભિન્ન ચીજ છે એમ નથી. અહા ! આવી અભેદ એક શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છે એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. ભાઈ ! બાહ્ય નિમિત્ત તો સમ્યગ્દર્શનનો વિષય નહિ, વ્યવહારનો રાગેય નહિ ને એક સમયમાં પ્રગટેલી નિર્મળ નિર્વિકાર પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. અહો ! સમ્યગ્દર્શન અને એનો વિષય આવી પરમ અદ્ભુત અલૌકિક વસ્તુ છે.

અહીં કહે છે—પરદ્રવ્ય જ્ઞેય ને ભગવાન આત્મા જ્ઞાયક—એમ જ્ઞેય—જ્ઞાયક—સંબંધ છે એવી ભ્રાન્તિ છે, અર્થાત્ એવો વાસ્તવિક જ્ઞેય—જ્ઞાયક સંબંધ છે નહિ. વાસ્તવમાં તો જ્ઞાન—જાણપણારૂપ શક્તિ, જ્ઞેય—જે જાણવામાં આવે છે તે, અને જ્ઞાતા—અનંતગુણના પિંડરૂપ વસ્તુ—એ બધું એક વસ્તુ છે એમ કહે છે. જુઓ, શું કહે છે? કે—

“જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવ—વસ્તુ જ્ઞાયક, પુદ્ગલથી માંડીને છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી...”

જુઓ, અહીં છ દ્રવ્યો કહ્યાં એમાં અનંત કેવળી ભગવંતો આવી ગયા, અનંતા સિદ્ધ આવી ગયા, પંચ પરમેષ્ઠી આવી ગયા અને અનંતા નિગોદના જીવો સહિત સર્વ સંસારી જીવ આવી ગયા. તો, આત્મા જ્ઞાયક છે ને અરહંતાદિ પંચપરમેષ્ઠી ને અન્ય જીવ એના જ્ઞેય છે—એમ છે નહિ એમ કહે છે. ગજબ વાત છે ભાઈ ! બાપુ ! આ તો જ્ઞેય—જ્ઞાયકનો વ્યવહાર સંબંધ છોડાવીને ભેદજ્ઞાન કરાવવાની વાત છે. સમજાય છે કાંઈ....?

ઝીણી વાત છે પ્રભુ ! કહે છે—જાણગસ્વભાવી ભગવાન આત્મા જ્ઞાયક છે અને અનંત કેવળીઓ, સિદ્ધો અને સંસારી જીવો એના જ્ઞેય છે—એવું છે નહિ. તથા જીવ—વસ્તુ જ્ઞાયક છે ને એક પરમાણુથી માંડીને અચેતન મહાસ્કંધ પર્યંતના સ્કંધ અને કર્મ આદિ એનાં જ્ઞેય છે—એવુંય છે નહિ. જૈન તત્ત્વ બહુ સૂક્ષ્મ છે ભાઈ ! આ વ્યવહાર રત્નત્રયનો રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હોય છે ને ધર્માત્માને? અહીં કહે છે-આત્મા જ્ઞાયક છે ને વ્યવહાર-રત્નત્રયનો રાગ એનું જ્ઞેય છે-એમ છે નહિ. સમયસારની ૧૨મી ગાથામાં કહ્યું છે કે વ્યવહાર (રાગ,) જાણેલો પ્રયોજનવાન છે, પણ ત્યાં એને "જાણેલો" કહ્યો એ વ્યવહાર છે, કેમકે ખરેખર તો તે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે અને તે પર્યાય જ પોતાનું જ્ઞેય છે. રાગને જ્ઞેય કહેવો એ તો વ્યવહાર છે.

આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો રાગ ને પાંચમહાવ્રતના પરિણામનો રાગ કે જે છ દ્રવ્યોમાં આવી જાય છે તે, પોતાનો સ્વભાવ તો નથી પણ ખરેખર તે પોતાનું જ્ઞેય પણ નથી, પરવસ્તુ છે. આ શરીર અને તેની રોગ, વાર્ધક્ય આદિ જે અનેક અવસ્થાઓ થાય તે, તથા સ્ત્રી-કુટુંબ-પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર, ધન-સંપત્તિ ઇત્યાદિ પરદ્રવ્ય ભગવાન જ્ઞાયકમાં તો નથી, પણ એ પરદ્રવ્ય જ્ઞેય છે, પ્રમેય છે (ભગવાન જ્ઞાયકનાં) અને ભગવાન આત્મા પ્રમાતા-પ્રમાણ કરવાવાળો છે એમ પણ નથી. ભાઈ! આ તો સર્વતરફથી પરથી સંકેલી લેવાની વાત છે. આકરું કામ છે બાપા! કેમકે અનંતકાળમાં એણે કર્યું નથી: પણ એના વિના (ભેદજ્ઞાન વિના)ભવનો આરો આવે એમ નથી. સમજાણું કાંઈ...?

અહાહા...! કહે છે-જીવવસ્તુ જ્ઞાયક અને પુદ્‌ગલથી માંડીને ભિન્ન છ દ્રવ્યો એનાં જ્ઞેય-એમ વસ્તુસ્વરૂપ નથી, કેમકે છ દ્રવ્યો જે જ્ઞાનમાં પ્રતિભાસે છે તે જ્ઞાનની પર્યાય તે-તે જ્ઞેયના કારણે થઈ નથી પણ સ્વપરને પ્રકાશતી થકી પોતાથી-પોતાના સામર્થ્યથી પ્રગટ થઈ છે. માટે પોતાની જ્ઞાનની પર્યાય જ પોતાનું જ્ઞેય છે. લ્યો, આવી ખૂબ ગંભીર વાત!

હવે કહે છે—'જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે—"**अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि**" હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું "**सः ज्ञयः**" તે હું જ્ઞેયરૂપ છું.'

અહાહા...! જોયું? શું કીધું? જાણવા-દેખવારૂપ ચેતના જેનું સર્વસ્વ છે એવા વસ્તુસ્વરૂપે હું છું અને તે હું જ્ઞેયરૂપ છું. મતલબ કે એ છ દ્રવ્યોનું જ્ઞેયપણું મને છે અર્થાત્ છ દ્રવ્યો મારા જ્ઞેય છે એમ છે નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારી જ્ઞાનની પર્યાય છે તે જ મારામાં જ્ઞેય છે. અહા! આ છેલ્લા કળશોમાં ભારે સૂક્ષ્મ ગંભીર વાતો કરી છે.

ભગવાન કેવળી લોકાલોકને જાણે છે એમ નથી-એમ અહીં કહે છે.

ત્યારે કોઈ કહે છે—શું ભગવાન લોકાલોકને નથી જાણતા? આત્મા જ્ઞાયક છે તો છ દ્રવ્યો એનાં જ્ઞેય છે કે નહિ? કેવળજ્ઞાનનાં છ દ્રવ્યો જ્ઞેય છે કે નહિ?

કોઈ વળી કહે છે—નિશ્ચયથી નથી, વ્યવહારે છે.

અરે ભાઈ! "વ્યવહારે છે"નો અર્થ શું? એ જ કે-એમ છે નહિ. પોતાનામાં-પોતાની જ્ઞાનપર્યાયમાં-લોકાલોકનું જ્ઞાન પોતાના કારણે થાય છે; તે જ્ઞાનપર્યાય પોતાનું જ્ઞેય છે, પણ લોકાલોક જ્ઞેય નથી. બહુ ઝીણી વાત! આ તો ધીરાનાં કામ બાપુ! આ કાંઈ એકદમ ઉતાવળથી (અધીરાઈથી) મળી જાય એવી વસ્તુ નથી.

અહાહા...! કહે છે—"**सः ज्ञेयः न एव**" હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી? "**ज्ञेयज्ञानमात्रः**" પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર. ભાવાર્થ આમ છે કે—હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય-એમ તો નથી.

જુઓ, આ શું કીધું? કે ચૈતન્યમાત્ર ભગવાન જ્ઞાયકથી ભિન્ન છ દ્રવ્યોના જાણપણામાત્ર હું નથી, હું તો મારી જ્ઞાનની પર્યાયને જ્ઞેય બનાવીને જાણવાવાળો છું. લ્યો, હવે વ્યવહાર-દયા, દાન, વ્રત આદિનો રાગ **જ્ઞેય** અને આત્મા જ્ઞાયક-એમ પણ જ્યાં નથી તો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ વાત ક્યાં રહી પ્રભુ? લ્યો, આવો અર્થ!

પણ આવો અર્થ કેમ કરીને કાઢવો?

બાપુ! તું ધંધામાં નામાના અર્થ કેમ કરીને કાઢે છે? એની રુચિ છે ને? એટલે ત્યાં તો ફડાક-ફડાક કહી દે છે કે આની પાસે આટલા ને આના પાસે આટલા બાકી છે. એમાં ટેવાઈ ગયો છું. બહારગામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉઘરાણી જાય અને પચાસ હજાર કે લાખ લઈ આવે એટલે માને ને હરખ કરે કે આટલા પૈસા લઈ આવ્યો, પણ બાપુ! એ પૈસા ક્યાં તારા છે? અને તું શું એને લાવી શકે છે? લાવવાનું તો દૂર રહો, અહીં તો કહે છે–એ પૈસા આવ્યા તે મારું જ્ઞેય ને હું જ્ઞાયક–એમ નથી. અહાહા...! જાણવાની પર્યાય મારી છે તેથી હું જ જ્ઞેય છું, હું જ જ્ઞાન છું ને હું જ જ્ઞાયક છું; જ્ઞાયક એવા મારામાં પરનું જ્ઞેયપણું છે જ નહિ.

તત્ત્વદૃષ્ટિ બહુ સૂક્ષ્મ છે ભાઈ! અરે! અનંતકાળથી એણે પરનો–નિમિત્તનો, રાગનો અને પર્યાયનો અભ્યાસ કર્યો છે, એને પોતાનાં જ્ઞેય માન્યાં છે, પણ જ્ઞાન–જ્ઞાતા–જ્ઞેય બધું જ હું એક છું એમ અંતર્મુખ થઈ અભેદનો અભ્યાસ કર્યો નથી! પણ બાપુ! જન્મ-મરણરહિત થવાની ચીજ તો અંતઃપુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે.

આ શાસ્ત્ર છે તે જ્ઞેય છે ને તેને જાણનારો હું આ જ્ઞાયક છું–અહીં કહે છે,–એમ વસ્તુસ્વરૂપ નથી; કારણકે મારી જ્ઞાનપર્યાયમાં જેવું શાસ્ત્ર છે તેવું જ જ્ઞાન આવ્યું છે તોપણ તે કાંઈ જ્ઞેયને–શાસ્ત્રને કારણે નથી આવ્યું પણ મારી જ્ઞાનની પર્યાય સ્વયં સ્વતઃ નિજ સામર્થ્યથી જ તે–રૂપે–જાણવારૂપે પરિણમિત થઈ છે. તેને પરથી–શાસ્ત્રથી શું સંબંધ છે? એને પરની સાથે જ્ઞેય–જ્ઞાયકસંબંધ પણ નથી. (તો પછી શાસ્ત્રથી જ્ઞાન થયું એ તો ક્યાંય દૂરની વાત છે).

હા, પણ પર સાથે જ્ઞેય-જ્ઞાયકસંબંધ કહેવામાં આવ્યો છે ને?

એ સંબંધ તો વ્યવહારે કહ્યો છે. નિશ્ચયથી તો છએ દ્રવ્યોનું જ્ઞાન મારી પર્યાયમાં મારાથી થયું છે, છ દ્રવ્યોની હયાતીને કારણે થયું નથી, જુઓ, છ દ્રવ્યો છે, પણ છ દ્રવ્યોની હયાતીને કારણે મારું જ્ઞાન થયું નથી, પણ મારી પર્યાયની તાકાતથી એ જ્ઞાન થયું છે. ભાઈ! આ તો ભગવાનની વાણીમાંથી નીકળેલું એકલું અમૃત છે. અહો! દિગંબર સંતોએ જગત સમક્ષ આવી વાત મૂકીને પરમામૃત રેલાવ્યું છે! આવી વાત બીજે ક્યાંય છે નહિ.

અહા! કહે છે—જે છ દ્રવ્યો છે તેનું જે જ્ઞાન થયું છે તે જ્ઞાન મારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેય છે, છ દ્રવ્યો મારાં જ્ઞેય નહિ. છ દ્રવ્યોના જાણવામાત્ર હું નથી

**પ્રશ્ન:** જ્ઞાનની પર્યાય (પર) જ્ઞેયના કારણે થઈ છે ને? એમ કે જ્ઞેય છે તો જ્ઞાન થયું છે ને?

**સમાધાનઃ**—ના; એમ નથી, એ જ્ઞાન તો પોતાની પર્યાયના સામર્થ્યથી જ થયું છે, અને તેથી પોતાની પર્યાય જ પોતાનું જ્ઞેય છે. ૧૨મી ગાથામાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહ્યો છે પણ એનો અર્થ એ છે કે તે-તે પ્રકારની જ્ઞાનની પર્યાય સ્વયં પોતાથી થાય છે. વ્યવહારનો જે રાગ છે એવું જ તેનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી જ ઉત્પન્ન થાય છે. જ્ઞાનનો એવો જ કોઈ સ્વપરપ્રકાશક સ્વભાવ છે, એને પરની કોઈ અપેક્ષા નથી. માટે પોતાની પર્યાય જ પોતાનું જ્ઞેય છે, પણ તે–તે વ્યવહાર-રાગ જ્ઞેય નથી. આ તો ધીરાનાં કામ બાપુ! ભગવાનની વાણીને સમજવા માટે પણ ધીરજ જોઈએ. ઉતાવળે કાંઈ આંબા ન પાકે.

પોતાની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યો જાણવામાં આવે છે, પણ તે છ દ્રવ્યો છે તો અહીં જ્ઞાન થયું છે એમ નથી. પોતાની જ્ઞાનપર્યાય જ સ્વતઃ એવી પ્રગટ થઈ છે અને તે પર્યાય જ પોતાનું જ્ઞેય છે. જુઓ, કળશમાં છે કે નહિ? કે "પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણવા-માત્ર" હું નથી. શું કીધું આ? કે છ દ્રવ્યોના જાણવામાત્ર હું નથી, મતલબ કે મારી પર્યાયના જાણવામાત્ર હું છું કેમકે સર્વસ્વ મારામાં જ છે.

એના ભાવાર્થમાં આમ કહ્યું કે—"ભાવાર્થ આમ છે કે હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય—એમ તો નથી." જુઓ, છે અંદર? અહાહા....! ભગવાન પંચપરમેષ્ઠી મારા તો નથી પણ તે મારા જ્ઞેય છે એમ પણ નથી, કેમકે અહીં (પોતાની પર્યાયમાં) પંચપરમેષ્ઠી સંબંધી જે જ્ઞાન થયું છે તે તેમનાથી થયું નથી પણ પર્યાયની તત્કાલીન યોગ્યતાથી—સામર્થ્યથી થયું છે. તેથી પોતાની પર્યાય જ પોતાનું વાસ્તવિક જ્ઞેય છે. લ્યો, આ પ્રમાણે બહારમાંથી દૃષ્ટિને અંદર સંકેલી લીધી છે. એ તો પછી પોતાનામાં જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ત્રણ ભેદ પણ કાઢી નાખશે. અહીં તો પ્રથમ પર જ્ઞેય, ને હું જ્ઞાયક છું—એવી ભ્રાંતિ મટાડી છે. પછી જ્ઞાતા જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાતા છે, જ્ઞાતા જ જ્ઞાન છે ને જ્ઞાતા જ જ્ઞેય છે એમ કહેશે, અહો! સંતોએ મારગ એકદમ ખુલ્લો કરી દીધો છે. વાહ સંતો વાહ!

અહાહા...! કહે છે–'હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય છે–એમ તો નથી.' ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પરમાણુથી માંડીને મહાસ્કંધ, કર્મ આદિ મારાં જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. એમ નથી એમ કહે છે. અહા! કર્મ મારાં છે, મારામાં છે એમ તો નથી, પણ કર્મ મારાં જ્ઞેય છે ને હું જ્ઞાયક છું એમ પણ નથી, અજ્ઞાની પોકાર કરે છે કે કર્મથી આમ થાય છે ને કર્મથી તેમ થાય છે, પણ અરે! સાંભળ તો ખરો નાથ! કર્મ તો તને અડતાંય નથી. વાસ્તવમાં તારા જ્ઞાનનું સામર્થ્ય જ એવું છે કે તેમાં પરની અપેક્ષા જ નથી,

અહાહા...! "છ દ્રવ્યો મારાં જ્ઞેય–એમ તો નથી. તો કેમ છે? આમ છે–'**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः**' જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ, જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર–એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે એવા જ્ઞેયરૂપ છું."

શું કહે છે? કે જાણપણા શક્તિરૂપ હું, જણાવાયોગ્ય શક્તિરૂપ પણ હું ને અનંતશક્તિરૂપ વસ્તુ–જ્ઞાતા પણ હું છું. અહાહા....! અનંત ગુણનિધાન પ્રભુ આત્મામાં એક જાણપણારૂપ શક્તિ છે, ને એક જ્ઞેયશક્તિ–પ્રમેયશક્તિ પણ છે, એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ્ઞાનની જેમ જ્ઞેયશક્તિનું–પ્રમેયશક્તિનું વ્યાપકપણું છે. તેથી જે પ્રમેય–જ્ઞેય પર્યાય છે તે પણ હું, જ્ઞાન પણ હું અને અનંતશક્તિનું ધામ જ્ઞાતા પણ હું છું.

અહો! બહુ સરસ વાત છે ભાઈ! તારે પર સામે ક્યાંય જોવાનું જ નથી. ભગવાન સર્વજ્ઞદેવ સામેય તારે જોવાનું નથી, કેમકે ભગવાન સર્વજ્ઞદેવ સમોસરણમાં બિરાજી રહ્યા હોય તે તારું જ્ઞેય અને તું જ્ઞાયક એમ છે નાહ. ભગવાન સંબંધી કે તેમની વાણી સંબંધી પર્યાયમાં તને જે જ્ઞાન થયું તે જ્ઞેયને (જ્ઞાનદશાને) તું જાણે છે. માટે, જ્ઞેય પણ પોતે, જ્ઞાન પણ પોતે અને અનંતગુણધામ જ્ઞાતા પણ પોતે જ છે.

અરે! તું બહારમાં ભટક–ભટક કરે છે તો તારે ક્યાં જવું છે પ્રભુ? આવે છે ને કે–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ભટકે દ્વાર–દ્વાર લોકનકે, કૂકર આશ ધરી.'

દશ વાગે જમવાનો સમય થાય ત્યારે કુતરો, દાળ–ભાત–શાકની ગંધ આવે એટલે, જાળી બંધ હોય ત્યાં આવીને ઊભો રહે; હમણાં મને કાંઈક મળશે એમ આશા ધરીને બિચારો ઘેર-ઘેર ભટકે. એમ મારી જ્ઞાનની પર્યાય ક્યાંક પરમાંથી–નિમિત્તમાંથી આવશે એમ અભિપ્રાય કરી આ ભિખારી–પામર જ્યાં હોય ત્યાં ભટકે છે. પણ ભાઈ! પરમાંથી તારું જ્ઞાન આવે એ વાત તો દૂર રહો, પર તારું જ્ઞેય બને એમ પણ નથી, કેમકે જ્ઞેય–જ્ઞાન ને જ્ઞાતા તું જ છો. માટે પરની આશ છોડી દે. આનંદ-ઘનજીએ કહ્યું છે ને કે–

'આશા ઓરનકી ક્યા કીજૈ, જ્ઞાન–સુધા–રસ પીજૈ.'

અહા! પરની આશ છોડીને, પરનું લક્ષ છોડીને અંતર–લક્ષે જ્ઞાનરૂપી સુધારસ પીને પ્રભુ!

અજ્ઞાની કહે છે–મારા ગુરુ છે, મારા ભગવાન છે, મારા દેવ છે, મારું મંદિર છે. પણ ભાઈ! એ તો બધી પ્રત્યક્ષ ભિન્ન વસ્તુ તારી ક્યાંથી હોય? એ બધાં મારાં છે, મારું ભલું કરનારાં છે એ વાત તો દૂર રહો, એ તારાં જ્ઞેય થાય એમ સંબંધ પણ નથી, કેમકે જ્ઞેય પણ પોતે, જ્ઞાન પણ પોતે અને જ્ઞાતા પણ પોતે જ છે. અહાહા...! કહે છે–જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું એવી ચેતનાસર્વસ્વ વસ્તુ હું છું. મારગ બહુ સૂક્ષ્મ ને ગંભીર છે ભાઈ! એમાં મોં–માથું સૂઝે નહિ એટલે લોકો ક્રિયાકાંડમાં જોડાઈ જાય અને એની પ્રરૂપણા કરે પણ એ બધા મિથ્યા ભાવ ને બધી મિથ્યા પ્રરૂપણા છે ભાઈ! એનાથી મિથ્યાત્વ પુષ્ટ થશે, ધર્મ નહિ થાય. અરે! લોકો કુગુરુ વડે લૂંટાઈ રહ્યા છે!

ત્યારે કોઈ વળી પૂછે છે–એ કેમ ખબર પડે કે આ ભાવલિંગી સાધુ છે કે દ્રવ્યલિંગી સાધુ છે?

અરે ભાઈ! જો તને તારા માટે નિર્ણય કરવો છે તો સાંભળ, જ્યાં પ્રરૂપણા જ ચોક્ખી ઉંધી હોય ત્યાં આ મિથ્યાત્વ છે એમ ખબર પડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ જે પરજ્ઞેય તરીકે તારા જ્ઞાનમાં જણાય છે તેને ધર્મનું કારણ માને-મનાવે, એનાથી ધર્મ થશે એમ પ્રરૂપણા કરે-એ બધું સ્થૂળ મિથ્યાત્વ છે. તને આ આકરું લાગે એવું છે પણ ગઈ કાલે કહ્યું નહોતું? કે વ્યવહારનો નિષેધ કરીએ છીએ તે તારો નિષેધ કરવા માટે નહિ, કેમકે તું એવો (-વ્યવહારરૂપ) છો જ નહિ. તો પછી તારો નિષેધ ક્યાં આવ્યો પ્રભુ? જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતા સ્વરૂપે તું આત્મા છો ને ભગવાન! તો એમાં તારો અનાદર ક્યાં આવ્યો? ઉલ્ટાનો એમાં તો સ્વનો આદર આવ્યો છે.

અહા! પોતાની પર્યાયમાં જે વ્યવહારનું (-શુભભાવનું) જ્ઞાન છે તે વ્યવહાર જ્ઞેય છે અને આત્મા જ્ઞાન છે—એવું જ્યાં નથી ત્યાં વ્યવહારથી લાભ થાય એ ક્યાં રહ્યું? ભગવાન! તું સ્વરૂપથી એવો છો જ નહિ. રાગ આવે, હોય એ બીજી વાત છે; પણ એનાથી તને લાભ થાય એવું વસ્તુસ્વરૂપ જ નથી.

એમ તો છયે દ્રવ્ય અનાદિ છે, તે પ્રત્યેક સતરૂપે છે, અસતરૂપે નથી. શું કીધું? 'બ્રહ્મ સત્યં, જગત્ મિથ્યા'—એમ નથી પોતાની શુદ્ધ એક જ્ઞાયકવસ્તુની અપેક્ષાએ જગત્ મિથ્યા-અવસ્તુ ભલે હો, પરંતુ પોતપોતાની અપેક્ષાએ તો છયે દ્રવ્યો-પ્રત્યેક અનાદિ સત-વિદ્યમાન છે. અહાહા....! એક એક દ્રવ્ય અનંત ગુણથી ભરેલું સ્વયંસિદ્ધ સત્ છે. પણ એ મારા જ્ઞાનનું જ્ઞેય છે એ વાત, કહે છે, મને ખટકે છે, કેમકે તે મારું વાસ્તવિક જ્ઞેય નથી. હવે આમ છે જ્યાં ત્યાં તે મારાં અને મારાં હિતકારી એ વાત ક્યાં રહી? ભાઈ! આ તારા હિતની વાત છે હોં. પોતાને સૂઝ પડી જાય એવી ચીજ છે, કોઈને પૂછવું ન પડે.

અહાહા...! કહે છે—એક જાણપણારૂપ શક્તિ, બીજી જણાવા યોગ્ય શક્તિ અને ત્રીજી અનેક શક્તિએ બિરાજમાન વસ્તુ એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે. મતલબ કે એ ત્રણેય હું જ છું; જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું, અને જ્ઞાતા પણ હું-એ ત્રણેયસ્વરૂપ હું છું, પરજ્ઞેય હું છું એમ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર અને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રતિ શ્રદ્ધા-વિનય-ભક્તિનો જે વિકલ્પ ઉઠે તે હું છું એમ નથી કેમકે એ બધાં પરજ્ઞેય છે. અહાહા....! પ્રભુ! તારી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરની ચીજ તો જો! શું ચીજ છે!! વીતરાગ....વીતરાગ...વીતરાગ... એકલું વીતરાગવિજ્ઞાન !!

પ્રશ્ન:—પણ દેવ-ગુરુ-શાસ્ત્ર તો શરણદાતા કહ્યા છે?

ઉત્તર:—હા; કહ્યા છે, વ્યવહારથી કહ્યા છે; પણ નિશ્ચયે એ સર્વ બાહ્ય નિમિત્તો તારાં જ્ઞેય પણ નથી. અહા! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંતા સિદ્ધો, અનંત આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓ તને લાભ કરે છે એમ તો નથી, તેઓ તારી ચીજ તો નથી, પણ તેઓ તારાં વાસ્તવિક જ્ઞેય છે એમ પણ નથી. ધવલમાં પાઠ આવે છે ને કે—

ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી અરિહંતાણં,
ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી સિદ્ધાણં,
ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી આઈરિયાણં,
ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી ઉવજ્ઝાયાણં,
ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી સાહૂણં.

અહા! પહેલાં જે થઈ ગયા અને ભવિષ્યમાં જે થશે તે અરિહંતાદિ પણ અત્યારે વંદનમાં આવી ગયા. જો કે વ્યક્તિગત ન આવ્યા, પણ સમૂહમાં તે સર્વ આવી ગયા. અહીં કહે છે-ત્રિકાળવર્તી પંચ પરમેષ્ઠી જ્ઞેય છે ને તું જ્ઞાયક છો એમ નથી. તો કેમ છે? કે તત્સંબંધી તને જે જ્ઞાન થયું છે તે તારી જ્ઞાનપર્યાય જ તને જ્ઞેય થઈ છે. પ્રમેય નામનો ગુણ તારામાં છે તેથી તારું જ્ઞાન તેને પ્રમાણ કરીને તે પ્રમેયને (તારી જ્ઞાન પર્યાયને) જાણે છે. પણ પર પ્રમેયને તું જાણે છે એ વાત સત્યાર્થ નથી.

અરે! એને આ સમજવાની નવરાશ ક્યાં છે? એક તો ધંધા આડે ફુરસદ ન મળે અને બાકીનો સમય પંચેન્દ્રિયના ભોગમાં ચાલ્યો જાય. કદાચિત્ ફુરસદ મળે તો ક્રિયાકાંડમાં રોકાઈ જાય. અરે! પરથી પોતાનાં માન-પ્રતિષ્ઠા વધે એની દરકારમાં ને દરકારમાં એને આખી વસ્તુ ગાયબ થઈ ગઈ છે. પણ ભાઈ! આ અવસર છે હોં; નવરાશ લઈને જો આ ન સમજ્યો તો ક્યાંય કાગડે-કુતરે-કંથવે...તિર્યંચયોનિમાં ખોવાઈ જઈશ.

અહાહા...! જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતા એવા ત્રણભેદ મારું સ્વરૂપમાત્ર છે. એટલે કે ત્રણપણે એક જ વસ્તુ હું છું. પરજ્ઞેયથી શું કામ છે? પરજ્ઞેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે મને કાંઈ સંબંધ નથી. ભાઈ! તારે આવો નિર્ણય કરવો પડશે હોં; આ છેલ્લા કળશ છે ને! એટલે એકદમ અભેદ લીધું છે. ભાઈ! આ તો આખા શાસ્ત્રનો સાર કહેતાં નિચોડ છે નિચોડ.

ભાઈ! આ જે અનંત જ્ઞેય છે તેને જાણવાની શક્તિ તારી છે કે એ જ્ઞેયની છે? જાણવાની શક્તિ તો તારી છે, તો એમાં પરજ્ઞેય ક્યાં આવ્યા? એ તો બાપુ! પોતાની જ્ઞાનની શક્તિમાં પરજ્ઞેયનું જ્ઞાન પોતાના જ કારણે પોતાનું જ્ઞેય થઈને આવ્યું છે. અહા! પોતાનું જ્ઞાન જ પોતાનું જ્ઞેય થઈને પોતાને જાણે છે તથા અનંત શક્તિનો પિંડ-જ્ઞાતા પણ પોતે જ છે. આમ ત્રણે થઈને વસ્તુ તો એક જ છે. જુઓ, ભાષા એમ લીધી ને કે—'**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः**' એમ કે ત્રણ ભેદસ્વરૂપ વસ્તુમાત્ર હું છું; તેમાં જ મારું સર્વસ્વ છે. લ્યો, આવું વસ્તુસ્વરૂપ છે અને તે ભગવાનની વાણીમાં આવ્યું છે.

અહીંનો વિરોધ કરવા માટે કેટલાક પંડિતો પોકાર કરે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે એમ માને તે દિગંબર જૈન નહિ. પણ ભગવાન! એમાં તો તારો પોતાનો જ વિરોધ થાય છે. ભાઈ! તને ખબર નથી, પણ તેમાં તને મોટું નુકશાન છે. એવા (તત્ત્વવિરોધના) પરિણામનું ફળ બહુ આકરું છે ભાઈ! અનંતકાળમાં જે ઘોર દુઃખ સહ્યાં તે આવા જ પરિણામનું ફળ છે. તું દુઃખી થાય એ કાંઈ ઠીક છે? (માટે તત્ત્વદૃષ્ટિ કર).

અજ્ઞાની કહે છે કે પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નહિ. જ્યારે અહીં (દિગંબર આચાર્ય) કહે છે કે પોતાને પરનો જાણવાવાળોય માને તે દિગંબર નહિ. બહુ ફેર ભાઈ! પણ મારગ તો આવો છે પ્રભુ! તું સ્વભાવથી જ ભગવાનસ્વરૂપ છો, તારી શક્તિમાં બીજાની જરૂર નથી. તને જાણવામાં કે પરને જાણવામાં પરની જરૂર નથી; પણ તને પોતાને જાણવામાં તારી શક્તિની જરૂર છે (અને તે તો છે જ). હવે આમાં વિષય ને કષાયનો રસ ક્યાં રહ્યો? વિષય-કષાયના ભાવ તો પરજ્ઞેય છે, તારે એનાથી કાંઈ સંબંધ નથી. તેઓ તારામાં તો નથી, તારા જ્ઞેય છે એમ પણ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે—" એવા જ્ઞેયરૂપ છું." કેવા જ્ઞેયરૂપ છું? કે જ્ઞાનશક્તિરૂપ હું, જ્ઞેયશક્તિરૂપ હું, અને અનંતગુણની જ્ઞાતાશક્તિરૂપ પણ હું છું–આવો હું જ્ઞેયરૂપ છું, પણ પરજ્ઞેયરૂપ હું છું એમ નથી. અહો! ગજબ વાત છે! કેવળી પરમાત્મા અને એના કેડાયતી દિગંબર સંતો સિવાય અહા! આવી વાત કોણ કરે? જગતને ઠીક પડે કે ન પડે, સમાજ સમતોલ રહે કે ન રહે, વસ્તુસ્થિતિ આ જ છે.

જુઓ, રાજમલજી આના ભાવાર્થમાં શું કહે છે? " ભાવાર્થ આમ છે કે–હું પોતાના સ્વરૂપને વેદ્ય–વેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;—એવા નામભેદ છે, વસ્તુભેદ નથી."

શું કીધું? વેદ્ય એટલે જાણવાલાયક છે તે અને વેદક એટલે જાણવાવાળો છે તે–હું જ છું એમ કહે છે; અને તેથી મારું નામ જ્ઞાન છે. અહાહા....! સ્વજ્ઞેયને હું જાણું છું માટે હું જ્ઞાન છું. વળી હું મારા પોતાના વડે જ જણાવાયોગ્ય છું માટે હું જ્ઞેય છું. લ્યો, આવી વાત! ભાઈ! શાસ્ત્રથી તો મારું જ્ઞાન નહિ, પણ શાસ્ત્ર મારું જ્ઞેય છે એમેય નહિ.

તો શાસ્ત્ર વાંચવાં કે નહિ?

સ્વલક્ષે (સ્વલક્ષના હેતુએ) શાસ્ત્ર વાંચવાં, શાસ્ત્ર-અભ્યાસ કરવો એમ વાત આવે પણ ત્યાં જે જ્ઞાન થાય તે શાસ્ત્રનું જ્ઞાન છે એમ નથી. જ્ઞાન તો જ્ઞાનનું છે, શાસ્ત્રનું નહિ અને જ્ઞેય પણ જ્ઞાન પોતે જ છે. લ્યો, આવી સૂક્ષ્મ વાત!

પ્રથમ જ્ઞાનની પર્યાયમાં આવું જ્ઞાન ન હોતું; આવી વાણી સાંભળતાં આ જ્ઞાન આવ્યું ને?

**સમાધાનઃ**—ના; એમ નથી. તે જ્ઞાનની પર્યાય જ તારું જ્ઞેય છે, ને તેમાંથી જ તારું જ્ઞાન આવ્યું છે, પણ પરજ્ઞેયમાંથી–વાણીમાંથી જ્ઞાન આવ્યું નથી, આવું ઝીણું છે, પણ જન્મ-મરણના અંતનો મારગ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ છે પ્રભુ! અહા! તારે કોની સામે જોવું છે પ્રભુ! આ દેવ મારા, ગુરુ મારા ને શાસ્ત્ર મારું એમ તો વસ્તુમાં છે નહિ, પણ એ મારાં જ્ઞેય છે એમ પણ વસ્તુમાં છે નહિ. હવે આ આકરું પડે એટલે આ તો નિશ્ચય...નિશ્ચય છે એમ ઠેકડી કરીને એને કાઢી નાખે પણ ભાઈ! નિશ્ચય એટલે જ સત્ય પરમ સત્ય. સમજાય છે કાંઈ....?

હું પોતા વડે જણાવાયોગ્ય છું, પણ પર વડે જણાવાયોગ્ય છું—એમ નથી. મારાં દ્રવ્ય-ગુણ-પર્યાય મારા વડે જાણવાલાયક છે તેથી હું જ મારું જ્ઞેય છું, પણ પર મારું જ્ઞેય નથી. જ્ઞાન પણ હું, જ્ઞેય પણ હું, ને જ્ઞાતા પણ હું જ છું. આ પરમાર્થ સત્ય છે ભાઈ! કહ્યું ને કે- "નામભેદ છે, વસ્તુભેદ નથી." પોતાનું જ્ઞેય કોઈ જુદી ચીજ છે, જ્ઞાન જુદી ચીજ છે ને જ્ઞાતા જુદી ચીજ છે એમ નથી પણ જે જ્ઞેય છે તે જ જ્ઞાન છે અને તે જ જ્ઞાતા છે. ત્રણેય વસ્તુપણે એક જ છે. આ તો ભાઈ! વસ્તુની સ્વતંત્રતાની પરિપૂર્ણતાની પરાકાષ્ટા છે.

જુઓ, કોઈ નિંદા કરે તો નારાજ થાય અને પ્રશંસા કરે તો રાજી થાય. પણ નિંદા છે એ તો શબ્દરૂપ જડનું પરિણામ છે, ને પ્રશંસાય જડ શબ્દની પર્યાય છે. ભાઈ! એ નિંદા-પ્રશંસા તો તારી ચીજ નથી, પણ એ તારું જ્ઞેય છે અને તું જ્ઞાયક છો એમ પણ નથી. આમ છે તો પછી આ મારો નિંદક ને આ મારો પ્રશંસક એ વાત ક્યાં રહી? આ મારી નિંદા કરે છે ને આ મારી પ્રશંસા કરે છે એવું કાંઈ સત્યાર્થપણે છે જ નહિ.

હવે કહે છે-" કેવો છું? '**ज्ञानज्ञेयकल्लोलवल्गन्**'—જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે એવો જે વચનભેદ તેનાથી ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે—વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી."

શું કીધું? પોતે જ્ઞેય, પોતે જ્ઞાન અને પોતે જ જ્ઞાતા—એમ ત્રણ ભેદ વચનભેદથી છે, પણ વસ્તુ તો પોતે જે છે તે જ છે. એટલે કે જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું ને જ્ઞાતા પણ હું એમ ત્રણે મળીને એક જ વસ્તુ હું છું, પણ ત્રણ વસ્તુ નથી. અહા! સ્વ-વસ્તુમાં પરવસ્તુ તો નથી, સ્વ-વસ્તુમાં ત્રણ ભેદ પણ નથી. આવો મારગ છે જે અનંત-કાળમાં સાંભળ્યો ન હોય!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહો! સમયસારમાં આવેલી આ વાત લોકોત્તર અલૌકિક છે. જુઓ—

—પર મારાં ને હું પરનો છું એમ તો નથી,

—પર જ્ઞેય છે ને હું જ્ઞાયક છું એમ પણ નથી,

—વળી મારામાં જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા—એવા વસ્તુભેદ પણ નથી. હું જ્ઞેય છું, હું જ્ઞાન છું, હું જ્ઞાતા છું એવો જો ભેદ ઉપજે તો રાગ-વિકલ્પ થઈ જાય; પણ વસ્તુ ને વસ્તુની દૃષ્ટિમાં એવા ભેદ છે નહિ; બધું અભેદ એક છે.

અહા! પર જ્ઞેય છે ને હું જ્ઞાયક છું એ તો વસ્તુમાં છે જ નહિ; પણ વસ્તુમાં ત્રણ ભેદ છે તે પણ નામભેદ છે, દૃષ્ટિના વિષયમાં એ ત્રણ ભેદ છે જ નહિ. જેવી આ વસ્તુસ્થિતિ છે તેવી અજ્ઞાનીને ખ્યાલમાં આવતી નથી; તેથી તેની ધારણાથી શાસ્ત્રમાં જુદી વાત આવે એટલે એમાં તેને વિરોધ લાગે છે. વિરોધ થાઓ તો થાઓ, પણ એ વિરોધ તારો છે હોં; બીજાનો વિરોધ બીજો કોણ કરે? બીજી ચીજમાં તારો વિરોધ ક્યાં જાય છે કે તું બીજાનો વિરોધ કરે?

અહીં કહે છે—જીવ જ જ્ઞેયરૂપ છે, જીવ જ જ્ઞાયક છે અને જીવ જ જ્ઞાતા છે એવો જે વચનભેદ એનાથી ભેદને પામું છું, અર્થાત એ તો કલ્લોલ નામ વચનના ભેદ છે, પણ વસ્તુમાં ભેદ નથી. હું જ્ઞેય, હું જ્ઞાન ને હું જ્ઞાતા—એમ વચનભેદે કથનમાત્ર ભેદ છે, બાકી વસ્તુ તો વસ્તુ અભેદ જ છે, આવી વાત છે.

આ પ્રમાણે શ્રીમદ્ આચાર્યવર અમૃતચંદ્રસૂરિ વિરચિત સમયસાર-કલશના કલશ ૨૭૧ ઉપર પરમોપકારી પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું પ્રવચન સમાપ્ત થયું.

પ્રવચન દિનાંક : ૨૯–૯–૭૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિષ્ક્રિય એટલે શું? જડની અને પરની ક્રિયા વિનાની ચીજ એનું નામ શું નિષ્ક્રિય છે? આત્મા શરીર આદિ પરની ક્રિયા ન કરી શકે માટે તે નિષ્ક્રિય છે શું? તો કહે છે—ના; એમ નથી. ભાઈ! તું જરા ધીરો થઈને સાંભળ. બંધના કારણભૂત જે ક્રિયા એટલે કે રાગાદિ મલિન ભાવ તે-રૂપ શુદ્ધ પારિણામિકભાવ નથી તેને નિષ્ક્રિય કહે છે. શું કીધું? આ પુણ્ય-પાપના ભાવ જે થાય તે બંધના કારણરૂપ ક્રિયા છે અને તેનો શુદ્ધપારિણામિકમાં અભાવ છે તેથી તેને નિષ્ક્રિય કહ્યો છે. તે ક્રિયા પર્યાયમાં તો છે પણ શુદ્ધ દ્રવ્યવસ્તુમાં નથી, માટે શુદ્ધ દ્રવ્યવસ્તુ નિષ્ક્રિય છે. સમજાણું કાંઈ...? ભાઈ! આ તો જૈન તત્વ! બહુ સૂક્ષ્મ બાપા!

—'સમયસાર, ગાથા-૩૨૦' પરના પ્રવચનમાંથી

*

અહો! આ તો સંતોના હૃદયની કોઈ અપાર ઊંડપ છે! શું કહીએ? જેવું ઊંડું ભાસે છે તેવું ભાષામાં આવતું નથી. (આવી શકે નહિ). ભાઈ! બીજા કોઈ એમ અભિમાન કરે કે આ અમને આવડે છે, અમે આ વાંચ્યું છે. તો ગર્વ ઉતરી જાય એવું છે.

—'પ્રવચનસાર, ગાથા-૧૧૪' પરના પ્રવચનમાંથી

*

ભાઈ! વ્યવહારનો નિષેધ કરીએ છીએ તે તારો નિષેધ નથી, કેમકે તું એવો છો જ નહીં. તો પછી તારો નિષેધ ક્યાં આવ્યો? જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા તરીકે તું આત્મા છો ને ભગવાન! તો તેમાં તારો અનાદર ક્યાં આવ્યો? ઉલટાનો તેમાં સ્વનો આદર આવ્યો છે.

—'સમયસાર કળશટીકા, કળશ-૨૭૧,' પરના પ્રવચનમાંથી

*